ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ / 1217 / 170 - 179 / છ, તા. 15/03/2017

# ગુજરાતી

## (દ્વિતીય ભાષા)

## ધોરણ 12

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
**'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010**

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય સલાહકાર**
ડૉ. રમેશ ઓઝા

**લેખન-સંપાદન**
ડૉ. હાજીભાઈ બાદી (કન્વીનર)
ડૉ. બળવંત તેજાણી
શ્રી પ્રવીણ કુકડિયા
ડૉ. ઘનશ્યામસિંહ રાઠોડ
ડૉ. રમેશ પીઠિયા

**સમીક્ષા**
શ્રી એન. એલ. પટેલ
ડૉ. હાસ્યદા પંડ્યા
શ્રી રોહિણી ભટ્ટ
શ્રી વર્ષાબહેન ત્રિવેદી
ડૉ. લીલાભાઈ કડછા
શ્રી હેમાંગ એસ. દાણી
શ્રી સાધના એચ. જોષી
શ્રી રૂપા એ. નેવે
શ્રી બાબુભાઈ એલ. બામણ્યા
શ્રી સંજય પી. ત્રિવેદી
શ્રી દિગ્વિજયસિંહ એલ. રાઠોડ

**સંયોજન**
ડૉ. ક્રિષ્ના દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-આયોજન**
શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચિયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમના અનુસંધાનમાં ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમ તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 12, ગુજરાતી (દ્વિતીય ભાષા)** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાંત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યા છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**પી. ભારતી (IAS)**
નિયામક — કાર્યવાહક પ્રમુખ
તા. 04-11-2019 — ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2017, પુનઃ મુદ્રણ : 2018, 2019, 2020**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી પી. ભારતી (IAS), નિયામક
**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

* ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


| | | | | |
|---|---|---|---|---|
| 1. | ક્રોધી સ્વભાવને | પદ | ગંગાસતી | 1 |
| 2. | કુસુમનું કઠણ તપ | નવલકથા ખંડ | ગો. મા. ત્રિપાઠી | 3 |
| 3. | એક સરખા દિવસ... | ગીત | પ્રભુલાલ દ્વિવેદી | 10 |
| 4. | નારાયણ હેમચંદ્ર | આત્મકથા ખંડ | ગાંધીજી | 12 |
| | **• વ્યાકરણ/લેખન વિભક્તિ, પ્રત્યયો, અનુગો, નામયોગીઓ** | | | 16 |
| 5. | થીંગડું | નવલિકા | સુરેશ જોષી | 19 |
| 6. | બિસ્મિલ્લાખાં | મુલાકાત | લાભુબહેન મહેતા | 25 |
| 7. | વીડી વાઢનારા | લોકગીત | અજ્ઞાત | 30 |
| 8. | અખાનો સંસારત્યાગ | નાટિકા | ચં.ચી. મહેતા | 32 |
| | **• વ્યાકરણ/લેખન વિરામચિહ્નો, સંયોજકો** | | | 39 |
| 9. | હંકારી જા | ઊર્મિકાવ્ય | સુંદરમ્ | 41 |
| 10. | જળનગરી વેનિસ | પ્રવાસ નિબંધ | મૃદુલાબહેન મહેતા | 43 |
| 11. | વડલો ને પંખીડાં | પદ | દુલા ભાયા કાગ | 48 |
| 12. | પૂંજા મેજરની લગની | ચરિત્ર | જોસેફ મેકવાન | 51 |
| | **• વ્યાકરણ/લેખન વાક્યરચના, તેના પ્રકારો** | | | 56 |
| 13. | વતનનો તલસાટ | સોનેટ | રમણિક અરાલવાળા | 60 |
| 14. | મોરનાં ઈંડાં | નવલિકા | ઈશ્વર પેટલીકર | 62 |
| 15. | આ રસ્તાઓ | સોનેટ | ઉશનસ્ | 68 |
| 16. | સુખનો કાળ બાળપણનો | સ્મરણકથા | પુ. લ. દેશપાંડે | 70 |
| | **• વ્યાકરણ/લેખન પદક્રમ-પદસંવાદ** | | | 74 |
| 17. | મેળો આપો તો | ગીત | હરીન્દ્ર દવે | 78 |
| 18. | અધરો દિવસ (દયારામ) | આસ્વાદલેખ | વેણીભાઈ પુરોહિત | 80 |
| 19. | સત્યવીર સોક્રેટીસ | ચરિત્ર નિબંધ | સંકલિત | 82 |
| | **• વ્યાકરણ/લેખન લેખન સ્વરૂપો** | | | 85 |
| 20. | બે લઘુકથાઓ | લઘુકથા | ઈશ્વર પરમાર/નરેન બારડ | 89 |
| 21. | બેટા ! મને પાછી જવા દે | ઊર્મિકાવ્ય (અનુવાદ) | ઉમા મહેશ્વરમ્ અનુ. નીતા રામૈયા | 91 |
| | | **પૂરક વાચન** | | |
| 1. | સ્વદેશ પ્રીતિ | ઊર્મિકાવ્ય | દલપતરામ | 94 |
| 2. | રૂપાંતર | નવલિકા | મોહન પરમાર | 96 |
| 3. | હજુ | ગઝલ | સંજુ વાળા | 102 |
| 4. | તો કેવી મજા પડે | નવલિકા | ભારતી ર. દવે | 103 |
| | વેબસાઈટ | - | મૃગેશ શાહ | 108 |


•

# 1 ક્રોધી સ્વભાવને જીતવો ને

**ગંગાસતી**

(જન્મ : 1846 અવસાન : 1894)

ગુજરાતના સંતસાહિત્યમાં કેટલીક સંતકવયિત્રીઓનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. એમાંનાં એક ગંગાસતીનો જન્મ ભાવનગર જિલ્લાના રાજપરામાં થયો હતો. એમના પિતાનું નામ ભાઈજીભા અને માતાનું નામ રૂપાળીબા હતું. તેમનાં સાસુ-સસરા તેમજ પતિ દ્વારા ભાવ-ભક્તિ-ભજનનું વાતાવરણ તેમને પ્રાપ્ત થયું હતું. ગંગાસતીના આધ્યાત્મિક જીવનનો પૂર્ણ વિકાસ આવા પવિત્ર વાતાવરણમાં થયો હતો. તેમનાં શિષ્યા પાનબાઈને સંબોધીને તેમણે જે રચનાઓ પ્રગટ કરી છે તે પણ ભજનો રૂપે પ્રચલિત થઈ છે.

'વીજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ !', 'મેરુ રે ડગે પણ જેનાં મન નો ડગે', 'શીલવંત સાધુને વારેવારે નમીએ', 'ભક્તિ કરવી તેને રાંક થઈને રહેવું', 'પીવો હોય તો રસ પી લેજો પાનબાઈ' - વગેરે ગંગાસતીનાં લોકપ્રસિદ્ધ પદો છે.

આપણા ભારતીય ધર્મશાસ્ત્રોમાં જેને ષડ્‌રિપુ-કામ, ક્રોધ લોભ, મોહ, મદ અને મત્સર-રૂપી છ ભયંકર શત્રુઓ ગણાવ્યા છે તે પૈકીનો એક તે આ ક્રોધ. પ્રસ્તુત ભજનમાં ગંગાસતી પાનબાઈને શીખ આપે છે કે જેણે અધ્યાત્મના દેશ-પ્રદેશની યાત્રા કરવી હોય તેણે પોતાના ક્રોધી સ્વભાવને જીતવો રહ્યો. કેમ કે, ભલભલા સંતો - મહંતો - ઋષિઓ પણ આ ક્રોધરૂપી દાનવના સકંજાથી સર્વથા મુક્ત નથી. જેમાં જાણીતું નામ ઋષિ દુર્વાસાનું છે. તો આપણે તો પામર જીવ. માનવમાત્ર જાત-ભાતની કામના - આશા - ઈચ્છા - અપેક્ષા - તૃષ્ણાથી ત્રસ્ત અને ગ્રસ્ત છીએ. ગમે તેવી અને ગમે તેટલી તકેદારી રાખવા છતાં - ક્રોધની ભયંકરતા જાણવા છતાં ક્રોધવશ થઈએ છીએ અને જાણ્યે-અજાણ્યે આપણું ને અન્યનું અહિત કરી બેસીએ છીએ. આ પદમાં પાનબાઈને કેવળ અક્રોધનો મહિમા જ નથી સમજાવ્યો, કિન્તુ ક્રોધના કારણની સાથે વારણની વિવિધ હાથવગી - હૈયાવગી ચાવીઓ પણ સમરથ - અનુભવી ગંગાસતીએ સમજાવીને આપણને સૌને - માનવજાતને - આદર્શનો સંદેશ આપ્યો છે.

---

ક્રોધી સ્વભાવને જીતવો ને,
રાખવો નહીં અંતરમાં ક્રોધ રે,
સમાનપણે સર્વેમાં વરતવું ને,
ટાળી દેવો મનનો વિરોધ રે.
હે જી રામ, નિરમળ થઈને કામને જીતવો ને,
રાખવો અંતરમાં વેરાગ રે,
જગતના વૈભવને મિથ્યા જાણી ને,
ટાળી દેવો દુર્જનનો રાગ.
હે જી રામ, આ લોક ને પરલોકની આશા તજવી ને,
રાખવું અભ્યાસમાં ધ્યાન રે,
તરણાં સમાન સહુ સિદ્ધિઓને ગણવી ને,
મેલવું અંતરનું માન રે.
હે જી રામ, ગુરુમુખી હોય તેણે એમ જ રહેવું ને,
વરતવું વચનની માંય રે,
ગંગાસતી એમ બોલિયાં રે પાનબાઈ,
એને નડે નહીં જગતમાં કોઈ.

**શબ્દસમજૂતી**

**વરતવું** - વર્તન કરવું; **નિરમળ** - નિર્મળ, પવિત્ર; **વેરાગ** - વિરક્તિ, સંસાર પરની આસક્તિનો અભાવ; **રાગ** - સ્નેહ, પ્રેમ; **તરણું** - ઘાસ; **મેલવું** - છોડવું, ત્યજવું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) ગંગાસતી શાને જીતવાનું કહે છે ?

(2) મનની દ્વિધા (મૂંઝવણ) ટાળવા કવયિત્રી કેવો વ્યવહાર સૂચવે છે ?

(3) ગંગાસતીની શિષ્યા કોણ હતાં ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) ગંગાસતી અંતરમાં શું ધારણ કરવાનું જણાવે છે ? શા માટે ?

(2) કઈ આશા છોડીને શેમાં ધ્યાન ધરવાનો ઉપદેશ ગંગાસતી જણાવે છે ?

**3. સવિસ્તર ઉત્તર લખો.**

(1) ગંગાસતી માનવ સ્વભાવના કયા કયા દુર્ગુણો જણાવી તેને દૂર કરવાના ઉપાયો સૂચવે છે ?

(2) ક્રોધી સ્વભાવ જીતવા ગંગાસતી શો ઉપદેશ આપે છે તે જણાવો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. ગંગાસતીનાં રચેલાં પદોમાંથી જાણીતાં બે-ત્રણ પદો મેળવીને તેનું ગાન કરો.
2. મધ્યકાળના સાહિત્યકારો પૈકી સ્ત્રી સાહિત્યકારોની યાદી કરો.
3. આ પદનું સમૂહગાન કરો.

## ભાષા-અભિવ્યક્તિ

પ્રસ્તુત રચના 'ભજન' છે. એનો પાઠ કરવો એક બાબત છે, અને એને ભક્તોની મંડળીમાં તંબૂરા-મંજીરા સાથે ગવાતું સાંભળવું બીજી બાબત છે. ભજનની ભાવાભિવ્યક્તિ જ્યારે તે ભજનમંડળીમાં ગવાતું હોય ત્યારે વિશેષ સિદ્ધ થાય છે. તાલ, લય, ઢાળ, સંગીત, સૂરથી વાતાવરણ ઊભું થાય છે. ભજન લોકસાહિત્યનો વારસો છે, લોકસંપત્તિ છે. લોકોની ભાષામાં એ રજૂ થાય તો જ એની સાર્થકતા છે. પ્રસ્તુત 'ભજન'માં વપરાયેલા તળપદા શબ્દોની નોંધ કરો.

'વરતવું', 'નિરમળ', 'વેરાગ', 'તજવી', 'મેલવું', 'બોલિયાં' - તળપદા શબ્દોનો ભજનની ભાવાભિવ્યક્તિમાં શો ફાળો છે, તેની નોંધ કરો. ભજનમાં તેની જગ્યાએ તમે શિષ્ટ શબ્દ અનુક્રમે 'વર્તવું', 'નિર્મળ', 'વૈરાગ્ય', 'ત્યજવી', 'મૂકવું', બોલ્યાં - વાપરી ભજન ગાવાનો પ્રયત્ન કરી જુઓ જોઈએ ? શો ફેરફાર લાગે છે તે વિચારો.

## શિક્ષક પ્રવૃત્તિ

1. ગંગાસતી - પાનબાઈની જીવન - ઝરમર વિદ્યાર્થીઓ પાસે રજૂ કરવી.
2. ભક્તિકાવ્યોનો વિદ્યાર્થીઓ પાસે હસ્તલિખિત અંક બનાવડાવો.

●

# 2 કુસુમનું કઠણ તપ

**ગોવર્ધનરામ ત્રિપાઠી**

(જન્મ : 20-10-1855; અવસાન : 04-01-1907)

વિદ્યોપાસનામાં જ સ્વધર્મ જોનાર, સાક્ષર જીવનનો અંગીકાર કરનાર ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનો જન્મ નડિયાદમાં થયો હતો. મુંબઈ એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં મેટ્રિક તેમજ બી.એ. થયા. ઈ.સ. 1879માં ભાવનગર રાજ્યના દીવાન શામળદાસના ખાનગી સેક્રેટરી રહ્યા, પછી થોડાં વરસો વકીલાત માટે મુંબઈ રહ્યા. સત્યશોધક વૃત્તિ ને ગહન અધ્યયન-પીપાસા તેમજ અદ્ભુત મનોબળને કારણે સ્વૈચ્છિક નિવૃત્તિ સ્વીકારી. નર્મદની જેમ એમને નિવૃત્તિ ફળી. જીવન અને સાહિત્યની ઉપાસનામાં કર્મ, જ્ઞાન અને ભક્તિનો સુમેળ સધાયો. જીવનદર્શનમાં પ્રવૃત્તિમય સંન્યાસ કેળવ્યો.

પ્રાચીન અને અર્વાચીન તેમજ પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિની અસર હેઠળ તેમણે 'સરસ્વતીચંદ્ર' નવલકથાના ચાર ભાગ તૈયાર કર્યા. સુઘટ્ટ વસ્તુગૂંથણી, વૈવિધ્યસભર જીવંત પાત્રસૃષ્ટિ, વિગતથી ભરપૂર સુંદર વર્ણનો અને ચિંતનસભર ગદ્યશૈલીને કારણે ગુજરાતી સાહિત્યમાં 'સરસ્વતીચંદ્ર' નવલકથા ચિરંજીવ સ્થાને છે. તેમનાં 'સ્નેહમુદ્રા', 'સાક્ષરજીવન', 'લીલાવતી જીવનકલા', 'દયારામનો અક્ષરદેહ', 'સ્ક્રેપબુક' વગેરે પુસ્તકો પણ જાણીતાં છે.

પ્રસ્તુત પાઠ 'સરસ્વતીચંદ્ર'ના ચતુર્થભાગનો છે. પિતા વિદ્યાચતુર અને માતા ગુણસુંદરીને બે પુત્રીઓ છે. મોટી કુમુદ અને નાની કુસુમ. કુમુદનો વિવાહ સરસ્વતીચંદ્ર જોડે સંપન્ન થયેલો, પરંતુ એના ગૃહત્યાગ બાદ એનાં પુનર્લગ્ન પ્રમાદધન નામના અસંસ્કારી યુવક સાથે થતાં કુમુદ અત્યંત દુઃખી થઈ. કુસુમ હોશિયાર - તેજસ્વી - બુદ્ધિશીલ હતી. પશ્ચિમના વિચાર - આચાર - સંસ્કારની એના ચિત્ત પર અમીટ છાપ હતી. પોતાની મોટી બહેન કુમુદના પુનર્લગ્નની વેદના એનાથી અજાણ નથી. પિતા વિદ્યાચતુર, કુસુમ પરણીને દુઃખી થાય એ કરતાં આજીવન કુંવારી રહે એમાં સંમત હતા. માતા ગુણસુંદરી અને વિધવા કાકી સુંદરગૌરીની સ્ત્રીસહજ ઈચ્છા કુસુમને યોગ્ય વર-ઘર શોધી પરણાવવાની હતી. માતા-પિતાની ચિન્તાનો પડઘો કુસુમના મનમાં આજીવન અપરિણીત રહી, પોતાને માલણ જેવું સાદું-સરળ જીવન જીવવાનો નિશ્ચય કરાવે છે અને અહીં એની સાધના 'કઠણ તપ' રૂપે આરંભાય છે. અહીં કુસુમના હૃદયની પ્રફુલ્લતા - નિખાલસતા તેમજ નિર્દોષતા - સ્વાભાવિકતા આપણા મનની સભરતા માટે સક્ષમ છે. સુંદરગૌરીની પીઢતા - અનુભવદક્ષતા અને આર્યસંસ્કારની સમજણ - સૌમ્યતા ચિત્તાકર્ષક બની છે. સર્વે પાત્રોના સંવાદોમાં પડઘાતો ગોવર્ધનરામની ઓજસ્વી ભાષા - શૈલીનો રણકો - શબ્દે-શબ્દે સંભળાય છે. પ્રસંગની પ્રસન્નતા - સરસતા, તર્કશક્તિ - બુદ્ધિ કૌશલના અનર્ગળ સૌંદર્યનું સુરેખ પ્રતિબિંબ આ ગદ્યખંડને ગુજરાતી સાહિત્યમાં અમર બનાવે છે.

---

''કુસુમ ! ઓ કુસુમ ! તને ખોળીખોળીને હું થાકી ગઈ. બળ્યું, આમ તે શું કરતી હઈશ ?'' એમ બોલતીબોલતી કુસુમના માંડવા આગળ થઈને સુન્દર ઉતાવળીઉતાવળી ચારેપાસ જોતીજોતી ફરતી હતી. આજ પ્રાતઃકાળની તે જડતી ન હતી. અને એને માટે નિર્મેલા કોઈ પણ સ્થાનમાં તેનો પત્તો ન હતો. એમ કરતાં છેવટે માળણની ઓરડીની પાછળ એક પીપળા તળે કંઈક ઘસારો લાગ્યો, કાન માંડ્યા, બીજા ઝાડ પાછળ સંતાઈને જોયું, અને જુએ છે તો એક હાંલ્લામાં કંઈક રાંધવા બેઠેલી કુસુમની પીઠ - માળણનો એક જાડો સાલ્લો પહેરેલો તેથી ઓળખાઈ નહિ... પણ જરીક એક પાસથી જોયું તો કાન, નાક, આંખ, ગાલ - સર્વ કુસુમનાં જ. શ્વાસ રૂંધી, સ્તબ્ધ થઈ, છાતીએ હાથ મૂકી, કાકી ભત્રીજીનો આ ચિત્રવેશ જોઈ રહી. નાક ચઢાવી, હોઠ લંબાવી, આંખો સંકોડી, અનેક ગૂંચવાડામાં પડી, મનમાં ને મનમાં સુન્દર બબડી : ''આ છોકરીથી તો ત્રાહિ, દીનાનાથ ! એ શું કરે છે ને કરશે તે આપણાથી તો કંઈ સમજાય નહિ. એની માને દુઃખ આવી પડ્યું એટલે એને સૂઝતું નથી ને બાપને કારભારમાં દીકરીનું ચરિત્ર વસતું નથી. એવાંએવાંની બુદ્ધિ લોપ પામી ગઈ ત્યાં મારા તો શા આશરા ?- છતી થાઉં ? - ના, ના, જોઉં તો ખરી આ વેશ આખરે કેવો ઊતરે છે !''

માળણની ઝૂંપડી અને વાડીના કોટ વચ્ચે ખાલી જગા હતી અને તે એક પીપળાના ઝાડની છાયાથી ઢંકાઈ હતી. આ ઝાડનાં મૂળ આગળ કુસુમે ભોંયમાં જ ખાડો ખોદી ચૂલો કર્યો હતો અને તેમાં દેવતા સળગાવી, ઉપર હાંલ્લામાં ખીચડી ચઢાવી હતી. પોતે પાસે એક ઈંટ ઉપર અર્ધોત્થિત - અર્ધોત્ક - અધૂકડી બેઠી હતી. પોતાના શરીર ઉપરથી સર્વ અલંકાર કાઢી મૂકેલા હતા, પણ પીપળાના તળ આગળ પોતે કોઈ વેલી પેઠે બેઠેલી લાગતી હતી અને પીપળાનો અલંકાર જાતે જ થઈ પડી હતી. કૃષ્ણપક્ષમાં

મધ્યરાત્રિએ ચન્દ્રબિમ્બ ક્ષિતિજમાં ઊગે અને આસપાસના પ્રદેશમાં રમ્ય નવીન પ્રકાશ પ્રકટાવી રહે તેમ ઝાડના મેલા થડ આગળ કાળા સાલ્લામાં કુસુમનું ગૌર મુખબિમ્બ નવીન કાન્તિ ધરતું હતું. તે જોતાં સુન્દરને ઉમળકો આવ્યો અને છતી થઈ બાઝી પડતી પડતી અટકી.

ઝાડની ડાળો અને પાંદડાં વચ્ચેથી કોયલ ટહુકી ઊઠે તેમ શાન્તિની છાયાથી ઊભરાતા આ સ્થાનમાં કુસુમ બોલીને સુન્દરનો પગ અટક્યો:

''જમની ! આ ચૂલામાંથી દેવતા ઘેર જાય છે ને ધુમાડો થાય છે તે ભૂંગળી વગર શું કરવું ?''

થોડેક છેટે ઊગેલું ઘાસ એક લાંબી કાતર વડે બેસીને કાપતી કાપતી માળણ બોલી : ''ઊભાં રહો, ભૂંગળી લાવું.''

''ના, ના, ભૂંગળી ન હોય તોય ફૂંક મરાય એમ કર.''

''તે વારુ, અમ માળીડાંનેય ભૂંગળી મળે તે તમને જંગલમાં નહિ મળે ? ત્યાં તો ઘણાય વાંસ હોય.''

''પણ વાંસને કાપવાનું જોઈએ કની ? આપણે તો વગર ભૂંગળીએ તાપ લાગે એવું બતાવ.''

માળણ ઊઠી આવી, ચૂલા સામે જોતીજોતી બોલી : ''વારુ બહેન, તમે કર્મી લોક, તેને આ તે શા અકર્મીના ધંધા કરવા ? જાઓ, ઘેર જાઓ. જુઓ તો ખરાં આ ધુમાડે તમારી આંખો કરી છે તે - કેસૂડાંનાં ફૂલ જેવી !''

''ના, તે હું કહું તે કર.''

માળણ કંઈ વિચાર કરી બોલી : ''પાંદડાં ને ઘાસનો દેવતા - તે પૂરો થયો; એ હવે બીજાં સૂકાં પાંદડાં વીણી લાવ્યા વગર નહિ બળે.''

''તે તેમ કરતાં તો ખીચડી કાચીકાચી સુકાઈ જશે. તળે છે થોડો ભૂકો તે લાગશે. માટે ફૂંકવાનો રસ્તો બતાવ.''

''મારી તો અક્કલ ચાલતી નથી. ફૂંક જેવી ફૂંકો મારો તે તમારા નાજુક મોંમાં જોર કેટલું ? હું ફૂંક મારું તો અભડાવ ને તમારામાં ફૂંકવાનું જોર નહિ !''

કુસુમ જરાક ઊંચી થઈ વિચારમાં પડીને બોલી ઊઠી : ''જો, ભૂંગળીને ઠેકાણે આ હથેલી મોં આગળ રાખું ને ફૂંક મારું, તો દેવતા સળગશે કની ?''

''હા, લો, એમ કરી જુઓ.''

ફૂંક મારતાં આંખમાં રાખ ઊડી ને માળણ હસી પડી.

''લ્યો, લ્યો હવે ! જાઓ ઘેર ! જેનું કામ જે કરે. આવા રૂડા મોં ઉપર રાખોડી ઊડી ચોંટી તે બાવીઓ જેવાં કાળાં હોય તો તો બરોબર લાગત.''

''ત્યારે આ કેવી લાગે છે ?'' હથેલી વડે ભૂલી ત્યાંથી ફરી ફૂંક મારવાનું કરતી કરતી કુસુમ બોલી, ને ઉત્તર મળતાં પહેલાં હથેલી ધરી ફૂંક મારવા લાગી. માળણને ઉત્તર સૂઝે ત્યાર પહેલાં ભડકો થયો અને સુન્દર પાસે આવીને બોલી ઊઠી :

''આ દિવસમાં ધોળી વાદળીઓથી ઢંકાયેલો ચન્દ્ર લાગે છે એવું તારું રાખોડીવાળું મોં લાગે છે, કુસુમ !''

કાકીને દેખીને કાંઈક ચમકી, અંતે સ્વસ્થ થઈ, હાંલ્લાનું ઢાંકણું ઉપાડી એક ધોયેલા છોડિયા વડે ખીચડીના દાણા કાઢી ચાંપી જોતી, એણી પાસ જ દૃષ્ટિ રાખી કુસુમ બોલી :

''કાકી !' એ રાખોડીને એ મોં - એ બે આખરે એક દેખાવાનાં તે આજથી અજમાવી જોઉં છું કે એ બેનો અરસપરસ મેળ કેવો થાય છે ? આખરનું જે સાથી તેનું આજથી જ હેત કરું છું.''

'કર્યું કર્યું એ હેત ! ઊઠ - આઘી - રોજ નવા નવા વેશ કાઢે છે તે હવે નહીં નભે. ખબરદાર જમની ! જો આ છોકરીને અહીં આવવા દીધી તો !''

જમની - 'કાકીબા ! મેં તો ઘણુંય સમજાવ્યાં પણ એ કંઈ અમ જેવાનું માને ? રૂહાડ કરીને આવું આવું કરે છે !'

સુન્દરગૌરી - 'તે કેમ, કુસુમ, કહ્યું માને છે કે નહીં ! ઊઠે છે કે ઘરમાંથી વડીલને બોલાવું ?''

ચાંપેલો દાણો હાંલ્લીમાં પાછો નાખી હાંલ્લી ઢાંકતી કાકી ભણી કંઈક ફરીને ઊંચું જોઈ કુસુમ બોલવા લાગી :

'તે શું, કાકી, એમ જાણો છો કે વડીલ કુસુમને તમારી પેઠે ધમકાવશે ?'

'ના, શું, કાકી, એમ જાણો છો કે વડીલ કુસુમને તમારી પેઠે ધમકાવે ? પણ એટલું તો થશે કે તારા આ ચાળા જોઈ વડીલ દુઃખના દરિયામાં ડૂબશે. માનું કાળજું બાળે છે ને દાદાનું બાળ. જોઉં તો ખરી કે કોનાં કોનાં કાળજાં બાળે છે ? ભાયડાઓ છોકરીઓને ભણાવે ને આમ બગાડે - તે તારા બાપ નથી જાણતા, પણ દાદા તો જાણે છે.'

હાંલ્લી ઉઘાડી, માંહ્ય પાણી રેડતી રેડતી હસતી હસતી પાણીની ધાર ભણી જ આંખ રાખી કુસુમ બોલી :

'કાકી ! એ તો ભૂલ્યાં. દાદા તો વળી પિતાજી જેટલું પણ કુસુમને કહેવાના નહીં; અને પિતાજીની જોડે તો બહુ બોલાય નહીં, પણ દાદાજીને તો કહેવાય એટલું કહું.'

મોં લંબાવી ખભા ઊંચા કરતી સુન્દર બોલી : 'ઊંહ-તું તે કોઈને ગાંઠવાની નહીં. શું કરીએ આને તે ? પણ બોલ તો ખરી કે આ બધું શું કરે છે ને આ વેશ શો કાઢ્યો છે ? મને તો તારી કંઈ સમજણ પડતી નથી.'

'કાકી ! કોઈને ભારે પડ્યા વિના ગરીબ થઈ એકલાં બાવીઓ પેઠે કેમ રહેવાય-આવું કેમ ખવાય ને આવું કેમ પહેરાય તે શીખું છું.'' ઊભી થઈ, કાકીના સામી ફરતી, પહેરેલા વસ્ત્રનો જાડો પાલવ હાથમાં ઝાલી બતાવતી અને આંખ વડે હાંલ્લી બતાવતી, કુસુમ પ્રફુલ્લ મુખથી બોલી અને અંતે જય પામતી હોય તેમ કાકીની આંખો સામું તાકીને જોઈ રહી.

''કુસુમ ! તારે કરવું હોય તે કર, પણ આ કંઈ સારું કરતી નથી.'' નિઃશ્વાસ મૂકી સુન્દર એક ઝાડના ઠૂંઠા ઉપર લમણે હાથ મૂકી બેઠી અને કુસુમના ચૂલા સામું જોઈ રહી.

થોડી વારે હાંલ્લીમાં જોઈ, ઊભી થઈ, બેચાર પાંદડાં વીણી, કુસુમ પત્રાળું કરવા બેઠી, ને તેને સળીઓના કટકાથી સાંધતીસાંધતી બોલી : ''કાકી ! આ અન્ન ખાવું હોય તો ચાલો - એ પણ મિષ્ટ લાગશે, એથી પણ જઠરાગ્નિ તૃપ્ત થશે.''

''શું આમ હાથમાંથી જવાને બેઠી છે ! તારા ઘરના અન્ન જેવું આ અન્ન ના હોય અને એ જાડું અન્ન તારા નાજુક પેટમાં ને નળામાં ખૂંચશે ને પ્રાતઃકાળે ઔષધ ખાવું પડશે.''

''કાકી ! આ ખીચડી ખાતાં તો બેત્રણ દિવસ થયા.''

''હેં ! ત્રણ દિવસ થયાં ખાય છે ? દીકરી, ગજબ કર્યો !'' - છાતી ઉપર હાથ મૂકતી સુન્દર ચપ લઈને ઊભી થઈ અને હાંલ્લીને અડકવા ગઈ.

''હાં, હાં, અડકશો નહિ - નવણમાં છું.'' કુસુમ ગાજી ઊઠી.

''હવે જાણ્યું તારું નવણ ને બવણ. જમનીનું લૂગડું, જમનીની માટલી, ને બધું નવણમાં હશે ખરું કની ?''

''તો, આ જુઓ. પણ કાલને માટે ધોઈ સૂકવી મૂકેલું લૂગડું પેલા ઝાડની ડાળી ઉપર, ને આ હાંલ્લી તો કુંભારના ઘરની નવી છે. કાકી ! આવો તો ખરાં ! જરા ચાખો તો ખરાં ! જુઓ તો ખરાં, વારુ, આમ શું ગાંડાં કાઢો છો ?''

''હા, હા, હું ગાંડી, ને તું ગાંડી તે ડાહી. હું તો અડકું છું ને હાંલ્લીબાંલ્લી બધું લઉં છું ઘરમાં - તારાં માને ને બાપને દેખાડવાને.'' સુન્દર અડકવા ગઈ. કુસુમે તેને અટકાવી.

''જો, તારે આ વાત એમનાથી છાની રાખવી હોય તો એટલું કબૂલ કર કે આવું-આવું જે-જે ધતિંગ કરે છે તેની પ્રથમ મને જાણ કરવી.''

''તે તમે કબૂલ કરો છો કે તમારે એ વાત કોઈને કહેવી નહિ ?''

''હા.''

''ને મને અટકાવવી નહિ ?''

''એ તો અટકાવવાનું હોય ત્યાં અટકાવવી ય પડે !''

''તે બળથી કે કળથી ?''

''કળથી, બાપુ, કળથી. એટલું ય કબૂલ તો કર.''

''નક્કી-ખાતરી ?''

''હા. નક્કી ! ખાતરી !''

''જાઓ, ત્યારે કબૂલ.''

''ત્યારે કહે કે આવું-આવું શું-શું ધાર્યું છે ?''

''જુઓ, ગુણિયલના મનમાં મને બુદ્ધિધનભાઈને પરણાવવાનું છે - તેની આપણે ના છે. બહેનના સસરા તે મારા વડીલ. પિતાજીના મનમાં મને સરસ્વતીચંદ્રને પરણાવવી છે - તેમાં પણ આપણી ના સમજવી અને આ ચન્દ્રકાન્તભાઈના ઘરમાં એક છે ને તેના ઉપર મને બીજી બેસાડવાની માગણી તેમના ભાઈએ કરી છે - તે કાગળ પિતાજી ઉપર છે - તેની પણ ના.''

સુન્દર : ''બે વાતની ના તો સમજાઈ, પણ સરસ્વતીચંદ્રની ના કેમ કહે છે ?''

કુસુમ : ''બે વાતની નામાં છેલ્લે સુધી મને મદદ આપો તો સમજાવું. પિતાજી, દાદાજી, ગુણિયલ, જટાશંકરમામા ને એ બધાંને આ વાતમાં તમારે સમજાવવાં.''

સુન્દર : ''તે એટલી બધી હું બંધાઉં તેને સાટે તું કેટલું બંધાય છે ?''

કુસુમ : ''સરસ્વતીચંદ્રને ન પરણવાનું મારું કારણ તમને બદલામાં સમજાવું.''

સુન્દર : ''ના, તે એટલામાં બદલો ન વળે. હું બંધાઉં તેના બદલામાં તું સરસ્વતીચંદ્રને પરણવાને બંધાય છે ?''

કુસુમ : ''આવડીઆવડી ના !''

એણે 'આવડી' ઉચ્ચારતાં હાથના ચાળા કર્યા.

સુન્દર : ''ત્યારે અમારીય આવડીઆવડી ના. આટલી છોકરી મને પટાવે છે - જમની ! જો તો ખરી !''

જમની : ''કુસુમબા ! ત્યારે કહી જ દ્યોને. કાકીબાનેય મનની વાત ન કહીએ ?''

કુસુમ : ''જો તમે આટલું બંધાઓ તો હું એટલી બંધાઉં કે સરસ્વતીચંદ્ર જડે ને પોતાના વિચાર ફેરવે તો પણ તેટલાથી કંઈ મારે મારા વિચાર ફેરવવાના નથી, પણ હું પૂછું એ બધા પ્રશ્નોના ઉત્તર આપે ને એવા ઉત્તર આપે કે તેથી મારા મનનું સમાધાન થાય ને મારા વિચાર ફરે ને તેમનો ને મારો બેનો વિચાર એક થાય તો પછી હું મને ઠીક લાગે તો વિચાર કરું - તે વિચાર કરું - હાં - વિચાર કરું, બીજું કાંઈ અત્યારથી બંધાવાનું નહિ.''

સુન્દર : ''આ જો ને ! આનું આમ થાય, તેનું તેમ થાય, પેલાનું પેલું થાય - તો પછી મારાં કુસુમબહેન શું કરે ? વિચાર કરે! બીજું કાંઈ ન કરે, પણ વિચાર કરે. જાઓ, અમે તો કંઈ બંધાતાં નથી.''

કુસુમ : ''હું તો આ ખાવા બેસું.''

પત્રાળું તૈયાર થયું હતું. તેમાં ખીચડી લઈ કુસુમ ખાવા લાગી. સુન્દર કેડે હાથ દઈ ઊભી જ રહી, વળી સ્મરણ સ્ફુરતાં બોલી : ''કુસુમ ! બીજી વાતમાં બંધાવાનું પડતું રહ્યું. પણ વાત કહેવા તું બંધાઈ છે તે તો કહે કે તેં શાં-શાં ધતિંગ ધાર્યાં છે ?''

કુસુમ હસી પડી : ''કાકી ! આ અન્નમાં એવો નશો છે કે સાંભરેલું ભૂલી જવાય છે.''

સુન્દર : ''ઠીક છે, ત્યારે હું ભૂખથી ભૂલી જઈશ.'' સુન્દરે જવા માંડ્યું. કુસુમે તેને ઊભી રાખી.

કુસુમ : ''ઊભાં તો રહો. જરા મશ્કરી કરીએ તેમાં શું રિસાવો છો જે ? મારા વિચાર ધારેલા છે તે તું, જમની, કાકીને કહે. પછી બાકી રહેશે તે હું કહીશ.''

સુન્દર : ''કહે, બાપુ, જમની, તું કહે; એ નહિ કહેવાની.''

જમની : ''કાકીબા ! બહેનને બાવીની પેઠે રહેતાં શીખવું છે, માળણ પેઠે રહેતાં શીખવું છે, અને જાણવું છે કે અમે બધાં રહીએ છીએ તેમ એમનાથી રહેવાય કે નહિ ?''

સુન્દર : ''પછી ?''

જમની : ''હું તો આટલું જ જાણું.''

સુન્દર : ''તેમાં તેં શું વધારે કહ્યું ? કેમ કુસુમ, શું ધાર્યું છે ?''

કુસુમ મોં ધોઈ ઊઠી અને મોં લોહતીલોહતી આગળ આવી બોલી : ''કાકી ! લો, હું જ કહીશ. મારે જમી લેવું હતું તેમાં વાર થાય માટે આ યુક્તિ કરી ઉતાવળથી જમી લીધું. હવે સાંભળો, આ કાળમાં કુંવારી સ્ત્રીઓને દ્રવ્ય વિના ખાવાપીવાનો વાંધો પડે અને મોટા ઘરનાં બાળકથી રાંક લોકની રહેણી પ્રમાણે રહેવાય નહિ, એવું તમે જ કહ્યું હતું. મેં મારી હવે ખાતરી કરી લીધી કે આ લૂગડાં

મારાથી પહેરાશે, આ ધાન્ય મને પચશે ને ભાવશે, ને આવે ઠેકાણે રહેવામાં મને કંઈ હરકત નહિ પડે. આ માળણનો માસના બે રૂપિયાના ખરચથી નિર્વાહ થાય છે - લૂગડાં, ખાવાનું અને માટલાં-લાકડાં સુધ્ધાંત ! બાર માસે એ ચોવીસ રૂપિયા થયા. તે ચાર ટકા પ્રમાણે છસો રૂપિયાનું વ્યાજ થાય. પિતાજી મને કન્યાદાનમાં એટલી રકમ તો ઓછામાં ઓછી આપવાનું ધારશે, ત્યારે આ તો એ રકમ પણ નહિ જોઈએ. એટલા રૂપિયા પિતાજી એમને પોતાને નામે રાખવા હોય ત્યાં રાખે અને મને આટલું વ્યાજ અપાવે, એટલે આપણે થયું. તેટલામાં તો 'તાગડધિન્ના' થાય ને કુમારી કુસુમ, મિ ફ્લોરાનાથી પણ વધારે સુખી થાય.''

સુન્દર : ''તને આ બધું કોણે શીખવ્યું ? - હશે, હવે એ આવડ તારામાં આવી. ચાલ, પછી શું કરવું છે ?''

કુસુમ : ''પિતાજીને નાતજાતની હરકત પડે નહિ ત્યાં સુધી મને ઘરમાં રાખશે ત્યાં સુધી રહીશ, તેવી હરકત પડવા માંડશે ત્યારે...''

સુન્દર : ''ત્યારે શું ?''

કુસુમ : ''ત્યારે કે - ગાઉં ? - 'કુસુમબહેન ચા...લ્યાં...રે... ગોદાવરી !'... ગોદાવરી જતાં તો પૈસા બેસે, પણ સુરગ્રામ, સુન્દરગિરિની બાવીઓ અને એવાંએવાં સ્થાન ક્યાં ઓછાં છે કે જ્યાં સ્ત્રીની જાતને પણ ભય નથી અને મનજી બંડ કરે તેને કેદ કરવાને તો સાધુજનોના કિલ્લા તૈયાર જ છે. કાકી ! હવે કુસુમ મીરાંબાઈ થવાને તૈયાર છે.''

સુન્દર : ''તે ગાંસડાં-પોટલાં ક્યારે કરવાનાં છે ?''

કુસુમ : ''આવી જાત્રા કરવાને ગાંસડાં-પોટલાં શાં ? શરીરનો રથ ને મનની સવારી; કુસુમ કાઢે સંઘ, ત્યાં તો આનન્દની વારી.''

સુન્દર : ''પણ પિતાજી ઘરમાં રાખે ત્યાં સુધી તો રહેવું છે ની ?''

કુસુમ : ''એમાં કાંઈ વાંધો નથી. માત્ર વચ્ચે એક દિવસ આ બધાં સ્થાન જોવા જવું છે અને ક્યાં ઠીક પડશે તેનો નિર્ણય કરી રાખવો છે.''

સુન્દર : ''તે ક્યારે ?''

કુસુમ : ''કાંઈ નિમિત્તે પ્રસંગ આવશે.''

સુન્દર : ''કુસુમ ! હવે ઘરમાં આવવું છે કે નહિ ?''

કુસુમ : ''હાસ્તો ! હવે ઘર અને આશ્રમ બે કુસુમને મન સરખાં છે, ને પિતાજી અને ગુણિયલ એ બે શિવપાર્વતી જેવાં છે, તેના મન્દિર જેવું આ ઘર આશ્રય આપશે ત્યાં સુધી ત્યાં જ આનન્દ છે. કાકી ! કુસુમનું આયુષ્ય હવે તપોમય સમજવું. મીરાંબાઈનો કાળો કામળો કુસુમને ગમ્યો છે. એને સંસારના બીજા રંગ લાગે નહિ ને ટાઢમાં ઓઢાય.''

સુન્દર : ''કુસુમ ! કન્યાઓને વિદ્યા આપતાં પહેલાં જ સંસારમાં પરોવવી એ શાસ્ત્ર તારા દૃષ્ટાંતથી વધારે સમજાશે. અને બીજાં માબાપ પોતાની કન્યાઓને વિદ્યા આપતાં તારા દૃષ્ટાંતથી ડરશે અને તે બાપડીઓને વિદ્યા નહિ મળે - એ સર્વ સંસારનું પાપ, કુસુમ તારે માથે ! માતાપિતા અને સંસારને દુઃખી કરી તેનું દુઃખ દેખી પસ્તાજે ને કાકીને સંભારજે !''

ક્રોધ અને અશ્રુથી ભરેલી સુન્દર ચાલી ગઈ. કુસુમ હોઠે આંગળી મૂકી પાછળ ઊભી રહી. તેનું મુખકમળ કાકીની છેલ્લી શબ્દવૃષ્ટિના પ્રવાહથી નમી ગયું. નવા ઊંડા વિચારમાં પડી જઈ તે ધીમીધીમી ચાલવા લાગી. તેના મનના પ્રબળ તાપને દેખી બહારનો તાપ હારી જતો હોય અથવા એવા તાપવાળી સુન્દર બાળાને વધારે તાપ ન આપવો એવી સૂર્યને કે મેઘને દયા આવતી હોય તેમ એક વાદળું સૂર્યની નીચે આવી ગયું અને કુસુમના મ્લાન શરીર ઉપર છત્રની છાયા થઈ.

'સરસ્વતીચંદ્ર'

## શબ્દસમજૂતી

**અર્ધોત્થિત** અર્ધું ઊભું થયેલું **અર્ધોત્ક** ઊભડક **કાન્તિ** તેજ **હાંલ્લી** માટીનું પહોળા મોંવાળું રાંધવાનું એક વાસણ **પત્રાળું** પાંદડામાંથી બનાવેલી થાળી, પત્રાવળી **મિષ્ટ** મીઠાશવાળું **હરકત** વાંધો **સુધ્ધાંત** સહિત **આવડ** આવડત **તાપ** (અહીં) દુઃખ **મ્લાન** કરમાયેલું, દુઃખી, ખિન્ન **છત્ર** રક્ષણ કરનાર

## રૂઢિપ્રયોગ

**ગાંડાં કાઢવાં** ગાંડાંની માફક વર્તવું, **ધતિંગ કરવાં** ઢોંગ કે બનાવટ કરવાં, **તાગડધિન્ના કરવા** મોજમજા ઉડાવવી

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) કુસુમ અને માળણ શો પ્રયત્ન કરી રહ્યાં હતાં ?

(2) માળણ કુસુમની આંખોને કોની સાથે સરખાવે છે ?

(3) સુન્દરે પાંદડાં વીણી કયું કાર્ય કર્યું ?

(4) કુસુમ હાંલ્લીને અડકવા બાબતે સુન્દરને શા માટે અટકાવે છે ?

(5) કુસુમે શી યુક્તિ કરી ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) સુંદર કોને શોધતી હતી ? તેમાં તેણે શો ચિત્રવેશ જોયો ?

(2) કુસુમ કાકીની આંખો સામે શા માટે તાકીને જોઈ રહી ?

(3) કુસુમ મનની શી વાતો સુન્દરને સમજાવે છે ?

**3. વિસ્તૃત ઉત્તર લખો.**

'કુસુમનું કઠણ તપ' શીર્ષક ચર્ચો.

**નોંધ લખો :**

(1) કુસુમની સમજદારીની ભાવના

(2) સુન્દરની રસોઈકળા

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. 'નવલકથા' વિશે તમારા શિક્ષક પાસેથી માહિતી મેળવો.
2. આપણી જાણીતી નવલકથાઓની યાદી, તેના લેખકના નામ સાથે તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

1. ગોવર્ધનરામ આપણા સમર્થ ગદ્યકાર છે. તેમની યશોદાયી નવલકથા 'સરસ્વતીચંદ્ર'માં તેમની ગદ્યછટા નિખરી આવી છે, તેનો ખ્યાલ તમને આ પ્રકરણ વાંચતાં આવશે. અહીં તમને સંવાદ, કથન, વર્ણન એમ બહુવિધ કથનરીતિનો ઉપયોગ સહજ રીતે કરેલો છે તેનો ખ્યાલ આવશે.
2. ગોવર્ધનરામે ભાવને અભિવ્યક્ત કરવા આલંકારિક ભાષાનો ઉપયોગ કર્યો છે તે નીચેનાં વિધાનો પરથી સમજાશે.

   'ઝાડની ડાળો અને પાંદડાં વચ્ચેથી કોયલ ટહુકી ઊઠે તેમ શાન્તિથી... ઊભરાતા આ સ્થાનમાં કુસુમ બોલીને સુન્દરનો પગ અટક્યો. આવાં બીજાં વિધાનો આ પ્રકરણમાંથી તમે જાતે શોધો.
3. તમે જુઓ, એકમમાં મોટે ભાગે કુસુમ અને સુંદરના સંવાદો છે, જે અવતરણમાં મુકાયા છે.

   ''ને મને અટકાવી નહિ ?''

   ''એ તો અટકાવવાનું હોય ત્યાં અટકાવવી ય પડે ?''

   ''તે બળથી કે કળથી ?''

   ''કળથી, બાપુ, કળથી. એટલુંય કબૂલ તો કર.''

   ''નક્કી-ખાતરી ?''

“હા. નક્કી ! ખાતરી !”

“જાઓ, ત્યારે કબૂલ.”

4. કુસુમના લાક્ષણિક સંવાદમાં તેના મનોભાવો અને પોતાના વિશેની પોતાની ધારણા સરસ રીતે અભિવ્યક્ત થયાં છે.
 કુસુમ : “હાસ્તો ! હવે ઘર અને આશ્રમ બે કુસુમને મન સરખાં છે, ને પિતાજી અને ગુણિયલ એ બે શિવપાર્વતી જેવાં છે...”

5. હવે નીચેના ફકરામાંથી ભાષાકીય લાક્ષણિકતાઓ તમે પોતે તારવો.
 ‘ક્રોધ અને અશ્રુથી ભરેલી સુન્દર ચાલી ગઈ... તેનું મુખકમળ કાકીની છેલ્લી શબ્દવૃષ્ટિના પ્રવાહથી નમી ગયું.’

## શિક્ષક પ્રવૃત્તિ

1. નવલકથાના ઉદ્ભવ અને વિકાસનો ખ્યાલ આપી ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા વિશે માહિતી આપો.
2. ‘સરસ્વતીચંદ્ર’ ફિલ્મ મેળવી વિદ્યાર્થીઓને બતાવો અથવા તેઓ ઘેર જોઈ શકે તે માટેની વ્યવસ્થા કરી આપો.

●

# 3 એક સરખા દિવસ સુખના...

**પ્રભુલાલ દ્વિવેદી**

(જન્મ : 15-11-1892; અવસાન : 31-01-1962)

ગુજરાતી નાટ્યકાર શ્રી પ્રભુલાલ દયારામ દ્વિવેદીનો જન્મ વીરપુર ( સૌરાષ્ટ્ર )માં થયો હતો. ચાર ચોપડી વતન જેતપુરમાં ભણ્યા, પછી કરાંચી ગયા. નોકરી કરી. ફાજલ સમયમાં ગુજરાતી, હિન્દી તેમજ અંગ્રેજી પુસ્તકો વાંચ્યાં. ઈ.સ. 1916માં 'દેવી દમયંતી' નાટકમાં એક દૃશ્ય લખ્યું, ત્યાંથી રંગભૂમિક્ષેત્રે તેમણે શ્રીગણેશ કર્યા. ઈ.સ. 1924માં 'માલવપતિ-મુંજ' નાટક દ્વારા એમની સમર્થ નાટ્યકાર તરીકેની પ્રતિભા પોંખાઈ. ઈ.સ. 1929માં પ્રથમવાર નાટકમાં ખલનાયકને નાયક બનાવ્યો. ઈ.સ. 1938માં 'વડીલોના વાંકે' નાટક પાંચસોથી વધુ વાર ભજવ્યું. તેણે ગુજરાતી રંગભૂમિ ઉપર વિક્રમ સર્જ્યો. એ વખતે ઉર્દૂ તખ્તાની અસર રંગભૂમિ ઉપર હતી. પ્રભુલાલે પુરાણ, ઇતિહાસ તેમજ સમાજની સામ્પ્રત કથા-વ્યથાને નાટકમાં સાંકળીને, નાટ્યરચના તેમજ વસ્તુ-પસંદગીમાં નવા પ્રયોગો કર્યા. રંગભૂમિને ઉર્દૂ અસરમાંથી મુક્ત કરી. 'વિદ્યાવારિધિ ભારવિ', 'સામે પાર' તેમજ 'જગદ્‌ગુરુ શંકરાચાર્ય' એમનાં સાહિત્યિક દૃષ્ટિએ મૂલ્યવાન એવાં મુદ્રિત નાટકો છે. આમ, વ્યવસાયી રંગભૂમિના આ પ્રતિભાસંપન્ન નાટ્યકાર, સમકાલીન તેમજ અનુગામી નાટ્યકારોના ગુરુ બની રહ્યા. ઈ.સ. 1961માં ભારત સરકારે એમને શ્રેષ્ઠ નાટ્યકારનો એવોર્ડ આપ્યો હતો.

પ્રભુલાલ દ્વિવેદીએ આ કાવ્યમાં માનવજીવનનું ચિંતન રજૂ કરતાં કહ્યું છે કે માનવીએ ક્યારેય પણ ગર્વ ન કરવો, કારણ કે ભૂપતિમાંથી ભિખારી બનતાં વાર નથી લાગતી. માનવજીવનનો ત્યાગ કરી ઈશ્વરના દરબારમાં જાય છે ત્યાં ધન-સંપત્તિ કે સ્વજનો કોઈ સાથે આવતું નથી. ખાલી હાથે જ જવું પડે છે. સાચું કાર્ય કરવામાં સંકોચ ન અનુભવવો, ખરાબ કાર્યોથી જ ડરવું, કવિએ ખીલે કરમાય, સર્જાય - લોપાય, ચડે - પડે જેવાં ઉદાહરણો આપી ઊંચી-નીચી ફર્યા કરતી જીવન ઘટમાળને સરળ શબ્દોમાં સમજાવી છે. સમજદાર માણસો દુઃખમાં દુભાતા કે સુખમાં ફૂલાતા નથી. મુશ્કેલીમાં આવી પડેલ માનવીને પરેશાન કરવો એ દુષ્કૃત્ય દુર્જનોનું છે. આ કાવ્યમાં કવિ અહંકાર - હુંપદ છોડી ઈશ્વરની સર્વોપરિતાનો સ્વીકાર કરી, સ્થિતપ્રજ્ઞ રહી, અન્યને ઉપયોગી થવાનો બોધ અર્પે છે.

---

એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી,
એથી જ શાણા સાહ્યબીથી લેશ ફૂલાતા નથી.
ભાગ્ય રૂઠે કે રીઝે એની તમા એને નથી,
એ જ શૂરા જે મુસીબત જોઈ મુંઝાતા નથી.
ખીલે તે કરમાય છે, સરજાય તે લોપાય છે,
જે જે ચડે તે તે પડે એ નિયમ પલટાતા નથી.
સમય બડો બળવાન છે, નહીં પુરુષ બળવાન,
કાબે અર્જુન લૂંટિયો એ જ ધનુષ્ય એ બાણ.
સજ્જન, આ સંસારમાં ગર્વ છોડતાં શીખ,
ભાગ્ય ફૂટ્યું ત્યાં ભૂપતિ ભમતો માગે ભીખ.
ધન જન સંપત સાહ્યબી કોઈ ન આવે સાથ,
ઈશ્વરના દરબારમાં જાવું ખુલ્લે હાથ.
ડરવાનું દુષ્કર્મથી એ જ જીવનનો સાર,
મરવાથી ડરવું નહીં, મરવું એક જ વાર.
હુંપદથી હળવા થશો હુંપદ કરો ન કોઈ,
ધાર્યું આપણું ધૂળ છે, હરિ કરે સો હોય.
પડતા પર પાટું કદી, દાઝ્યા ઉપર ડામ,
દઈશ ના કોઈને કદી એ દુર્જનનું કામ.

## શબ્દસમજૂતી

**શાણું** સમજદાર **સાહ્યબી** જાહોજલાલી **તમા** કાળજી **સંપત** સંપત્તિ **હુંપદ** અભિમાન

**પડતા પર પાટું / દાઝ્યા ઉપર ડામ (કહેવત)** એક પીડા હોય ત્યાં બીજી પીડા ઊભી થવી.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) સાહ્યબીથી કોણ ફૂલાતું નથી ?

(2) કવિની દૃષ્ટિએ શૂરા કોણ છે ?

(3) સમય અને પુરુષ બંનેમાં કોણ બળવાન છે ?

(4) મૃત્યુ પછી શું સાથે આવતું નથી ?

(5) મનુષ્યે કોનાથી ડરવાનું છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) અર્જુનના દૃષ્ટાંત દ્વારા કવિ શો સંદેશ આપે છે ?

(2) નિયતિ (કુદરત)નો શો ક્રમ છે ?

(3) જીવનનો સાર શેમાં સમાયેલો છે ?

**3. સવિસ્તર ઉત્તર લખો.**

(1) 'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી' - કાવ્યમાં માનવીય પરિસ્થિતિ અને પરિવર્તન અંગે શો સંદેશ સમજાવ્યો છે ?

(2) 'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી' કાવ્યનો મર્મ તમારા શબ્દોમાં લખો.

(3) સમજાવો :

'હુંપદથી હળવા થશો, હુંપદ કરો ન કોઈ,
ધાર્યું આપણું ધૂળ છે, હરિ કરે સો હોય.'

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. અર્જુન અને કાબાની વાર્તા શિક્ષક પાસેથી સાંભળો.
2. શામળના છપ્પા મેળવીને નોંધપોથીમાં લખો.
3. ગઝલ પઠન સ્પર્ધાનું આયોજન થાય ત્યારે તમે ભાગ લો.

## ભાષા-અભિવ્યક્તિ

જીવનનો બોધ - ઉપદેશ સમજાવતું આ કાવ્ય છે. જેની પ્રથમ પંક્તિ : 'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી'માં સમગ્ર જીવનનો મર્મ અભિવ્યક્ત પામ્યો છે.

રૂઠે - રીઝે, ખીલે - કરમાય જેવા વિરોધી શબ્દોનો વિનિયોગ કાવ્યપંક્તિમાં સહજ રીતે થયો છે.

## શિક્ષક પ્રવૃત્તિ

1. 'સમયનું મહત્ત્વ' વિષય પર નિબંધ-લેખન સ્પર્ધા ગોઠવો.
2. શૌર્યરસના અન્ય દોહરાઓ મેળવી નોંધપોથીમાં લખો.
3. ગઝલ લેખન શિબિરનું આયોજન કરી કોઈ પ્રસિદ્ધ ગઝલકારને બોલાવો.
4. શાળામાં કવિસંમેલનનું આયોજન કરો અથવા ટેલિવિઝનમાં બતાવો.

•

# 4 નારાયણ હેમચંદ્ર

**ગાંધીજી**

(જન્મ : 02-10-1869; અવસાન : 30-01-1948)

આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી - મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ પોરબંદરમાં થયો હતો. રાજકોટ તેમજ ભાવનગરમાં અભ્યાસ કર્યા પછી ઈંગ્લેન્ડમાંથી બેરિસ્ટરની પદવી મેળવી હતી. વકીલાતના વ્યવસાય માટે આફ્રિકા ગયા. ત્યાં ભારતીયોના હક્કોના રક્ષણ માટે સત્યાગ્રહનો આરંભ કર્યો. આફ્રિકાથી ભારત આવ્યા. ભારતમાં સ્વાતંત્ર્ય આંદોલનોનું નેતૃત્વ લીધું. અસ્પૃશ્યતા નિવારણ તેમજ ખાદી અંગે રચનાત્મક કાર્યો કર્યાં. 'હરિજન', 'નવજીવન', 'યંગ ઇન્ડિયા' પત્ર-સામયિકોનું લેખન-સંપાદન કર્યું. એમનું જીવન જ પ્રજાજીવનનો સંદેશ, દસ્તાવેજ બની રહ્યું.

'હિંદ સ્વરાજ', 'ખરી કેળવણી', 'કેળવણીનો કોયડો', 'નીતિનાશને માર્ગે', 'ત્યાગમૂર્તિ' અને બીજા લેખો તેમનાં નોંધપાત્ર પુસ્તકો છે. તેમની 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'નો વિશ્વની ઘણી ભાષાઓમાં અનુવાદ થયો છે. તેમનાં સઘળાં લખાણો 'ગાંધીજીનો અક્ષરદેહ' નામની ગ્રંથશ્રેણીમાં સંગ્રહાયાં છે.

આપણું મન હંમેશાં સારું - સુષ્ઠુ, નાજુક - નમણું જોવા સ્વીકારવા જ તૈયાર હોય છે. કિન્તુ તેથી ઊલટું ચિત્ર-વિચિત્ર, બેડોળ-કદરૂપું સ્વીકારવા જરાયે તૈયાર નથી જ નથી. નારાયણ હેમચંદ્ર રંગે - રૂપે - સ્વભાવે - અવાજે - પોશાકે, પૂરા માપે - ભારોભાર વિચિત્ર હતા છતાં તેમની અપાર પ્રવાસ પ્રીતિ - ભાષાજિજ્ઞાસા, નિખાલસતા - નિરભિમાનિતા, અખૂટ ધીરજ અને આત્મવિશ્વાસ જેવા ગુણોએ ગાંધીને મોહિત કર્યા. મનુષ્યના બાહ્ય વ્યક્તિત્વ કરતાં તેનાં આંતરિક સૌંદર્યને પરખવાની - પામવાની ગાંધીની આત્મસૂઝ આપણને આકર્ષે છે. ''મહાપુરુષો કોઈના પોશાક સામું નથી જોતા. તેઓ તો તેના હૃદયને તપાસે છે.'' કાર્ડિનલ મેનિંગ વિષેની નારાયણ હેમચંદ્રની આ માર્મિક ટકોર આપણા બંધ આંતરદ્વારને ખોલવાની - સમજવાની ગુરુચાવી આત્મકથા ખંડ-1નો આ ગદ્યખંડ આપણને સમજાવી જાય છે - જેનો આનંદ - ઓચ્છવ કરીએ તેટલો ઓછો ખરુંને !

---

આ જ અરસામાં સ્વ. નારાયણ હેમચંદ્ર વિલાયતમાં આવ્યા હતા. લેખક તરીકે તેમનું નામ મેં સાંભળ્યું હતું. તેમને હું નેશનલ ઈન્ડિયન ઍસોસિયેશનવાળાં મિસ મૅનિંગને ત્યાં મળ્યો. મિસ મૅનિંગ જાણતાં હતાં કે મને બધાંની સાથે ભળતાં નહોતું આવડતું. હું તેમને ત્યાં જતો ત્યારે મૂંગે મોઢે બેઠો રહેતો, કોઈ બોલાવે તો જ બોલું.

તેમણે નારાયણ હેમચંદ્રની ઓળખાણ કરાવી.

નારાયણ હેમચંદ્રને અંગ્રેજી નહોતું આવડતું. તેમનો પોશાક વિચિત્ર હતો. બેડોળ પાટલૂન પહેર્યું હતું. ઉપર ચોળાઈ ગયેલો, કાંઠલે મેલો, બદામી રંગનો કોટ હતો. નેકટાઈ કૉલર ન હતાં. કોટ પારસી ઘાટનો પણ ડોળ વિનાનો. માથે ફૂમતાવાળી ઊનની ગૂંથેલી ટોપી હતી. તેમણે લાંબી દાઢી રાખી હતી.

કદ એકવડિયું, ઠીંગણું કહીએ તો ચાલે. મોં ઉપર શીળીના ડાઘ હતા. ચહેરો ગોળ, નાક નહિ અણીદાર, નહિ ચીબું. દાઢી ઉપર હાથ ફર્યા કરે.

બધા ફૂલફટાક લોકો વચ્ચે નારાયણ હેમચંદ્ર વિચિત્ર લાગતા હતા અને બધાથી નોખા પડી જતા હતા.

''આપનું નામ મેં બહુ સાંભળ્યું છે. આપનાં કંઈ લખાણો પણ વાંચ્યાં છે. આપ મારે ત્યાં આવશો ?''

નારાયણ હેમચંદ્રનો સાદ ભાંભરો હતો. તેમણે હસમુખે ચહેરે જવાબ આપ્યો :

''તમે ક્યાં રહો છો ?''

''સ્ટોર સ્ટ્રીટમાં.''

''ત્યારે તો આપણે પડોશી છીએ. મારે અંગ્રેજી શીખવું છે. તમે મને શીખવશો ?''

મેં જવાબ આપ્યો, ''જો આપને કંઈ મદદ કરી શકું તો રાજી થાઉં. મારાથી બનતી મહેનત જરૂર કરીશ. આપ કહો તો હું આપને ત્યાં આવીશ.''

''ના, ના, હું જ તમારે ત્યાં આવીશ. મારી કને પાઠમાળા છે તે હું લેતો આવીશ.''

અમે વખત મુકરર કર્યો. અમારી વચ્ચે ભારે સ્નેહગાંઠ બંધાઈ.

નારાયણ હેમચંદ્રને વ્યાકરણ મુદલ નહોતું આવડતું. 'ઘોડો' ક્રિયાપદ બને ને 'દોડવું' નામ બને. આવા વિનોદી દાખલા તો મને કેટલાયે યાદ છે. પણ નારાયણ હેમચંદ્ર મને પી જાય તેવા હતા. મારા અલ્પ વ્યાકરણથી એ કાંઈ મોહી જાય તેવા ન હતા. તેમને વ્યાકરણ ન આવડે તેની શરમ તો હતી જ નહિ.

''હું કંઈ તમારી જેમ નિશાળમાં શીખ્યો નથી. મને મારા વિચારો જણાવવામાં વ્યાકરણની જરૂર નથી જણાઈ. જુઓ, તમને બંગાળી આવડે છે ? મને તો બંગાળી આવડે. હું બંગાળમાં ફર્યો છું. મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોરનાં પુસ્તકોનો તરજુમો તો ગુજરાતી પ્રજાને મેં જ આપ્યો છે ના ? મારે તો ઘણી ભાષામાંથી ગુજરાતી પ્રજાને તરજુમા આપવા છે. તે કરવામાંયે હું શબ્દાર્થને નથી વળગતો. ભાવાર્થ આપું એટલે મને સંતોષ. મારી પછી બીજાઓ ભલે વધારે આપે. હું તો વગર વ્યાકરણે મરાઠી જાણું, હિંદી જાણું, ને હવે અંગ્રેજી જાણતો થવા લાગ્યો. મારે તો શબ્દભંડાર જોઈએ. તમે એમ ન જાણતા કે એકલા અંગ્રેજીથી મને સંતોષ થવાનો છે. મારે તો ફ્રાન્સ જવું છે, ને ફ્રેન્ચ પણ શીખી લેવું છે. હું જાણું છું કે ફ્રેન્ચ સાહિત્ય બહોળું છે. બનશે તો જર્મની પણ જઈશ ને જર્મન ભાષા શીખી લઈશ.''

આમ નારાયણ હેમચંદ્રની ધારા ચાલતી જ રહી. ભાષાઓ જાણવાનો અને મુસાફરી કરવાનો તેમનો લોભ અપાર હતો.

''ત્યારે તો તમે અમેરિકા જવાના જ.''

''જરૂર. એ નવી દુનિયા જોયા વિના હું પાછો જાઉં કે ?''

''પણ તમારી પાસે એટલા બધા પૈસા ક્યાં છે ?''

''મારે પૈસાનું શું કામ ? મારે ક્યાં તમારા જેવી ટાપટીપ કરવી છે ? મારે ખાવું કેટલું ને પહેરવું કેટલું ? મારાં પુસ્તકોમાંથી કંઈક મળે છે તે અને થોડું મિત્રો આપે તે બસ થઈ જાય. હું તો બધે ત્રીજા વર્ગમાં જ જનારો રહ્યો. અમેરિકા ડેકમાં જઈશ.''

નારાયણ હેમચંદ્રની સાદાઈ તો તેમની પોતાની જ હતી. તેમની નિખાલસતા પણ તેટલી જ હતી. અભિમાનનું નામ નહોતું. પોતાની લેખક તરીકેની શક્તિ વિષે જોઈએ તેના કરતાં પણ વધારે વિશ્વાસ હતો.

અમે રોજ મળતા. અમારી વચ્ચે વિચાર તેમજ આચારસામ્ય ઠીક હતું. બન્ને અન્નાહાર કરનારા હતા. બપોરના ઘણી વેળા સાથે જમીએ. આ મારો અઠવાડિયાના સત્તર શિલિંગમાં રહેવાનો ને સ્વયંપાક કરવાનો કાળ હતો. હું કોઈ વેળા તેમની કોટડીએ જાઉં, તે કોઈ વેળા મારી કોટડીએ આવે. હું અંગ્રેજી ઢબની રસોઈ કરું. તેમને દેશી ઢબ વિના સંતોષ ન જ વળે. દાળ જોઈએ જ. હું ગાજર ઈત્યાદિનો 'સૂપ' બનાવું તેથી મારી દયા ખાય. તેમણે મગ ક્યાંકથી શોધી કાઢ્યા હતા. એક દિવસ મારે સારુ મગ રાંધીને લાવ્યા ને મેં અત્યંત સ્વાદથી ખાધા. પછી તો અમારે આવી આપલે કરવાનો વહેવાર વધ્યો. હું મારી વાનગી તેમને ચખાડું ને તે મને પોતાની ચખાડે.

આ સમયે કાર્ડિનલ મૅનિંગનું નામ સહુને મુખે હતું. ગોદીના મજૂરોની હડતાલ હતી. જૉન બર્ન્સ અને કાર્ડિનલ મૅનિંગના પ્રયત્નથી હડતાળ વહેલી બંધ થઈ. કાર્ડિનલ મૅનિંગની સાદાઈ વિષે ડિઝરાયલીએ લખ્યું હતું તે મેં નારાયણ હેમચંદ્રને વાંચી સંભળાવ્યું.

''ત્યારે મારે તો એ સાધુપુરુષને મળવું જોઈએ.''

''એ તો બહુ મોટા માણસ રહ્યા. તમને કેમ મળશે ?''

''હું બતાવું તેમ. તમારે મારે નામે કાગળ લખવો. હું લેખક છું એવી ઓળખાણ આપજો. તેમના પરોપકારી કાર્યનો ધન્યવાદ જાતે આપવા મારે મળવું છે એમ લખજો. ને એમ લખજો કે મને અંગ્રેજી વાત કરતાં ન આવડે તેથી મારે તમને દુભાષિયા તરીકે લઈ જવા પડશે.''

મેં એવા પ્રકારનો કાગળ લખ્યો. કાર્ડિનલ મૅનિંગનો જવાબ બે ત્રણ દહાડામાં એક પત્તામાં આવ્યો. તેમણે મળવાનો સમય આપ્યો.

અમે બન્ને ગયા. મેં દસ્તૂર મુજબ મુલાકાતી કપડાં પહેર્યાં. નારાયણ હેમચંદ્ર તો જેવા હતા તેવા જ ! એ જ કોટ ને એ જ પાટલૂન ! મેં વિનોદ કર્યો. તેમણે મને હસી કાઢ્યો ને બોલ્યા :

''તમે સુધરેલા બધા બીકણ છો. મહાપુરુષો કોઈના પોશાક સામું નથી જોતા, તેઓ તો તેમના હૃદયને તપાસે છે.''

અમે કાર્ડિનલના મહેલમાં પ્રવેશ કર્યો. મકાન મહેલ જ હતું. અમે બેઠા કે તરત એક સુકલકડી, બુઢ્ઢા, ઊંચા પુરુષે પ્રવેશ કર્યો. અમારી બન્નેની સાથે હાથ મેળવ્યા. નારાયણ હેમચંદ્રને આવકાર દીધો.

''મારે આપનો વખત નથી લેવો. મેં તો આપને વિષે સાંભળ્યું હતું. આપે હડતાળમાં જે કામ કર્યું તેને સારુ આપનો ઉપકાર માનવો હતો. દુનિયાના સાધુપુરુષોનાં દર્શન કરવાનો મેં રિવાજ રાખ્યો છે. તેથી આપને મેં આટલી તસ્દી આપી.'' આ વાક્યોનો તરજુમો કરી દેવાનું મને નારાયણ હેમચંદ્રે ફરમાવ્યું.

''તમે આવ્યા તેથી હું રાજી થયો. ઉમેદ રાખું છું કે તમને અહીંનો વસવાટ અનુકૂળ આવશે, ને અહીંના લોકોની તમે ઓળખાણ કરશો. ઈશ્વર તમારું ભલું કરો.'' આમ કાર્ડિનલ બોલ્યા ને ઊભા થયા.

એક વેળા નારાયણ હેમચંદ્ર મારે ત્યાં ધોતિયું ને પહેરણ પહેરીને આવ્યા. ભલી ઘરધણિયાણીએ બારણાં ઉઘાડ્યાં ને બીની. મારી પાસે આવી (મારાં ઘર તો હું બદલ્યા જ કરતો એ વાંચનારને યાદ હશે), ને બોલી : ''કોઈ ગાંડા જેવો માણસ તમને મળવા માગે છે.'' હું દરવાજે ગયો ને નારાયણ હેમચંદ્રને જોયા. હું આભો જ બની ગયો. તેમના મુખ ઉપર રોજના હાસ્ય સિવાય કંઈ જ ન મળે.

''પણ તમને છોકરાંઓએ કનડગત ન કરી ?''

''મારી પાછળ દોડતાં હતાં. મેં કંઈ ધ્યાન ન આપ્યું એટલે તેઓ શાંત થઈ ગયાં.'' મને જવાબ મળ્યો.

નારાયણ હેમચંદ્ર થોડા માસ વિલાયતમાં રહી પારીસ ગયા. ત્યાં ફ્રેન્ચ અભ્યાસ આદર્યો, ને ફ્રેન્ચ પુસ્તકોના તરજુમા શરૂ કર્યા. તેમનો તરજુમો તપાસવા પૂરતું ફ્રેન્ચ મને આવડતું હતું. તેથી તે જોઈ જવા કહ્યું. મેં જોયું કે તે તરજુમો ન હતો પણ કેવળ ભાવાર્થ હતો.

છેવટે તેમણે અમેરિકા જવાનો પોતાનો નિશ્ચય પાર પાડ્યો. મુસીબતે ડેકની કે ત્રીજા વર્ગની ટિકિટ મેળવી શક્યા હતા. અમેરિકામાં તેમને ધોતિયું પહેરણ પહેરીને નીકળ્યાને સારુ 'અસભ્ય પોશાક પહેર્યા' ના તહોમત ઉપર પકડવામાં આવ્યા હતા. મારું સ્મરણ એવું છે કે પાછળથી તે છૂટી ગયા હતા.

''સત્યના પ્રયોગો''

## શબ્દસમજૂતી

**વિલાયત** વિદેશ, પરદેશ **ફૂમતું** ગુચ્છ **શીળી** ઓચિંતા ઢીમણા થઈ આવતો એક રોગ **ફૂલ ફટાક** નાજુક, તકલાદી અહીં - વ્યવસ્થિત **તરજુમો** ભાષાંતર **ટાપટીપ** સુઘડતા, મરામત, ભપકો **શિલિંગ** એક અંગ્રેજી સિક્કો, બાર આના જેટલો **કોટડી** ઓરડી **ઢબ** રીત, પદ્ધતિ **ગોદી** અંદર પાણી કઢાય ઘલાય એવી સગવડવાળું વહાણો બાંધવાનું અને ઊભા રાખવાનું બંદર, ગોડાઉન, વખાર, ગજાર **બુઢ્ઢા** વૃદ્ધ **દુભાષિયો** બે ભાષા જાણનાર, એક ભાષાનો મતલબ (અર્થ) બીજી ભાષામાં કહેનાર, સમજાવનાર **દસ્તૂર** રિવાજ ધારો પારસી જાતિના ગોર **પાટલૂન** યુરોપી ઘાટનો ચોરણો **તસ્દી** શ્રમ, મહેનત, તકલીફ **પારીસ** હાલનું પેરીસ નગર

## રૂઢિપ્રયોગ

**પી જવું** ન ગાંઠવું, સહન કરી જવું; **મોહી જવું** આસક્ત થવું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) નારાયણ હેમચંદ્ર કઈ કઈ ભાષાના જાણકાર હતા ?

(2) નારાયણ હેમચંદ્રને શો શોખ હતો ?

(3) ગાંધીજી અને નારાયણ હેમચંદ્ર વિશે શું સામ્ય જોવા મળે છે ?

(4) અમેરિકામાં નારાયણ હેમચંદ્ર પર શો આરોપ મુકાયો ?

(5) શા કારણે નારાયણ હેમચંદ્ર વિચિત્ર લાગતા ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો.**

(1) નારાયણ હેમચંદ્ર કેવો પોશાક પહેરતા ?

(2) મહાપુરુષો વિશે હેમચંદ્રની શી માન્યતા હતી ?

(3) કાર્ડિનલ મૅનિંગ સાથે નારાયણ હેમચંદ્રને શો અનુભવ થયો ?

**3. સવિસ્તર ઉત્તર લખો.**

(1) નારાયણ હેમચંદ્રનું ચરિત્ર ચિત્રણ કરો.

(2) નોંધ લખો.

1. નારાયણ હેમચંદ્રની ખાસિયતો
2. નારાયણ હેમચંદ્રની નિખાલસતા અને સાદાઈ

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. સામાજિક ક્ષેત્રે યોગદાન આપનાર મહાનુભાવોની યાદી બનાવી તેના વિશે ટૂંકી માહિતી એકત્ર કરી ભીંતપત્ર પર મૂકો.
2. 'સત્યના પ્રયોગો' આત્મકથા મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

**નીચેનાં વિધાનો વાંચો.**

* 'કદ એકવડિયું, ઠીંગણું કહીએ તો ચાલે. મોં પર શીળીના ડાઘ હતા. ચહેરો ગોળ, નાક નહિ અણીદાર, નહિ ચીબું. દાઢી ઉપર હાથ ફર્યા કરે.'

અહીં નારાયણ હેમચંદ્રના દેખાવ વિશે બે વિશેષણો વપરાયાં છે. તમારા મનમાં આગળના ફકરામાં આપેલ તેના બાહ્ય પહેરવેશનું વર્ણન છે. તેના આધારે તમે તેનાં કદ-કાઠી વિશે અનુમાન કરી શકશો. આ અનુમાન કરવામાં - તમને પે'લાં બે વિશેષણો એકવડિયું અને ઠીંગણું બન્ને કદ અને આકારનો અંદાજ લગાવવામાં ઉપયોગી થશે. પણ તમે વિચારો અહીં તેમના માટે તે ઠીંગણા કદના હતા તેવું નથી કહ્યું પણ 'ઠીંગણા કહીએ તો ચાલે' એવો શબ્દપ્રયોગ કર્યો છે. આ બન્નેમાં શો તફાવત છે તે તમે વિચારો.

'પણ નારાયણ હેમચંદ્ર મને પી જાય તેવા હતા. મારા અલ્પ વ્યાકરણથી એ કાંઈ મોહી જાય તેવા ન હતા.'

તમે જોઈ શકશો ખરેખર તો શિખવાડનાર ગાંધીજી છે અને શીખનાર હેમચંદ્ર છે તેમ છતાં હેમચંદ્રની જ્ઞાનની અને શીખવાની બાબતમાં કેવી પ્રૌઢતા છે તે ગાંધીજીના વિધાનમાંથી નીતરે છે.

''તમે સુધરેલા બધા બીકણ છો. મહાપુરુષો કોઈના પોષાક સામું નથી જોતા. તેઓ તો તેના હૃદયને તપાસે છે.''

ઉપર્યુક્ત વિધાનોમાં ગાંધીજી અને તેના જેવા બીજા બાહ્ય ટાપટીપને મહત્ત્વ આપનારા માણસોને તેમના બાહ્ય દંભ વિશે મોઢે કહી દેવાનું નિર્ભીક વલણ તો છે જ - બીજા વિધાનમાં મહાપુરુષોની પણ કસોટી છે જ, જો આવા માણસો (મહાપુરુષો) માણસના બાહ્ય પરિધાન પરથી તેનું મૂલ્યાંકન કરે તો તેઓ આપોઆપ મહાપુરુષ મટી જાય !

## શિક્ષક પ્રવૃત્તિ

રિચર્ડ એટનબરો દિગ્દર્શિત 'ગાંધી' ફિલ્મ અથવા 'લગે રહો મુન્નાભાઈ' ફિલ્મ બાળકો જોઈ શકે તે માટે શાળા કક્ષાએ અથવા અંગત રીતે વિદ્યાર્થી જોઈ શકે તેવી ગોઠવણ કરાવવી.

•

# વ્યાકરણ

## 1. વિભક્તિ : પ્રત્યય, અનુગ-નામયોગી

તમે જાણો છો કે શબ્દોને સીધેસીધા ગોઠવી દેવાથી વાક્ય બની જતું નથી. શબ્દોની આવી ગોઠવણ કે એના સમૂહમાંથી કશો જ અર્થ ન તારવી શકાય એને આપણે વાક્ય કહેતા નથી. જુઓઃ

'દીપિકા માટલા પાણી પ્યાલા રેડ્યું.'

આ વાક્યમાં પાંચ શબ્દો છે, પણ એથી કશો અર્થ વ્યક્ત થતો નથી. એક શબ્દને અન્ય શબ્દ સાથે જોડવા માટે કંઈક ખૂટે છે. શું ખૂટે છે ? જુઓ.

'દીપિકાએ માટલામાંથી પાણી પ્યાલામાં રેડ્યું.'

હવે અર્થ સ્પષ્ટ થયો ને ? આ શબ્દની સાથે જોડેલા અક્ષર-અક્ષરો -એટલે જ વિભક્તિના પ્રત્યયો. પ્રત્યય લગાવ્યા પછી જ ગોઠવેલા શબ્દો સાર્થ (અર્થ આપનારા) બને છે. એને જ આપણે 'પદ' કહીએ છીએ. માત્ર શબ્દોથી વાક્ય ન બને, વાક્ય બને છે પદોની યોગ્ય ગોઠવણીથી.

ગુજરાતી ભાષામાં આઠ વિભક્તિ છે.

આ વિભક્તિના પ્રત્યયો (અનુગો) વિશે આપણે જાણીએ.

| ક્રમ | વિભક્તિ | કાર્ય | પ્રત્યય | ઉદાહરણ |
|---|---|---|---|---|
| 1. | કર્તા | ક્રિયાનો કરનાર દર્શાવે છે. | એ, ને, થી, શૂન્ય પ્રત્યય | રામજીએ ખેતર ખેડ્યું (એ)<br>કલ્પેશ ગીત ગાય છે. (શૂન્ય)<br>ટીનુથી ખવાતું નથી. (થી) |
| 2. | કર્મ | ક્રિયાપદ સાથે કર્મનો સંબંધ દર્શાવે છે. | ને, શૂન્ય પ્રત્યય | કોકિલા રસોઈ કરે છે. (શૂન્ય)<br>તે ગાયને પાણી પાય છે. (ને) |
| 3. | કરણ | ક્રિયાપદ સાથે કરણ (સાધન)નો સંબંધ દર્શાવે છે. | એ, થી, થકી, વડે | કાતરથી કાગળ કાપો. (થી)<br>સોય વડે સીવી લો. (વડે)<br>હાથે ડોલ ઊંચી કરો. (એ) |
| 4. | સંપ્રદાન | ક્રિયાપદ સાથે કશુંક આપવાનો સંબંધ બતાવાય છે. સંપ્રદાન = આપવું | ને | વિદ્યાર્થીઓને લેસન આપો. (ને)<br>ધ્રુવે તેને પેન આપી. (ને) |
| 5. | અપાદાન | છૂટા પડવાનો, અંતર બતાવવાનો સંબંધ સૂચવે છે. | થી, થકી, એથી, માંથી | કેરી આંબેથી પડી. (થી)<br>ભાવનગરથી સુરત ઘણું દૂર. (થી)<br>તેણે કૂવામાંથી પાણી કાઢ્યું. (માંથી) |
| 6. | સંબંધ | એક સંજ્ઞા સાથે બીજી સંજ્ઞાનો સંબંધ સૂચવે છે. | નો, ની, નું, ના, નાં | તેની દીકરી ભણવા ગઈ. (ની)<br>તેમનાં ઘર ખૂબ સારાં છે. (નાં)<br>તેના હાથનું ઘરેણું સુંદર છે. (નું) |

| | | | | |
|---|---|---|---|---|
| 7. | અધિકરણ | ક્રિયાનાં સ્થળ કે સમય બતાવે છે. | એ, માં, ઉપર, પર | તે રાત્રે જ આવ્યો. (એ)<br>તે ખેતરમાં જઈને સૂતો. (માં) |
| 8. | સંબોધન | કોઈપણ સંજ્ઞાને સંબોધન માટે. | શૂન્ય પ્રત્યય | પપ્પા, હું તમારી સાથે આવું ?<br>બા, ધીરે ધીરે ચાલજો. |

આ પ્રમાણે પ્રત્યયો વાક્યના શબ્દોનો એકબીજા સાથેનો સંબંધ જોડી, તેને પદો બનાવે છે. આ પદો દ્વારા વાક્યનો અર્થ સમજી શકાય છે.

**નામયોગીઓ : (Prepositions)**

ઘણી વખત વિભક્તિના પ્રત્યયોની જગ્યાએ આપણે શબ્દથી છૂટો અમુક અર્થ ધરાવતો શબ્દ મૂકીએ છીએ, તે નામયોગી કહેવાય છે. તેનું કાર્ય પ્રત્યયોના કાર્ય જેવું જ છે, પણ પ્રત્યયો શબ્દની સાથે જોડીને જ લખાય છે, જ્યારે નામયોગીઓ સંબંધ ધરાવતા શબ્દની પાછળ અને ક્યારેક આગળ શબ્દથી છૂટા લખાય છે. જુઓ,

'તેમનાથી અમને ઘણી જ મદદ મળી છે.'

અહીં 'થી' વિભક્તિનો પ્રત્યય છે, તે શબ્દ સાથે જોડીને લખ્યો છે.

'તેમના વડે અમને ઘણી જ મદદ મળી છે.'

અહીં 'વડે' નામયોગી છે, તે શબ્દથી છૂટો લખ્યો છે.

નામયોગીઓની સંખ્યા ઘણી છે : વડે, થકી, માટે, સારુ, તણું, દ્વારા, વિશે, લીધે, સ્થળે, પ્રમાણે, કારણે, આગળ, પાછળ, ઉપર, નીચે, સામે, તરફ, તરીકે વગેરે.

ઘણી વખત વિભક્તિનો પ્રત્યય શબ્દને લાગ્યા પછી પણ નામયોગી મૂકવાની જરૂર પડે છે, તો જ અર્થ સ્પષ્ટ થાય છે.

દા.ત.,

- મંદિરની આગળ એક નાનકડો બગીચો છે.
  અહીં 'ની' પ્રત્યય છે, જ્યારે 'આગળ' નામયોગી છે.
- તે ધાબેથી નીચે આવી ગયો.
  અહીં 'થી' પ્રત્યય છે, જ્યારે 'નીચે' નામયોગી છે.
- તેમની આગળ જ અમે બેઠાં હતાં.
  અહીં 'આગળ' નામયોગી છે.
- ગોવિંદની સામે સૌ ઊભાં હતાં.
  અહીં 'ની' પ્રત્યય છે, જ્યારે 'સામે' નામયોગી છે.

**સ્વાધ્યાય**

**1. નીચેનાં વાક્યોમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય પૂરું કરી ફરીથી લખો.**

(1) ક્રીટો વહેલી સવાર જેલ દાખલ થયો.

(2) તે કાળ એથેન્સ ઝેર આપી મોત સજા કરવા આવતી.

(3) રોજ સવાર પહોર એ બહાર નીકળી પડતો.

(4) આવા મોટા કુળ સ્ત્રીઓ આવું કામ શી રીતે અપાય ?

(5) મારો ધંધો ધીરધાર નથી, જમાડવા છે.

(6) એ વીશી માલિક સૌરાષ્ટ્ર તરફ ગુજરાતી હતો.

(7) આખી આ જિંદગી બે ખાટલા વેંત ના કર્યો તમે ?

**2. તમારા પાઠ્યપુસ્તકની કૃતિઓમાંથી જે વાક્યમાં ઓછા ઓછા બે પ્રત્યયો વપરાયા હોય તેવાં દશ વાક્યોની યાદી બનાવો.**

**3. પાઠ્યપુસ્તકમાંથી અથવા મૌલિક રીતે નામયોગીઓના ઉપયોગ વડે બનેલાં વાક્યો લખો.**

**4. અનુગ અને નામયોગી વાક્યમાંથી દૂર કરી, 'વાંચો' - જેવી પ્રવૃત્તિ વિદ્યાર્થીઓ દ્વારા કરાવવી.**

**નોંધ : વાક્યરચનામાં અનુગ અને નામયોગીનું સ્થાન મહત્ત્વનું છે તે સમજાવો. લેખનમાં અનુગ પદ સાથે જોડાઈને તેમજ નામયોગીપદથી અલગ લખાય છે તેની સમજ આપો.**

•

# 5 થીંગડું

**સુરેશ જોષી**

(જન્મ : ઈ. સ. 1921; મૃત્યુ : ઈ. સ. 1986)

સુરેશ હરિપ્રસાદ જોશી કવિ, વાર્તાકાર, નવકથાકાર, નિબંધકાર, સંપાદક, અનુવાદક. તેમનો જન્મ બારડોલી તાલુકાના વાલોડ ગામે. મ. સ. વિશ્વવિદ્યાલયમાં ગુજરાતી વિષયના અધ્યાપક અને વિભાગીય વડા હતા. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી સાહિત્યમાં આધુનિકવાદને પ્રભાવક બનાવનાર પ્રમુખ પ્રયોગશીલ સર્જક, 'ક્ષિતિજ', 'ઊહાપોહ', 'એતદ્', વગેરે સામયિકોના તંત્રી. 'ગૃહપ્રવેશ', 'બીજી થોડીક, 'અપિ ચ', 'ન તત્ર સૂર્યો ભાતિ', 'એકદા નૈમષિારણ્યે' વગેરે તેમના વાર્તાસંગ્રહો છે. 'છિન્નપત્ર' અને 'મરણોત્તર' તેમની પ્રયોગાત્મક નવલકથાઓ છે. 'ઉપજાતિ', 'પ્રત્યંચા', 'ઇતરા', તથાપિ વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. 'કિંચિત્', 'કથોપકથન', 'અરણ્યરુદન', 'ચિન્તયામિ મનસા', 'અષ્ટમોધ્યાય' વગેરે તેમના લાક્ષણિક વિવેચનસંગ્રહો છે. 'જનાન્તિકે', 'ઇદમ્ સર્વમ્', 'અહો બત્ કિમ આશ્ચર્યમ્' અને 'ઇતિ મે મતિ' વગેરે એમના લલિતનિબંધોના સંગ્રહો છે.

પરંપરાગત વાર્તાઓ કરતાં નિરાળી શૈલીએ લખાયેલી આ વાર્તામાં લેખકે વિધુર વાર્તાનાયક વૃદ્ધ પ્રભાશંકરના વર્તમાન અને ભૂતકાળના જીવનપ્રસંગોના તાણાવાણા કલાત્મક રીતે ગૂંથ્યા છે. વસ્ત્રને થીંગડું મારતી વખતે પ્રભાશંકરના વીતેલા જીવન અને દામ્પત્યની ઝલક સ્મૃતિસંવેદન દ્વારા આપી દીધી છે. એકલા અને ઓશિયાળા પ્રભાશંકર વાર્તા કહેવાની શરતે પડોશીના છોકરા મનુ પાસે સોયમાં દોરો પરોવાવે છે. એમણે કહેલી વાર્તામાં પણ સિદ્ધપુરુષ રાજારાણીને કુમાર ચિરાયુ માટે ચિરયૌવનનું વસ્ત્ર આપે છે, પણ તેમાં કાણું પડશે તો થીંગડું મારવું અતિ કઠિન છે એમ કહે છે. અને એવું થાય છે પણ ખરું ! વસ્ત્ર હોય કે શરીર - જીર્ણતાને નિવારવાનું અશક્ય છે. પછી એને ટકાવી રાખવાના પ્રયાસો થીંગડું મારવા જેવા છે ! વાર્તામાં 'બાળવાર્તા' ગૂંથીને વાર્તાકારે આ જીવનરહસ્યને પ્રતીકાત્મક રીતે સૂચવી દીધું છે.

---

પશ્ચિમમાં ક્ષિતિજ પર વાદળાં છવાયેલાં હતાં તેથી આથમવા આવેલા સૂરજની રતૂમડી આભા દેખાતી નહોતી; સહેજ વાદળ આછાં હતાં ત્યાંથી રતાશની નાની-શી લકીર ઘડીભર દેખાઈ ન દેખાઈ ને છવાતા જતા અંધારામાં અલોપ થઈ ગઈ; જાણે કોઈ નાગણે બટકું ભરી અંધારના ઝેરની કોથળી ઠાલવી દીધી. એ ઠલવાયેલો અંધકાર પ્રભાશંકરને પણ ચારે બાજુથી ઘેરી વળ્યો.

પ્રભાશંકરે ગોખલામાંથી પાનની ચમચી લીધી. એ ખોલીને આંખો ઝીણી કરીને જોયું તો અંદર ચીમળાઈ ગયેલું અર્ધું જ પાન હતું. બે દિવસથી હસમુખને પાન લાવવાનું યાદ કરાવવા છતાં એ ભૂલી જ જતો હતો ! પ્રભાશંકરે ખૂબ કાળજીથી અર્ધા પાનના બે ભાગ કર્યા, એમાંનો એક ભાગ સાચવીને ચમચીમાં મૂકી દીધો ને બીજા ટુકડા પર ચૂનોકાથો ચોપડવા લાગ્યા. પાન મોઢામાં મૂક્યું, સાથે તમાકુની ચપટી ભરીને મોઢામાં મૂકી.

બહારના શેરીના દીવાના પ્રકાશનો એક લિસોટો આગલા ઓરડામાં પડતો હતો તેને અજવાળે ખીંટીએ ભેરવેલો કોટ લઈને પહેર્યો, ટોપી માથે મૂકી. ઘૂંટડો પાણી પીને જ બહાર નીકળવાની એમને ટેવ હતી. પારવતી ડોશી જીવતાં હતાં ત્યાં સુધી તો બહાર જવાનો વખત થાય કે તરત પાણીનો પ્યાલો લઈને હાજર રહેતાં. એવી નાનીનાની ઘણી વસ્તુ આ છેલ્લા એક વરસથી એમને જાતે જ કરી લેવી પડતી.

પાણી માટે પ્રભાશંકર પાણિયારા પાસે ગયા ને ઘૂંટડો ગળે ઉતારીને પાછા વળતા હતા ત્યાં એકાએક જાણે કોઈએ પાછળથી એમના કોટની બાંય ઝાલીને એમને રોક્યા. એમનાથી એકાએક પુછાઈ ગયું : શું છે, હસમુખની મા ?

નિઃસ્તબ્ધ અંધકારમાં એ પ્રશ્ન રઝળતો રહી ગયો. પ્રભાશંકર આંખ ઝીણી કરીને અંધકારમાં તાકી રહ્યા. તપખીરનો સડાકો લઈને, સહેજ ખોંખારો ખાઈને, 'મકુ જે' કહીને પારવતી ડોશીને વાત કરવાની ટેવ હતી. મોટા દીકરા મણિશંકરના મૃત્યુ પછી પ્રભાશંકર ઘણીવાર અન્યમનસ્ક બની જતા, ત્યારે ઘણુંખરું એમની બાંય ખેંચીને બોલાવવાની પારવતી ડોશીને ટેવ પડી ગઈ હતી. પ્રભાશંકરને યાદ આવ્યું : પરણ્યાને બેએક વરસ થયાં હશે. ત્યારે તો એમનાં ડોસાડોસી ઘરમાં હતાં. જમીને પ્રભાશંકર નોકરીએ જવાની તૈયારીમાં જ હતા. એમની ટેવ મુજબ ઘુંટડો પાણી પીને રસોડાની બહાર નીકળવા જતા હતા ત્યાં જ આમ જ કોટની બાંય ખેંચીને એમને ઊભા રાખીને પારવતીએ પોતે માતા થવાની છે તેના શુભ સમાચાર આપ્યા

હતા. સંયુક્ત કુટુંબમાં મર્યાદા જાળવીને રહેવાનું, બે ઘડી એકાંત મેળવીને એકબે શબ્દ બોલવાનું પણ ભાગ્યે જ બનતું. રાતે માબાપને ભાગવત સંભળાવીને પ્રભાશંકર સૂવા જાય ત્યારે પારવતી પથારીને એક ખૂણે, આખા દિવસના કામથી થાકેલી, ઊંઘે ઘેરાતી આંખે, માંડ જાગતી બેઠી હોય. આમેય તે પ્રભાશંકર ચાર શબ્દ બોલવાના હોય ત્યાં એક જ બોલીને કામ ચલાવી લે એવા માણસ.

મરણ આવ્યું તે દિવસે પણ પારવતીએ આમ જ હાથ પકડીને રોકતાં કહેલું : આજે ન જાઓ તો ન ચાલે ? પણ પછી તરત જ, પ્રભાશંકર નિત્યનિયમમાં કશો ભંગ પડે તે સાંખી લેતા નહિ તે જાણીને, વાત બદલી નાખીને કહેલું : ના ના, એ તો મને અમથું જ જરા મનમાં એમ થયું... લો, એક ઘૂંટડો પાણી પીને પછી જાઓ.

આથી, બારણાના આગળામાં કોણી આગળથી ફાટેલો કોટ ભેરવાતાં, ઊભા રહી જઈને એકદમ એમનાથી પુછાઈ ગયું : શું છે, હસમુખની મા ? પણ પેલો તપખીરનો સડાકો ને 'મકુ જે'નો ટહુકો સંભળાયા નહિ, એટલે પ્રભાશંકર એકલા જ બોલવા લાગ્યા, શું છે ? કોટ ફાટ્યો છે એમ કહેવું છે ને ? તે શું થીંગડું મારું ? પણ સોયદોરો ક્યાં છે ?

પછી થોડી વાર અકળાતા હાથ મસળતા પ્રભાશંકર એમ ને એમ ઊભા જ રહી ગયા. પછી જાણે પારવતીનો નાખુશ થયેલો ચહેરો જોયો હોય તેમ બોલ્યા : પણ તું જ કહેને, હું શું કરું ? વહુને મારાથી વારેવારે કહેવાતું નથી, વારુ, થીંગડું મારું છું, પછી છે કાંઈ ? 'થીંગડું' શબ્દ ચારેક વાર ફરીફરીને બોલ્યા. ને એમને વળી યાદ આવ્યું : એકસાથે ત્રણચાર વરસ નબળાં ગયાં, ઘરખોરડાં આગમાં બળી ગયાં, જમીન તો તસુ સરખીય હતી નહિ. બાપ ગામોટું કરતાં. બહેનોને પરણાવવાની. આથી પંદર વરસની વયથી જ પ્રભાશંકર એક વેપારીની દુકાને તમાકુનાં પડીકાં વાળવા બેસી ગયા. વર્નાક્યુલર ફાઈનલ તો પાસ કરેલી, એટલે પાંચેક વરસ રાહ જોયા પછી આખરે બહુ દૂરના અજાણ્યા ગામમાં પંદર રૂપિયાની, પ્રાથમિક શાળાના શિક્ષકની નોકરી મળી ગઈ. ઘરખરચ, બહેનોનાં લગ્ન - આ બધું ઉપાડતાં પાંત્રીસ તો થઈ ગયાં. આખરે પ્રભાશંકરને પરણવાની અનુકૂળતા થઈ, પરણ્યા પછી આણું કરવા સાસરે ગયા ત્યારે પારવતી જોડે જે વાત થઈ તે એમને યાદ આવી. એમણે કહેલું : મારી તો ઉંમર મોટી થઈ, સંસારનો ઢસરડો કરતાં મારો રસ તો બધો સુકાઈ ગયો. તને મારી જોડે ફાવશે ?

પારવતીએ એની સખીએ શીખવેલો જવાબ આપ્યો હતો : તમે જ મારે મન બધું છો. પછી મારે બીજા કશાની શી જરૂર છે?

પ્રભાશંકરે ઉમેરેલું : પણ અમારા ઘરમાં તો એક સાંધીએ ત્યાં તેર તૂટે એવો ઘાટ છે. સંસાર ભોગવવા કરતાં થીંગડાં મારવાનું જ કામ તારે કરવું પડશે !

પારવતીએ ઊલટભેર કહેલું : વારુ, તમે કહેશો તેટલાં થીંગડાં મારી આપીશ. થીંગડાં મારતાં હું નહિ થાકું.

પણ આજે એ ક્યાં છે ? એય આખરે થાકી જ ને !

દેવ આગળ દીવો કરવા ને ફાનસ સળગાવવા પ્રભાશંકરે દીવાસળી શોધી, પણ જડી નહિ, પણ દીવાસળી શોધતાં એક દાબડામાંથી સોયદોરો જડ્યાં. એ લઈને પ્રભાશંકર ઓટલે ગયા. શેરીના દીવાને અજવાળે એમણે કેટલું થીંગડું મારવું પડશે તેનો અંદાજ કાઢી લીધો. પોતાની બેસવાની ગાદી નીચે સંઘરેલા ગાભાચીંથરાંમાંથી માપસરનો એક ટુકડો કાઢ્યો. એનો રંગ કોટના રંગને મળતો નહોતો આવતો, પણ એવું કપડું ક્યાંથી લાવવું ? આ કોટનેય હસમુખ જેટલાં વરસ થયાં. મિલિટરીનાં સસ્તે ભાવે કાઢી નાખેલાં કપડાંમાંથી મણિશંકર એ લઈ આવેલો.

દીવાને અજવાળે પ્રભાશંકરે આંખ ઠેરવીને, સોયમાં દોરો પરોવવાનો પ્રયત્ન કર્યો. દોરીને થૂંકથી ભીની કરીને છેડે વળ ચઢાવ્યો. ઘણા પ્રયત્નો કર્યા, પણ સોયનું નાકું દેખાય તો ને !

એટલામાં શેરીના દીવા આગળ રમતા એક કિશોરની એ તરફ નજર ગઈ. થોડી વાર સુધી તો એણે પ્રભાશંકરના નિષ્ફળ પ્રયત્નોને કુતૂહલથી જોયા કર્યા. પછી એ પાસે આવીને બેઠો અને ભીંતના પોપડા ઊખેડતો ઊખેડતો પ્રભાશંકરના પ્રયત્નોને જોઈ રહ્યો.

પ્રભાશંકરનું એના તરફ ધ્યાન ગયું એટલે એમણે કહ્યું : 'કોણ છો, બેટા ? દયાશંકરનો મનુ કે ?' પેલા કિશોરે કહ્યું: 'હા, દાદા.'

કિશોરના માનવાચક સંબોધનથી પ્રોત્સાહન પામીને પ્રભાશંકરે કહ્યું : 'ભાઈ, મને જરા આ સોયમાં દોરો પરોવી આપ ને ?'

મનુએ કહ્યું, ' દાદા, એક શરત. તમારે વાર્તા કહેવી પડશે.'

પ્રભાશંકર હસીને બોલ્યા, 'વાતો તો તારાં દાદીને કહેતાં આવડતી, હું તો...'

એમને વચ્ચેથી  જ અટકાવીને મનુ બોલ્યો : 'ના દાદા, એમ બહાનું કાઢો તે નહિ ચાલે. દાદીએ તેમને તો ઘણી બધી વાતો સંભળાવી હશે.એમાંથી એક તો કહો.'

પ્રભાશંકર હાર્યા. એમણે કહ્યું : 'વારુ, તું દોરો પરોવી આપ. એટલે વાર્તા કહું.'

મનુએ ઝડપથી દોરો પરોવી આપ્યો. પ્રભાશંકરે પેલો કપડાનો ટુકડો જોડીને જેવા સૂઝે તેવા બખિયા ભરવા માંડ્યા. મનુ પાસે સરીને કુતૂહલથી વિસ્ફારિત નેત્રે એમની પાસે બેઠો.

પ્રભાશંકરે વાર્તા શરૂ કરી : 'ઘણાંઘણાં  વરસ પહેલાંની વાત છે...'

મનુએ પૂછ્યું : 'કેટલાં ? સો, બસો...'

પ્રભાશંકરે કહ્યું : 'ના, હજારેક વરસ પહેલાંની વાત છે. ત્યારે એક રાજા હતો. એને એક રાજકુમાર. એનું નામ ચિરાયુ. બાળપણથી જ એ ભારે ફૂટડો. જે એને જુએ તે એના પર વારી જાય. એ મોટો થતો ગયો તેમ વધારે ને વધારે દેખાવડો થતો ગયો. એને જોઈજોઈને રાજા અને રાણીની આંખમાંથી આંસુ વહી જાય...'

મનુએ પૂછ્યું : 'એ તો કેવી નવાઈની વાત ? આવા રૂપાળા કુંવરને જોઈને ખુશ થવાને બદલે રાજારાણી આંસુ પાડે.'

પ્રભાશંકરે કહ્યું, 'હા ભાઈ, એ એવો રૂપાળો હતો તેથી જ એને જોઈને રાજારાણીને એમ થાય કે આવી કંચન સરખી કાયા એક દિવસ તો કરમાઈ જ જશે ને ! આથી એમને દુ:ખ થાય ને આંસુ આવે...'

મનુએ હોકારો પૂરતાં કહ્યું, 'હં, પછી ?'

પ્રભાશંકરે વાત આગળ ચલાવી, 'આમ મહિના વીતતા જાય છે, વરસ વીતતાં જાય છે. રાજકુમાર સોળ વરસનો થયો. વરસગાંઠ આખા રાજ્યમાં ધામધૂમથી ઊજવાઈ. એ જ વખતે રાજાને કાને વાત પહોંચી કે રાજધાનીમાં કોઈ મોટા ચમત્કારી સિદ્ધપુરુષ આવ્યા છે. નગરની બહાર, મોટા વડની છાયામાં, એઓ ધૂણી ધખાવીને બેઠા હતા. રાજા અને રાણી તો એમની પાસે ગયાં. સોનાના થાળમાં ફળ ધરીને કહ્યું : 'મહારાજ, અમારી એક ઇચ્છા પૂરી કરશો ?'

સિદ્ધપુરુષે પૂછ્યું : 'શી ઇચ્છા પૂરી કરશો ?'

રાણી બોલી : 'અમારો એકનો એક રાજકુમાર સદા છે તેવો ને તેવો ફૂટડો ને જુવાન રહે એવી અમારી ઇચ્છા છે.'

સિદ્ધપુરુષે કહ્યું : 'વારુ, એક વાર બરાબર વિચાર કરી લો.'

રાજાએ કહ્યું : 'મહારાજ, અમે તો રાતદિવસ આ જ વાતનું રટણ કરીએ છીએ. અમારે હવે ઝાઝો વિચાર કરવાનો છે જ નહિ.'

સિદ્ધપુરુષે કહ્યું : ' વારુ, હું એને માટે એક ચમત્કારી રેશમી વસ્ત્ર આપું છું, તે એણે શરીરથી કદી અળગું નહિ કરવું. એ વસ્ત્ર જ્યાં સુધી એના અંગ પર રહેશે ત્યાં સુધી કાળની એના પર કશી અસર થશે નહિ. એની કાયા સહેજ પણ કરમાશે નહિ.'

રાજા અને રાણી આ સાંભળીને હરખથી ઘેલાંઘેલાં થઈ ગયાં. એમણે લળીને સિદ્ધ પુરુષની ચરણરજ માથે ચઢાવી.

સિદ્ધપુરુષે પછી કહ્યું, 'પણ એક વાત છે. જો તમારા બેમાંથી કોઈને એને વિશે સહેજ સરખો પણ ખરાબ વિચાર આવશે તો એ વસ્ત્રમાં કાણું પડશે. પછી એ મોટું ને મોટું થતું જશે.'

આ સાંભળીને રાજા અને રાણીનાં મોઢાં પર ચિંતાની છાયા પથરાઈ ગઈ. પછી રાજા બોલ્યા : 'અમારા વહાલા દીકરાને માટે અમારા મનમાં ખરાબ વિચાર તો નહિ જ આવે, પણ ન કરે નારાયણ...'

રાણીએ વાત ઉપાડી લઈને કહ્યું, 'હા, એવું કશું બને તો એ વસ્ત્ર સાંધી નહિ શકાય ?'

સિદ્ધપુરુષે કહ્યું : 'સાંધી તો શકાશે, પણ તે ભારે વિકટ કામ છે.'

રાજારાણી એકી સાથે પૂછી ઊઠ્યાં : 'કેમ ?'

સિદ્ધપુરુષ બોલ્યા : 'એ સાંધવાને જેટલા ટાંકા ભરવા પડે તેટલાં વરસ કોઈ આપી દેવા તૈયાર થાય તો તે એને સાંધી શકે, પણ એમાં વળી એક બીજી શરત છે. એ બધાં વરસો આપનારે એ વરસો દરમિયાન કશું પાપ ન કર્યું હોવું જોઈએ. એ વરસો કશાય કલંક વગરનાં હોવાં જોઈએ.' આ સાંભળીને રાજારાણી ઘડીભર તો વિચારમાં પડી ગયાં, પણ પછી તરત કહ્યું, 'ભલે મહારાજ, અમને બધી શરતો મંજૂર છે.'

સિદ્ધપુરુષે કહ્યું : 'હજુ એક વાર વિચાર કરી લો. જો એના વસ્ત્રમાં છિદ્ર પડશે તો એકસાથે બધાં વીતેલાં વરસોની અસર એની કાયા પર થશે અને જ્યાં સુધી એને સાંધી નહિ લેવાય ત્યાં સુધી એ ધીમેધીમે ગળાતો જ જશે, પણ જ્યાં સુધી એ વસ્ત્ર એના શરીર પર હશે ત્યાં સુધી એ મરશે નહિ.'

રાજારાણીને હવે કશું સાંભળવું જ નથી, એમણે તો આતુરતાપૂર્વક એ રેશમી વસ્ત્ર માગ્યું. સિદ્ધપુરુષે એ વસ્ત્ર, એની બરાબર મધ્યમાં સ્વસ્તિક દોરીને આપ્યું. પછી રાજારાણી તો રાજમહેલમાં આવ્યાં. મોટો દરબાર ભર્યો. એ દરબારમાં ભારે દમામથી રાજપુરોહિતોને હાથે રાજકુમારને એ રેશમી વસ્ત્ર પહેરાવવાનો વિધિ થયો.'

મનુએ પૂછ્યું : 'પછી ?'

પ્રભાશંકર બખિયા ભરતાં-ભરતાં બોલ્યા : 'પછી તો વરસ પછી વરસ વીતતાં જાય છે. રાજા વૃદ્ધ થયા, રાણી વૃદ્ધ થયાં, પણ ચિરાયુ તો એવો ને એવો ફૂટડો સોળ વરસનો રાજકુમાર જ રહ્યો. ચિરાયુ તો ભારે મોજશોખમાં પડી ગયો. એક રાજકુંવરીને પરણે, ને એ મોટી ઉંમરની થાય એટલે છોડી દે ને બીજી રાજકુંવરીને પરણે. આનો કાંઈ પાર જ ન રહ્યો.

એક દિવસ રાજા અને રાણી ઝરૂખામાં બેઠાં હતાં. ત્યાં પાસેથી કોઈનું હૈયાફાટ રડવું સંભળાયું. એમણે જોયું તો રાજકુમારે તરછોડેલી રાણી જ રડતી હતી. રાજા એને સમજાવીને છાની રાખવા ગયા ત્યાં એ જીભ કરડીને મરી ગઈ. રાજારાણી આથી બહુ ઉદાસ થઈ ગયાં. આથી એમનાથી બોલાઈ ગયું : ' આના કરતાં તો જુવાની નહિ હોય તે સારું.' ને તરત જ પેલા સિદ્ધપુરુષના કહેવા પ્રમાણે થયું. ચિરાયુના રેશમી વસ્ત્રમાં કાણું પડ્યું, ને કાણું પડતાંની સાથે જ રાજકુમાર એકાએક ફેરવાઈ ગયો. એના શરીર પરની ચામડી ઝૂલી પડી, એના શરીરે પરુ દૂઝતાં ઘારાં ઊભરાઈ ઊઠ્યાં. એને જોઈને લોકો મોં ફરવી લઈને નાસવા લાગ્યા. ચિરાયુ તો પડતો-અથડાતો રાજારાણી પાસે આવ્યો ને કરગરી પડ્યો : 'મને બચાવો, મને બચાવો.'

રાણીની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. એણે એને ખોળે લીધો ને ફાટેલા રેશમી વસ્ત્રને એ થીંગડું દેવા બેઠી. એ બખિયા ભરે પણ વસ્ત્ર સંધાય નહિ, રાજારાણી પાપમુક્ત તો થોડાં જ હતાં પછી તો રાજાના દરબારીઓએ પ્રયત્ન કર્યો પણ ફોકટ!

આમ દિવસે દિવસે કાણું તો મોટું થતું ચાલ્યું. એને સાંધવા જેટલાં કલંક વગરનાં વરસ કોની પાસે હોય ? રાજા અને રાણી તો કુંવરની દશા જોઈને મરણશરણ થયાં. પછી ચિરાયુ તો નીકળી પડ્યો...'

મનુએ પૂછ્યું : 'પણ એણે એ વસ્ત્ર ઉતારીને ફેંકી કેમ ન દીધું ?'

પ્રભાશંકર બોલ્યા : 'એને મનમાં એવો લોભ ખરો ને કે કદાચ કોઈ સાંધનાર મળી જાય તો જુવાની પાછી મળી જાય.' લોકો કહે છે કોઈ વાર રાતના અંધારામાં લથડતે પગલે કોઈ સાવ ખખડી ગયેલો ડોસો ચીંથરેહાલ દશામાં આવીને આંગણે ઊભો રહે છે ને બોલે છે : 'થીંગડું મારી આપશો ?' પછી સહેજ રાહ જોઈને ઊભો રહે છે. જવાબ ન મળતાં આખરે ચાલ્યો જાય છે.'

મનુ વિચારમાં પડી ગયો. થોડી વાર સુધી એ કશું બોલ્યો નહિ. પછી કશોક વિચાર આવતાં એની આંખ ચમકી ઊઠી ને બોલી ઊઠ્યો : 'દાદા, તમે તો મોડે સુધી જાગતા ઓટલે બેસી રહો છો. તમને જો એ કોઈ વાર દેખાય તો મને બોલાવજો. આપણે બે મળીને એનું રેશમી વસ્ત્ર ઉતારીને ફેંકી દઈશું, પછી એને રખડવાનું તો મટશે, ખરું ને ?'

પ્રભાશંકરે કહ્યું : 'હા.'

મનુ સંતોષ પામીને ઊભો થઈ ચાલ્યો ગયો. એના તરફ જોઈ રહેલા પ્રભાશંકર ઘડીભર સ્થિર થઈ બેસી જ રહ્યા. પછી બખિયો ભરતાં સોય આંગળીના ટેરવામાં ખૂંપી ગઈ, એટલે સોયદોરો કાઢી લઈને ઊભા થયા ને ઘરની અંદરના અંધકારમાં અલોપ થઈ ગયા.

('બીજી થોડીક'માંથી)

## શબ્દસમજૂતી

**આભા** પ્રકાશ, દીપ્તિ, કાંતિ, શોભા **લકીર** રેખા **નિઃસ્તબ્ધ** સાવ સ્તબ્ધ **નિશ્ચેષ્ટ અન્યમનસ્ક** જેનું મન બીજે ઠેકાણે ગયું હોય એવું **ગામોટું** ગામનું ગોરપદું **એક સાંધે ત્યાં તેર તૂટવાં** એક મુશ્કેલીમાંથી બચે ત્યાં અનેક મુશ્કેલીઓ આવવી **થીંગડું મારવું** ફાટેલી જગા પર બીજો ટુકડો મૂકીને સીવવું **બખિયો** દોરાનો ટાંકો **વિસ્ફારિત** પહોળું, ફાટેલું **ચિરાયુ** દીર્ઘ આયુષ્યવાળો (અહીં સંજ્ઞાવાચક નામ તરીકે) દમામ ભપકો **દૂઝતાં ઘારાં** જેમાંથી લોહી કે પરુ ટપકતું હોય તેવા ઘાવનાં છિદ્રો

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) પ્રભાશંકરનો ભૂતકાળ કેવો હતો ?

(2) પત્નીના અવસાન બાદ નાયક કેવું જીવન જીવતા હતા ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) કોટને થીંગડું દેતાં પ્રભાશંકરને શી મુશ્કેલીઓ પડી ?

(2) પ્રભાશંકરે મનુને કઈ વાર્તા કહી ?

**3. સવિસ્તર ઉત્તર લખો.**

(1) પારવતીનું પાત્રાલેખન કરો.

(2) આ વાર્તાના શીર્ષકની યોગ્યતા સ્પષ્ટ કરો.

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

1. રા. વિ. પાઠકની 'ખેમી' વાર્તા મેળવીને વાંચવી.
2. શાળા ગ્રંથાલયમાંથી સુરેશ જોષીની અન્ય વાર્તા મેળવી વાંચવી.
3. સુરેશ જોષીનો નિબંધ 'મધુમાલતીનું દુ:સ્વપ્ન' વાંચો.

## ભાષાભિવ્યક્તિ

આ પાઠમાં થીંગડું મારવાની વાત જુદાજુદા સંદર્ભે આવે છે -

1. પ્રભાશંકરનો કોટ ફાટ્યો હતો. એને થીંગડું મારવાનું હતું.
2. પરણ્યા પછી પ્રભાશંકર આણું કરવા સાસરે ગયા ત્યારે પત્ની સાથે એમને આ પ્રમાણે વાત થઈ : ' સંસાર ભોગવવા કરતાં થીંગડાં મારવાનું જ કામ તારે કરવું પડશે.' પત્નીએ ઊલટભેર કહેલું : 'વારુ, તમે કહેશો તેટલાં થીંગડાં મારી આપીશ, થીંગડાં મારતાં હું નહિ થાકું.'
3. દયાશંકરના મનુ આગળ પ્રભાશંકરે હજાર વર્ષ પુરાણી એક કથામાં કહેલી વાત.
4. વાર્તાનું શીર્ષક.

ઉપરના ચારેય તબક્કાઓમાં 'થીંગડાં'નું રહસ્ય અલગ-અલગ છે એ તમે જોઈ શકશો. પહેલામાં પહેરવાના કોટને થીંગડું મારવાની એક સ્થૂળ હકીકત છે. બીજામાં જીવનમાં રોજબરોજની આર્થિક ભીંસમાં ત્રેવડ કરીને સંસાર નિભાવવાની વાત છે. ત્રીજામાં એક પુરાણી કથામાં થીંગડાંની વાત વણીને એને દુ:ખ આપનાર જંજાળરૂપે વર્ણવ્યું છે અને ચોથામાં પારવતી ડોશી વિનાનું પ્રભાશંકરનું શેષ જીવન એક થીંગડું જ હોવાનું સમજાય છે.

આ ચારેય તબક્કાઓને ધ્યાનથી સમજતાં તમને જણાયું હશે કે લેખક માત્ર પ્રભાશંકરના કોટના એક થીંગડાની વાત કરવા આ 'થીંગડું' શબ્દ નથી લાવ્યા. થીંગડું શબ્દ આગળ ધરીને પ્રભાશંકરના રસહીન બની ગયેલા ઉત્તર જીવનની વાત કરવા માગે છે. આવી શૈલીએ વાત કહેવાય ત્યારે લેખકે પ્રતીકનો ઉપયોગ કર્યો કહેવાય. આ વાર્તામાં 'થીંગડું' એક સબળ પ્રતીક છે એ હવે તમે સમજી શકશો.

## શિક્ષકની પ્રવૃત્તિ

1. આધુનિક સાહિત્યના પ્રમુખ સર્જક તરીકે સુરેશ જોષીનો પરિચય સવિસ્તર કરાવવો.
2. ગુજરાતી ભાષાની અન્ય વાર્તાઓ કરતાં 'થીંગડું' વાર્તા કઈ રીતે જુદી પડે છે ? જેની સવિસ્તૃત ચર્ચા વર્ગમાં વિદ્યાર્થીઓ જોડે કરવી.

●

# 6 બિસ્મિલ્લાખાં

**લાભુબહેન મહેતા**

(જન્મ : 17-12-1915; અવસાન : 04-07-1994)

લાભુબહેન મોહનભાઈ મહેતાનો જન્મ સૌરાષ્ટ્રના લખતર ગામે થયો હતો. તેમના પિતા અમૃતલાલ દલપતભાઈ શેઠ આઝાદીની લડતના દિવસોમાં સૌરાષ્ટ્રના સિંહ કહેવાતા. તેમણે પંદર વર્ષની ઉંમરે ધોલેરામાં મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધેલો.

લાભુબહેન ગુજરાતી, મરાઠી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી ભાષા જાણતાં. લાભુબહેન કુશળ અનુવાદક તરીકે પ્રસિદ્ધિ પામ્યાં. તેમણે મરાઠી, બંગાળી ભાષામાંથી ઘણા અનુવાદો આપ્યા. ઉપરાંત તેમણે 'બિંદી' નામનો વાર્તાસંગ્રહ અને 'પ્રણયદીપ' નામે નવલકથા આપ્યાં. તેમણે 'કલા અને કલાકાર - ભાગ 1-2'માં જુદીજુદી કળાને વરેલા કલાકારોની મુલાકાતો આલેખી છે.

પ્રસ્તુત એકમમાં વિશ્વભરમાં શરણાઈનું ગુંજન કરીને શરણાઈ જેવા ભારતના સાદા વાદ્યને વિશ્વપ્રસિદ્ધ બનાવનારા બિસ્મિલ્લાખાંની મુલાકાત છે. સહૃદયી લેખિકાની કલમે લખાયેલું આ લખાણ ભારતીય શાસ્ત્રીય સંગીતમાં શરણાઈ વિશેનો મહત્ત્વપૂર્ણ વિરલ દસ્તાવેજ છે. આ મુલાકાત તો છેક 1959માં લીધેલ છે, તે પછી તો બિસ્મિલ્લાખાં પૂરા સુડતાલીસ વર્ષ જીવ્યા તો પણ તેમના સમગ્ર જીવનનો પ્રેરણાદાયી ચિતાર અહીં આપણને પ્રાપ્ત થાય છે.

---

સુપ્રતિષ્ઠિત શરણાઈવાદક બિસ્મિલ્લાખાંની મુલાકાત લેવાનો વિચાર તો ઘણા સમયથી કરી રાખેલો, પરંતુ તેઓને મુંબઈ આવવાનું ઓછું બને અને આવે ત્યારે અનેક કાર્યક્રમ ગોઠવાઈ જાય એટલે લાંબી મુલાકાતનો અવસર મળે નહીં. આ વખતે તે ભય ટાળવા એમને અમારે ત્યાં જ ચા પીવાનું આમંત્રણ આપી મુલાકાત લઈ લીધી. દોઢ બે કલાકની મુલાકાતમાં એમની સરળતા, ખુદાપરસ્તી અને કલાપ્રેમનો સારો પરિચય થયો. શરણાઈ માટેની એમની લગની સાચા કલાકારને શોભે એવી જણાઈ. એમના જીવનમાં જાણે ત્રણ જ વ્યક્તિઓને સ્થાન હોય એમ એમની વાતચીત પરથી લાગતું હતું : ખુદા, મામા અને શરણાઈ. શરણાઈ પણ એમને મન એક વ્યક્તિ જેવી જ છે. આ ત્રણે વિષે વાતો કરતાં તેઓ ક્યારેક ગદ્ગદ બની જતા તો ક્યારેક ખૂબ મોજમાં આવી જતા. એમની સાથે જે વાર્તાલાપ થયો તે આ રહ્યો :

**'શરણાઈ બજાવવાનું આપે કેટલી ઉંમરે શરૂ કર્યું અને કોની પાસે શીખ્યા ?'**

'શરણાઈ શીખવાનું શરૂ કરવું પડે તેમ નહોતું. વંશપરંપરાથી અમારા કુટુંબમાં શરણાઈ બજાવવાનું ચાલ્યું આવતું હતું. ઘરમાં પિતા, દાદા, મામા, નાના સૌ શરણાઈ બજાવવાનું કામ કરતા હતા. જુદા જુદા રાજાના દરબારમાં તેઓની નિશ્ચિત નોકરી હતી. મારા દાદા ગ્વાલિયર રાજ્યનું બાલાજીનું મંદિર, જે બનારસમાં હતું ત્યાં નોકરી કરતા. બીજા વડીલો પણ કોઈ કોઈ રિયાસતમાં હતા. આ કારણે ઘરમાં વાતાવરણ ગાવા બજાવવાનું જ રહેતું. મને પણ એક નાની એવી શરણાઈ દીધેલી તે લઈને મારી પાંચ વરસની ઉંમરે હું ઘરમાં ટેં ટેં કરતો ફર્યા કરતો. એ વખતે મારા મામાએ મને પાસે બોલાવીને કહેલું તે મને હજુ યાદ છે. એમણે કહ્યું : 'તારે વગાડવું હોય તો સૂરમાં વગાડ, કાનને મીઠું લાગે ને ફરી ફરીને સાંભળવું ગમે તેવું વગાડ.' ત્યારથી મેં સૂરમાં વગાડવાની કોશિશ શરૂ કરી.'

**'તમારા જીવન પર સૌથી પ્રબળ અસર કોની ?'**

'મામાની. એ મારા સૌથી નાના મામા હતા. એમનું નામ અલીબક્ષ હતું. એ સંગીત પાછળ પાગલ હતા, ફકીર હતા, પરમેશ્વર પાસેથી એ કંઈક લઈને આવ્યા હશે, નહીં તો આ વિદ્યામાં એમના જેટલું પારંગત કોઈ થઈ શકે નહીં. તેઓ અઢાર અઢાર કલાક રિયાઝ કરતા. બાકીના છ કલાકમાં ખાવા, પીવા, સૂવાનું પતાવતા. જે માણસે અઢાર વરસ સુધી ને અઢાર અઢાર કલાક સુધી રિયાઝ કરી હોય એને કોણ પહોંચે ? અને ખુદાના બંદા સિવાય આવી સાધના બીજું કરી પણ કોણ શકે ? સાધના સિવાય એમણે જિંદગીમાં બીજું કાંઈ કર્યું જ નથી એમ કહીએ તો ચાલે. પોતાનું ખર્ચ બહુ જ મામૂલી રાખતા. છ પૈસે ગજનાં કપડાં પહેરતા, ને કોઈ જાડાં કપડાં શા માટે પહેરે છે એમ પૂછે તો કહેતા કે 'ખુદાને ચામ નહીં, પણ કામ પ્યારું છે.'

**'બાળપણ ને અભ્યાસ વિશે કંઈ કહેશો ?'**

'હું અઢી વરસનો હતો ત્યારે મા મરી ગયેલી એટલે મોસાળમાં જ મોટો થયો. છ સાત વરસનો થયો ત્યારે મને શાળામાં બેસાડ્યો, પણ એ વખતે હું સંગીતથી એટલો રંગાઈ ગયો હતો કે આખો વખત ગીત ગણગણ્યા કરતો. માસ્તર લખાવે : 'અલફ,

બે, બે ટે' પણ એ લખવાને બદલે મનમાં ગીતનું ગુંજન જ ચાલતું હોય. માસ્તર જ્યારે મને પૂછવા આવે ત્યારે મારાથી જવાબ આપી ન શકાય. એક વખતે એક છોકરાએ ફરિયાદ કરી : 'સાહેબ, એ તો ભણવાને બદલે ગીત જ ગણગણ્યા કરે છે.' આ સાંભળીને માસ્તર ગુસ્સે થયા ને મને ખૂબ માર્યો. તે પછી હું ઘેર નાસી આવ્યો. મામાને કહી દીધું કે હું ભણવા જવાનો નથી, છતાં મામા આગ્રહ ને દબાણથી રોજ મોકલતા. મારું મગજ આમ તો બહુ સારું હતું. ગાવાનું તો જે સાંભળતો તે કંઠે થઈ જતું. મારા નાના અને મામા બંનેને મારા પર ઘણું વહાલ હતું. તેઓ મને રોજ સમય આપીને શીખવતા. ગાવાનું અને વગાડવાનું જેમ વધતું ગયું તેમ ભણવામાંથી ચિત્ત ઊઠી ગયું, પણ મામાની ધાકને કારણે રોજ સમયસર શાળાએ જવું પડતું એટલે દફતર લઈ ગામ બહાર ભટકવા ઊપડી જતો ને પછી શાળા છૂટે ત્યારે ઘેર આવતો. ઘેર આવી શરણાઈ વગાડવા બેસી જતો. આમાં એક દિવસ ચોરી પકડાઈ ગઈ. એક છોકરો ઘણા દિવસથી મારી ગેરહાજરીનું કારણ પૂછવા ઘેર આવ્યો ત્યારે મામાએ કહ્યું કે તે શાળાએ ગયો છે. મારું જુઠ્ઠાણું આમ પકડાઈ ગયું. સાંજે ઘેર આવ્યો ત્યારે મામાએ ખૂબ માર્યો અને ભાર દઈને કહ્યું : 'કભી જૂઠ ન બોલો. તીન બાત સીખ લો : 'તબિયત સંભાલો, ઈજ્જત બચાઓ, ઔર જૂઠ કભી ન બોલો.' ત્યાર પછી તો ઉપરા ઉપરી ચાર વરસ નાપાસ થયો એટલે થાકીને મામાએ જ મને ભણતો ઉઠાડી લીધો.' આટલું બોલતાં વળી તેઓ મામાની યાદમાં લાગણીવશ બની ગયા ને સ્વગત બોલતા હોય તેમ બોલવા લાગ્યા : 'સાચ્ચે જ, તેઓ ફકીર હતા. તેઓ કહેતા : 'સૂર લેના હૈ તો સચ બોલો !' એમની દૃઢ માન્યતા હતી કે આપણે સાચું બોલીએ તો સૂર પણ સાચો જ નીકળે. સાચું બોલનારને દરેક કામમાં સફળતા જ મળે.'

**'શરણાઈ સાથે તમારે ગીતની મદદ લેવી પડે છે ?'**

'જરૂર, સૂર મેળવ્યા વિના શરણાઈ શરૂ કરી શકાતી નથી. સ્થાયી, અંતરા, સંચારી, અભોગ, એ બધું યાદ કરી પહેલાં મનોમન ગાવું પડે છે. પછી એ સૂરો અમે શરણાઈમાં ઉતારીએ છીએ. કાર્યક્રમ આપતી વખતે તોડી, જૌનપુરી કે બીજો જે રાગ વગાડવો હોય તે મનમાં નાચવા લાગે છે. એના સૂર પકડાય એટલે આપોઆપ બજાવી જવાય છે. સૂર સાથે શબ્દની પણ જરૂરત રહે છે. શબ્દને કારણે સૂરમાં વજન આવે છે, ને તેથી ગાવા, બજાવવાની મજા આવે છે. શબ્દના અર્થ સાથે દિલ ચાલે છે અને ગીતના ભાવો મનમાં ઊઠે છે. આ બધું સ્વસ્થતાથી કરીએ તો જ થાય. ગભરાટથી સૂર મેળવવા પ્રયાસ કરીએ તો શબ્દ અને સૂર બંને ખોવાઈ જાય.'

**'આપના ગુરુ કોણ ?'**

'શરણાઈ તો મામા પાસે જ શીખ્યો, પણ ગાવાનું ને હાર્મોનિયમ બજાવવાનું બીજા પાસે શીખેલો. મારા હાર્મોનિયમના ગુરુ લક્ષ્મણપ્રસાદ, એ ગ્વાલિયરના મહારાજાના ભાઈ ગણપતરાવના શિષ્ય હતા. ગાવાનું અને રાગ શીખવાનું એહમદ હુસેનખાં પાસે શીખેલો.

**'આપે શરણાઈ જ કેમ પસંદ કરી ? અને તમારા સિવાય શરણાઈમાં બીજાનું નામ કેમ નથી સંભળાતું ?'**

'પ્રથમથી જ શરણાઈ ઘરમાં હતી, ઘરના એકે એક સભ્ય એ વગાડતા,એટલે પસંદગીનો સવાલ નહોતો. મને પણ શરણાઈ ગમી તેથી વગાડવાનું શરૂ કરી દીધેલું. નામ તો બીજા ઘણાનાં છે. યુ.પી.માં, મહારાષ્ટ્રમાં, મદ્રાસમાં અમુક અમુક શરણાઈ-વિશારદ છે, પણ હા, શરણાઈ બીજાં વાજિંત્રો જેટલી સહેલી નથી. એમાં તાકાત ખૂબ જોઈએ છે. દમ ખૂબ ઘૂંટવો પડે છે. છાતીનાં પાટિયાં ભીંસાઈ જાય એટલું જોર કરવું પડે છે, એમાં ફેફસાંને સારી કસરત મળે છે, ને તેથી રિયાઝ કરતી વખતે વારંવાર આરામ કરવો પડે છે. મામા મને હંમેશાં એક કલાક વગાડીને અર્ધો કલાક આરામ કરવાનું કહેતા. શરણાઈ પાછળ જાન દેવો પડે છે એટલે લોકો તેમાં જોઈએ તેવા પારંગત થઈ શકતા નથી.'

**'આપ રિયાઝ કેટલો સમય કરો છો ?'**

જરા ઉદાસ બનીને કહે, 'મામા હતા ત્યારે ઘણા કલાકો રિયાઝમાં જતા, કારણ કે એ વખતે કમાઈ લાવનાર ઘણા હતા. મામા કમાતા, નાના કમાતા, દાદા કોઈની નોકરી કરતા, કાકા ક્યાંક નોકરી કરતા. એમ સૌ કમાઈ કમાઈને લાવતું. પણ આજે તો મારે એકલાને કમાવાનું છે. પિતાજી છે, પણ વૃદ્ધ, મોટાભાઈ ચાલ્યા ગયા એટલે એમનું આઠ માણસનું કુટુંબ, મારું આઠ માણસનું કુટુંબ, એમ સૌના પોષણની જવાબદારી મારે શિરે છે. તેથી આ જાતના કાર્યક્રમ આપવા બહાર ફરવું પડે છે ને રિયાઝ ઓછી થાય છે. પહેલાં તો ચાર ચાર કલાક એક સાથે બેસીને રિયાઝ કરતો.'

પછી એ સમય યાદ કરીને મોજમાં આવી જઈ, સામે ચિત્ર ખડું થતું હોય તેમ એક કવિની અદાથી બોલવા લાગ્યા, 'રાત ઢળતી હોય, આકાશમાં ચાંદની હોય, સર્વત્ર શાંતિ સ્થપાઈ ગઈ હોય ત્યારે માલિકને યાદ કરીને રિયાઝ કરવામાં ઑર લિજ્જત આવે છે. રિયાઝ પણ સારી થાય છે. અમારા મજહબમાં કહેવાય છે કે મોડી રાત્રે સૌ સૂતા હોય ત્યારે ખુદાનો ફિરસ્તો નીકળે છે.

'છે કોઈ એની દુવા લેનાર છે ?'એમ એ જોતો જાય છે ને કોઈ જાગતું મળી આવે તો તેના પર આશીર્વાદ ઉતારે છે. આમ મોડી રાત પછીના એકાંતમાં રિયાઝ કરવાથી ફિરસ્તાની દુવા મળે છે.' આ કહેતી વખતે ખરેખર તેઓ ખુદાની ઈબાદત કરી રહ્યા હોય એવો ભાવ એમના મોં પર હતો. ખુદા પ્રત્યેની ભક્તિમાં તેઓ તરબોળ દેખાતા હતા.

**'આપ અમુક મિજાજમાં હો ત્યારે જ સારું બજાવી શકો છો કે ગમે ત્યારે ?'**

'મિજાજની વાત તો દરેક કલાકારમાં હોય છે. તમે જાણો છો ને કે, 'રાગ, રસોઈ ને પઘડી, કભી કભી બનતી હૈ.' એટલે હરહંમેશ બધું સરખું જ ઊતરે તેમ નથી બની શકતું. મૂડ પર પણ આધાર રહે છે.'

**'તમારે વગાડવાનું તો હંમેશાં કાર્યક્રમ માટે અને કમાવા માટે જ બનતું હશે, મનની મોજ ખાતર કે કોઈને રાજી કરવા ખાતર વગાડવાનું બને ખરું ?'**

'હા, ઘણીવાર એવા પ્રસંગો બને છે. કોઈવાર પાછળથી પણ એવી મોજ અનુભવવી પડે છે. એક વખત કલકત્તાની એક સંસ્થાએ એના ફાળા માટે મારો કાર્યક્રમ માગ્યો. એની પાસે મને આપવાના પૈસા ન હતા. મેં એને જે મળે તેમાંથી અર્ધું મને આપવાની શરતે કાર્યક્રમ સ્વીકાર્યો. કાર્યક્રમ સારો થયો. ખર્ચ બાદ જતાં બચત પણ સારી થઈ, પણ એ ભાઈના મોં પર અર્ધો ભાગ મને દેવાની ઈચ્છા ન જણાઈ, છતાં કચવાતા મને, શરત હતી તેથી ભાગ આપી દીધો. મેં એના મુખભાવ જોઈ મારા ભાગમાંથી સો રૂપિયા પાછા આપ્યા એટલે એ બહુ જ ખુશ થયા. એના મોં પરની ખુશાલી જોઈ મને થયું, જે માણસ સો રૂપિયા આપવાથી આટલો ખુશ થાય છે તે, જો હું બધો ભાગ આપી દઉં તો કેટલો ખુશ થાય ? અને મેં ક્યાં લેવાની આશાયે રાખી હતી ? કાંઈ મળવાનું તો નથી એમ પહેલેથી જ ધારેલું હતું, તેમાં આ મળ્યું છે, તો મારે લેવું ન જોઈએ. એમ વિચારીને એ ભાઈને મેં ફરી મારી પાસે બોલાવ્યા ને કહ્યું : "લ્યો આ તમારી પૂરી રકમ ને ઉપર મારા તરફથી 11 રૂપિયા રોકડા. હું અહીં કાંઈ લેવા નથી આવ્યો, મને તો માલિકને આપવું હશે તો તે આપી રહેશે." કહીને મેં મારા ભાગમાં આવેલી બધી રકમ આપી દીધી. એ જોઈને એ એટલા બધા ખુશ થઈ ગયા કે મને પણ આપ્યાનો અને શરણાઈ વગાડ્યાનો સંતોષ થયો.'

**'જીવનના કોઈ ખાસ પ્રસંગો યાદ આવે છે ?'**

'હા, બેચાર પ્રસંગો યાદ આવે છે કે જે જીવનભર ભૂલી નહીં શકું. હજુ ચાર દિવસ પહેલાં જ મામા સ્વપ્નામાં આવેલા. થોડા દિવસ પહેલાં મનમાં થયું કે મામાને સાંભળ્યાને કેટલાં વરસો વીતી ગયાં ! 1940માં તેઓ ગુજરી ગયા. હવે એ ક્યાંથી સાંભળવા મળવાના ? ને મને સ્વપ્ન આવ્યું. મામા ને મોટાભાઈ બંને બેઠા છે. હું શરણાઈ બજાવું છું. પણ સારી બજતી નથી. પછી મામા બજાવે છે ને હું ખુશ થઈ જાઉં છું. આ તો સ્વપ્નની વાત થઈ. હવે સાચો પ્રસંગ કહું. જ્યારે હું પંદર વરસનો થયો ત્યારે સારું વગાડતાં શીખી ગયેલો. લોકો મારી પ્રશંસા કરતા, પણ મામા હંમેશાં મને ટોક્યા કરતા. તેઓ કહેતા : 'સૂર વચ્ચે રહી જાય છે ને તું એની આજુબાજુ જ ફર્યા કરે છે. સૂરમાં દાખલ થતો નથી.' એમના આવા વલણથી મને માઠું લાગતું. મને મનમાં થતું કે જાણી કરીને મામા મને પાછો પાડવા આવી ટીકાઓ કર્યા કરે છે. મને સારું આવડે છે એટલે મારો ઉત્સાહભંગ કરવાની જ એમની નેમ છે. મારા આવા વિચારનો મામાને ખ્યાલ આવી ગયો. એમને થયું કે છોકરાને મદ આવી ગયો છે, પણ એમણે મને કાંઈ કહ્યું નહીં.'

'એક દિવસ રાત્રે હું 'તિલક કામોદ' વગાડતો હતો. મારા મનથી હું ઉત્તમ વગાડતો હતો. મામાએ મારા બજાવવાનો ભેદ મને સમજાવવા બાજુના ઓરડામાં બેસીને એ જ રાગ વગાડવા માંડ્યો. અને એ રાગ સાંભળતાં મારો મદ ઊતરી ગયો. એમની પાસે મારો રાગ કેટલો નબળો હતો તેનો મને બરાબર ખ્યાલ આવી ગયો. એમની સાધના જ એવી હતી કે એ સૌને ઝાંખા પાડી દે.'

'એક બીજો પ્રસંગ પણ યાદ આવે છે. મામાની પાર્ટી 'અલીબક્ષ એન્ડ પાર્ટી' કહેવાતી. એક જગાએ શરણાઈની સ્પર્ધા યોજાયેલી. મામા બીમાર હતા એટલે એમને બદલે મારે એમાં ભાગ લેવા જવાનું થયું. જતી વખતે મામાને પગે લાગ્યો, ત્યારે મામાએ આસમાન સામે જોઈ, ખુદાને યાદ કરી મારા વાંસા પર હાથ મૂક્યો અને પછી હિંમત આપતા હોય તેમ વાંસામાં હાથ ઠબકારી રજા આપી. એ વખતે હું મને બદલાઈ ગયેલો લાગ્યો. મારામાં જાણે મામાનો પ્રવેશ થઈ ગયો હોય એવો મને અનુભવ થયો. હરીફાઈમાં હું જીત્યો. મારી વાહવાહ થઈ ગઈ, પણ ઘેર આવ્યો તે પછી તો તેવો ને તેવો બની ગયો હોઉં એવું અનુભવ્યું ! મામાની શક્તિનો પરિચય મને ત્યારે થયો.'

'છેલ્લો પ્રસંગ છે એમના અવસાન સમયનો. જિંદગીમાં કદી ન ભુલાય તેવો અને મારા ભાગ્યનો એ બનાવ છે. આજે હું જે છું એ એમની જ દુઆ છે એમ હું માનું છું. મામા છેક સુધી સાજા સારા હતા. એક દિવસ અચાનક બપોરે ચાર વાગે તબિયત ખરાબ થઈ, રાત્રે દસ વાગે વધુ ખરાબ થઈ ગઈ. હું એમની પાસે બેઠેલો. તેઓ પથારીમાં તરફડતા હતા. એમ ને એમ બેઠા બેઠા મને ઊંઘ

આવી ગઈ. લગભગ બે વાગે મામાએ મને ઉઠાડ્યો. હું ગભરાઈને જાગી ઊઠ્યો ને મેં પૂછ્યું : 'પાણી જોઈએ છે ?' એમણે ના પાડી, મેં ઊંઘ ઉડાડીને જોયું તો મામા એકદમ સાજા લાગ્યા. થોડા સમય પહેલાંની એમની બેચેની ક્યાંય દેખાતી નહોતી. તેઓ પથારીમાં બેઠા થયા અને આસમાનમાં જોઈને કંઈક બોલવા લાગ્યા. પછી મને પોતાની પાસે લીધો, ખૂબ ભેટ્યા, મને ગળે લગાડીને ખૂબ ખૂબ હેત કર્યું. પછી કહે : 'જાઓ, ખુશ રહો.' અને હું સૂઈ ગયો. સવારે સાત વાગે એમણે દેહ છોડ્યો. આ છેલ્લું એમનું હેત, છેલ્લી એમની દુઆ, આજની મારી કાંઈ પણ નામના એ એમની દુઆને આધારે જ છે.'

**'કોઈ ચમત્કારનો અનુભવ થયો છે ?'**

'હા, એક બે એવા પણ પ્રસંગો છે. જો કે મામાએ એ વાત કોઈને ન કહેવા કહેલું, પરંતુ મારાથી ક્યાંક કહેવાઈ જવાય છે. હું હંમેશાં રિયાઝ સાંજે કરતો. રિયાઝ કરવાનું મને બાલાજીના મંદિરમાં બહુ ફાવતું. એક બાજુ ગંગા વહી જતી હોય, બીજી બાજુ મંદિર હોય, વચ્ચે નગારખાનું. એના પર બેસી રાત્રે રિયાઝ કરવામાં ઓર લહેજત આવતી. રિયાઝ સાંજના 7 થી 11 સુધી કરતો ને પછી પરોઢના 3 થી 4 કરતો. પરોઢિયે રિયાઝ કર્યા પછી નમાજ વગેરે પઢતો. આમાં સાંજના 7 થી 11 સુધીની રિયાઝ ખરી થતી. એકચિત્ત થઈને ખૂબ મહેનત કરવાનું ત્યારે ગમતું અને ફળ પણ સારું મળતું.'

'એક દિવસ એવી રીતે રાત્રે "યમનકલ્યાણ" વગાડતો હતો ત્યાં ક્યાંકથી સુગંધ આવવા લાગી, ધીમે ધીમે કરતાં મગજ તર થઈ જાય એવી સુવાસથી વાતાવરણ ભરાઈ ગયું. સુગંધ ક્યાંથી આવે છે ને શું છે તે જોવા સાજ છોડીને હું ઊભો થયો. આજુબાજુ જોતાં મંદિરના દરવાજા પાસે એક બુઢ્ઢો માણસ દેખાયો. જોતાં ડરી જવાય એવો ઊંચો ફકીર જેવો એ લાગતો હતો. શરીરે માત્ર લુંગી પહેરી હતી. હાથમાં એક લાકડી હતી. 'હું શું વગાડું છું ?' એમ એણે મને પૂછ્યું તો એના તરફથી ખુશબોની લહેરી આવી ગઈ. હું સમજી ગયો કે આ સુગંધ એનામાંથી આવે છે, એટલે એને પગે લાગ્યો. પછી એણે મને વગાડવા કહ્યું. મેં વગાડ્યું, પણ મારું વગાડવાનું કોઈ અદ્ભુત વ્યક્તિ સાંભળે છે એ ખ્યાલથી હું સારું વગાડી ન શક્યો. એટલે થોડું વગાડી મેં છોડી દીધું. તેઓ બોલ્યા : 'જિંદગીભર મઝા કરેગા' અને એ ચાલી ગયા. એમના ગયા પછી મને ખ્યાલ આવ્યો કે એ કોઈ દૈવી પુરુષ હશે. મારે કાંઈક દુઆ માગવી જોઈતી હતી. તેથી હું એમની પાછળ દોડ્યો પણ એમનો પત્તો ક્યાંય લાગ્યો નહીં. મામાને જઈને મેં બધી વાત કરી.' મામા નારાજ થયા. મારે એ વાત એમને પણ ન કરવી જોઈએ. ઈશ્વરી દુઆ ખાનગી જ રાખીએ એવી મને એમણે શિખામણ આપી.

**'આપના સાજની કોઈ વિશિષ્ટતા છે ?'**

હા, મારું સાજ હું જાતે જ બનાવું છું ને જીવની જેમ જાળવું છું. અમારામાં રસમ પણ એવી હોય છે કે કોઈ એકબીજાનું સાજ વાપરે નહીં. હું મારું સાજ સાગના લાકડામાંથી બનાવું છું, કારણ કે એના સૂર રસદાર હોય છે. કેટલાક લોકો સીસમના લાકડામાંથી શરણાઈ બનાવે છે, એના સૂર કડક છે. શરણાઈ જેમ જૂની એમ વધુ સારી ગણાય. એ તૈયાર કરવામાં ઘણો સમય જાય છે અને મહેનત પણ ઘણી પડે છે. શરણાઈ બનાવવા માટેનાં ખાસ નાનાં મોટાં ઓજારો હોય છે. મારે ઘરે તો એનો એક કબાટ ભરેલો છે. સરાણિયા પાસે અમે લાકડું પોલું કરાવી લઈએ, પછી ઘેર બેઠા બેઠા તૈયાર કરીએ. લગભગ બે મહિને એક સાજ તૈયાર થાય. સૂરમાં જરા પણ ફરક ન પડે તે રીતે ઘસીને તૈયાર કરવું પડતું હોય છે. એની વચ્ચે મૂકવાના 'રીડ' મેળવવાની બહુ જ મુશ્કેલી છે. તે કલકત્તા અને તોજપુરના તળાવમાં જ થાય છે. ત્યાંથી લાવવા માટે ઘણાં જોખમો ને સાહસો ખેડવાં પડે છે. આ રીડ વરસાદમાં નરમ થઈ જાય છે, એટલે એની સારવાર ઘણી કરવી પડે. શરણાઈને ગરમીના દિવસોમાં કડવા તેલમાં ડુબાડી રાખવી પડે છે, નહીં તો ગરમીના દિવસોમાં તે ફાટી જાય. તેલમાંથી કાઢીને પછી એને સૂકવવા માટે તાપમાં નહીં રાખતાં હવામાં મૂકવી પડે છે અને પાવડર લગાડીને કોરી કરવી પડે છે.'

**એમના વતન અને જન્મસ્થળ વગેરેની માહિતી પૂછતાં જે જવાબ મળ્યો તે આ રહ્યો :**

'અમે મૂળ પંજાબના હતા, પણ છેલ્લાં 250 વર્ષથી બનારસ વસીએ છીએ. પિતાનું નામ પયગમ્બરબક્ષ છે. અત્યારે તેઓ 75 વર્ષના છે, પણ એમના દાંત તદ્દન સાબૂત છે. રોજ સવારે કાચા ચણા ને ગોળ ખાય છે. લોઢું સીધું કરી શકે એટલી મજબૂતાઈ દાંતની છે. બે માઈલ ચાલે છે. આંખો પણ જરાય નબળી નથી.'

**'આમજનતા સામે સૌથી પહેલો કાર્યક્રમ આપે ક્યારે આપ્યો ?'**

'દરબારમાં વગાડવાનું તો નાનપણથી જ બનતું. નાના સાથે દરભંગાના દરબારમાં વગાડવા જતો. પણ લોકો સામે વગાડવાનું સૌથી પ્રથમ 1930માં અલ્હાબાદમાં સંગીત પરિષદ ભરાઈ ત્યારે બન્યું. એ વખતે હું સોળ વર્ષનો હતો. તે વખતનું દૃશ્ય આજે પણ બરાબર યાદ છે. બંને બાજુ બંને મામા બેઠેલા ને વચ્ચે હું બેઠો હતો. ને મેં 'કેદાર' બજાવેલો. પ્રથમ જ લોકો સામે આવ્યો

ને પ્રથમ ચંદ્રક મેળવ્યો. ત્યાર પછી 1934માં લખનૌમાં પરિષદ ભરાઈ ત્યાં બીજો ચંદ્રક મળ્યો. 1936-'37માં કલકત્તામાં ત્રણ ચંદ્રકો મળ્યા. 1938ની એપ્રિલની સોળમીએ લખનૌ રેડિયો પર પ્રથમવાર બજાવવા ગયો. 1956માં રાષ્ટ્રપતિનો ચંદ્રક મળ્યો. ચંદ્રકો, રાજા મહારાજા તરફથી શાલો-પોશાકો, સોનાના ગંઠા ને કડાં વગેરે એટલું બધું મળ્યું છે કે એની મોટી પેટી ભરાઈ ગઈ છે, તે બધું સાચવીને મૂકી રાખ્યું છે. મુંબઈ સૌથી પહેલો 1942માં આવેલો, ત્યારપછી તો અવારનવાર આવવાનું બને છે.'

''કલા અને કલાકાર''

## શબ્દસમજૂતી

**રિયાજ** મહાવરો **ગજ** ચોવીસ ઇંચ જેટલું માપ, સ્થાયી, અંતરા, સંચારી **અભોગ** ગીત ગાવા વિષયક ઢબ કે રીતના માપ **ફિરસ્તો** દેવદૂત **સાજ** સાધન અહીં શરણાઈ **સરાણિયો** સરાણ પર ધાર કાઢનાર.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) બિસ્મિલ્લાખાંને શરણાઈવાદન સિવાય શેનો શોખ હતો ?

(2) બિસ્મિલ્લાખાંને કઈ કઈ કલા હસ્તગત હતી ?

(3) બિસ્મિલ્લાખાંને મામાએ કઈ ત્રણ શીખ આપી ?

(4) બિસ્મિલ્લાખાંના ગુરુ કોણ હતા ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો.**

(1) મામાએ બાળક બિસ્મિલ્લાખાંને શા માટે ખૂબ માર્યો ? પછી કઈ શિખામણ આપી ?

(2) લાગણીવશ બિસ્મિલ્લાખાંને મામાની સૂર વિશેની કઈ શિખામણ યાદ આવે છે ?

**3. સવિસ્તર ઉત્તર લખો.**

(1) બિસ્મિલ્લાખાંને મન પોતાના જીવનના યાદગાર પ્રસંગો કયા કયા છે ?

(2) બિસ્મિલ્લાખાંના જન્મ, ઉછેર અને બાળપણ વિશે એકમને આધારે નોંધ તૈયાર કરો.

(3) 'બિસ્મિલ્લાખાંને સંગીત વારસામાં મળ્યું કહેવાય' આ વિધાન સદૃષ્ટાંત સમજાવો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. તમારા શિક્ષક પાસેથી 'કલા અને કલાકાર' પુસ્તક મેળવી વાંચો.
   (કલા અને કલાકાર : લાભુબહેન મહેતા, સંપાદન - વર્ષા દાસ, ગુજરાત સાહિત્ય અકાદમી મૂલ્ય રૂ. 220/-)
2. ભારતના ખ્યાતનામ સંગીતકારોના જીવન વિષયક પ્રૉજેક્ટ તૈયાર કરો.

## શિક્ષક પ્રવૃત્તિ

1. બાળકોને વર્ચ્યુઅલ રૂમમાં લઈ જઈને સંગીતકારો અને જુદી જુદી કલાઓથી માહિતગાર બનાવો.
2. બાળકોને ક્યારેક શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમમાં લઈ જાઓ.
3. જુદા જુદા શાસ્ત્રીય રાગોની સમજ આપવી.
4. ડી.ડી. ભારતી ચેનલ પર આવતા સાંગીતિક અને સાહિત્યિક કાર્યક્રમો તમે નિહાળો અને બાળકોને નિહાળવાનું કહો.

●

# 7 વીડી વાઢનારા

મોટા ભાગનાં લોકગીતોનો સંબંધ - સંદર્ભ જીવાતા ગ્રામજીવન - ગ્રામ પ્રદેશ સાથે જ હોય છે. જેમાં બહુધા સંસારની નીતિ-રીતિ અને નિરૂપણની જ પ્રસ્તુતિ હોય છે. અહીં દંપતી તરીકે સમાન હકદાર અને સ્વતંત્ર એવાં સહજીવી - શ્રમજીવી ધણીધણિયાણીની વાત છે. પ્રસ્તુત લોકગીતમાં શ્રમિકવર્ગના અવળચંડા - નિષ્ઠુર પુરુષની સ્વાર્થપટુતા સામે સ્ત્રીની સહજ ખેવના - ખુમારી ઉજાગર થઈ છે. પોતાને મળેલ આજીવિકાનું જે સાધન છે તે સોના - હીરા જેવું અમૂલ્ય છે. શ્રમકાર્યમાં પણ તે પુરુષ કરતાં અગ્રેસર છે. કહો કે ઘરનું અને ખેતરનું એમ બેય કામ તે કરે છે. તે વટેમાર્ગુને ભારો ચડાવવા વિનંતી કરી પોતાનું કાર્ય સંપન્ન થતાં નિરાંત-હાશકારો અનુભવે છે. ભરપેટ જમાડી બંધુપ્રેમ અને આગવું ખમીર બતાવે છે. લોકગીતમાં નિરૂપિત સમાજજીવનની કારમી - ધારદાર વાસ્તવિકતા આપણી બંધ આંખો ખોલવા માટે સુપેરે સક્ષમ છે. નરવું - ગરવું સ્ત્રીદાક્ષિણ્ય પોતાના સંસારને કેવો જીવી-જીરવી જાણે છે એ જ આ લોકગીતના અસલી સૌંદર્યને છતું કરે છે.

---

સાવ રે સોનાનું મારું દાતરડું રે લોલ (2)
હીરનો બંધિયો હાથ, મુંજા વાલમજી લોલ !
હવે નૈ જાઉં વીડી વાઢવા રે લોલ.
પરણ્યે વાઢ્યા રે પાંચ પૂળકા રે લોલ (2)
મેં રે વાઢ્યા છે દસ વીસ, મુંજા વાલમજી લોલ. - હવે.
પરણ્યાનો ભારો મેં ચડાવિયો રે લોલ (2)
હું રે ઊભી વનવાટ, મુંજા વાલમજી લોલ. - હવે.
વાટે નીકળ્યો વાટમારગુ રે લોલ (2)
ભાઈ મુને ભારડી ચડાવ, મુંજા વાલમજી લોલ. - હવે
પરણ્યાને આવી પાલી જારડી રે લોલ (2)
મારે આવેલ માણું ઘઉં, મુંજા વાલમજી લોલ. - હવે.
પરણ્યે ભર્યું છે એનું પેટડું રે લોલ (2)
મેં રે જમાડ્યો મારો વીર, મુંજા વાલમજી લોલ
હવે નૈ જાઉં વીડી વાઢવા રે લોલ.
(રઢિયાળી રાત)

### શબ્દસમજૂતી

**વીડી** ખડનું નાનું બીડ **હીર** તેજ, રેશમ **પૂળકા** ઘાસના પૂળા **ભારો** ઉપાડી શકાય એટલા જથ્થામાં બાંધેલાં ઘાસ કે લાકડાંનો જથ્થો **ભારડી** ભાર, વજન **મુંજા વાલમજી** નાયિકાનું પતિને કરાયેલું સંબોધન **પાલી** અનાજનું એક નાનું માપ **માણું** પાલી કરતાં મોટું એક માપ **પેટડું** પેટ

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) નાયિકા શેના વડે ઘાસ કાપે છે ?
(2) માર્ગમાં નાયિકા શી મદદ માગે છે ?
(3) નાયક નાયિકાને શી મજૂરી મળી ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) વીડી ન વાઢવા પાછળ નાયિકાનો શો હેતુ છે ?

(2) નાયકનો સ્વાર્થ અને નાયિકાની નિ:સ્વાર્થ ભાવના શી રીતે આલેખન પામી છે ?

**3. સવિસ્તર ઉત્તર લખો : ,**

(1) 'વીડી વાઢનારા' લોકગીતમાં નાયક કરતાં નાયિકા શી રીતે ચડિયાતી છે - તે જણાવો.

(2) નાયિકા વીડી વાઢવાની ના શા માટે પાડે છે ?

(3) નોંધ લખો : (1) નાયક-નાયિકાની દાંપત્ય ભાવના.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. 'રઢિયાળી રાત' (સંપા. ઝવેરચંદ મેઘાણી) સંગ્રહ મેળવી તેમાંથી ગમતાં લોકગીતો લખી ભીંતપત્ર બનાવો.
2. આ લોકગીતનું સમૂહગાન કરો.

## ભાષા-અભિવ્યક્તિ

લોકોનું, લોકો માટેનું, લોકો વડે જ રચાતું ગીત એટલે લોકગીત. લોકજીવનના ભાતીગળ રંગોની તળપદી રજૂઆત એટલે લોકસાહિત્ય. અહીં લોકગીતની નાયિકાના તેના પતિના મુકાબલે પોતાના સામર્થ્યને અભિવ્યક્ત કરવા જે શબ્દપ્રયોગો થયા છે તે તમે નોંધો.

'પરણ્યે વાઢ્યા છે પાંચ પૂળકા રે લોલ'
મેં રે વાઢ્યા છે દસ વીસ, મુંજા વાલમજી લોલ.'

પૂળાને 'કા' પ્રત્યય લગાડીને તેની અલ્પતા સરસ રીતે બતાવી આપી છે. જાણે પત્ની કહે છે : મરદ થઈને એણે માંડ પાંચ પૂળા બાંધ્યા, એમાં તો શી ધાડ મારી... મેં તો ... આમ અલ્પતાની સાથે 'પૂળકા' શબ્દથી પંક્તિના અર્થની ભાવ-વ્યંજનાને બળકટતા (ચોટ) પ્રાપ્ત થાય છે. આ લોકગીતમાં આવા અલ્પતાસૂચક શબ્દોની તમે યાદી બનાવો.

## શિક્ષક પ્રવૃત્તિ

1. શાળામાં લોકગીત ગાન સ્પર્ધાનું આયોજન કરો.
2. વિદ્યાર્થીઓ પાસે સ્થાનિક લોકગીતો લખાવી હસ્તલિખિત અંક તૈયાર કરાવો.

●

# 8 અખાનો સંસારત્યાગ

**ચન્દ્રવદન મહેતા**

**(જન્મ : 06-04-1901; અવસાન : 08-05-1991)**

શ્રી ચન્દ્રવદન ચીમનલાલ મહેતા (જન્મ : ઈ.સ.1901) સુરતના વતની છે. મુંબઈમાં તેઓ અભ્યાસકાળથી જ સારા અભિનેતા તરીકેની ખ્યાતિ પામેલા. આકાશવાણીનાં વિવિધ કેન્દ્ર પર સેવાઓ આપ્યા પછી તેઓ વડોદરામાં વસતા હતા. અનેક નાટકો લખીને અને એનું દિગ્દર્શન કરીને એમણે ગુજરાતમાં નાટકોની આબોહવા જન્માવી હતી. તેઓ આપણા ઉચ્ચ કોટિના નાટ્યવિદ્ હતા અને દેશ-પરદેશની રંગભૂમિના પ્રત્યક્ષ સંપર્કથી એમની એ વિશેની જાણકારી ઘણી વ્યાપક હતી. ''આગગાડી'', ''ધરાગુર્જરી'' જેવાં સામાજિક અને ઐતિહાસિક લાંબાં નાટકો, ''અખો'', ''નર્મદ'' જેવાં ચરિત્રાત્મક અને ''દેડકાંની પાંચશેરી'' જેવાં પ્રહસનો ઉપરાંત અનેક એકાંકી નાટકો અને બાળનાટકો આપીને એમણે આપણા નાટ્યસાહિત્યને સમૃદ્ધ કર્યું છે. એમનાં નાટકોમાં વાતચીતના અનેક લહેકા સ્વાભાવિક રીતે ઊતરી આવે છે અને અભિનયક્ષમતા પણ એમાં ઘણી હોય છે. નાટ્યકાર ઉપરાંત ''ઇલાકાવ્યો''ના કવિ તરીકે ''બાંધ ગઠરિયાં'' વગેરે આત્મકથાત્મક અને ''સફર ગઠરિયાં'' વગેરે વિદેશપ્રવાસનાં સંસ્મરણાત્મક પુસ્તકોના લેખક તરીકે પણ તેઓ સુખ્યાત છે. એમની ગદ્યશૈલી બોલચાલના લાક્ષણિક શબ્દપ્રયોગોથી જીવંત અને સ્ફૂર્તિલી લાગે છે. આપણા સુપ્રસિદ્ધ મધ્યકાલીન જ્ઞાની-કવિ અખાના જીવન વિશે જનસમાજમાં પ્રચલિત દંતકથાઓને વિષય બનાવીને લેખકે અખા વિશે ચરિત્ર-નાટક લખ્યું છે. એમાંથી અખાના જીવનના વળાંકરૂપ સંસારત્યાગના પ્રસંગને નિરૂપીને આ નાટ્ય-અંશમાં લેખકે અખાનું ઉદાત્ત વ્યક્તિત્વ ઉપસાવ્યું છે. અખાના ઉદ્‌ગારોમાં એના જાણીતા છપ્પાના ધ્વનિને ગૂંથી લેવામાં નાટકકારની સૂઝ પ્રગટ થાય છે. પાત્રોચિત ભાષાવાળા આકર્ષક સંવાદો અને પ્રસંગોની કુશળતાભરી ગૂંથણીથી આ ચરિત્ર-નાટક આસ્વાદ્ય બન્યું છે.

---

(અખા સોનીનું ઘર : દેસાઈની પોળ, અમદાવાદ, અખો એકધ્યાનથી એરણ પર કંઠી ઘડી રહ્યો છે.)

અખો : (એકલો ગણગણે છે.)

ક્યા માંગું, મૈં ક્યા માગું:

ઐસી ટૂંકી સી જિંદગી મેં ક્યા માંગું ? (એક ઘરાક આવે છે)

ઘરાક : આ આટલા બધા ધ્યાનથી કોની કંઠી ઘડી રહ્યા છો ?

અખો : અહો ! આવો, આવો, લાલદાસ શેઠ ! તમે ક્યારે આવ્યા ?

લાલદાસ : ધ્યાન ક્યાં છે તમારું ? કંઈ ખૂબ કાળજીથી કંઠી ઘડી રહ્યા છો ને ? કોની છે ?

અખો : ઘરાકની નથી, શેઠ !

લાલદાસ : એ તો હોય જ ને ! નહિ તો આટલા બધા ધ્યાનથી ઘડો ખરા ? તમારા માટે બનાવો છો, એમ ? ટંકશાળમાં કંઈ હાથ પડ્યો લાગે છે !

અખો : અરે, એ શું બોલ્યા ? કોઈ સાંભળશે તોય અમસ્તા આપણને બંનેને ગુનેગાર ગણશે.

લાલદાસ : ના રે, હું તો મશ્કરી કરું છું.

અખો : અરે, હા, શેઠ ! તમારા પેટમાં તો પાપ નથી, પણ આપણા લોક અદેખાઈમાં પૂરા છે. બાદશાહની ટંકશાળ - એટલે પ્રામાણિકપણું ને ચોકસાઈ ન હોય તો માર્યા જઈએ.

લાલદાસ : અરે હું ક્યાં જાણતો નથી ? ને તમને ન ઓળખું ? નહિ તો તમારે બારણે આવુંયે ખરો ?

અખો : એ ખરું. પણ શેઠ ! આજે તો જ્યાં જુઓ ત્યાં ચાડી, ચુગલી, નિંદા, પ્રપંચનો પાર નથી.

લાલદાસ : ખરું છે ભાઈ, ખરું છે. આજે કોઈની ચડતી કોઈથી દેખી ખમાતી નથી. લોકોને શું ? પણ કહો તો ખરા કે આ કોની છે ?

અખો : આ તો અમારા પાડોશમાં જમનાબેન છે ને, એમની કંઠી છે. આ લ્યો, તમારાથી કંઈ છાનું છે ? મૂળ વાત એમ જે

એના ત્રણસો રૂપિયા મને સોંપી મૂક્યા હતા. એ બાઈમાણસ એટલે કોણ સાચવે ? બે-ત્રણ વર્ષથી મારે ત્યાં જ પડી રહ્યા હતા. હવે એમને કંઠી પહેરવાનો વિચાર થયો તે આ ઘડી આપી. આજનો એમનો વાયદો તે કદાચને હમણાં જ ડોકિયું કરશે. આ સાફ કરવાની જ વાર છે. લ્યો જુઓ ને, કેવી છે ?

લાલદાસ : (જોતા-જોતા) કંઠી તો અખાભાઈ, ઘણી જ સુંદર, આપીકી ગણી બનાવેલી એટલે પછી પૂછવું જ શું ? આશરે કેટલા તોલાની હશે ?

અખો : એ તો હવે તમે જ કહો ને !

લાલદાસ : અરે, એ કંઈ અમારાં કામ ! આ તો તમે ત્રણસો રૂપિયા કહ્યા એટલે પૂછ્યું.

અખો : (હસતાં) કેમ ?

લાલદાસ : વધારેની લાગે છે, એટલે પૂછ્યું. માલ બનાવી ન જાણીએ પણ આશરે કિંમતની તો સમજ પડે કની ?

અખો : તમારું ધારવું બરાબર છે.

લાલદાસ : હજી મજૂરી તો હું ગણતો નથી, તોયે ચારસો-સાડીચારસોનું તો સોનું જ થાય. કેમ ખરું ને ?

(જમના આવે છે.)

જમના : કેમ અખાભાઈ, કંઠી તૈયાર થઈ કે ? આજે તો મારે પહેરવી જ છે.

અખો : આ હમણાં જ તમને સંભાર્યાં હતાં. આ રહી. છે તો તૈયાર, પણ જરા સાફ કરી આપું એટલી વાર છે.

જમના : કેટલી વાર લાગશે હજી ?

અખો : અરે વાર શાની ?

જમના : ના, ના. પછી સાફ કરજો. હમણાં તો હું પહેરી જ જાઉં છું. મારે હમણાં બહાર જવું છે.

લાલદાસ : જમનાબેન ! તમે નસીબદાર છો ખરાં હં !

જમના : કેમ ?

અખો : કંઈ નહિ, એ તો શેઠને કંઠી ઘણી ગમી ગઈ તેથી કહે છે. તમને કેવી લાગી ?

જમના : અરે, કંઠી તો સરસ - બહુ સરસ બનાવી છે હોં ! વાહ ! પહેરી જ જઉં છું. પછી સાફ કરી આપશો ને ?

અખો : અરે, પણ મેં ના ક્યારે કહી છે ? લાવજો ને. ગમી એટલે બસ. આ ત્રણ દિવસથી મેં બીજું કશું હાથ પર લીધું જ નથી. આ શેઠનું ઘડવાનું પણ એમ જ રહ્યું છે ને !

જમના : ચાલો જઉં છું. પછી આવીશ.

અખો : પણ આવડી ધાડ શી ? આવ્યાં શું ને ચાલ્યાં શું ?

જમના : જરા ઉતાવળે જવું છે, પછીથી આવીશ હું જઉં છું, અખાભાઈ !

અખો : વારુ ! આવજો જમનાબેન !

(જમના જાય છે.)

લાલદાસ : ચાલો, હવે મારાં કડાં લો.

અખો : શેઠ, મારે આ સગીબેન કરતાં પણ વધારે છે ! અને એનો પણ મારા પર બહુ ભાવ, હોં !

લાલદાસ : ભાઈ, લેણાદેણીની વાત છે. હવે અમારાં કડાં ક્યારે આપશો ?

અખો : અરે હાં, જુઓની આજે કયો વાર ?

લાલદાસ : મંગળવાર.

અખો : બસ તો -

(- બહારથી અવાજ)

અવાજ : એ અખેદાસ સોની કા ઘર કિધર હય ?

અખો : એ ઈધર ભાઈ, ઈધર! આવો. કંઈ બાદશાહી ફરમાન લાગે છે.

(બાદશાહના બે સિપાઈઓ દાખલ થાય છે.)

એક સિપાઈ : ટંકશાલ કે અમલદાર રહીઆદાસ સોની કુટુંબ કા અખેદાસ કો બાદશાહ સલામત કા ફરમાન હય.

અખો : પણ છે શું ?

સિપાઈ : યે ખરીતા હય - પઢો.

(કાગળ ધરે છે)

અખો : (ખરીતો લેતાં) પણ ખાંસાહેબ, કંઈ કારણ તો કહેશો ને ?

સિપાઈ : વો સબ ઈસ મેં લિખા હય.

અખો : લ્યો શેઠ, વાંચો, તમે તો હોશિયાર છો.

લાલદાસ : (મહામહેનતે વાંચે છે.) દેસાઈ કી ખિડકી મેં રહનેવાલે સોની અક્ષયદાસ ને ટંકશાલ મેં સોનાચાંદી કે સિક્કે મેં દૂસરી ગલત ધાતુ મિલાયા હય વૈસા ઉસકે ઉપર આરોપ હય. ઈસ લિયે બાદશાહ સલામત કી સૂબેદારી કચેરી મેં અભી હાજર હોને કા ફરમાન હય.

અખો : મારા પર આરોપ? ખાંસાહેબ, કંઈક ભૂલ થાય છે.

સિપાઈ : વો સબ કચેરી મેં કહના. ચલો અબી, દેરી મત કરો.

લાલદાસ : ખાંસાહેબ ! અખેદાસ કદી એવું કરે એ મનાય જ નહિ.

સિપાઈ : વો હમ ના જાને. એ ફરમાન બરાબર ઉન્હે અભી આના હી પડેગા.

લાલદાસ : ભાઈ ! કંઈ બાદશાહના ફરમાનને ના પાડવાની હતી ? જઈ આવોની એટલે ખબર પડશે.

અખો : હાસ્તો, કંઈ છૂટકો છે ? જોયું ને ? ખબર નથી. પણ આપણે શી ચંતા ! જેના દિલમાં મેલ એને ડંખ. ચાલો ખાંસાહેબ, જરી અંગરખો-પાઘડી પહેરી લઉં.

(અખો અંદર જાય છે.)

લાલદાસ : ખાંસાહેબ ! આ શી ભાંજગડ છે ? અખેદાસ કદી એવું કરે નહિ. બચારો ભગવાનનો માણસ-નેક માણસ.

એક સિપાઈ : ક્યા માલૂમ ? કચેરી મેં કુછ ખટપટ ચાલતી હય. કિસીને કુછ ધોકા દે દિયા હોગા.

લાલદાસ : એમ જ હશે. આ તો એનો કંઈ દિવસ જ વાંકો. બાકી એના પર આવું આળ ?

એક સિપાઈ : ટંકશાલ કે અમલદાર પર સબ કી નજર રહતી હય.

(અખો અંદરથી આવે છે.)

અખો : ચલો ખાંસાહેબ ! તમે, ભાઈ, બેસજો, હું હમણાં જ પાછો આવીશ - ઘણું કરીને તો.

(સિપાઈઓ સાથે એ પણ જાય છે.)

લાલદાસ : શો કળજગ આવ્યો છે ? અખાભાઈ જેવા પર આળ ! આવો નિખાલસ માણસ, પ્રામાણિક માણસ, કોઈની સાથે ખટપટ નહિ. વાત નહિ. ખરેખર ! કળજુગના માયાવી બંધનમાં જગત ઘેરાતું જાય છે. એ તો જે થાય તે જોયા કરવાનું. પણ અખાભાઈને કંઈ આંચ નહિ આવે.

* * *

(જમના આવે છે.)

જમના : કેમ અખેભાઈ નથી ?

લાલદાસ : ના, કચેરીમાં ગયા છે.

જમના : કચેરીમાં ? ત્યાં કેમ ?

લાલદાસ : એમના પર સોના-ચાંદીમાં હલકી ધાતુ ભેળવવાનો આરોપ મુકાયો છે, તે બાદશાહના સિપાઈ આવીને લઈ ગયા.

જમના : હાય હાય ! અખેભાઈ પર એવો આરોપ ? શું કહો છો ?

લાલદાસ : ખરું કહું છું. કોઈ અદેખાનું કારસ્તાન લાગે છે.

જમના : ઓ પ્રભુ ! શું થશે હવે ?

લાલદાસ : સિપાઈઓ કહેતા હતા કે કોઈની કાનભંભેરણી છે એટલે છૂટીને જ આવશે. હવે તમે અહીં બેસો તો હું દરબારમાં જતો આવું. મને પણ ચિંતા થાય છે.

જમના : હા હા. હું અહીં બેઠી છું. તમે જલદી જાઓ. ને કંઈ ખબર પડે કે તરત મને કહી જજો. અખેભાઈને કંઈ થાય નહિ એ જોજો, હં !

(લાલદાસ જાય છે.)

જમના : અરેરે ! આ મારા જ પાપનું ફળ તો નહિ હોય ? મનેયે શી બુદ્ધિ સૂઝી ? એનો મારા પર કેટલો ભાવ ! કેટલું હેત! મારા એની પાસે મૂકેલા ત્રણસો રૂપિયા એના પર મેં અવિશ્વાસ આણી આ કંઠીને બહાને એ લઈ લેવાનો મનસુબો કર્યો.એણે બિચારાએ કેટલી હોંશથી આ કંઠી કરી આપી ! કીધી તો કીધી. પણ એમાં ગાંઠના સો રૂપિયા ઉમેર્યા. એણે એટલું કર્યું ત્યારે મેં મૂર્ખીએ એમાં અણવિશ્વાસ આણી કંઠીની ચોકસીને ત્યાં કિંમત કરાવી. અરેરે ! મને એ શું સૂઝ્યું ? એનો મારે માટે કેટલો નિઃસ્વાર્થ ભાવ ! એનો મેં આવો બદલો વાળ્યો ? મારું જ પાપ એને નહિ નડ્યું હોય ? અપરાધ મારો ને ગુનેગાર એ. આ તો ચોર કોટવાળને દંડે એવું થયું. ઓ ભગવાન ! એ જાણશે ત્યારે એને કેટલું લાગશે ? મેં આ શું કીધું ?

* * *

(અખો આવે છે)

અખો : કંઈ ચિંતા ન કર, કંઈ નથી. જમનાબેન ! હું નિર્દોષ ઠર્યો છું.

જમના : (સફાળી) અખેભાઈ ! અખેભાઈ ! આવ્યા તમે ? આવ્યા તમે ?

અખો : હા, ઈશ્વરે લાજ રાખી લીધી છે. કોઈએ સૂબેદારને જૂઠું ભંભેર્યું હતું.

જમના : ચાલો, સારું થયું ! (અચકાતાં) સત્યનો અંતે જય જ થાય છે.

અખો : હા, પણ જગતનાં પાખંડોનો પણ પાર નથી હોતો. આવાં જૂઠાણાંથી શો ફાયદો થતો હશે ?

જમના : તમારા પેલા ઘરાક તમને મળ્યા ? એ તમને જોવા જ દરબારમાં ગયા છે.

અખો : હા, એ મને રસ્તે મળ્યા. હમણાં આવે છે પાછા. કેમ કંઠી લાવ્યાં છો ? લાવો સાફ કરી આપું.

જમના : ના, ના. હવે સાફ કર્યા વગર ચાલશે.

અખો : અરે, સાફ કર્યા વિના ચાલે ? ચળક જ નહિ આવે, લાવો.

જમના : લ્યો ને... ને અખાભાઈ ! (કંઠી આપતાં) આ કાપ છે તે પણ જરા સમો કરી આપો ને !

અખો : આ શેનો કાપ છે ?

જમના : અરે, એ તો અમસ્તો,.. ઉંદર-બુંદર... ના ના, જાણે કેમ એ કાપ પડ્યો, પણ બરાબર થશે ને ?

અખો : જમનાબેન ! શી વાત કરો છો ? આટલી વારમાં અને ઉંદરનો કાપ ? મને ખરું કહો.

જમના : એ જાણીને શું કામ છે ? તમે સમો નહિ કરી આપો ?

અખો : દસ વાર સમો કરી આપીશ. ક્યારે ના કહી છે ? પણ મારે એ કાપ વિશે જાણવું છે.

જમના : તો હું નથી કહેવાની ત્યારે.

અખો : બેન યાદ છે ? તમે મારાં ધર્મભગિની થાઓ. મારાથી આજે છુપાવો છોને ? મને જ નથી કહેવું ? આજે મારાથી આટલી જુદાઈ રાખવા માંડી એમ જ ને ?

જમના : ભાઈ ! ઓછું આણવાની જરાયે જરૂર નથી. એ કહેવામાં કંઈ લાભ નથી, એટલે નથી કહેતી.

અખો : લાભ કે ગેરલાભ ! જે હશે તે વેઠવા હું તૈયાર છું. મને તમારા ભાઈ તરીકે ઓળખાતાં હો, તો કહો.

જમના : ભાઈ ! સત્તર વાર ભાઈ ! જન્મોજન્મ મળજો મને તમારા જેવો ભાઈ ! (ઓવારણાં લે છે.) મને માફ કરો, અખેભાઈ ! પણ મેં મૂર્ખીએ ભૂલ કરી છે.

(રડે છે.)

અખો : હોય, ભૂલ તો કોણ નથી કરતું ? જે હોય તે જમનાબેન ! એવું તે શું છે ? મને જરૂર કહો.

જમના : ભાઈ ! શું કહ્યું ! મેં તારામાં અવિશ્વાસ આણ્યો અને આ કંઠી ચોકસી પાસે કિંમત કરાવવા લઈ ગઈ ! ત્યાં ચોકસીએ મૂકેલો આ કાપ છે. મને માફ કર. ભાઈ ! તારી નિઃસ્વાર્થ લાગણીનો આ બદલો ! અરેરે, મને એટલો પસ્તાવો થાય છે ! મને કોકે ભંભેરી. સત્યાનાશ જાય એ ભંભેરનારનું ! અખેભાઈ ! અખેભાઈ !

(રડે છે.)

અખો : (બે-ત્રણ ક્ષણ પછી) બેન, રડ નહિ. હમણાં આ તને બરાબર કરી આપું છું. અને બીજું પણ કંઈ જોઈતું - કરતું હોય તો આપું. કંઈ નહિ. એમાં તારો દોષ છે જ નહિ. આ જગતની માયા જ એવી છે. પાખંડથી ભરેલી આ દુનિયામાં આપણે પામરમાત્ર, ઘણીયે વાર એમ ભરમાઈએ છીએ. હશે. મારા મનમાં કંઈ જ નથી. આ ઘર તારું ગણીને વાપરજે. એ તો મારા પરની આળઘડી આવીને ચાલી ગઈ.

જમના : અખાભાઈ ! આવું ફરીથી નહિ કરું, હોં ! હું શું મોં બતાવી રહી છું તને ! તારા મનમાં કાંઈ નહિ રાખે ને ? હું જાઉં છું.

અખો : (વિચારમાં લીન) કંઈ આછું ના આણતી, જમના ! આવજે હં !

(જમના જાય છે)

માટીના માળખામાં આટલો બધો પ્રપંચ, એમ ? માનવમાત્રને માયાનાં બંધન છે, એમ ? મારી બેન જેવી આ બેન, જેને મેં બેન કરતાં પણ અધિક ગણી એને પણ મારામાં વિશ્વાસ નહિ ? પાંચ-પાંચ વર્ષ આટલી નિમકહલાલ સેવા બજાવી તોયે સૂબેદારના મનમાં મારે માટે અવિશ્વાસ આવ્યો ! હેં.... હો... ! માનવજીવન કેટલું સડેલું છે ! માયાનાં આવરણ કેવાં લાલ-પીળાં દેખાડે છે !

જગતના આદિકાળથી જન્મેલી ઓ માયાનટી ! ખરેખર, તારાં અટપટાં આવરણોમાં સઘળાં ગુલામ છે. તારી ઈન્દ્રજાળ-વિદ્યા, તારા તરેહવાર વેષરંગ, તારી ચિત્રવિચિત્ર પ્રપંચલીલા, તારી કૂવા પરના ચક્કર જેવી ગતિ, તારું ચંચળ ચાતુર્ય, એ સર્વ વડે તું માનવજાતને મર્કટ માફક નચવી રહી છે ! સોનું ઘડ્યું ત્યારે આ આળ આવ્યાં ને ! - મારે નથી કરવો એ ધંધો, આ સાણસી, ચીપિયો, ભૂંગળી બધું લાવ નાખું કૂવામાં કે થાય નિરાંત.

(...ઘરાક આવે છે)

લાલદાસ : અખેભાઈ !

અખો : આવો શેઠ ! કેમ, કંઈ બહુ રોકાણા ?

લાલદાસ : નાકે એક ભજનમંડળી આવી હતી ત્યાં જરા સાંભળવા ઊભો રહ્યો.

અખો : ઠીક ઠીક. લ્યો, આ તમારાં કડાં, ક્યાંક બીજે કરાવી લેજો, લ્યો તોળી લો તમારું સોનું.

શેઠ ! સોનીનો ધંધો હવે નહિ કરવાનો મેં નિશ્ચય કર્યો છે. બહુ રળ્યા. બહુ કમાયા, બહુ આપણું ગણ્યું. બધાં વલખાં છે... આ બધાં ફાંફાં છે.

(અખો આંટા મારતો જાય છે.)

લાલદાસ : પણ અખેદાસ ! આ શું કરો છો ? જરા બેસીને વાત તો કરો ! અકળવકળ કેમ ફરો છો ?

અખો : ''આ મહા વલગણી માયા પાપણી, જેમ સેવીએ તેમ ડસે સાપણીઃ
રંગઢંગ માયામાં ઘણાં, સૌ કોઈ સેવક છે માયા તણા.
સર્વ મંત્ર ઔષધ ઉપચાર, જાગ્યો હવે હું, ટળ્યો સંસાર.''

લ્યો આ - લાલદાસ શેઠ ! મારા તમે અસલ ઘરાક ને સ્નેહી સજ્જન છો. આટલું સુપરત કરું છું : આ ટીપ, ને આ ઘરેણાં. ટીપ ન ઊકલે તો પડખેથી બોલાવજો વિદ્યાધરને. એ ભણેલ છે. એણે આ લખેલ છે, સૌ સૌનું સોંપી દેજો. શેઠજી, મને તમારા ઉપર હજી વિશ્વાસ છે.

લાલદાસ : પણ આનો કંઈ અરથ ? અખેદાસ, ગાંડા થઈ ગયા છો કે શું ?

અખો : અને શેઠજી ! આ ઘર, માલમિલકત જે કાંઈ આમાંથી નીકળે તેની વ્યવસ્થા તમારે શિરે, ગમે તો બધું જમનાબેનને આપજો.

લાલદાસ : અખેદાસ ! અખેદાસ !

અખો : હવે અખેદાસ ઈશ્વરરૂપી જહાજે ચડ્યો.

(અખો અંદર જાય છે.)

(દૂરથી એક ભજનમંડળી ગાતી-ગાતી આવતી સંભળાય છે.

'વૈષ્ણવજન....' ની ધૂન સંભળાવા માંડે છે)

અખો : (બહાર આવી) શેઠ ! અહીંથી ઊઠ્યા છો તો ઈશ્વરના સોગન. તમે જમનાબેનને પણ હમણાં કશું કહેશો નહિ.

(ભજનમંડળીનો અવાજ સ્પષ્ટ રીતે આવે છે, તે બંને સાંભળી રહે છે.)

અખો : (મોટેથી) લાલદાસ શેઠ ! જય જય !

વૈષ્ણવજન તો તેને કહીએ ......

(સહુ અવાજ ભેળો ગાતો-ગાતો અખો ચાલ્યો જાય છે.)

('અખો, વરવહુ અને બીજાં નાટકો'માંથી)

## શબ્દસમજૂતી

**ટંકશાળ** ચલણી સિક્કા પાડવાનું કારખાનું **આપીકી** પોતાની **તોલો** ૧૦ ગ્રામથી સહેજ વધુ **ફરમાન** હુકમ **ખરીતો** સરકારી કાગળિયાંનો થેલો, (અહીં) સરકારી કાગળવાળું પરબીડિયું **ધોકા** ધોખો, દગો **વાલમાંથી રતી** એક ચણોઠી જેટલું વજન તે રતી, ત્રણ ચણોઠી જેટલું વજન તે વાલ, (અહીં) થોડામાંથી પણ થોડું એ અર્થમાં **સૂબેદાર** સિપાઈઓની નાની ટુકડીનો અમલદાર **ઈન્દ્રજાળ વિદ્યા** છેતરપિંડી કરનારી જાદુવિદ્યા **કરસણી...ઉગાડે** ખેડૂત મોલ પકવે **સોનામખી** સોનામુખી, એક વનસ્પતિ **ઈશ્વર...ચડ્યો** સંસારરૂપી સાગર તરવા માટે ઈશ્વરરૂપી વહાણ પર ચડવું, એટલે કે ઈશ્વરભક્તિ વહાણ પર ચડવું, એટલે કે ઈશ્વરભક્તિ સ્વીકારવી તે.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) અખાએ જમનાને શા માટે કંઠી ઘડી આપી ?

(2) ટંકશાળના કામ અંગે અખા પર કયું આળ આવ્યું ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો.**

(1) જમનાને અખા પર શો અવિશ્વાસ આવ્યો ?

(2) બાદશાહના ફરમાનથી કચેરીમાં જતી વખતે આખો શા માટે નિર્ભય છે ?

**3. સવિસ્તર ઉત્તર લખો.**

(1) અખો શા માટે સંસારત્યાગ કરે છે ? એની મનઃસ્થિતિ જણાવો.

(2) અખો અને જમનાનું ચરિત્ર ચિત્રણ કરો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. અખાના જીવન વિષે માહિતી એકત્ર કરીને અંક તૈયાર કરવો.
2. ચં.ચી.મહેતાનું 'નર્મદ' પ્રહસન મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

'અખાનો સંસારત્યાગ' ચરિત્ર-નાટક' છે. દરેક પાત્રની પ્રકૃતિ, સ્વભાવ, રસ-રુચિ તેમજ બોલચાલની નિરાળી લઢણોને નાટ્યલેખકે કેવી આબાદ રીતે અભિવ્યકત કરી છે. તેની નોંધ કરો.

દા.ત. સિપાઈના સંવાદની ભાષા વાંચો :

''એક સિપાઈ : ટંકશાળ કે અમલદાર રહીઆદાસ સોની કુટુંબ કા અખેદાસ કો બાદશાહ સલામત કા ફરમાન હય.'

સિપાઈના સંવાદની, તેની બોલચાલની ભાષા, લઢણ અને એની સાથે સિપાઈના હાવભાવની કલ્પના પણ વાચક કરી શકે. જ્યારે આ નાટક ભજવાય ત્યારે સિપાઈનો આંગિક અભિનય પણ ભાવ કે ભાષાની સબળ અભિવ્યક્તિ બને છે.

## શિક્ષક પ્રવૃત્તિ

1. જ્ઞાની કવિ અખાની વિકાસયાત્રાની ચર્ચા વર્ગમાં સવિસ્તર કરો.
2. અખાના છપ્પાના સંદર્ભમાં 'અખાના સંસાર ત્યાગ'ની મૂલવણી કરો-ચર્ચા કરો.

●

# વિરામચિહ્નો અને સંયોજકો

**1. વિરામ ચિહ્નો :**

વિરામચિહ્નો વિશે તમે અગાઉનાં ધોરણોમાં ભણી ગયાં છો. વિરામચિહ્નો એ વાંચતી વખતે માત્ર અટકવા માટેની નિશાનીઓ જ નથી, પણ વાચનમાં આરોહ-અવરોહ, કાકુ, લય વગેરે વિરામચિહ્નો દ્વારા લાવી શકાય છે. વિરામચિહ્નોની સંખ્યા ઘણી મોટી છે, પણ સૌથી વધારે વપરાતાં ચિહ્નો પૂર્ણવિરામ, અલ્પવિરામ, પ્રશ્નચિહ્ન, ઉદ્ગારચિહ્ન, અવતરણચિહ્ન, ગુરુવિરામ, અર્ધવિરામ, લઘુરેખા વગેરે છે.

આ વિરામચિહ્નો વિશે તમે જાણો છો. જ્યારે તે વાક્યમાં પ્રયોજાય છે ત્યારે તેને સમજપૂર્વક, યોગ્ય રીતે વાચનમાં વણી શકો છો, પણ જ્યારે મૌલિક લેખન કરો છો ત્યારે તેનો યોગ્ય ઉપયોગ કરી શકો એ મહત્ત્વનું છે. ઘણી વખત આ ચિહ્નોના અયોગ્ય વપરાશને કારણે વાક્યનો ઈરાદો બદલાઈ જાય તેવું પણ બને છે. વિરામચિહ્નોનો બરાબર સમજપૂર્વક ઉપયોગ થાય તે મહત્ત્વની બાબત છે.

યાત્રાળુઓ નદી આગળ છે. (યાત્રાળુઓ ક્યાં છે ? નો જવાબ છે.)

યાત્રાળુઓ, નદી આગળ છે. (યાત્રાળુઓને સંબોધન કર્યું છે.)

યાત્રાળુઓ નદી આગળ છે ! (નવાઈ વ્યક્ત થઈ છે.)

યાત્રાળુઓ નદી આગળ છે ? (પૃચ્છા કરવામાં આવી છે.)

યાત્રાળુઓ, નદી આગળ છે ! (સંબોધન કરીને તેના આગળ નવાઈ વ્યક્ત થઈ છે.)

યાત્રાળુઓ, નદી આગળ છે ? (યાત્રાળુઓને પ્રશ્ન કર્યો છે.)

- આ બધાં જ વાક્યોમાં એક સરખા જ શબ્દો છે. માત્ર વિરામચિહ્નો જુદાં જુદાં છે. તમે આ ચિહ્નો સમજીને વાચન કરશો એટલે વાક્યનો ઈરાદો આપોઆપ સમજી શકાશે.

ઘણી વખત યોગ્ય જગ્યાએ વિરામચિહ્ન નહીં મૂકવાથી વાક્યનો ઈરાદો સંપૂર્ણ બદલાઈ જાય છે. જુઓ,

અહીં ગંદકી કરવી, નહીં કરનારને દંડ થશે.

- આ વાક્યમાં અલ્પવિરામ યોગ્ય સ્થાને નહીં મુકાવાને કારણે કહેવાનો અર્થ તદ્દન ઊલટો થઈ ગયો છે. વાસ્તવમાં,

અહીં ગંદકી કરવી નહીં, કરનારને દંડ થશે.

- હવે અલ્પવિરામ યોગ્ય જગ્યાએ આવવાથી વાક્ય સાચું બન્યું.

એ જ પ્રમાણે લખાણમાં ઘણી વખત બે શબ્દો વચ્ચે લઘુરેખા મૂકેલી હોય છે. તેનાથી એ બે શબ્દો વચ્ચેની સમાનતા કે એમના વચ્ચેનો વિરોધાભાસ સૂચવાય છે.

**ચડતી-પડતી** તો કોના જીવનમાં નથી આવતી ?

**સુખ-દુઃખ** એ એક સિક્કાની બે બાજુ જેવાં છે.

તેને ઉતાવળ હતી, માંડ **ચાર-પાંચ** મિનિટ તેણે વાત કરી.

**આવું-તેવું** ખાવાની ડૉક્ટરે તેને મનાઈ ફરમાવી છે.

બસ સ્ટેન્ડમાં **અવર-જવર** કરતી બસો ઊડતાં પંખી જેવી હોય છે.

તેને જમણા હાથે - પડી જવાને કારણે - વાગ્યું હતું.

આ વાક્યોમાં, તમારા ચિત્તમાં આવ્યું હશે કે, ચડતી-પડતી, સુખ-દુઃખ, અવર-જવર વગેરે વિરોધી શબ્દ જોડકાં છે. જ્યારે ચાર-પાંચ અને આવું-તેવું એ તદ્દન નજીકનો અર્થ ધરાવતાં શબ્દ જોડકાં છે. તો જમણા હાથે વાગ્યું હતું એટલું ટૂંકમાં કહેવાને બદલે 'પડી જવાને કારણે' એ વિવરણ ઉમેરવા માટે બંને બાજુ લઘુરેખા મૂકી છે. આ પ્રમાણે લઘુરેખાનો ઉપયોગ થાય છે.

દરેક વિરામચિહ્ન મૌલિક લખાણમાં તમે સાચી રીતે ઉપયોગમાં લઈ શકો એટલા માટે વાંચતી વખતે જ 'આ વિરામચિહ્ન અહીં શા માટે ?' તેવો વિચાર કરતાં કરતાં વાંચો એ જરૂરી છે. આ પ્રકારે વાચન કરવાથી તમે વિરામચિહ્નોના કાર્ય અને ઉપયોજનને ખૂબ જ સારી રીતે સમજી શકશો.

### સ્વાધ્યાય

1. 'આજે બુધવાર છે.' આ વાક્યને અંતે પ્રશ્નાર્થચિહ્ન, ઉદ્‌ગારચિહ્ન અને પૂર્ણવિરામ મૂકીને ફરી લખો. આ વિરામચિહ્નોને કારણે જે-તે વાક્યમાં કયો ભાવ સૂચવાય છે તે સમજાવો.
2. પાઠ્યપુસ્તકની કૃતિઓમાંથી અલગ-અલગ વિરામચિહ્નોનો ઉપયોગ થયો હોય તેવાં દસ વાક્યો શોધીને લખો અને વિરામચિહ્નોના ઉપયોગને સમજો.

### 2. સંયોજક

બે શબ્દો, બે વાક્યખંડો કે બે વાક્યોને જોડનાર પદ (અવ્યય)ને સંયોજક કહેવાય છે.

ભરત **અને** લક્ષ્મણ

કપાસ **અથવા** બાજરી

ગુરુ **તથા** શિષ્ય

અહીં 'અને', 'અથવા', 'તથા' થી બે શબ્દોને જોડ્યા છે.

ભરતની ભક્તિ **અને** લક્ષ્મણની નિષ્ઠા

કપાસની વાવણી **અથવા** બાજરીની લણણી

ગુરુનો પ્રેમ **તથા** શિષ્યને આદર

અહીં બે વાક્યખંડોને સંયોજકોથી જોડવામાં આવ્યા છે.

- ખેડૂત હોય **તો** સારી ખેતી કરે.
- તારા ઉપર એવું તે કયું દુઃખ આવી પડ્યું **કે** તું આટલો ઉદાસીન રહે છે ?
- સોક્રેટીસે અદાલતમાં પોતાને વિશે **જે** બયાન આપ્યું હતું **તે** જગતના સાહિત્યમાં અમર થયું છે.
- થોડી વાર પછી સોક્રેટીસ જાગ્યો **એટલે** ક્રીટોએ બધી વાત એને સમજાવી.
- મને ઈંદોર જવાનો હુકમ હાથમાં પકડાવ્યો **ત્યારે** મહિનાની લગભગ આખરી તારીખો હતી.

- આ વાક્યોમાં ગાઢાં કરેલાં પદો એ સંયોજકો છે. તેના વડે બે વાક્યોને જોડવાનું કામ થયું છે. એમાં સંયોજકની આગળનું કે પાછળનું વાક્ય પૂરો અર્થ આપી શકતું નથી. એક વાક્ય બીજા વાક્ય ઉપર આધાર રાખીને રચાયું છે.

'અને', 'એટલે', 'તથા', 'તેથી', 'માટે', 'જો... તો...', 'જ્યારે... ત્યારે...', 'જે... તે...', 'કે', 'પછી', 'પણ', 'ને' વગેરે સંયોજકો છે.

સંયોજકોથી બે શબ્દો, વાક્યખંડો કે વાક્યો વચ્ચે રહેલા સંબંધનો ખ્યાલ આવે છે. જેથી અર્થગ્રહણ થવામાં ખૂબ જ સરળતા રહે છે.

### સ્વાધ્યાય

તમારા પાઠ્યપુસ્તકની ગદ્યકૃતિઓમાંથી સંયોજકનો ઉપયોગ થયો હોય તેવાં દસ વાક્યો શોધીને લખો અને સંયોજક પદને અધોરેખિત કરો.

•

# 9 હંકારી જા

સુન્દરમ્

(જન્મ : 22-03-1908; અવસાન : 13-01-1991)

કવિ, વાર્તાકાર, વિવેચક ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહારે 'સુન્દરમ્' ઉપનામ ધારણ કરીને સાહિત્યસર્જન કર્યું છે. ભરૂચ જિલ્લાનું મિયાંમાતર એમનું વતન. પ્રારંભે અભ્યાસ અને વ્યવસાય અર્થે અમદાવાદમાં રહેલા. 1945થી અવસાન સુધી યોગસાધના માટે પોંડીચેરીના અરવિંદાશ્રમમાં રહેલા, ગાંધીયુગના પ્રમુખ કવિ ટૂંકીવાર્તા ક્ષેત્રે પણ એમનું પ્રદાન નોંધપાત્ર છે. વિવેચન, નાટક, પ્રવાસ, નિબંધ અને અનુવાદક્ષેત્રે પણ એમણે કાર્ય કર્યું છે. 'કાવ્યમંગલા', 'કોયા ભગતની કડવી વાણી' અને 'ગરીબોનાં ગીતો, 'વસુધા', 'રંગરંગ વાદળિયાં' 'યાત્રા', 'વરદા', 'મુદિતા', 'ઉત્કંઠા', એમના કાવ્યસંગ્રહો છે. 'હીરાકણી અને બીજી વાતો !', 'ખોલકી અને નાગરિકા', 'પ્યાસી', 'ઉન્નયન', 'તારિણી' એમના જાણીતા વાર્તાસંગ્રહો છે. 'અર્વાચીન કવિતા' તથા 'અવલોકના' વિવેચનસંગ્રહો છે. 'દક્ષિણાયન' નામનો પ્રવાસગ્રંથ ઉલ્લેખનીય છે. પ્રકૃતિ અને પરમતત્ત્વની આરાધના એમની કવિતામાં કેન્દ્રસ્થાને છે. તેમને જે રણજિતરામ સુવર્ણચંદ્રક, મહીડા પારિતોષિક, નર્મદ સુવર્ણચંદ્રક, સાહિત્ય અકાદમી, દિલ્હીનો આદિ વિવિધ પુરસ્કાર પ્રાપ્ત થયા છે.

આ રચનામાં પ્રભુદર્શનની તીવ્ર ઝંખના સેવતા ભક્ત હૃદયની ઉત્સુક્તા અતિ લાઘવ સાથે રજૂ થઈ છે. ભક્ત હૃદય ભૂખી શબરી જેવું છે. શબરી રામદર્શનની ભૂખી હતી. બોર અર્પણ કરીને એણે દર્શનની ક્ષુધા સંતોષી ભોગને ત્યાગી યોગને પામી. આ સંસારસાગરને ઘાટે અહંના દોરડાથી આ ક્ષુદ્ર અસ્તિત્વની નૌકા બંધાયેલી છે. કવિને ઘાટથી સંતોષ નથી, એમને કિનારાથી છૂટી સાગરના સેરે હિલોળવું છે, પરમતત્ત્વને પામવું છે. એટલે જ કવિ મનના માલિક એવા બંસીધરને કિનારે લાંગરેલી હોડીને સાગરના સેરે ઉતારી જવા વિનવે છે.

---

મારી બંસીમાં બોલ બે વાગાડી તું જા,
મારી વીણાની વાણી જગાડી તું જા.
ઝંઝાનાં ઝાંઝરને પહેરી પધાર પિયા.
        કામનાં કમાડ મારાં ઢંઢોળી જા.
પોઢેલી પાંપણના પડદા ઉપાડી જરા
સોનેરી સોણલું બતાડી તું જા. મારી.
સૂની સરિતાને તીર પહેરી પીતાંબરી,
        દિલનો દડૂલો રમાડી તું જા,
ભૂખી શબરીનાં બોર બેએક આરોગી,
જનમભૂખીને જમાડી તું જા, મારી.
ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
        સાગરની સેરે ઉતારી તું જા,
મનના માલિક તારી મોજના હલેસે,
        ફાવે ત્યાં એને હંકારી તું જા, મારી.

## શબ્દસમજૂતી

ઝંઝા પવન સાથે પડતો વરસાદ **પિયા** પતિ (અહીં) ઈશ્વર **પીતાંબરી** પીળું અબોટિયું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) કવિ કોની વાણી જગાડવાની વાત કરે છે ?

(2) કવિ ઈશ્વરને કેવી રીતે પધારવાનું કહે છે ?

(3) સોનેરી સપનું ક્યારે જોઈ શકાય ?

(4) 'સૂની સરિતા' એટલે શું ?

(5) મનના માલિકને કવિ શું કહે છે ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

(1) શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે ?

(2) 'હોડી' અને 'સંસાર'નાં પ્રતીકો સ્પષ્ટ કરો.

**3. સવિસ્તર ઉત્તર લખો.**

(1) 'હંકારી જા' કાવ્યનો કેન્દ્રવર્તીભાવ સ્પષ્ટ કરો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. પ્રભુભક્તિનાં અન્ય કાવ્યો મેળવી વાંચો.
2. પ્રાર્થનાગીતોનું સંકલન કરી દરરોજ પ્રાર્થનાસભામાં એક-એક પ્રાર્થના ગાવ.

## ભાષા-અભિવ્યક્તિ

આ પ્રાર્થનાગીતમાં ભક્ત ભગવાનને જુદા જુદા ક્રિયારૂપોનો સહારો લઈને પોતાની સ્થિતિને ગતિમાં ફેરવવાની યાચના કરે છે. આ ક્રિયારૂપો નોંધો.

'વગાડવું', 'જગાડવું', 'પધારવું', 'ઢંઢોળવું', 'ઉપાડવું', 'બતાવવું', 'આરોગવું', 'વછોડવું', 'ઉતારવું', 'હંકારવું'.

હવે તમે આ બધાં ગતિસ્વરૂપ ક્રિયારૂપોની સામે સ્થિતિરૂપ પરિસ્થિતિને મૂકો. દા.ત. બંધ, જગાડવું, સૂતું.

આમ, દરેક પંક્તિમાં રહેલ વર્ણાનુપ્રાસ નોંધો. 'પહેરી પીતાંબરી' અને 'હોડી વછોડી'નો નાદવૈભવ કાવ્યને રવાનુકારી બનાવવામાં મદદરૂપ બને છે. તેનો ખ્યાલ મેળવો.

## શિક્ષકપ્રવૃત્તિ

1. આ કાવ્યનું વર્ગખંડમાં સમૂહગાન કરાવો.
2. સુન્દરમ્નાં અન્ય કાવ્યો વિદ્યાર્થીઓને સંભળાવો.

•

# 10 જળનગરી વેનિસ

**મૃદુલાબહેન પ્ર. મહેતા**

(જન્મ : 25-12-1934; અવસાન : 11-08-1987)

સાહિત્ય, સૌંદર્ય, ઈતિહાસ તેમજ રાજનીતિનાં ચાહક ને અભ્યાસી એવાં શ્રી મૃદુલાબહેન પ્રવીણચંદ્ર મહેતાનો જન્મ પૂર્વ આફ્રિકામાં થયો હતો. તેમના પિતા શિક્ષક હતા. શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં મેળવ્યું. સિનિયર કેમ્બ્રિજ સુધી નૈરોબીમાં અભ્યાસ કર્યો. 1955માં ભારત આવ્યાં. ગાંધીવિચારને સમર્પિત જીવન. રવિશંકર મહારાજ અને પંડિત સુખલાલજીના સંપર્કમાં રહ્યાં. લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. ગ્રામ દક્ષિણામૂર્તિ મણારમાં લોકશાળાના આચાર્ય પતિ પ્રવીણભાઈ મહેતા સાથે 24 વર્ષ સુધી શિક્ષક અને ગૃહમાતા તરીકે કામ કર્યું. દર્શકના સહવાસે એમની તેજસ્વી બુદ્ધિમત્તાને જ્ઞાન અને સૌંદર્યદષ્ટિનો પુટ ચડાવ્યો.

મૃદુલાબહેને પંડિત સુખલાલજી તથા રવિશંકર મહારાજના ચરિત્રલેખો 'બે પુણ્યશ્લોક પુરુષો' પુસ્તકરૂપે પ્રગટ કર્યા. જ્યોર્જ વોશિંગ્ટન કાર્વરની જીવનકથા 'દેવદૂત' નામે, ફેરફિલ્ડ ઓસ્બોનના ગ્રંથ 'અવર પ્લેડર્સ પ્લેનેટ'નો 'આપણી લૂંટાતી ધરતી' નામે અનુવાદ આપ્યા. 'બર્ટ્રાંડ રસેલના વાર્તાલાપો, ડી.એસ. શર્માના પુસ્તકનો 'હિન્દુધર્મની વિકાસયાત્રા'ના નામે અનુવાદ પણ એમનાં નોંધપાત્ર પ્રકાશનો છે. અનુવાદમાં મૂળ વિચારને, ગુજરાતીમાં પ્રવાહી, સરળ અને પ્રાસાદિક ગદ્યમાં ઉતાર્યા છે. 'ચેતોવિસ્તારની યાત્રા' અને 'પત્રતીર્થ' પુસ્તકોમાં તેમની ચેતના કેટલી વિશાળ હતી તે દર્શાવે છે. જિંદગી ટૂંકી પણ પુરુષાર્થ પૂરો એટલે ઊજળો હિસાબ તેમણે આપ્યો.

પ્રસ્તુત પ્રવાસ નિબંધમાં વેનિસના ભૌગોલિક સ્થાન - વિસ્તારનું રોચક વર્ણન તાજગી પ્રેરે તેવું છે. ત્યાંનાં સાઈકલ-સ્કૂટર-મોટર જેવાં સ્થળ વાહનોને સ્થાને સ્ટીમલોંચ, મોટર બોટને સવિશેષ તો કલામય ગંડોલા - નાની જળહોડી જેવાં જળવાહનોની જ બોલબાલા લેખિકાને સ્પર્શી ગઈ છે. ગંડોલા - ગ્રાન્ડ કેનાલ - રીઆલ્ટોબ્રિજનું અદ્‌ભુત - આહ્‌લાદક, રમણીય - સ્ફૂર્તિદાયક વર્ણન કોઈ પણ વાચક માટે મનહર - મનભર બની રહે છે. જે ઈટાલીના પ્રાણસમી, અપાર - સભર સ્થાપત્યથી મઢેલી આ જળનગરી વેનિસ કેવળ સ્થપતિ રસિક રસ્કિનની જ નહીં, કિન્તુ પાઠકની પણ પ્રિયતમા બની રહે છે. પરમ યાત્રાપ્રેમી રસિકા - શિક્ષિકા - લેખિકાનું સૂક્ષ્મ નિરીક્ષણ અત્યંત ભાવસમૃદ્ધ અને અનુભવસમૃદ્ધ બન્યું છે. જે આ પ્રવાસ નિબંધની આગવી - વિશિષ્ટ મુદ્રા ઉપસાવે છે. અંગ્રેજી ભાષા - સાહિત્યની અપાર પ્રીતિએ લેખિકાનો યુરોપીય સ્થાપત્ય અને કલા-સાહિત્યના અભ્યાસથી રસાયેલો જીવનરસ સર્વત્ર પમરાટ ફેલાવે છે, જેની સાહેદી 'ઑથેલો'ના વીરનાયક - અમરપ્રેમીના ચોટડૂક નિરૂપણમાંથી પામી શકાય છે. પરભાષાના પ્રભાવમાં આવીને સ્વભાષાની ઘોર ખોદનારા, એવા આપણા સૌ સાથે લેખિકાની અંગ્રેજીભાભીના તાતાતીર જેવા આકરા - અનુભૂત વેણને મૂલ્યની સાથે-સાથે સમગ્ર યુરોપીય પ્રજા-માનસની સ્વભાષાપ્રીતિની અચૂક નોંધ લેવી ઘટે તેમ છે.

---

ઈટાલીનું અને કદાચ જગતનું અનુપમ લાવણ્યભર્યું શહેર તે વેનિસ. જગતમાં આવી જળનગરી ભાગ્યે જ હશે. વેનિસના નામ સાથે કવિવર શેક્સપિયરનું 'મર્ચન્ટ ઑફ વેનિસ' તાદશ્ય થાય. શાયલોક, એન્ટોનિયો, બસાનિયોની રંગભૂમિના દર્શનની આતુરતા મનમાં જાગે. પાદુઆ પણ રસ્તામાં આવે અને પોર્શિયાના નમણા તેજસ્વી ચહેરાની યાદ આપતું જાય.

''The quality of mercy is not strained,
It droppeth as the gentle rain from heaven
Upon the place beneath : It is twice bless'd
It blessth him that gives and him that takes.''

મહાકવિ શેક્સપિયરની પોર્શિયાને મુખે બોલાયેલી આ અમર પંક્તિના પડઘા જાણે આપણા કાનને ભરી દે.

ટ્રેઈન આપણને સામે કાંઠે ઉતારે. ગ્રાંડ કેનાલમાં બીટ દ્વારા જ વેનિસ પર પગ મૂકી શકાય. મૂળ ભૂમિથી દૂર એડ્રિયાટિક સમુદ્રના 114 ટાપુઓ પર વસેલી આ નગરી અત્યંત મોહક છે. નાના નાના ટાપુઓ છે તેથી એક સ્થળેથી બીજે સ્થળે જવા જળમાર્ગો જ છે. સાઈકલ, સ્કૂટર, મોટર કશું જ વેનિસની ભૂમિને સ્પર્શે નહીં તેવો આશીર્વાદ છે. વાહનમાં ગંડોલા એક માત્ર. ગંડોલા એટલે સાંકડી પણ સુંદર ઘાટની કલામય હોડીઓ. જોકે, શ્રીનગરમાં દાલ સરોવરમાં ફરતી હોડીઓ વધારે સગવડવાળી અને કલામય હોય છે. ગ્રાંડ કેનાલમાં સ્ટીમલોંચ, મોટરબોટ ચાલે પણ અંદરના જળમાર્ગમાં તો માત્ર ગંડોલા જ જઈ-આવી શકે. તે ઠેર ઠેર મળે અને

મોજીલા નાવિકો ગાતા હસાવતા મુસાફરી કરાવે. ઈટાલિયન મુસાફરો પણ સંગીતના શોખીન. ગાનારા નીકળે તેમ સરસ વાદ્યો વગાડનારા પણ નીકળે. નૈનીતાલમાં અમે સરોવરની સફરમાં એક બંગાળી કુટુંબને આ રીતે ગાતું-ગજાવતું સાંભળ્યું હતું. અહીં અનેક ગંડોલામાં તે સંભળાય.

ગંડોલાની મુસાફરી માટે સહેલાણીઓ પુષ્કળ દામ ખર્ચે. રાત્રે આ ગંડોલાના નાવિકો અંતરને ઓગાળી દેતું મધુર સંગીત રેલાવે. જાણે વૃંદાવનમાં વાગતી વેણુનો નાદ. આજેય ચાંદની રાતે ટેકરી પર કે કોઈ વૃક્ષની ઘટામાંથી આવતા વાંસળીના સૂરો આપણા હૈયાને થનગનાવે છે તેમ આ ગંડોલામાંથી આવતા સંગીતના સૂરો મદમસ્ત વેનિસ નગરીને ઘેરી વળે.

રાત્રે વિવિધ રંગોની લાઈટોના પ્રકાશનું પ્રતિબિંબ ગ્રાંડ કેનાલને મુગ્ધ શીતળ શોભાથી ભરી દે. વેનિસને કેડે શોભતી ઘુઘરિયાળા કંદોરા સમી આ કેનાલ, રાત્રે આંખને આંજી દેતા રંગબેરંગી માણેકના સાતસરા હાર સમી દીપી ઊઠે. તેની આ શોભા સાથે રેલાતા નિજાનંદમસ્ત સંગીતના સૂરો, ઈંદ્રલોકની યાદ અપાવે. પ્રભાતનાં સુવર્ણકિરણો પણ વેનિસને અપૂર્વ શોભા આપે. ઘડીભર વેનિસ સુવર્ણનગરી સમી ઝળહળી ઊઠે. ફરતા સમુદ્ર પર રેલાતો સૂર્યનો લખલખાટ, નાનાંમોટાં મોજાંઓ પરથી સરકતી હોડીઓ અને હવાની ગુલાબી તાજગી આપણાં અંતરમનને અદ્ભુત આનંદથી ડોલાવી દે, ગાઢ વૃક્ષો પર સૂર્યપ્રકાશની રોશની લીલાં પર્ણો પર વરસેલી સુવર્ણરજ સમી લાગે. દૂર દૂર આવેલા બેટો પર સહેલાણીઓનો પ્રવાહ વહેતો હોય. અમે એક બેટ પર ગયેલાં. ઊગતા સૂર્યપ્રકાશમાં સમુદ્ર પરની સફર એવી આહ્લાદક અને સ્ફૂર્તિદાયક હતી કે માર્કોપોલોનું સ્મરણ થયા વગર ન રહે. વેનિસના આ સમુદ્રમાં જ જાણે જગત-પ્રવાસનું આહ્વાન સતત સંભળાય છે.

સ્થળ અને જળમાર્ગોની જેટલી રોચકતા છે તેટલી જ રોચકતા વેનિસના સ્થાપત્યની છે. આખું વેનિસ સ્થાપત્યકલાના અત્યંત સુંદર અને અદ્ભુત નમૂનાથી ભરપૂર છે. એક જુઓ અને એક ભૂલો, એટલે જ રસ્કિન જેવા સ્થાપત્યકલાના ચાહક નિષ્ણાતે ત્યાં વર્ષો ગાળી વેનિસની આ કળા પર અભ્યાસપૂર્ણ ગ્રંથ લખ્યો છે. આપણે રસ્કિનને 'Unto this Last' થી વધારે ઓળખીએ છીએ. યુરોપ એને સ્થાપત્ય-કલાના સ્વામી તરીકે વિશેષ ઓળખે છે. જગતને ભૂલી ગયો હોય તેમ રસ્કિને વર્ષો વેનિસની સ્થાપત્યકલા પાછળ ગાળેલાં તેથી વેનિસ તેની પ્રિયતમા છે તેમ મજાક થતી. પણ રસ્કિન જ નહીં, અનેક સાહિત્યસ્વામીઓ વેનિસના ચાહક હતા અને અનેક સાહિત્યકૃતિઓ વેનિસમાં લખાઈ છે તેમ યુરોપ કહે છે.

ઈટાલિયન ભાષામાં ચોકને 'પીઆત્ઝા' કહે છે. વેનિસનો સુપ્રસિદ્ધ ચોક સાન માર્કો પીઆત્ઝા તરીકે ઓળખાય છે. અંગ્રેજીમાં સાન માર્કો સ્કવેર કહે છે. ગ્રાંડ કેનાલના બાંધેલા ઓવારાથી થોડા અંદરના ભાગમાં આ સુંદર પીઆત્ઝા છે. આખો ચોક મોટી સફેદ લાદીથી જડેલો છે. ફરતાં સરસ બાંધણીનાં મકાનો, જ્યાં દુકાનો-રેસ્ટોરાં બહાર રંગબેરંગી ખુરશી-ટેબલની જમાવટ, સંગીતની મહેફિલ જામી હોય અને લોકો ચા, કૉફી, નાસ્તો, આઈસક્રીમની લિજ્જત માણતા હોય. જોકે ચા અહીં સારી ન મળે. ચા ઈંગ્લાંડની, કૉફી યુરોપની અને આઈસક્રીમ ઈટલી અને સ્વિટ્ઝરલેંડના. તેમાંય ઈટલીના આઈસક્રીમની તોલે કોઈ ન આવે. સ્વિટ્ઝરલેંડ મશહૂર ચોકલેટ માટે.

ચોકમાં વચ્ચે એક ઊંચો સ્તંભ છે. એની આસપાસ પુષ્કળ કબૂતરો આવે. બાળકોનું મોટું આકર્ષણ આ. ચણ નાખે, કબૂતરો નિર્ભયપણે આવે, ચણે. હાથમાંથી પણ ચણે. ખભે બેસે. યુરોપમાં પંખીઓ બહુ ઓછાં જોવા મળે. મારી ભાભી કહે, ''આખો દહાડો 'વેંગ વેંગ' કરીને પંખીઓનો કચ્ચરઘાણ વાળી નાખ્યો છે.'' માંસાહારી પ્રજા અને બંદૂક સુલભ એટલે પક્ષીહીન પ્રદેશમાં આ કબૂતરોની વિપુલતા સૌને મનોહર લાગે.

સામે જ છે સાન માર્કોનું ભવ્ય દેવળ - આગલો ભાગ સુંદર શિલ્પ અને કોતરણીથી સજાવેલો છે. હમણાં દોડશે તેવા સજીવ લાગતા ચાર ઘોડાઓ સૌને સત્કારતા ઊભા છે. મધ્યમાં ચાર અર્ધગોળાકારમાં સરસ મોઝેઈક ચિત્રો છે જે સૂર્યપ્રકાશમાં તેના સોનેરી રંગને લીધે દેદીપ્યમાન લાગે છે. અંદર તો આશ્ચર્યમુગ્ધ થઈ જઈએ છીએ. આખી ઉપલી છતથી અડધી દીવાલ સોનેરી મોઝેઈકથી જડી છે અને વચ્ચે વચ્ચે પુષ્કળ ભાવવાહી ચિત્રો મોઝેઈકમાં જ ઉપસાવેલાં છે. અદ્ભુત કલામંડિત આ છત કલાકો સુધી જોઈએ તો પણ જોવાઈ ન રહે તેટલી વિશાળ અને આકર્ષક છે. સરસ મીનાકારી ઘરેણાં સમી આ છત શોભે છે.

સાન માર્કોની બાજુમાં એક મકાન ઉપર મોટો તોતિંગ ઘંટ છે. પડખે બે માનવ આકૃતિ છે જેને મૂર કહે છે. આ બંને મૂર દરેક કલાકે ઘંટારવ કરે છે. બરાબર સાતને ટકોરે અમે તેમને સાત ટકોરા હથોડા વડે પાડતા જોયા.

બહાર નીકળ્યાં કે એક ભારતીય કુટુંબ દેખાયું. રાજી થઈ ગયાં. તેમણે પણ રાજી થઈને હાથ મિલાવ્યા. કેરલનાં હતાં. ગંડોલામાં દૂરથી એક ગુજરાતી કુટુંબે હાથ હલાવ્યા, 'કેમ છો ? ફરવા આવ્યા ? ભારતથી ? તમે ?' ઘણે વખતે માતૃભાષાના આ શબ્દોની આપલે સાંભળી કેવો હર્ષ થયો તે શું કહેવું ? પિયરનું કૂતરું મળે તોય રાજી થઈ જાય, તે કહેવત સાંભરી ગઈ.

સાન માર્કો નજીક જ છે ડોજીસ પેલેસ. સ્થાપત્યકલાનો અત્યંત કમનીય મોહક નમૂનો. ઉપરની કાંગરી, બે માળ વચ્ચેની કમાનો અને આખી દીવાલ પરની કોતરણી એટલી બધી નાજુક અને કલામય છે. બારીક કારીગરીની લેસ સાથે તેને સરખાવાય છે. આ મહેલમાં મધ્યયુગનાં પુષ્કળ સરસ ચિત્રો છે. 40 x 25 કે 28ની સોનેરી કલાત્મક ફ્રેઈમમાં મઢેલાં ચિત્રો, છતમાં હોવા તે નવી વાત લાગે, પણ યુરોપમાં બધાં જ સંગ્રહાલયોમાં આ જોવા મળે. ચિત્રોના રંગો જાણે હમણાં જ રંગાયા હોય તેવા સરસ ચમકતા. ટીશોં, ટીન્ટોરેટો અને વેરોનીઝી પ્રખ્યાત ચિત્રકારો ગણાય છે. મધ્યયુગીન ચિત્રોમાં ચાલીસ ટકા ઈસુ અને બાઈબલની સુવાર્તાનાં, પણ સાથે જ બીજા ચાલીસ ટકા યુદ્ધનાં, ''અહો, જનોની, ચિર યુદ્ધશ્રદ્ધા''ની પંક્તિ યાદ આવ્યા વગર ન રહે. ડોજીસ પેલેસમાં એટલાં ચિત્રો છે, એવાં સુંદર છે કે તે નિરાંતે માણવા અઠવાડિયું જોઈએ. આપણે તો બે કલાકમાં નીકળી જવું પડે. ચિત્રોને અને ચિત્રકારોને અન્યાય કરીએ છીએ, તેમ થાય ! પણ એક રાત રહેવાના - માત્ર સૂવાના 300 રૂપિયા ખર્ચવા પડે ત્યાં વધારે રહેવું કેમ ?

ઈટાલી કલાભૂમિ છે. શિલ્પ, સ્થાપત્ય, સંગીત અને ચિત્રકામમાં તેની પાસે વિપુલ સંપત્તિ છે. વેનિસમાં ઠેકઠેકાણે અમે ચિત્રકારો જોયા. પોટ્રેઈટ પેઈન્ટિંગનો ભરપૂર શોખ. સામે બેસીને પોતાનો સ્કેચ દોરાવનારા ઘણા હતા. એક સુંદર લાવણ્યમયી યુવતીનો આવો સ્કેચ અડધા-પોણા કલાકમાં દોરાતો અમે જોયો. આ લાવણ્યમયી યુવતીને જોતાં ડેસ્ડેમોનાનું સ્મરણ થયું. આમેય વેનિસ ડેસ્ડેમોના અને ઓથેલોની પ્રણયભૂમિ. મહાકવિ શેક્સ્પિયરની આ અમર શોકાંતિકાનો અંત સાયપ્રસમાં છે, પણ પ્રારંભ અને પ્રણયભૂમિ વેનિસ છે. અચાનક એક વાર મુંબઈમાં ઓથેલો ફિલ્મ જોવાની તક મળી ગઈ હતી. તેનાં ભાવવાહી દૃશ્યો એક પછી એક મનઃચક્ષુ સમક્ષ ઊભરાવા લાગ્યાં. શંકાનું વાદળ ઊભું કરતો ઈયાગો ! તેના જેવું ક્રૂર ખલપાત્ર જગત-સાહિત્યમાં કદાચ બીજું નહીં હોય ! છેલ્લે રૂમાલની સાબિતી પર શંકા દૃઢ થતાં ઓથેલોના પ્રણયભીના અંતરમાં તુમુલ ઘમસાણ મચે છે ત્યારે, પ્રતીકરૂપે પ્રચંડ સમુદ્ર-તાંડવ મૂકી ફિલ્મી કલાકારોએ અદ્‌ભુત સૂઝ દાખવી છે. તે દૃશ્ય ભૂલ્યું ભુલાય નહીં તેવું છે. ઑથેલો જેવો વીર, થોડીક ગફલત અને થોડીક ઉતાવળમાં હરણી જેવી નિર્દોષ પવિત્ર અને રૂપરૂપના અંબાર સમી ડેસ્ડેમોનાની ક્રૂર હત્યા કરી બેસે છે. પણ છેવટ તેને આપણું અંતર માફ કરે છે. કારણ તેને સત્ય સમજાય છે ત્યારે તે ત્વરિત પોતાનું પણ બલિદાન આપે છે. ખંજર હુલાવી તે ડેસ્ડેમોનાના શબ પર જ ઢળી પડે છે ત્યારે ઓથેલો ક્રૂર હત્યારો મટી અમર પ્રેમી બની જાય છે. તે કરુણાંત કથાનું પરમ સાફલ્ય આપણા અંતરને હલાવી જાય છે. વેનિસની શેરીઓમાં શોક અને પશ્ચાત્તાપઘેરા ઓથેલોના અંતિમ શબ્દો જાણે પડઘાય છે :

Of one that love'd not wisely, but too well,

Of one not easily jealous, but being wrought,

Perplexed in the extreme, of one whose hand

Like the base Judean, threw a pearl away...

Threw a pearl away... એ શબ્દો વાગોળતાં અને ઓથેલોના નિઃશ્વાસ સાથે અમારો નિઃશ્વાસ ભેળવતાં અમે રીઆલ્ટો બ્રિજ પહોંચ્યાં. શેક્સપિયરે આનું વર્ણન કર્યું છે. આ પુલ પરથી ગ્રાંડ કેનાલ પરનાં બંને તરફનાં મકાનો સુંદર રીતે દેખાય છે. જુદી જુદી બાંધણીનાં રૂપાળાં મકાનો છટાથી પાણીમાં ઊભાં છે. શી એમની છટા ! બાંધણી એવી મોહક ! એક જુઓ ને એક ભૂલો. એકબીજાથી ચડિયાતાં જ લાગે. જાણે મયદાનવ જેવા અનેક સ્થપતિઓ અહીં સ્પર્ધા માંડી બેઠા હશે. ગ્રાંડ કેનાલ પરનાં બધાં જ મકાનો ભવ્ય છે. પણ વેનિસના બધા જળમાર્ગો પર સુંદર બાંધણીનાં મકાનો છટાથી પાણીમાં જ ખડાં હોય તેમ દેખાય. પ્રકાશમાં તેનાં પ્રતિબિંબ એક અનોખી શોભા રચે. તેનું સ્થાપત્ય, તેની જાહોજલાલી અને સુરુચિની સાહેદી છે. ભારે શ્રીમંત નગરી હશે તે સહેજે સમજાય. એક કાળે તે ગુલામો અને તેજાનાના જબરદસ્ત વેપારનું મથક હતું.

યુરોપની મોટા ભાગની મુસાફરી અમે મારા ભાઈ સાથે કરી પણ વેનિસ અમે એકલાં આવેલાં, તેથી અજાણ્યા દેશમાં ભાષાની મુસીબતનો ઠીક ઠીક અનુભવ થયો. જે હૉટલમાં રાત રહેવાની મારા ભાઈએ ગોઠવણ કરી હતી, તેનો માલિક અંગ્રેજીનો આંકડો ન સમજે અને અમે ઈટાલિયન ન સમજીએ ! યુરોપભરમાં અંગ્રેજી ભાષા સામે નફરત. ફ્રાંસમાં તો ખાસ, ઈંગ્લૅંડના વિરોધમાં જ આખા યુરોપમાં જમણા હાથે વાહનો ચાલે ! દરેક દેશ પોતાની ભાષાનો જ આગ્રહી, છતાં બીજી ભાષા જાણે તો ફ્રેંચ જાણે, અંગ્રેજી નહીં. માત્ર અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાના શ્રીમંત સહેલાણીઓની બોલબાલા - પૈસા કમાવાનું તે મોટું સાધન. તેથી ટૂરિસ્ટ મથકો પર ભાંગ્યુંતૂટ્યું અંગ્રેજી બોલનારા મળી રહે. ગાઈડ તો ચારપાંચ ભાષા બોલે.

હૉટલમાં હંમેશાં પાસપૉર્ટ માગે. નોંધીને પાછો આપે. ભાઈ સાથે હોય ત્યારે આ બધો વિધિ ભાઈ કરે. સામાન્ય રીતે પાસપૉર્ટ પાછો આપતા તેમ મેં જોયેલું. અહીં હૉટલ માલિકે પાસપૉર્ટ લઈ ટેબલના ખાનામાં મૂકી દીધો. અમે તે પાછો આપવા આગ્રહ રાખ્યો.

તેણે ના પાડી. કંઈક કહ્યું, પણ ભાષા તો અમે એકબીજાની સમજીએ નહીં. ઘડીક મૂંઝાણાં. હૉટલની રકમ ભરી હતી તે રસીદ તેણે લઈ લીધી અને પાસપોર્ટ લઈ લીધા. અજાણ્યા મુલકમાં બન્ને આધાર ગયા ! પાછા ફરીએ અને તે કહે, ''કોણ તમે ? અહીં રહેવા અંગે શો આધાર છે તમારી પાસે ?'' તો અમે શું કહી શકીએ તેવો વિચાર આવતાં ગભરાયાં. પણ તેને તો કશું સમજાવાય તેમ હતું નહીં. મૂંઝવણ સાથે ઓરડામાં જઈ, તૈયાર થઈ જમવા ગયાં. એટલું સારું હતું કે આ હૉટલ અમેરિકન એક્સ્પ્રેસ દ્વારા બુક કરી હતી તે વિગત મારા ભાઈએ મને કહેલી. જમીને તેની ઓફિસ શોધી કાઢી અને કાઉન્ટર પરની બહેનને અમે વાત કરી.

તેણે કહ્યું, ''હરકત નહીં, કશી મુસીબત નહીં થાય. થાય તો અહીં આવજો, અગર ફોન કરજો.'' કહી ફોન નંબર આપ્યો. અમે જરા હળવાશ અનુભવી. જોકે મનમાં ચિંતા તો બીજે દિવસે સવારે પાસપૉર્ટ પાછા મળ્યા ત્યાં સુધી રહી.

દુર્ભાગ્યે હૉટલ અંદરના ખૂણામાં હતી. આવતી વખતે અમે ચીવટપૂર્વક રસ્તો ધ્યાનમાં રાખ્યો હતો. મુખ્ય રસ્તા પરથી અંદરના ભાગમાં જ્યાં વળવાનું હતું ત્યાં નજીકમાં જ એક પ્રદર્શન હતું અને તેના નામનું તોરણ હતું. અમે તે નિશાની ધ્યાનમાં રાખેલી. રાત્રે મોડે સુધી ફરી, ગ્રાંડ કેનાલમાં દીવાઓના પડતા પ્રતિબિંબની અનોખી રંગછટા નિહાળી અમે પાછાં ફર્યાં અને અમારું તે નિશાન શોધતાં આગળ વધ્યાં. કંઈ કેટલુંય ચાલ્યાં. નિશાન મળે જ નહીં. મૂંઝાયાં. આટલે બધે દૂર તો ન હતું. પાછાં ફર્યાં. પાછળથી ખબર પડી કે પ્રદર્શન ઉઠાવાઈ ગયું છે એટલે નિશાની ગાયબ છે ! બેચાર જણને પૂછ્યું, ભાષા સમજે નહીં. સ્થળની ખબર ન હોય. ડોકું ધુણાવે. હવે અમારી ગભરામણ વધવા માંડી. સારી પેઠ મોડું થયું હતું. કશું સૂઝતું ન હતું. ખૂબ રખડ્યાં. અનેકને વીનવ્યા. થાકીને લોથ થયાં. છેવટે એક બહેને કેટલુંય વર્ણન કર્યું. પણ અમારે તો તુંબડીમાં કાંકરા ! પછી વળી તેણે કાગળ પર લીટીઓ દોરી. અજાણ્યા મુસાફરો માટે આટલી તસ્દી લેનાર બહેનનું પ્રેમાળ મુખ સદા યાદ રહેશે. તેણે જે કંઈ દોરી બતાવ્યું તે પરથી અડધું સમજ્યાં, નીકળ્યાં. થોડે ગયાં ત્યાં વળી અટક્યાં. હું તો રડવા જેવી થઈ ગઈ. રસ્તા બધા સૂના થવા લાગ્યા હતા. ટાઢ કહે મારું કામ. ભારતમાં તો કોઈના ઓટલા પર પણ પડ્યા રહેવાય. અહીં તો શીંગડું થઈ જવાય. પ્રવીણભાઈ હિંમત આપે પણ મારા ટાંટિયા ધ્રૂજે. એવાં ગૂંચવાઈ ગયેલાં કે છેલ્લે હૉટલ પાસે જ આવી ગયાં તો પણ ધ્યાન ન ગયું. એક ભાઈને ઍડ્રેસ આપી પૂછવા માંડ્યું તો તેણે સરસ નાટકીય ઢબે સામે જ લખેલું નામ બતાવ્યું. હસી પડ્યાં. અને તે પણ શુભરાત્રિ પાઠવતો હસતો હસતો ચાલ્યો ગયો.

પાછા ફરતાં અમે થોડાં ફળ ખરીદવા ગયાં. લારીવાળાને મેં પૂછ્યું, ''અંગ્રેજી જાણો છો ?''

તેણે સરસ જવાબ આપ્યો, ''તું ઈટાલિયન જાણે છે ? તું ઈટાલિયન બોલ તો હું અંગ્રેજી બોલું.''

આટલું ભાંગ્યુંતૂટ્યું અંગ્રેજી તે જાણતો હતો. પણ બોલવા રાજી ન હતો. પોતાની માતૃભાષાનું તેને કેટલું ગૌરવ છે ! આપણે તો મુંબઈ, દિલ્હી અને અમદાવાદ જેવાં શહેરોમાં ગુજરાતી, ગુજરાતી સાથે પણ અંગ્રેજીમાં વાત કરવામાં ગૌરવ માને. ગુજરાતી બોલનારા બોલતાં બોલતાં કેટલાય શબ્દો અંગ્રેજી બોલે તો જ સાચી અભિવ્યક્તિ થાય તેવું માને !!

યુરોપ જ નહીં. આફ્રિકામાં પણ અમને આવો જ અનુભવ થયેલો. સ્ટીમરમાંથી ઊતરીએ તે પહેલાં જ પાસપૉર્ટ જોનાર અધિકારીએ કહ્યું, ''લે, તું તો કેનિયામાં જ જન્મી છે. તો તને સ્વાહીલી નથી આવડતું ?''

મેં કહ્યું, ''આવડે છે ને !''

''તો મારી સાથે અંગ્રેજીમાં કેમ બોલે છે ? સ્વાહીલીમાં બોલ. આ તારા પતિને સ્વાહીલી શીખવ્યું કે નહીં ?''

હું હસી. તેણે તરત જ પ્રવીણભાઈને કહ્યું, ''બે શબ્દ અહીંથી જ શીખતા જાઓ !'' જામ્બો (નમસ્તે) અસાન્ઢી સાના (ઘણો આભાર).

સ્વાહીલી માત્ર બોલી હતી. તેને રોમન લિપિ આપી અંગ્રેજોએ ભાષા તરીકે વિકસાવી. જંગલી દશામાંથી હજી ઊગીને ઊભા થતા દેશને, પોણોસો વર્ષ પહેલાં જેને ભાષા જ ન હતી, તેમને પણ પોતાની માતૃભાષાનું આટલું ગૌરવ હતું.

મારી અંગ્રેજ ભાભી મણાર આવી ત્યારે આઠમા ધોરણથી અંગ્રેજી ભણાવાય છે તે સાંભળી કહે, ''તમે છોકરાંઓનો અમૂલ્ય સમય અંગ્રેજી ભાષા પાછળ શા માટે બગાડો છો તે મને તો સમજાતું નથી. આ બધાંને અંગ્રેજીની શી જરૂર છે ?''

એક અંગ્રેજને પણ જે નિરર્થક લાગ્યું તે હવે પાંચમા ધોરણથી શરૂ કરવાનું છે !!

વેનિસથી મિલાન ટ્રેઈનરસ્તો ચારેક કલાકનો પણ અત્યંત મનોહર. ઈટાલી પહાડી પ્રદેશ છે. દૂર દૂર વનાંચલથી વિભૂષિત નાના-મોટા ટેકરીઓના ડાયરા, વચમાં રત્નજડિત કંગન સમાં સુશોભિત ગામડાંની ઝલક, સડસડાટ દોડતી ટ્રેઈનની બન્ને પડખે ઝૂમતી હરિયાળી વાડીઓ - મદમસ્ત મયૂરની લચીલી કળા સમું પ્રકૃતિનું આ પ્રણયકાવ્ય આપણી આંખોનું અંજન બની બેસે. સોળે શણગાર સજી કોડીલી કન્યાઓ પૂજાનો થાળ લઈ નીકળી પડી હોય તેમ, માઈલોના વિસ્તારમાં પથરાયેલાં સફરજન, પીચ, નેક્ટ્રીન

અને પેરનાં ઝુંડેઝુંડ આવ્યા કરે. લાલપીળાં ફળ પરની રતૂમડી ઝાંય, આથમતા સૂર્યના સોનેરી છંટકાવથી એવી દીપી ઊઠે ! દ્રાક્ષની લીલી કુંજાર વાડીઓમાં લાલ, લીલી, જાંબલી અંગૂરનાં ઝૂમખેઝૂમખાં, જાણે માણેક-નીલમનો નવલખો હાર. રાજનંદિનીના શણગારને શરમાવે તેવો પ્રકૃતિનો આ શણગાર, સચરાચર સૃષ્ટિ જાણે ભાવવિભોર થઈ નાચી ઊઠી હોય તેવું લાગે. વેનિસનું સૌંદર્ય ચડે કે આ સૃષ્ટિસૌંદર્ય ? પ્રશ્નનો કોઈ ઉકેલ મળે તે પહેલાં મિલાનના સ્ટેશન પર ગાડી આવી ઊભી.

## શબ્દસમજૂતી

**સહેલાણી** આનંદ કરવા નીકળેલું **મદમસ્ત** કેફથી મસ્ત થયેલું **માણેક** એક પ્રકારનું લાલ રંગનું રત્ન **સાતસરુ** સાત સેરવાળું **લખલખાટ** ઝગમગાટ **મીનાકારી** ભાતવાળું **તોતિંગ** મોટા કદનું **મનઃચક્ષુ** મનરૂપી ચક્ષુ **તુમુલ** ભયાનક, દારુણ તોફાન **ગફલત** બેદરકારી **સાહેદી** સાક્ષી **તેજાના** તજ-લવિંગ મરી વગેરે મસાલા **હરકત** વાંધો **લોથ** નિષ્પ્રાણ (અહીં) ખૂબ થાકી ગયેલું **વનાંચલ** વનનો ભાગ

## રૂઢિપ્રયોગ

**તુંબડીમાં કાંકરા હોવા** કશી જ સમજ ન પડવી.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) વેનિસની મોહકતા શેમાં છે ?
(2) ગંડોલા શું છે ?
(3) ઈટાલિયન ભાષામાં ચોકને શું કહે છે ?
(4) વેનિસ કોની પ્રણયભૂમિ તરીકે પ્રખ્યાત છે ?
(5) વેનિસનો સુપ્રસિદ્ધ ચોક કયો છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) યુરોપમાં સ્થાપત્યકલાના સ્વામી તરીકે કોને ઓળખવામાં આવે છે ?
(2) વેનિસમાં કયાં કયાં રમણીય સ્થાનો છે ?
(3) લેખિકાએ વેનિસમાં શી મુશ્કેલી અનુભવી ?

## ભાષા-અભિવ્યક્તિ

- ઈટાલીનું અને કદાચ જગતનું અનુપમ લાવણ્યભર્યું શહેર તે વેનિસ. જગતમાં આવી જળનગરી ભાગ્યે જ હશે.
- રાત્રે આ ગંડોલાના નાવિકો અંતરને ઓગાળી દેતું મધુર સંગીત રેલાવે. જાણે વૃંદાવનમાં વાગતી વેણુનો નાદ.

આ બંને વિધાનોમાં પ્રથમ ટૂંકી અધોરેખાવાળા શબ્દો વાંચો. પછી લાંબી. લેખિકાને વેનિસ નગરની અનુપમ બાબતો બતાવવી છે. સાથે સાથે વાચકોને આ જગતમાં વેનિસથી ચઢિયાતું શહેર પણ હોઈ શકે તેવો અવકાશ પણ આપવો છે. અહીં લેખિકાએ વેનિસ શહેર માટે 'લાવણ્યભર્યું' વિશેષણ વાપર્યું છે. આ શબ્દપ્રયોગ પ્રચલિત નથી એના બદલે 'લાવણ્યવંતુ' વિશેષણ વાપર્યું હોત તો વધારે સારું રહેત.

* નૈનીતાલમાં અમે સરોવરની સફરમાં એક બંગાળી કુટુંબને આ રીતે ગાતું-બજાવતું સાંભળ્યું હતું.

આ વાક્યમાં 'ગાતું-બજાવતું' શબ્દ જોડાણ પ્રસિદ્ધ નથી તેમ ઉચિત પણ નથી. કારણ અહીં બંગાળી કુટુંબના સંગીતે તેમને એ વખતે કંટાળો આપ્યો હતો એવો સૂચિતાર્થ બિલકુલ નથી. એને બદલે 'ગાતું-વગાડતું' શબ્દજોડાણનો ઉપયોગ કર્યો હોત તો વધારે ઉચિત થયો હોત.

## શિક્ષક પ્રવૃત્તિ

1. વિદ્યાર્થીઓ પાસે કોઈ ઘટના, સ્થળ કે પરિસ્થિતિ વિશે જાહેરમાં વક્તવ્ય આપવા કે જેથી તેની વક્તૃત્વ શક્તિ વિકસે.
2. સમયાંતરે વિદ્યાર્થીઓને અનુલેખન આપી તેના હસ્તાક્ષરો સુધરે-સારા બને તે અંગે તેમનું માર્ગદર્શન કરો.

*

# 11 વડલો ને પંખીડાં

**દુલા કાગ**

(જન્મ : 25-11-1902; અવસાન : 22-02-1977)

લોકસાહિત્ય - સંશોધનમાં ઝવેરચંદ મેઘાણીને મદદ કરનાર, ચારણ કવિ દુલાભાઈ ભાયાભાઈ કાગની રચનાઓ મુખ્યત્વે બે પ્રકારની છે : ચારણી છાંટવાળી ગુજરાતી ભાષામાં રચાયેલી અને બીજી તે વ્રજ હિંદીમાં રચાયેલી. એમનું સમગ્ર કાવ્યસર્જન સાત ભાગમાં પ્રકાશિત થયું છે. ઉપરાંત 'ચંદ્રબાવની', 'સોરઠ બાવની', 'ગુરુમહિમા' કૃતિઓ એમણે આપી છે. એમની રચનાઓ બોધપ્રધાન તેમજ ઉદ્‌બોધનાત્મક હોય છે, એમાં સરળ બાની સાથે ગહન ભાવો તેમજ ભાવની સચ્ચાઈભરી અભિવ્યક્તિ જોવા મળે છે. કંઠ, કહેણી અને કવિતા એમને વરેલાં હતાં. ગુજરાતી લોકસાહિત્યને એમણે બળને પુષ્ટિ આપ્યાં, તો બીજી બાજુ ચારણી-પરંપરાને પોતીકી રીતે જીવંતતા અર્પી. વારસામાં મળેલી ચારણી - બાની લોકવાણીને, વર્તમાનયુગને અનુરૂપ રચનાઓમાં વિનિયોગ કરીને એમણે જાણે જાતે સર્જી દીધી હતી.

સાહિત્ય માનવીના જુદા-જુદા મનોભાવોની સુંદર અભિવ્યક્તિ છે. લોકના જીવનના તડકા-છાંયા, આશા-અભિલાષા એમાં વર્ણવાયા હોય છે. લોકજીવનની રમ્યતા - ભવ્યતા, લાઘવ - લાલિત્ય, ચોટડૂકતા - બળકટપણું એમાં સહેજેય ઊતર્યાં હોય છે. કવિ કાગ આવા લોકસાહિત્યના ખરા મરમી કવિ છે. જન્મે ચારણ હોવાથી મધ્યયુગની પરંપરાઓ એમની કવિતામાં સજીવ થાય છે. આ સાથે ગાંધીયુગ-સ્વરાજયુગ પણ એમણે ગાયો છે. અહીં મૂકેલું એમનું ભજન-કાવ્ય માનવીની સાચી મહત્તા તરફ આપણા સૌનું ધ્યાન દોરે છે. આ કાવ્ય આમ તો એક રૂપક છે. પરસ્પરની સ્વાભાવિક રીતે થતી રહેલી આપ-લેમાંથી એક સ્નેહ-સંબંધ ઊભો થાય છે. આવી સ્નેહ-ભાવનાના સંબંધે જોડાયેલ બે વ્યક્તિ (કે સમૂહ) એકબીજા સાથે એવા ઓતપ્રોત હોય છે કે જીવનની ગમે તેવડી મોટી મુસીબતો પણ એમને છૂટા પાડી શકતી નથી. પંખીડાંને પાંખો હોવા છતાં વડલાને તજી દેવા કરતાં તેઓ સાથે જ મરવાનું પસંદ કરીને પરસ્પરના અતૂટ સ્નેહ તાંતણાને દૃઢ બનાવી આપણને મૂલ્યવાન શીખ પહોંચાડે છે.

---

વડલો કહે, વનરાયું સળગી
　　મૂકી દિયો ને જૂના માળા
　　ઊડી જાઓ પંખી પાંખુંવાળાં... ટેક
આભે અડિયાં સેન અગનનાં,
　　ઢળિયાં આ દશ ઢાળાં.
આ ઘડીએ ચડીચોટ અમોને,
　　ઝડપી લેશે જવાળા... ઊડી. 1
બોલ તમારા હૈડામાં બેઠા,
　　રૂડા ને રસવાળા;
કોક દી આવી ટહુકી જાજો,
　　મારી રાખ ઉપર રૂપાળાં... ઊડી. 2
પ્રેમી પંખીડાં પાછાં નહીં મળીએ.
　　આ વનમાં વિગતાળાં,
પડદા આડા મોતના પડિયા,
　　તે પર જડિયાં તાળાં... ઊડી. 3
પંખીઓ-
આશરે તારે ઈંડાં ઉછેર્યાં,

ફળ ખાધાં રસવાળાં;
મરવા વખતે સાથ છોડી દે,
એ મોઢાં મશવાળાં... ઊડી. 4
ભેળાં મરશું, ભેળા જનમશું,
તારે માથે કરશું માળા,
**કાગ** કહે, આપણે ભેળાં બળશું,
ભેળાં ભરશું ઉચાળા''... ઊડી. 5

## ભાષાભિવ્યક્તિ

**સેન** સૈન્ય, લશ્કર (અહીં) **જવાળા** અગન, અગ્નિ **દશ** દિશા **ઢાળાં** ધાડાં **ચડી ચોટ** એકદમ, હમણાં જ **ટૌકી જાજો** ટહુકી જજો **ભેળાં** સાથે **ઉચાળો** સામાન

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) વડલો પંખીઓને શી વિનંતી કરે છે ?
(2) વડલાના હૈયામાં શું સમાયેલું છે ?
(3) સંગાથ છોડનારાને માટે કાગ શું કહે છે ?
(4) કયો પડદો સંગાથના સંબંધોમાં અવરોધક છે ?
(5) પંખીઓ શું ઈચ્છે છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) વનરાઈમાં આગનું દૃશ્ય કેવું છે ?
(2) પંખીઓ વડને શો જવાબ આપે છે ?
(3) ભાવિ અંગેની શી કલ્પના કવિ કરે છે ?

**3. સવિસ્તર ઉત્તર લખો.**

(1) વડલો પંખીઓને શું કહે છે ? પંખીઓ તેનો શો પ્રત્યુત્તર આપે છે ?

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. દુલા ભાયા કાગની ''કાગવાણી''માંથી પસંદગીનાં કાવ્યો નોંધપોથી - સંગીતપોથીમાં લખો.
2. આ કાવ્યને કંઠસ્થ કરો અને તેનું ગાન કરો.

## ભાષા-અભિવ્યક્તિ

1. વડ અને પંખીઓના સંવાદ ઉપર ભજનના ઢાળમાં રચાયેલું આ એક મનોરમ ગેય કાવ્ય છે. પ્રેમ અને ન્યોછાવરીના ભાવ મનમાં વસી જાય એ રીતે આલેખાયા છે. લોકબોલી અને તળપદા શબ્દોએ એમાં માધુર્ય પૂર્યું છે.
2. પાંખુવાળાં

   વડના આશ્રયે રહેનારાં પંખીઓને 'પાંખ્યુંવાળાં' કહેવામાં કવિનો ખાસ હેતુ રહેલો છે. વડ એમને કહે છે - તમારી પાસે પાંખો છે, તમે એની મદદથી આ દાવાનળમાંથી બચી જઈ શકો છો માટે ઊડી જાઓ. અહીં 'પાંખ'નું બહુવચન 'પાંખો'ને બદલે સૌરાષ્ટ્રી બોલીમાં 'પાંખું' કરાયું છે તે તમને ખ્યાલ આવ્યો હશે.
3. 'બોલ તમારા હૈયામાં બેઠા, રૂડા, ને રસવાળા.
   કોક દી આવી ટૌકી જાજો મારી રાખ ઉપર રૂપાળાં.

અહીં પ્રેમના અતૂટ તંતુને કવિએ આ પંક્તિઓ દ્વારા દર્શાવ્યો છે. દાવાનળમાં બળી ગયા પછી પણ વડને પંખીઓના મીઠા બોલ માણવાની ઝંખના છે. અહીં 'રૂડા' અને 'રસવાળા' તથા બીજી પંક્તિમાં 'રાખ' અને 'રૂપાળાં' શબ્દોમાં 'ર'કાર પંક્તિના ઉચ્ચારણને મધુર બનાવે છે.

4. કાવ્યમાં રહેલાં લોકબોલીનાં ઉચ્ચારણો અને તળપદા શબ્દો શોધીને એની નોંધ કરો.

## શિક્ષક પ્રવૃત્તિ

1. વિદ્યાર્થીઓને આ કાવ્ય ગદ્ય સ્વરૂપે નાટકરૂપે રજૂ કરાવડાવો.
2. આ કાવ્યને આધારે મિત્રપ્રેમ વિશે વિદ્યાર્થીઓને વાત કરો.
3. ''કાગવાણી ભાગ 1 થી 5'' વિશે વિદ્યાર્થીઓને માહિતી આપો.

●

# 12 પૂંજા મેજરની લગની

**જૉસેફ મૅકવાન**

(જન્મ : તા. 6-10-1936; અવસાન : 28-03-2010)

નવલકથાકાર, વાર્તાકાર, નિબંધકાર અને ચરિત્રકાર જૉસેફ ઈગ્નાસ મૅકવાનનો જન્મ ખેડા જિલ્લાના ત્રણોલ ગામમાં થયો હતો. આણંદ પાસેનું ઓડ ગામ તેમનું વતન હતું. 1960 પછી લખતા થયેલા કેટલાક પ્રયોગશીલ નવસર્જકોમાં જોસેફ મેકવાનનું નામ મોખરે રહ્યું છે.

પછાત ગણાયેલા પ્રજાજીવનની સંવેદના-વ્યથાને જૉસેફની કલાદૃષ્ટિનો લાભ મળ્યો છે. ચરોતરની લોકબોલી-ભાષાની છાંટ, એમની ગદ્યકૃતિઓને વધારે રુચિકર તેમજ હૃદયંગમ બનાવે છે. વ્યક્તિના સંબંધનાં આલેખનોની આપણા સાહિત્યમાં નવાઈ નથી, પણ એને કલાત્મક સાહિત્યિક રસમયતાથી સજીવ બનાવવાની કલ્પના તેમજ પ્રતિભા જૉસેફ મૅકવાનની સર્જક તરીકેની નોંધપાત્ર વિશેષતા છે.

'આંગળિયાત', 'લક્ષ્મણની અગ્નિપરીક્ષા', 'મારી પરણેતર', 'બીજ ત્રીજનાં તેજ', 'દરિયા' વગેરે તેમની સફળ નવલકથાઓ છે. 'વ્યથાનાં વીતક', 'વ્હાલનાં વલખાં', 'પ્રીત પ્રમાણી', 'જનમજલાં', 'પગલે પગલે', 'મારી ભિલ્લુ', 'વ્યતીતની વાટે' વગેરે તેમના નોંધપાત્ર ચરિત્રગ્રંથો-નિબંધ સંગ્રહો છે. 'સાધનાની આરાધના' જેવા વાર્તાસંગ્રહ તેમજ અન્ય પુસ્તકો પણ તેમની પાસેથી મળ્યાં છે. તેમને નામે એક વિવેચનગ્રંથ પણ છે.

ભારતીય સાહિત્ય અકાદમી ઍવોર્ડ, દર્શક ઍવોર્ડ તેમજ ક. મા. મુનશી સુવર્ણચંદ્રક વગેરેથી તેમની સર્જક પ્રતિભા પોંખાઈ છે.

મનુષ્યના વેશ-દેશ નહીં, કિન્તુ તેના મન-વૃત્તિ બદલવાં. કેવળ નામ નહીં, કામ બદલવાં જોઈએ. આ ચરિત્રનિબંધના નાયક પૂંજા મેજરની આખી જિંદગી આવી જીવન પરિવર્તનગામી શ્રદ્ધા નોકરીમાં જ પસાર થઈ. વંશ-વેલાના કશા વલોપાત વિના જ જીવતો આ અલગારી ઓલિયો - ફક્કડ ફકીર ઝટ સમજાતો નથી, પરંતુ જીવે સાચું -પાડું એ વાતની સ્વપ્રતીતિ આપણને થયા વિના રહેતી નથી. તેથી જ નિવૃત્તિ પછી તેમના રાચરચીલામાં કપડાંની એક પેટી અને વાસણનો એક કોથળો એ એમનો - કહો કે વૈભવી અસબાબ છે. એમને પગથી માથા સુધી અને એથીયે ઉપર - ઉપરવાળા ઉપર એટલો વિશ્વાસ છે કે, એ જે કાંઈ જ્યારે જોશે ત્યારે મારો ઈશ્વર મને - સૌને આપી રહેશે. અને આમેય માણસને જોઈએ કેટલું ! લાજ ઢાંકવા લંગોટી ને પેટ ઢાંકવા કલેડી ! અને તેથી ઈશુની સૂચના મુજબ - ઈશુને પગલે ચાલતાં જેને જેની જરૂર હતી તેને તે ખજાનાની ખેરાત કરી ઈશુનું નામ ગાતાં-ગાતાં નીકળ્યા છે. મસાણ - તળાવની પડતર જમીનમાં આંબા વાવવા જેવા - અર્થાત્ પુત્રવત્ ઉછેરવા, માંદાની માવજત કરવી, કોઈને દવાખાને લઈ જવા, ગરીબ-ગુરબાંને જ્યાં જેવી જરૂર પડે ત્યાં ખડે પગે હાજર રહેવા જેવા જીવનના તમામ મોરચે - પ્રભુ પ્રીત્યર્થે પૂરા સભાન-સાબદા હોય છે. સહજ - સ્વાભાવિક - પ્રાદેશિક ભાષા - શૈલીમાં પ્રગટતું ચરિત્ર ખરે જ મૂલ્યવાન ઊંચાઈ સિદ્ધ કરે છે.

---

વેશ બદલ્યે શું થયું, પણ મન બદલવાં જોઈએ.
નામ બદલ્યે શું થયું, ભઈ કામ બદલવાં જોઈએ.

ઊલટભેર આ કડી ગવડાવનાર પૂંજો મેજર, સાલ્વેશન આર્મીનો અમલદાર. જિંદગી આખી મિશનની સેવામાં ગાળીને નિવૃત્ત થઈ એ ગામમાં આવ્યા ત્યારે કપડાંની એક પેટી અને ખપજોગાં વાસણનો એક કોથળો, આટલો જ એમનો સામાન જોઈ જોનારાંને ભારે અજંપો થયેલો. કોઈકે પૂછ્યુંય ખરું - 'મેજરકાકા !' સામાનનું ગાડું પાછળ આવે છે ?'

'અલ્યા ભાઈ, આ જ સામાન. અમારે બે માણસને કેટલુંક જોઈએ ? લાજ ઢાંકવા લંગોટી ને પેટ ઢાંકવા કલેડી ! હેં... અને એ મોકળું હસી પડ્યા, ત્યારે સાચો જવાબ સાંભળવા માગનારાનો અચંબો વધી ગયેલો.

અમે જોયેલું, ગામમાં મિશનનો નવો માસ્તર આવે ત્યારે એ ગાડું સામાન લાવ્યો હોય, ને બદલીએ જતો હોય ત્યારે દોઢ ગાડું સામાન થયો હોય. કેટલાકને અમે બબ્બે ગાડાં ભરીને આવતાં જતાંય જોયેલા એટલે પૂંજા મેજરની સાવ ટાંચી ઘરવખરી જોઈને વિચારનારાને લાગ્યું : માણસમાં કંઈ માલ નથી, જિંદગી આખી ફોકટની ખર્ચી, હવે ખબર પડશે કેટલા વીસે સો થાય છે.

પણ મેજરકાકાને એવું તેવું કાંઈ નહીં. એ તો મૂકવા આવેલ બે જણને લઈને ચાલ્યા સીધા પોતાના પડાવે. મુક્તિફોજના મંદિરની અડોઅડ એમનું પીઢેરિયું ઘર. વરસોથી બંધ પડ્યું રહે. એ આવવાના થયા એટલે ભવાનકાકાએ વાળી લીંપાવી સરખું કરી

રાખેલું. ભવાનકાકા એમના સગા મોટાભાઈ થાય, લાગે એવું કે જાણે આ અલગારીપણું એમના જ આવવાનું આયપત હોય.

આવ્યા એ જ સાંજે મેજર ભવાનકાકાને પૂછે -

'ભવાનભાઈ ! એકાદી માંચી-બાંચી મળે કે ? હું તો હેઠણ હૂઈ રહીશ, પણ ઊજમને તો જોઈશે. ડોસીનાં હાડકાં પોચાં છે.'

ભવાનકાકા કંઈક કહે એ પહેલાં મારા બાપુએ જ પૂછી નાખ્યું :

'તે મેજર ! આખી આ જિંદગીમાં બે ખાટલાનો ય વેંત ના કર્યો તમે ? ત્યારે તમે કમાયા શું ?'

'પેલા હિંદુઓ કે છે એમ રામનું નામ ! માસ્તર !'

'મોહેં લાગી હૈ લગનિયાં રે,

મૈં તો ઈસુ સંગ પ્રીત લગાના.

પ્રીત લગાના, મૈં પ્રીત લગાના !'

એમના ગીતમાં એમની મસ્તી ટપકતી હતી, પણ ભવાનકાકા કહે : 'આખી જિંદગી ગીત ગાયાં. હજુ ય નથી ધરાયો. બે ફૂકા કાંઈ કમાયો ધમાયો ખરો ? લોકને તો એમાં રસ. પાછળ છેડો વાળનારે ય કોઈક તો જોઈએ ને ? એ કયા હિસાબે તને રડશે ?'

'તમે આ કો'છો ભવાનભાઈ' 'તમે...?'

'ઓવે... આ જતા જીવતરે મારે વેઠ વેંઢારવી પડે છે. મને એમ કે તું કાં'ક બે પાંદડે થયો હો તો મારે એટલી માયા ઓછી.'

'જુઓ તાર કવ. મેં એવી કશી અબળખા રાખી જ નથી. તારવાવાળો એ બેઠો છે. બધુંય એના ભરોસે. આ પરવારવાની વેળા આવી ત્યારે ઘરવખરી જે કંઈ એકઠી થઈ'તી એ હાચું કવ તો મને લજવતી હતી. વેચી - હાટીને મારી પાછળ આવો એમ નાઝરેથવાળાએ (ઈસુએ) કહેલું ને એમ નામ ગાતાં ગાતાં આ બધું એકઠું થયું એનું ભાનેય ના રહ્યું. તે હધુંય વહેંચી દીધું ત્યાં. જેને જેને જરૂર હતી એવા હૌને આલી દીધું. ને ચાલવા જ માંડ્યું તો પાછું વાળીને શા હાતર જોઉં ? મને જરૂર હશે તો આલવાવારો એ ક્યાં નથી બેઠો ?'

'હારુ તારે માગો એમની પાંહે. હું જોઉં છું ઈસુ ચેવોક આલવા આવે છે તે...!'

ને જરાય માઠું લગાડ્યા વિના પૂંજો મેજર પાછા વળી ગયા. ને થોડી વાર પછી પાછા આવીને કહે : 'લ્યો ભવાનભાઈ, તમે કહેતા'તા એમ એણે ખાટલો આપ્યો. થોડાંક જાળિયાં કાઢવા માળિયે ચડ્યો'તો તાં આ ખાટલો મળ્યો. તમે જરાક હાલવી દ્યો. હું કાથીનો વેંત કરી લઈશ !'

પાંચેક દહાડામાં એમનું ઘર ઠરીઠામ થઈ ગયું. જણમાં કોઈ જંજાળ નહીં. હતાં માત્ર બે જણ. વંશવેલાનો કોઈ વલોપાત નહીં. શું ખાય કે શું પીએ એનીય કોઈને ખબર નહીં. પૂરો સંત મેથ્યુનો માણસ. આકાશના પંખી જેવો. વાવવું, લણવું કે એકઠા કરવાની કોઈ પળોજણ જ નહીં.

સાંજે અમને છોકરાંને એકઠાં કરે. સુવાર્તા (ગોસ્પેલ)માંની કોઈક વાત માંડે ને પછી મસ્તીભેર ગીત ગવડાવે. બાંધી દડીનો બેઠા ઘાટનો એમનો ભરાવદાર દેહ, ફૂલેલાં પોપચાં નીચે ભાવઝરતી ચશ્માંવિહોણી સાચુકલી આંખો. ધડ સાથે જડી દીધું હોય એવું ડોકું ને ગોળમટોળ મોં. જાડા ધોતિયા પર લાલ કોટના ખભે ત્રણ તારા પાસેનો 'એસ'નો માર્કો એમને સાલ્વેશન કરતાં ય 'સાબદા' રહેવાનો ભાવ વધારે વ્યક્ત કરતો.

ગામમાં આવ્યા પછી થોડાક દિવસ એ સૌના વિચારવ્યવહારથી પરિચિત થયા. પંચના ચલણનો તાગ મેળવ્યો. મિશનની ત્રણ ત્રણ ધૂળી શાળાઓ ચાલતી. ત્યાંય નજર નાખી આવ્યા. ભવાનકાકાની સીમ પણ ફરી આવ્યા, પણ એમનો જીવ પાદરમાં આવેલ માણસ, તળાવ સમી બારેમાસ પાણી રહેતી ઊંડી ખીણ અને પડતર જમીન પર ખોડાઈ રહેતો.

ખૂબ વિચાર્યા પછી એક દિવસ સાંજે એ વાંસીનો દસ્તો બેસાડવા ભવાનકાકા પાસે આવ્યા.

'આ વાંસી શું કરવી છે તમારે ?'

'કોદાળો - પાવડો મળી ગયા છે. વાંસી થોરિયા વાઢીને વાડોલાં કરવા માટે પાદરની પડતર જમીનમાં આંબા વાવવા છે !'

'તમારું તે ભમી ગયું છે ? તાં પાધરમાં આંબા રહેતા હશે ? કશુંક મળતર રહે એવો ધંધો કરો ને ?'

'પચી રૂપિયા પેન્શનમાં અમારો બેનો ગુજારો થઈ રહે છે. ઝાઝાની અબળખા નથી. એક ટંક ધરઈને ધાન મળી રહે પછી મારે શી ચિંત્યા !'

‘તો પગ વાળીને ઘરમાં બેહો. ઉપરવાળાનું નામ લ્યો, પણ ખોટા લોહીઉકાળા ના કરો.’

‘તમે તો જિંદગી આખી ઝાડવામાં કાઢી ને મને કેમ આમ ધખાવો છો ?’

‘મારું હાચવ્યું મને કશું લેખે નથી લાગ્યું. તમારા આ આંબા નહીં ઊછરે, નહીં ઊછરવા દે લોક !’

‘થોડાંક ઝાડ થયાં તો આ પાદરમાં છાંયો થાય તે ગામનાં છોકરાં ફળ ખાય. ઝાલોદમાં મારા રોપેલા આંબે હવે કેરીઓ બેસશે. મારે અહીં પણ થોડાક તો રોપવા જ છે.’

ને એ મંડી પડ્યા. જગ્યાઓ જોઈ જોઈને એમણે કાળે ઉનાળે ખાડા ખોદવા માંડ્યા. માટી કાઢી નાખે. છાણ એકઠું કરે. ખાડામાં છાણ માટીના થર બનાવે. પરસેવે નીતરે, ઉમ્મરના માર્યા હાંફહાફે, પણ એ કાળી મજૂરી કર્યા કરે. કુતૂહલથી એમની આ મહેનત જોતાં અમને ‘બેટા-દીકરા’ કહી પોરસાવે ને પડ્યા પોદળા એકઠા કરાવે. એમના કામ આવ્યાના હરખના ભર્યાં અમે સૌએ આખો એક ઉકરડો તૈયાર કરી દીધેલો. એમાં પાણી રેડીને એ ખાતર કહોવડાવે અને ચોમાસાની વાટ જુએ.

સારામાં સારા આંબાના ગોટલા સંઘરીને એમણે એકઠા કરેલા. મંદિરની સામેની એક અવાવરુ જમીન સરખી કરીને એમણે ત્યાં રોપ ઉગાડ્યા. ને ત્રણેક વરસાદ પડ્યા પછી પેલા તૈયાર કરેલા ખાડામાં આંબા રોપવા માંડ્યા. બરાબર બાસઠ આંબાનાં વાડોલાં બનાવીને ઊંડો સંતોષ લેતાં એ ઓચરેલા :

‘મારાં વરહાં જેટલા આંબા મેં વાવ્યા. જિંદગીનાં જેટલાં હાચાં જીવ્યો હોઈશ એટલા આંબા ઊછરશે.’

ત્યારે અમને એમાં ઓછી સમજણ પડેલી. આંબાના છોડ સાચવવા એ જીવની જેમ એનું જતન કરતા. અળવીતરાં છોકરાં કે રખડતાં ઢોર-ઢાંખર માથું ના મારી શકે એટલા અડાબીડ થોરિયાનાં વાડોલાં એમણે બનાવ્યાં. વહેલી સવારે, ખરે બપોરે અને સાંજને ટાણે ખાસ અવર-જવર ના હોય ત્યારે એ પાદરમાં જ ખભે વાંસી લઈને ફર્યા કરતા. છોકરાંને એમણે એવાં સમજાવેલાં કે કોઈ છોડ ઉપાડ્યાનું પાપ ના કરે. એ વર્ષે ચોમાસાની ચાર દિવસની હેલી પછી, ખીણ,પાદર ને કૂવા સુધી જળબંબાકાર થઈ રહ્યું ત્યારે ખેડુના કરસણ જેટલી જ એમને પોતાના આંબાની ચિંતાએ સતાવેલા. એમાં ખેંચાઈ કે કોહવાઈ ગયેલા એકેએક છોડનો એમનો બળાપો પંડ્યના સંતાન ગુમાવ્યા જેટલો કરુણ ઠરી રહેલો. ને સૌ પહેલાં એના પાછળ જ લાગેલા.

ઉનાળામાં એમણે તેલના બે ખાલી ડબ્બા ખરીદી એનું કાવડ બનાવેલું. ઊંડી ખીણમાંથી બેઉ ડબ્બા ભરી એ વાડોલે પાણી સીંચતા રહે. વરસ વીત્યા પછી છેંતાલીસ આંબા ચોંટેલા નીવડ્યા ત્યારે એમનો હરખ નહીં માયેલો.

‘જિંદગીનાં હોળ વરહાં મારાં ખોટાં ગયાં હશે. તે એટલા આંબા ના ચોંટ્યા. અવે આવતે વરસે વાત !’

એ જ અરસામાં ઉજમકાકી માંદાં પડ્યાં ને એમને લઈને મેજરકાકાને આણંદ કૂકના દવાખાને જવું પડ્યું. પાંચ-સાત દહાડે પાછા આવી એમણે સૌ પહેલી પોતાના આંબાની ભાળ કાઢી તો કોક કાળમુખાએ અર્ધા આંબા ટૂંપી નાખેલા ને બીજો કોક ખેતરની વાડ કરવા એમનાં વાડોલાનાં થોરિયાં કાઢી ગયેલો.

ઉજમકાકીની મરણતોલ માંદગીએ એમને નહોતા પીડ્યા એટલી વ્યથા એમને આ અણધાર્યા ઉત્પાતથી થઈ. નિજના જણને મસાણે મૂકીને આવ્યા હોય એવાં નોંધારાં એમનાં પગલાં પડી રહેલાં. પરબડીએ વાંસો ટેકવતાં એમના ફળફળતા નિસાસા સાંભળીને બેચાર મોટેરાઓએ કાળમુખા કામના કરંદાનાં હારી પેઠે છાજિયાં લીધાં.

દિલનું દર્દ ઠાલવતા ત્યારે એ બોલેલા માત્ર આટલું : ‘આ આંબાનાં ફળ મને નથી મળવાનાં કે નથી એને છાંયે હું વિસામો ખાવાનો. થોડાક આંબા ઊછરશે તો તમે ખાશો, તમારાં છોકરાં રાજી થશે. આમ કરીને મારો જીવ બાળ્યે શું મળવાનું છે ?’

એ માંદગીમાંથી ઉજમકાકી ના ઊઠ્યાં. પડછાયાની પેઠે ઉજમકાકી એક હરફ સામો ઉચ્ચાર્યા વિના એમનું પડખું સેવી રહેલાં. એમનાં જતાં મેજરકાકાના અર્ધા અંગને લકવો લાગી ગયેલો. એમના મૃતદેહ પાસે બાઈબલ વાંચતા બેસી રહેલા ને કબર ખોદવા જતા જુવાનિયાને જોતાં એવડા દુઃખમાંય બોલી ઊઠેલા :

‘મારા કોઈ વાડોલાને આંચ ના આવે એવી જગ્યાએ ખોદજો.’

– ને ડોશીની માટી વાળતાંય એમનાં લોચન નીતરતાં હતાં. પેલાં ભેળાઈ ગયેલાં વાડોલાંનાં દુઃખે !

ઉજમકાકીની અંત્યેષ્ટિ પછી આંબા સિવાય એમનો કોઈ આધાર નહોતો. જીવ્યા ત્યાં લગી એ આ વૃક્ષારોપણ પાછળ લગની લગાડી રહ્યા. ‘લાગી હૈ લગનિયા’ એમનું પ્યારું ગીત હતું. એમ આ આંબાના જતન સંગે એમનો જીવડો લાગ્યો હતો. ‘‘લાગી હૈ લગનિયા... આ... રે...’નું મુખડું ગાતા જાય અને ડબ્બે-ડબ્બે પાણી વામતા જાય. કાં વાડોલાં સરખાં કરતા જાય. આડા-તેડી કોઈ વાત નહીં. કોઈનો ઝાઝો ઘરોબોય નહીં. કદીક કોઈ વાતે વળ્યું હોય અને એમાં જરાક કોઈના વિશે ઘસાતો બોલ આવે કે મેજર

ઠપકાથી આંખો એની આંખોમાં પરોવી રહે ને ત્યારે એમનું ભોળુંભટ્ટાક મલકવું પેલાના અંતરમાં ઊંડે ઊંડે ઊતરી જાય. ક્યારેક કોઈ નિંદાની વાત આવે કે કોદાળીના ઘાથી ઘાસનું જડિયું ખોદી કાઢે, કાં વાંસીથી વાડોલામાં પેસતી ધરો ખેંચી કાઢે ને પેલાને કહે 'જો ભઈ, આ પારકી કૂથલીના અપલખણને આમ મૂળ હંગાથું કાઢી નાખવું. એમાં જ આપણી ભલાઈ !' ભક્તિમાં એમને ભરોસો ભારે પણ હામે ચાલીને કદી કોઈને શીખ - સલાહ દેવા ના જાય. રવિવારની પ્રાર્થનાસભામાં ઘણીવાર એમને શાસ્ત્રવાચન પર બોધ દેવા આજીજી કરાતી, પણ કહેતા, 'બાઇબલમાં બધુંય ફોડ પાડીને કીધું છે. કહેવાવારુ કશું બાકી જ નથી રાખ્યું ને એ જ બોધ !' માંદાની મુલાકાતે ધાઈને જાય. એની પડખે બેસે. એની સાથે દવાખાને જવાની તાલાવેલી દાખવે. એને જોઈતું કરતું લાવી આપે ને એમ કરતાં પેલું પેન્શન પતી જાય તો ગમે તે રીતે દહાડા ખેંચે પણ કદી કોઈની આગળ હાથ ના લાંબો કરે, વલોણાની તાજી છાશ એમની મિજબાની બની રહે.

એમના ઘરમાં મોટેરું કદી ના ફરકે, પણ અમને છોકરાંવને ચોવીસે ઘડી છૂટ. ઘણીવાર અમે એમને બપોર ટાણે ઉજમકાકીની પેટી ખોલી એની સામે સૂનમૂન બેઠેલા ભાળેલા.

અંત સમય ઓરો આવતો લાગ્યો એમ એમના આંબા હાચવવાના ઉધામા વધતા ગયા. એક વાર પંચનેય એમણે વીનવેલા. જો એ હાચવવાનો જોગ કરે તો પંચઈ મૂડીમાં પોતેય કંઈક એ નામે આપવા ધારે છે. પણ એમના આંબામાં અન્યોને કોણ જાણે કેમ રસ જ ન પડતો. ત્યાંથી હતાશ થયેલા એ કદી નહીં ને પરથમ વાર ચોરે પહોંચેલા. મુખીને કાને એ વાત નાખતાં જ એ ઊલટા ગળે પડેલા : 'તમે વગર પરવાનગીએ આંબા રોપીને તમારા કબ્રસ્તાન હાતર આખી ય પડતર જગા બથાવી લેવા મથો છો. હું સરકારમાં લખું છું. પછી વાત !

એ ચોરેથી પાછા વળતાં કદાચ પહેલી વાર મેજરકાકા 'લાગી હૈ લગનિયા'ની લ્હે ભૂલી ગયેલા. ગામમાં એક ઉઘાડપગો આદમી, માથે ફાળિયું ને બે હાથનું ચકચકાટ ધારિયું ખભે મેલી મૂછો આમળતો ફર્યા કરે. એણે કદી કોઈને કનડ્યાનું જાણ્યામાં નહીં, પણ એના ભોનો દરદબો સૌને દિલે. ઘણી વાર પડતરમાં આંબાની માવજત કરતા મેજરને એ બીડીના સડાકા લેતો ખાસ થોભીને જોયા કરે. ક્યારેક પૂછે - 'માસ્તર બીડી ફીડી મળે કે કાંઈ ?' પણ મેજરકાકા એની સાથે વાતનો પ્રસંગ જ ના પાડે. ચોરાની ઘટના બન્યા પછી એમનો જીવ ઊંચો રહ્યા કરે. સાત-સાત વરસના આંબા, કેટલાય તો માથોડે પહોંચેલા. એમને નધણિયાતા કેમના મેલાય? મેજરકાકાએ પેલા મરદને સાધ્યો.

'મારી કને થોડાક રૂપિયા છે. વિચાર કરતો હતો કશાક હારા કામમાં વાપરવાનો પણ તમને આલતો જઉં, જીવો તાં લગણ આ આંબા હાચવવાના. રજપૂતનું વેણ ખાલી ના જાય એમ હાંભળ્યું છે.'

પેલાએ ધારિયું બતાવ્યું, 'તમ-તમારે નિરાંતે રો' માસ્તર ! હું છું તાં લગણ કોઈ પાંદ ના તોડે !'

- ને મેજરકાકાને નિરાંત લાધી ગઈ. લાગી હૈ લગનિયા... નો લહેકો થોડોક તેજ થયો ને એક રાતે નિતની લગનીમાં ભળી ગયો.

સવારે અમે જાગ્યા ત્યારે સૂરજ ઊગ્યો હતો. ને પરસાળના ખૂણામાં ટેકવેલી વાંસી, પાસે પડેલા કાવડના ડબ્બા અને દેશી સપાટ એમની વાટ જોઈ રહ્યાં હતાં.

આજે એમના બાસઠ આંબામાંથી માંડ બે બચ્યા છે. ને એમની કબર ડામરના નવા રોડ નીચે દબાઈ ગઈ છે. ગામડાં 'આબાદ' બન્યાં છે, દેશ વિકાસ કરી રહ્યો છે !

## શબ્દસમજૂતી

**કલેડી** તાવડી **અચંબો** નવાઈ **ટાંચું** ઓછું **ફોકટ** નકામું **પીઢેરિયું** માટીમાંથી બનાવેલું **આયખું** જીવતર **આયપત** મૂડી **માંચી** ખાટલો **અબળખા** અભિલાષા, અરમાન **હાતર** માટે, હાલવવું (અહીં) ખાટલાના પાયા અને ઈસ જોડવા **વલોપાત** ચિંતા **વાંસી** ધારિયું **બળાપો** ચિંતા

## રૂઢિપ્રયોગ

**માલ ન હોવો** વજૂદ વિનાનું હોવું; **છેડો વાળવો** મૃત્યુ પછી રડવું; **બે પાંદડે થવું** ધનવાન થવું; **ઠરીઠામ થઈ જવું** ગોઠવાઈ જવું; **લોહી ઉકાળા કરવા** જીવ બાળવો; **પોરસાવવું** - વખાણ કરવાં, પ્રોત્સાહિત કરવા

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) પૂંજાને શેના પ્રત્યે લગાવ રહેતો ?

(2) પૂંજાએ શી પ્રવૃત્તિ કરી ? પૂંજાએ શો નિર્ણય કર્યો ?

(3) આંબા ઉછેર અંગે પૂંજાની શી સમજણ હતી ?

(4) ગામના મુખીએ પૂંજા પર શો આરોપ કરેલો ?

(5) રાજપૂતે પૂંજાને શી હૈયાધારણ આપી ?

(6) પૂંજાના અવસાન પછી આંબાની શી દશા થઈ ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) નિવૃત્તિ સમયે પૂંજાએ ઘરવખરીનું શું કર્યું ? તે અંગે તેની માન્યતા શી હતી ?

(2) પૂંજાએ આંબાના ઉછેરમાં શી કાળજી લીધી ?

(3) કોઈની નિંદા વખતે પૂંજાની શી પ્રવૃત્તિ રહેતી ? શા માટે ?

(4) પૂંજાને શી ચિંતા કોરી ખાતી હતી ? તેનું સમાધાન તેણે શી રીતે શાધ્યું ?

**3. સવિસ્તર ઉત્તર લખો.**

(1) આંબા ઉછેરની પૂંજાની લગની તમારા શબ્દોમાં વર્ણવો.

(2) નોંધ લખો :

1. પૂંજાની નિઃસ્વાર્થપરાયણતા
2. પૂંજાની વ્યથા, વેદના

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. ઈશુ-ખ્રિસ્તના જીવન વિશે માહિતી મેળવો.
2. ‘વહાલનાં વલખાં’ અને ‘વ્યથાનાં વીતક’ મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

‘વેશ બદલ્યે શું થયું, પણ મન બદલવાં જોઈએ

નામ બદલ્યે શું થયું, ભઈ કામ બદલવાં જોઈએ.’

આ ચરિત્રનિબંધમાં આરંભે લેખકે આ પંક્તિઓ મૂકી છે. ઘણીવાર લેખક પોતાના નિબંધના હાર્દને વ્યક્ત કરનાર પંક્તિ, ઉક્તિનો સહારો લેતા હોય છે. તેમ આ પંક્તિઓ દ્વારા પૂંજા મેજરના ચરિત્રની રેખાઓ સમજવામાં સહાયરૂપ બને છે.

તમે ‘નારાયણ હેમચંદ્ર’ એકમ ભણી ગયાં છો તેમાં તેના બાહ્ય દેહ-દેખાવનું વર્ણન આવે છે તે વર્ણનને નીચે આપેલા વર્ણન સાથે સરખાવી જુઓ - તુલના કરો.

‘બાંધી દડીનો બેઠા ઘાટનો એમનો ભરાવદાર દેહ, ફૂલેલાં પોપચાં, નીચે ભાવઝરતી ચશમાંવિહોણી સાચુકલી આંખો. ધડ સાથે જડી દીધું હોય તેવું ડોકું ને ગોળમટોળ મોં જાડા ધોતિયા પર લાલ કોટ...’

પોતાની ગેરહાજરીમાં પોતે જાતની જેમ ઉછેરેલા આંબાઓનું નિકંદન નીકળી ગયેલું જોઈને પૂંજા મેજરની વેદના ચરમસીમાએ પહોંચી જાય છે. તેના મુખથી નીકળેલા શબ્દો લેખકને બદલે તેની આંતરવેદનારૂપે આવતા હોય તેવું લાગે છે. એકમમાંથી આ વર્ણન શોધી કાઢો.

## શિક્ષક પ્રવૃત્તિ

1. વિદ્યાર્થીઓની પર્યાવરણ પ્રીતિ જાગૃત થાય - વિકાસ પામે તેવી વાતો કરો.
2. ‘ભવાન ભગત’ (ચરિત્ર લેખ - જૉસેફ મેકવાન) વિશે વિદ્યાર્થીઓને વાત કરો.

●

# વાક્યરચના : પ્રકારો

આપણે આપણો વ્યવહાર ભાષા દ્વારા ચલાવીએ છીએ. ભાષાને વ્યક્ત કરતો મહત્ત્વનો એકમ તે વાક્ય છે. વાક્યો દ્વારા જ આપણે સામી વ્યક્તિને વ્યવસ્થિત સમજાવી શકીએ છીએ.

કેવી રીતે બને છે વાક્ય... ?

ધ્વનિઓ-વર્ણો જોડાઈને તેનું રૂપ બને છે - શબ્દ બને છે, શબ્દને પ્રત્યયો જોડીને તેમાંથી પદ બનાવાય છે અને એક કે વધારે પદ ભેગાં થઈને વાક્ય બને છે. આવાં વાક્યોના સમૂહ દ્વારા આપણે ગમે તેટલી લાંબી વાત અન્ય સામે મૂકી શકીએ છીએ. આ આખી ઘટનાને આપણે 'કથન' કે 'લેખન' તરીકે ઓળખીએ છીએ. 'શ્રવણ' અને 'વાચન' દ્વારા કથક કે લેખકની વાત સાંભળી - સમજીને તેને પામવાની પ્રક્રિયાને આપણે અવગમન - સાધારણીકરણ (Communication) કહીએ છીએ.

અસરકારક અભિવ્યક્તિ માટે વાક્યરચના એ અતિ અગત્યનું પરિબળ છે. વળી, એક જ વાત-ભાવ-સૂર થોડી જુદી રીતે પણ વ્યક્ત કરી શકાય છે. એક વાક્યરચનાને બીજા પ્રકારની વાક્યરચનામાં પરિવર્તન પણ કરી શકાય છે.

વાક્યરચના અંતર્ગત જુદા જુદા પ્રકારો વિશે આપણે ટૂંકમાં જાણીએ :

* સાદું વાક્ય, સંયુક્ત વાક્ય અને સંકુલ વાક્ય :

**1. સાદું વાક્ય :** જે વાક્યમાં એક ક્રિયાપદ કે એક ઉદ્દેશ્ય (કર્તા), વિધેય (કર્તા વિશે જે કહેવાયું હોય તે) હોય તેવું વાક્ય સાદું વાક્ય કહેવાય.

દા.ત. વરસાદ વરસે છે. ('વરસાદ' ઉદ્દેશ્ય છે, 'વરસે છે' વિધેય છે.)

* વીજળી ચમકે છે. ('વીજળી' ઉદ્દેશ્ય છે, 'ચમકે છે' - વિધેય છે.)
* ગોવાળ ગાય ચારે છે. ('ગોવાળ' ઉદ્દેશ્ય છે. 'ગાય ચારે છે' - વિધેય છે.)
* ગોવાળ ગાય દોહે છે.
* વિદ્યાર્થી ભણે છે.
* વિદ્યાર્થી રમે છે. - આ બધાં સાદાં વાક્યો છે.

**2. સંયુક્ત વાક્ય :** સંયોજકથી જોડાયેલા વાક્યને સંયુક્ત વાક્ય કહે છે.

દા.ત. વરસાદ વરસે છે અને વીજળી ચમકે છે.

* ગોવાળ ગાય ચારે છે અને ગાય દોહે છે.
* વિદ્યાર્થી ભણે છે તથા વિદ્યાર્થી રમે છે.

ઉપરનાં વાક્યોમાં 'અને', 'તથા' વગેરેથી બે વાક્યોને જોડ્યાં છે. પણ આ પ્રકારે વાક્યોને જોડીએ છીએ, ત્યારે જોડાનાર બંને વાક્યો સમાન મોભાનાં હોવાં જોઈએ. એક વાક્ય બીજા વાક્ય ઉપર આધાર રાખતું હોવું જોઈએ નહીં.

'ને', 'અને', 'પણ', 'છતાં', 'તોપણ', 'છતાં પણ', 'કે', 'અથવા', 'તેમ છતાં', 'અથવા તો', 'કાં તો', 'એટલે', 'માટે', 'તેથી', 'કેમ કે', 'કારણ કે' વગેરે સંયોજકોનો ઉપયોગ સંયુક્ત વાક્ય બનાવવામાં થાય છે. સંયુક્ત વાક્યમાં બે વાક્યો વચ્ચે શરત, વિરોધ, વિકલ્પ, પર્યાય કે કાર્યકારણનો સંબંધ જોવા મળે છે.

સાદાં વાક્યોને સંયુક્ત વાક્યમાં ફેરવવાનું કે સંયુક્ત વાક્યમાંથી સાદાં વાક્યો બનાવવાનું કામ અઘરું નથી.

રમેશને રજા પડી **એટલે** તે ઘેર આવ્યો. (કાર્યકારણ સંબંધ)

શિયાળો શરૂ થયો **પણ** ઠંડી પડતી નથી. (વિરોધવાચક)

તમે અહીં આવશો **કે** સીધા જ ભાવનગર જશો ? (વિકલ્પવાચક)

- આ ત્રણેય સંયુક્ત વાક્ય છે. તેમને આ પ્રમાણે સાદાં વાક્યોમાં રૂપાંતરિત કરી શકાય :

રમેશને રજા પડી. રમેશ ઘેર આવ્યો.

શિયાળો શરૂ થયો. (હજી) ઠંડી પડતી નથી.

તમે અહીં આવશો ? સીધા જ ભાવનગર જશો ?

**3. સંકુલ વાક્ય (મિશ્ર વાક્ય) :**

સંકુલ વાક્યરચનામાં સામાન્ય રીતે એક મુખ્ય વાક્ય હોય અને તેના પર આધારિત અન્ય ગૌણ વાક્યો એમાં જોડાયેલાં હોય છે. વળી, મુખ્ય વાક્યને ટેકા રૂપ કે તેના વિસ્તરણરૂપ અન્ય વાક્યો તેમાં જોડાયેલાં હોય છે.

જો હું અધ્યાપક હોત **તો** વિદ્યાર્થીઓને મૂલ્યલક્ષી વાતો રસથી સમજાવત.

હવે જ્યારે હું ત્યાં આવીશ **ત્યારે** તમને યાદ કરીશ.

(જો) અમારે જમવું હોય **તો** અમે તમને જાણ કરીએ ને !

**જ્યાં** આટલી ઠંડી પડે છે **ત્યાં** લોકો કેમ રહેતા હશે ?

- અહીં એક વાક્ય મુખ્ય છે અને બીજા વાક્ય દ્વારા તેમને પુષ્ટિ અપાઈ છે, એનું વિસ્તરણ કરવામાં આવ્યું છે.

જો હું અધ્યાપક હોત..., ...તમને યાદ કરીશ, ... અમે તમને જાણ કરીએ ને!, ... લોકો કેમ રહેતા હશે વગેરે વાક્યની આગળ કે પાછળ વાક્ય મૂકીને વાતનો અર્થ પૂરો કરવામાં આવ્યો છે કે તેનું વિસ્તરણ કરવામાં આવ્યું છે.

સંકુલ વાક્યો જેવું... તેવું, જ્યારે... ત્યારે, જેમ... તેમ, જે... તે, જ્યાં સુધી... ત્યાં સુધી, જો... તો, કે, જેમકે વગેરે જેવાં બેવડાં સંયોજકોથી બને છે.

**સ્વાધ્યાય**

**1. નીચેનાં વાક્યોનું સાદાં, સંયુક્ત કે સંકુલ વાક્યમાં વર્ગીકરણ કરો.**

(1) કૂવામાં સરવાણી જ નથી તેથી પાણી આવે ક્યાંથી ?

(2) ખેતર વાવતાં પહેલાં તમારે ઘાસ દૂર કરવું હતું.

(3) સંતને કોઈ માણસ પર રાગ-દ્વેષ ન હોય, કેમકે તેઓ તો સૌનું હિત જ માત્ર ઇચ્છે છે.

(4) હું તમને સૂચના આપું ત્યારે તમારે એકસાથે બધાંએ નીકળવું.

(5) જો હું કશુંયે બોલ્યો ન હોત તો તેઓને પરિસ્થિતિની જાણ થવાની નહોતી.

(6) આ પૈસા તારી અંગત જરૂરિયાત માટે અને જરૂરિયાતમંદને સહાય માટે હું આપું છું.

(7) કુશળ માણસ આકસ્મિક ખર્ચનો વિચાર કરે છે એટલે થોડી વધારાની રકમ સિલક તરીકે રાખે છે.

(8) આજે ખેડૂતો પાયમાલ થતા જાય છે અને કારીગર વર્ગ બેકાર બનતો જાય છે.

(9) હવે તારે થોડું વિચારીને પછી જ બોલવાનું શીખવું જોઈએ.

(10) વગર વિચાર્યું વર્તન કરી નાખે છે તે પાછળથી ઘણો જ પસ્તાય છે.

**2. તમારા પાઠ્યપુસ્તકની કૃતિઓમાંથી સાદાં, સંયુક્ત અને સંકુલ પ્રકારનાં સાત-સાત વાક્યો શોધીને લખો.**

## વિધાનવાક્ય, પ્રશ્નવાક્ય અને ઉદ્‌ગારવાક્ય

આ વાક્યોનું પઠન કરો :

1. આજે રવિવાર છે.
2. આજે રવિવારે છે !
3. આજે રવિવાર છે ?

* પ્રથમ વાક્યમાં હકીકતનું સીધું જ નિવેદન કરવામાં આવ્યું છે. પરિસ્થિતિની જાણકારી આ વાક્ય દ્વારા અપાય છે. સાદી રીતે કહેવું

હોય તો એમ પણ કહી શકાય કે આ વાક્યના ઉચ્ચારણમાં સૂર (Tone) તેનાં બધાં જ પદોમાં લગભગ એકસરખો રહે છે. આવાં વાક્યો વિધાનવાક્યો કહેવાય છે. દા.ત.,

- આપણે સત્ય આચરવું જોઈએ.
- વીજળી થાય છે એટલે વરસાદ પડશે.
- તે માણસ અતિશય મહેનત કરી રહ્યો છે.
- ગુરુજીએ શિષ્યને રામાયણની પાંચ ચોપાઈ લખી આપી.

આવાં વાક્યોને અંતે પૂર્ણવિરામનું ચિહ્ન મૂકવામાં આવે છે.

* બીજા વાક્યમાં વાંચનાર દ્વારા, બોલનાર દ્વારા આશ્ચર્ય કે વિસ્મય રજૂ થાય છે. કોઈ પરિસ્થિતિ - ઘટના આપણી ધારણા બહારની હોય, આકસ્મિક હોય કે અણધારી જ નીકળે ત્યારે તેની રજૂઆત માટે આવાં વાક્યો રજૂ થાય છે. તેને આપણે 'ઉદ્‌ગારવાક્યો' કહીએ છીએ. મોટાભાગે આવા ઉદ્‌ગારો અનાયાસે જ સરી પડે છે. તેનું ઉચ્ચારણ કરવામાં સૂર (Tone) આરોહ-અવરોહવાળો કે લુપ્ત હોય છે. દા.ત.,

- વાહ ! એક દિવસમાં આખું ખેતર ખેડી નાખ્યું !
- એય... જુઓ, જુઓ ત્રણ વાગ્યા !
- અરેરે ! એણે આવું ન કરાય !
- આકાશમાં નજર કરી તો ઘટાટોપ વાદળાં...!

આવાં વાક્યોમાં વિસ્મયસૂચક ઉદ્‌ગાર (વાહ, અરેરે, છટ્ વગેરે) પછી અને પરિસ્થિતિ - ઘટનાસૂચક વાક્ય પછી પણ ઉદ્‌ગારચિહ્ન મૂકવામાં આવે છે.

* ત્રીજા વાક્યમાં મેળવેલી માહિતી કે આપણી જાણકારી વિશે ખાતરી કરવામાં આવી છે. વિશેષ માહિતી મેળવવા માટે પણ આવાં વાક્યો ઉચ્ચારાય છે, આવાં વાક્યોનો સૂર (Tone) આરોહથી અવરોહ તરફનો રહે છે. આવાં વાક્યો પ્રશ્નાર્થવાક્યો કહેવાય છે.

દા.ત.,

- તેઓ અત્યારે અહીં શા માટે ન આવ્યા ?
- તમારે ત્યાં ગઈકાલે વરસાદ કેવો હતો ?
- આ બધું લઈ જઈને મારે કોને આપવાનું છે ?
- તેણે કેવો પોશાક પહેર્યો છે ?

આવાં વાક્યોને અંતે પ્રશ્નચિહ્ન મૂકવામાં આવે છે.

કોઈ પ્રશ્ન પૂછતી વખતે તેને અંતે કરો, લખો, સમજાવો વગેરે શબ્દો મુકાય છે ત્યારે પ્રશ્ન પૂછ્યો હોવા છતાં અંતે પૂર્ણવિરામ મૂકવામાં આવે છે. દા.ત.

ગામડામાં તમે શું જોયું તેના વિશે લખો.

વિદ્યાર્થી કેવો હોવો જોઈએ તે સમજાવો.

**સ્વાધ્યાય**

**1. તમારા પાઠ્યપુસ્તકમાંથી વિધાનવાક્યો, ઉદ્‌ગારવાક્યો અને પ્રશ્નવાક્યોનાં દસ-દસ ઉદાહરણો શોધીને લખો.**

## વિધાનવાક્ય અને નિષેધવાક્ય

જે વાક્ય હકારાત્મક હોય તે વાક્ય 'વિધાનવાક્ય' કહેવાય છે અને જે વાક્ય નકારાત્મક હોય તેને 'નિષેધવાક્ય' કહેવાય છે.

દા.ત.,

| **હકારવાક્ય** | **નકાર-નિષેધ વાક્ય** |
|---|---|
| હું આજે પ્રવાસે જવાનો છું, | હું આજે પ્રવાસે જવાનો નથી. |
| હોડીમાં ગંગાપ્રસાદ બેઠા. | હોડીમાં ગંગાપ્રસાદ બેઠા નહીં. |
| વાતાવરણમાં આજે ખૂબ શાંતિ છે. | વાતાવરણમાં આજે શાંતિ નથી. |
| ગોવિંદ શાળાએ ગયો. | ગોવિંદ શાળાએ ગયો નહીં. |
| હું એના ઘેર ગયો હતો. | હું એના ઘેર ગયો ન હતો. |
| અમે ત્યાં ગયા હતા. | અમે ત્યાં ગયા નહોતા. |

ગુજરાતી ભાષામાં 'ન', 'નહીં', 'નથી' એ સૌથી વધારે વપરાતા નિષેધવાચકો છે.

**સ્વાધ્યાય**

**પાઠ્યપુસ્તકમાંથી દસ હકારવાક્યો અને દસ નિષેધવાક્યો શોધીને લખો.**

●

# 13 વતનનો તલસાટ

**રમણીક અરાલવાળા**

(જન્મ : 06-09-1910; અવસાન : 24-04-1981)

ગાંધીયુગીન સમાજાભિમુખતા ઉપરાંત સ્વબળે કેળવાયેલું સૌંદર્યરાગી વલણ ધરાવતા કવિ રમણીક અરાલવાળાનો જન્મ ખેડા જિલ્લાના ખેડાલ ગામમાં થયો હતો. સાત ધોરણ સુધી ખરાલ પાસેના છીપડી ગામમાં શિક્ષણ લીધું. આર્થિક સ્થિતિ નબળી હોવાથી અભ્યાસ છોડ્યો. અમદાવાદ જ્યુપિટર મિલ્સમાં ફેન્સી જોબર તરીકે કામ કર્યું. મોટી વયે શિક્ષણ મેળવ્યું. મેટ્રિક (1944) થયા, ગુજરાતી-સંસ્કૃત વિષયો સાથે સ્નાતક (1944) થયા. એમના કાવ્ય સંગ્રહ 'પ્રતીક્ષા' (1941)ની પ્રસ્તાવના ઉમાશંકર જોશીએ લખી છે. છંદોબદ્ધ રચનાઓ, સૉનેટો તેમજ ગીતોનો એમાં સમાવેશ છે. છંદો પરનો કવિનો કાબૂ નોંધપાત્ર છે. કાવ્યબાનીનું લાલિત્ય, પ્રૌઢ શૈલી, ભાવ-સંવેદનાની ગંભીરતા એમની કવિતાનાં આકર્ષક લક્ષણો છે. 'નગીનાવાડી' (1941) અને 'રસપોળી' (1945)માં બાળભોગ્ય કાવ્યો છે. 'સાંદીપનિ' ઉપનામથી તેમણે 'સાંદીપનિનાં રેખાચિત્રો' (1945) પુસ્તક પ્રગટ કર્યું છે. દેશવિદેશની સાહસકથાઓનો અનુવાદ 'સાહસકથાઓ' (1946) તેમજ તોલ્સ્તોયની વાર્તાઓનો અનુવાદ 'સાચી જાત્રા' એમનો ભાષાંતરકાર તરીકેનો સુભગ પરિચય આપે છે.

વતનનાં તન - વન, ખેતર - કોતર, નદી - ડુંગર, કૂવો - પનિહારી, લોકનાં ગીત - સ્મિતના વિચ્છેદની - વીંછીડંખી વેદના અહીં અભિવ્યક્તિ પામી છે. કવિને વતનવિરહનો કારી ઘા હાથે નહીં હૈયે લાગ્યો છે. તેનો ડંખ દેહને નહીં - આત્માને પડ્યો છે - અને તેથી જ વતન જાવા પ્રાણ પછાડા નાખે છે. મા વછોયું બાળક ને ધણ વછોયું ઢોરું જે તલખાટ અનુભવે - લગભગ તેવો જ તલસાટ કવિ સ્વયં અનુભવે છે. જીરવી જીરવાય નહીં - કોઈને કહેવાય નહીં - તલભાર સહેવાય નહીં તેવો તીવ્ર - ઊંડો આ ઝુરાપો છે - જાણે કે ખુદની ત્વચા જાતે જ જાત વડે જ ઉતરડાતી હોય તેવો ઘાટ સર્જાયો છે. જનમભોમકા જતાં ભેરુ-ભગિની તો મળશે, કિન્તુ કાળગંગામાં વિલીન થયેલી માવડીનું મીઠું મોઢું ક્યાં ભાળીશ ? જનનીરહિત જન્મભૂમિથી અસંતુષ્ટ કવિને જનનીસહિતની વિદેશભૂમિમાં પૂર્ણ પરિતોષ પામવાની ઝંખના છે.

---

(સૉનેટ - મંદાક્રાન્તા)

ગાળી લાંબો સમય દૂરનાં દોહ્યલાં પાણી પી પી,
જાવા હાવાં જનમભૂમિએ પ્રાણ નાખે પછાડા.
કૂવાકાંઠે કમરલળતી પાણિયારી, રસાળાં
ક્ષેત્રેક્ષેત્રે અનિલલહેરે ડોલતાં અન્નપૂર્ણા,
હિંડોળંતાં હરિત તૃણ ને ખંતીલા ખેડૂતોનાં
મીઠાં ગીતો, ગંભીર વડલા, શંભુનું જીર્ણ દેરું,
વાગોળંતાં ધણ, ઊડી રહ્યો વાવટો વ્યોમ ગેરુ,
ઓછીઓછી થતી ભગિની, લંગોટિયા બાલ્ય ભેરુ :
ઝંખી નિદ્રા મહીં ઝબકતો, જાગતાં નીંદ લેતો.
ઘેલાં હૈયાં ! સહુ ય મળશે, કિંતુ કાલાગ્નિમાંથી
સંભાળેલા સ્મૃતિસુમનના સારવેલા પરાગે
સીંચાયેલું અબ નીરખવું મોઢું ક્યાં માવડીનું ?
વ્હાલી તોયે જનનીરહિતા જન્મભૂમિ ન તોષે,
જીવું ઝંખી જનનીસહિતા જન્મભૂમિ વિદેશે.

## શબ્દસમજૂતી

**અન્નપૂર્ણા** અન્ન પૂરનારી દેવી, (અહીં) ખેતરો **હરિત** લીલું **જીર્ણ** સાવ જૂની **સ્મૃતિસુમન** સ્મરણપુષ્પ **તોષ** સંતોષ

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) કવિને શેની ઝંખના છે ?

(2) કોની સ્મૃતિથી કવિનું મન અતૃપ્તિ અનુભવે છે ?

(3) કવિનો વસવાટ ક્યાં છે ?

(4) કેવા રંગનું નિશાન કવિ જુએ છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) કોની સ્મૃતિથી કવિ વિહ્વળ બને છે ? શા માટે ?

(2) કવિના પ્રાણ શાથી (ઉતાવળા) અધીર બન્યા છે ? શા માટે ?

**3. વિસ્તૃત ઉત્તર લખો.**

(1) 'વતનનો તલસાટ' કાવ્યમાં વ્યક્ત થતો કવિનો કલ્પાંત આલેખો.

(2) કવિની જન્મભૂમિનું શબ્દચિત્ર તમારા શબ્દોમાં આલેખો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. તમારા બાળપણનો કોઈ સારો યાદગાર પ્રસંગ લખો.
2. **'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી'** આ પંક્તિનો અર્થવિસ્તાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

'ગાળી લાંબો સમય દૂરનાં દોહ્યલાં પાણી પી પી,
જાવા હાવાં જન્મભૂમિએ પ્રાણ નાખે પછાડા.'

પરગામ વસતા કવિને વતનનું સ્મરણ થતાં વતન પાછા ફરવાની ઈચ્છા થાય છે. માતૃભૂમિનાં અનેક સ્મરણો કવિહૃદયમાં જાગ્રત થાય છે. ઉપર્યુક્ત પંક્તિમાં વતન પ્રત્યેનો ઝૂરાપો 'દોહ્યલાં' અને 'પછાડા' શબ્દો દ્વારા બરાબર વ્યક્ત થયો છે.

સૉનેટમાં પ્રથમ બે અને છેલ્લી બે પંક્તિને બાદ કરતાં વચ્ચેની પંક્તિઓમાં વપરાયેલાં ક્રિયાપદો અને વિશેષણોમાં એક પ્રકારની ગતિશીલતાનો અનુભવ થશે, આવા શબ્દોની યાદી બનાવો.

## શિક્ષક પ્રવૃત્તિ

1. વતનપ્રેમનાં અન્ય કાવ્યો વિશે વિદ્યાર્થીઓને માહિતી આપો.
   દા.ત. વતન વાટે બપોર - બાલમુકુંદ દવે, મળે ન મળે - 'આદિલ' મન્સૂરી

•

# 14 મોરનાં ઈંડાં

**ઈશ્વર પેટલીકર**

(જન્મ : 09-05-1916; અવસાન : 22-10-1983)

શ્રી ઈશ્વરભાઈ મોતીભાઈ પેટલીકર પેટલાદ તાલુકાના પેટલી ગામના વતની છે. સમાજના અને રાજકારણના પ્રશ્નોની નીડરતાથી અને વિવેકપૂર્વક છણાવટ કરનાર પત્રકાર તરીકે તેઓ જાણીતા હતા. નવલકથા અને ટૂંકીવાર્તાના લેખક તરીકે તેઓની સારી ખ્યાતિ છે. ''જનમટીપ'', ''મારી હૈયાસગડી'', ''ભવસાગર'' જેવી અનેક નવલકથાઓ એમણે આપી છે. એમની ટૂંકીવાર્તાઓ ''કાશીનું કરવત'', ''લોહીની સગાઈ'', ''માનતા'' જેવા વાર્તાસંગ્રહોમાં સંઘરાઈ છે. પાત્રોના મનોભાવોને સહજ સૂઝથી આલેખતા જઈને તેઓ સમાજજીવનના માર્મિક પ્રશ્નોને કુશળતાથી કથાઓમાં ગૂંથે છે. એમણે કેટલાંક સરસ રેખાચિત્રો અને સાંસારિક અને સમાજજીવનની સમસ્યાઓની છણાવટ કરતાં કેટલાંક પુસ્તકો પણ લખ્યાં છે.

આ વાર્તામાં પુત્રની કસોટી કરતો પિતા મહીજી અને પોતાની ફરજ બજાવતા પિતા પર ઘા કરતો પુત્ર બુધો આપણા મનમાં વસી જાય એ રીતે આલેખાયા છે. પુત્રનો ઘા ઝીલીને પણ તેની નીડરતા, શૂરવીરતા અને સ્વધર્મપાલનના ગુણોની પિતા પ્રશંસા કરે છે. એમાં એ બન્નેનાં જીવનમૂલ્યની ઉચ્ચતા પ્રગટ થઈ જાય છે. માબાપનાં લક્ષણ કુદરતી રીતે સંતાનમાં ઊતરી આવ્યાનું સૂચવતી વાર્તા-શીર્ષકની કહેવત સાર્થક બનાવે છે. પુત્રલક્ષણે હરખઘેલી બનેલી માતા, ભીરુ મુનીમ, ગભરુ કબુ, તેમજ નીડર પણ માની ગાડીત વજેસંગ તથા દલભાઈની પાત્રરેખાઓ પણ અહીં સરસ રીતે ઉઠાવ પામી છે.

---

આણંદ-ખંભાત રેલવે-લાઈન ન હતી તે દિવસની આ વાત છે. ખંભાતના કિલાચંદ શેઠની દીકરી કબુ, સારા દહાડા લઈને મુંબઈથી આણંદ ઊતરી. એનો સબધો સાથ જોઈને પિયર જવા એક બીજી બહેન પણ સાથે હતી, એમને લેવા ખંભાતથી શેઠે બે ગાડી અને મુનીમને મોકલ્યાં હતાં.

એક ગાડું તો ખાસ્સું સરસામાનથી જ ખીચોખીચ ભરાઈ ગયું. બીજા ગાડામાં બધાં ગોઠવાઈ ગયાં. જોખમથી લદાયેલું કબુનું શરીર જોઈ મુનીમે કહ્યું : ''બહેન : આટલું બધું જોખમ સાથે ના લાવવું જોઈએ.''

કબુ સ્ત્રીસ્વભાવ-સુલભ બોલી : ''કાકા ! જોખમ ના લાવે ત્યારે પિયરમાં જાણેય શું કે દીકરીને સાસરિયામાં કેટલું સુખ છે?''

કબુને જોઈ ત્યારથી જ મનમાં જે વાત ઘૂંટાતી હતી તે મુનીમે કહી નાખી : ''પિયરિયાં તો જાણતાં જાણે, પણ આપણા જીવનું તો જોખમ ને ?'' અને વાણિયાવિદ્યા વાપરતાં એણે ઉમેર્યું : ''આ તો સારું છે કે વજેસંગ અને દલભાઈ જેવા ગાડીત છે, એટલે કશો ભો નથી, બાકી લાંબી વાટ રહી...''

વાણિયાવિદ્યા કારગત લાગી હોય તેમ મુનીમને એ વાક્ય પૂરું કરવા દીધા વગર જ હાલતે શીંગડે બળદને હાંકી રહેલા દલભાઈ બોલી ઊઠ્યા : ''માણેક મુનીમ ! તમે તમારે બેફિકર રહો. હું ને વજેસંગ છીએ ત્યાં સુધી કબુબોનને કોઈ હાથ અડકાડશે ત્યારે અમારે જીવીને જ શું કામ છે ?!! અને સરસામાનનું ગાડું હાંકતા વજેસંગે બૂમ પાડી દલભાઈએ સંમતિસૂચક હાજિયો પુરાવ્યો.

વજેસંગે વળી ઠેઠ સુધીની ખાતરી આપતાં કહ્યું : ''મારું ગાડું લૂંટાય ? માણેક મુનીમ ! જોજો કોઈને એવી વાત કરતા ! અમે કોઈ ખીચડીખાઉ ગાડીત નથી કે ગાડાં લૂંટાય !''

અને વાત પણ સાચી હતી. ખંભાતમાં ગાડીત તો ઘણા હતા, માલનાં ગાડાં લાવવા-લઈ જવાનું વૈતરું મોટેભાગે બધા કરતા. એ બધામાં દલભાઈ અને વજેસંગ બે જુદા તરી આવતા. દલભાઈ કણબી હતા અને વજેસંગ રજપૂત. બંનેનો ધંધો જોખમી ગાડીતનો હતો. ગામ-પરગામ એમનાં ગાડાં માણસ લઈને ફરતાં. એવો ટપ્પો ન મળે તોય ભૂખ્યો સિંહ જેમ ઘાસ ન ખાય તેમ એ બેઉ બેકાર બેસી રહેતા, પણ અનાજની ગૂણો ભરીને ગાડીતું કરતા નહિ.

વળી જોખમી ધંધાના ઘા પણ એમણે વેઠ્યા હતા. એટલે એમનો બોલ ખાલી થૂંક ઉડાડતો ન હતો.

સાથે આવેલી કીકી આ ભયને સન્મુખ આવી પડ્યો માની, મનમાં સાબધા સાથથી પસ્તાતી હોય તેમ ક્યારની ચૂપ હતી તે બોલી : ''એમ હોય તો બહેન કબુ ! રસ્તામાં જણસો પહેરી રાખવી કંઈ બહુ છે ?''

માણેક મુનીમે પણ એમાં સંમતિ આપી : ''કીકીનું કહેવુંય કાઢી નાખવા જેવું નથી. મોટે ભાગે તે દીઠાનું જ ઝેર હોય છે.''

કબુ : ''એમ હોય તો લ્યો ને હું કાઢી મૂકું...''

પણ એને હજુ આગળ બોલવા દીધા વગર કાન માંડીને વાત સાંભળતા દલભાઈ બૂમ પાડી ઊઠ્યા : ''સાંભળજે વજેસંગ ! આટલે વરસે માણેક મુનીમ આપણું નાક કપાવવા બેઠા છે. કબુને કહે છે કે જણસો ઉતારીને દાબડામાં મેલી દે.''

વજેસંગ ગાજી ઊઠ્યો : ''કબુને અડવી કરીને માણેક મુનીમ, અમારું નાક કાપવું છે કે શું ?''

માણેક મુનીમે વાણિયાગત કરીને બને તેટલો પોતાનો રસ્તો નિર્ભય બનાવી વાતને ટાળી દીધી. એવી મરદાનગીની કંઈકંઈ વાતો કરતા દલભાઈ અને વજેસંગ ગાડાં હાંકી રહ્યા હતા. વચ્ચે-વચ્ચે કબુ અને કીકી પણ એમની મુંબઈ શહેરની વાતો કાઢતી હતી ત્યાં પેટલાદ મૂકી પંડોળીની ભાગોળે આવતાં દહાડો મેળ બેસી ગયો.

સામાન્ય ગાડીત હોય તો આવું જોખમ લઈને રાતે ગાડાં હાંકવાનું પગલું જ ન ભરે. પરંતુ આ બે જણ તો રાતના દસ-અગિયાર વાગે ત્યાં જ પોરો લેતા. એટલે માણેક મુનીમે એ વાતમાં સંમત થતાં, ગામમાંથી વળાવિયો સાથે લેવાની દરખાસ્ત મૂકી.

ઢેબરાં ખાતાંખાતાં વજેસંગની આંખ લાલ થઈ, દલભાઈને પણ આ ઘા આકરો લાગ્યો. પોતે જે ગાડાં હાંકતા હોય તેની સાથે વળાવિયો જોઈએ એ એમને મન હાડોહાડ અપમાન હતું. પરંતુ એ બંને જણ સમસમીને બેસી રહ્યા.

માણેક મુનીમ ગામમાં વળાવિયો શોધવા નીકળ્યા. મહીજી બારૈયો ગામમાં વળાવિયાનું કામ કરતો હતો, પરંતુ તે નર્યો શાહુકાર હતો એમ નહિ, ચોર પણ હતો; વળાવિયા તરીકે કામ કરે ત્યારે જીવના જોખમે એ સામનો કરે, અને લૂંટનું કામ કરે ત્યારે એટલા જ ઝનૂનથી લૂંટ પણ કરે. આ એના બે પરસ્પર વિરોધી સ્વભાવ હોવા છતાં, વળાવિયા તરીકેનો એણે વિશ્વાસઘાત કદી કર્યો ન હતો. એટલે ધીમે ધીમે એની એવી શાખ પડી ગઈ કે વળાવિયા તરીકે જે હોય તે એને જ લે. દલભાઈ અને વજેસંગને ખાતરી હતી કે મહીજીને જો વળાવિયા તરીકે લાવશે તો માણેક મુનીમ પૂરેપૂરા બની જવાના કારણકે મહીજી આ બેઉને સારી રીતે ઓળખતો હતો. એટલે સાથે આવવાને બદલે મુનીમને બે બોલ સંભળાવી ઘેર ચાલ્યા ગયા વગર એ રહે જ નહિ.

ગામમાં પૂછતાં માણેક મુનીમને પણ મહીજીનું જ ઘર સાંભળનારે ચીંધ્યું.

માણેક મુનીમ એને ઘેર ગયા ત્યારે મહીજી નહોતો.

બાઈએ ઘરમાંથી બહાર આવતાં શાહુકાર માણસને જોતાં ખાટલો આડો કરી આપ્યો. તેણે કહ્યું : ''બેહો, સેમમાં (ખેતરમાં) ગ્યા' છે તે આવતા હશે.''

બાઈ ઘરમાં ગઈ એટલે ફડાંભેર બેસીને ખીચડી-છાશ તાવડીમાં ભેગી કરીને સબડકા મારીને ખાતા દીકરાએ પૂછ્યું : ''કુણ છે, માડી ?''

''એ તો વળાવિયા તરીકે તારા બાપાને બોલાવવા આવ્યા છે.'' બાઈએ કહ્યું...

વીસ વર્ષના બુધાએ મર્દાનગીનાં ધાવણ માને થાનેથી પીધાં હતાં. બાપુનું હાડ એની ફૂટતી જુવાનીમાં ન સમાવાનું હોય તેમ એની અડીખમ કાયા સાક્ષી પૂરતી હતી. કેડે તરવાર બાંધવી, ખભે તીરકામઠું ભરાવવું અને હાથમાં ધારિયું ઝાલવું - એ ત્રણેય કળા બાપે દીકરાને આપવા માંડી હતી, પરંતુ હજુ સુધી પ્રત્યક્ષ ધંધામાં એને પલોટ્યો ન હતો.

ખીચડી-છાશનો છેલ્લો ઘૂંટડો ગળે ઉતારતાં બુધાએ સ્વાભાવિક કહ્યું : ''માડી, ત્યારે હું જઉં વળાવિયે ?''

કોઈ ઊંચી વરણની શાહુકાર મા હોત તો આ શબ્દ સાંભળતાં ફફડી ઊઠત, દીકરાને એવા જોખમમાં ન પડવાની શિખામણ આપત, પરંતુ જોખમમાં જીવતી આ કોમની બાઈમાં તો દીકરાના બોલે રૂંવે-રૂંવે આનંદ પ્રગટ્યો. એના મોં ઉપર શાબાશીની સરવાણીઓ ફૂટી, એથી હરખાઈને એ બોલી : ''તું કેડે તરવાર બાંધે તે કરતાં મારે બીજો કયો રૂડો દા'ડો હોય ?''

ફૂટતી મૂછો ઉપર ભીના હાથ ફેરવતાં-ફેરવતાં બુધો બહાર આવ્યો. કામની પૂછપરછ કરી. સવાલ કર્યો : ''હું વળાવિયે આવું તો ચાલશે, શેઠ ?''

માણેક મુનીમે એ જુવાનિયાની આંખનું ઊંડાણ માપતાં કહ્યું : ''અમારે તો ભઈ ! જે આવે તે. જ્યાં-ત્યાં અમારાં ગાડાં હેમખેમ પહોંચવાં જોઈએ.''

બુધાએ ખોંખારો ખાતાં કહ્યું : ''અરે શેઠ ! મહીજી બારૈયાના ઘરનું નાનું છોકરું હોય તોય કોની માએ સવાશેર સૂંઠ ખાધી છે કે પછી ગાડાંનું નામ દે ?''

માણેક મુનીમે ઊભા થતાં કહ્યું : ''ચાલો ત્યારે, અમારે પછી નાનામોટાની પંચાતેય શું કરવા કરવી પડે ?''

''હેંડવા માંડો ત્યારે.'' બુધાએ માણેક મુનીમને ભાગોળે વળાવતાં કહ્યું : ''હું સાબધો થઈને આ આવ્યો જાણો.''

માનો હરખ માતો ન હતો. કોઈના કહ્યા વગર દીકરો આપમેળે જોખમ ખેડવા તૈયાર થયો એ બાઈને મન પોતાના પેટનો વિજય હતો. મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે ને શૂરવીરના છોરુંને પલોટવાં ન પડે. દીકરો જાણે પરદેશ વહાણ કમાવા જતો હોય એટલા ઉમંગે બાઈએ દીકરાને અકબંધ ગોરસી ભાંગીને દહીં મોંમાં મુકાવ્યું અને વિદાય આપતાં કહ્યું : ''જા, બેટા ! ભાથીખત્રી તારી ખમ્મા કરે.'' અને દીકરાએ ઘરની બહાર પગ મૂક્યો એટલે બાઈએ ઉમેર્યું : ''જોજે બેટા ! તારા બાપનું નામ ના વગોવાય.''

''અરે, એ વાતમાં શો માલ છે ? રામ-રામ કર ને !'' એમ ખાતરીના મૂંગા પડઘા પાડતાં દીકરાનાં પગલાંને બાઈ નીરખી રહી.

વીસ વર્ષના કાચા જુવાનને વળાવિયે આવેલો જોઈને દલભાઈ અને વજેસંગ મૂછમાં હસ્યા. બેઉના મનમાં વળી તરત ને તરત ખેદ પણ થયો કે 'માળે મુનીમે આપણું નાક તો નાક, પણ હોઠ સુધ્ધાં ઘસીને કાપી લીધા. આપણા ગાડાં સાથે વળાવિયો, ને તેય હોઠેથી બાનું ધાવણ તો હજુ સુકાયું નથી તેવો છોકરડો !'

જાણે એ વિચારે બંનેએ કંઈ નક્કી કર્યું હોય તેમ એકસાથે ખૂંખારા ખાધા, ગાડાં હંકાર્યાં.

થોડી વાર પછી મહીજી ઘેર આવ્યો; ખાવા બેઠો. બાઈનો હરખ તો સમાતો ન હતો. છેવટે જે સવાલની બાઈ રાહ જોઈ રહી હતી, તે એણે પૂછ્યો પણ ખરો : ''બુધલો ચ્યાં ગ્યો ? કંઈ દેખાતો કેમ નથી ?''

વહી ગયેલા જોબનમાં ઓચિંતો ઉછાળો આવ્યો હોય તેમ આંખ ઉલાળતાં બાઈએ કહ્યું : ''ચ્યમ કંઈ બુધલો તમારાથી જાય એવો છે ? તમારાથી સવાયો ન પાકે તો કે'જો ને !''

પોતાનો દીકરો સવાયો પાકશે એમ તો બાઈ, બુધલો પાંચ વરસનો થયો ને કામઠી લઈને તાકવા માંડ્યો ત્યારથી કહ્યા કરતી હતી અને મહીજી પણ એકનો એક જવાબ આપ્યા કરતો હતો : ''પાકે ત્યારે ખરો !'' એટલે એ દહાડો આજ હાજરાહજૂર થતાં વળી બાઈએ એ વાત સંભારી.

એટલે મહીજીને એ વાતમાં કંઈ નવાઈ ન લાગી, પરંતુ બાઈની આંખે જે કામણ કર્યું તે એને સતેજ કર્યા વગર રહી ન શક્યું. બાઈનું કાંડું ઝાલવા એણે હાથ લંબાવ્યો ત્યાં તો બાઈ દૂર ખસી ગઈ, અને મહીજીના સવાલની રાહ સહી ન જતી હોય તેમ એ ભડભડી ઊઠી : ''તમે જાણતા હશો કે મારા જેવો કોઈ વળાવિયો નઈ, પણ મારો બુધલો તમારા પેંગડામાં પગ ઘાલે છે કે નઈ ? તમે ન'તા એટલે સાબધો ખોંખારો ખાઈને તૈયાર થઈ ગયો, કેડે તરવાર ને ખભે તીરકામઠું ભરવીને એ તો ગ્યો વળાવિયે.''

મહીજીએ વાત સાંભળતાં ગંભીરતા પકડી, જાણે કંઈ ગણતરી કરતો હોય તેમ ખાઈ લીધા પછી હૂકો પીતાં-પીતાં ધુમાડી પેટમાં ગૂંચળાં વળવા લાગી. વિચાર પાકો થતાં, બે દમમાં જ એણે ચલમની તમાકુ બાળીને ખાખ કરી દીધી. હૂકો એક ખૂણામાં ટેકવીને મૂકી દીધો; રોજનાં સાથી હથિયાર એણે ધારણ કર્યાં.

કંઈ ન સમજણ પડવાથી બાઈ બોલી ઊઠી : ''તમે અત્યારે ચ્યાં જાવ છો ?''

''દીકરો ગ્યો ત્યાં.''

''ચ્યમ ?''

''મારાથી ઓછું તારી જેમ બૈરાવેડાં જોઈ રહેવાય ? વાછડો ગમે તેટલું કૂદે તો પણ એ તો ખીલાનું જોર ન હોય તો ખાડામાં જ પડે. ગ્યો છે તો ખરો તરવાર બાંધી, પણ એવો દા'ડો હોય ને મોં વકાસી જાય તો નામ જાય. મહીજીના મોં ઉપર કોઈ થૂંકે નંઈ અને એની બંધાતી આબરૂ ધૂળ થઈ જાય !'' અને બાઈ સામે જોયા વગર એ બહાર નીકળ્યો, જતાં પહેલાં બોલ્યો : ''વળી જોઉં તો ખરો કે એનામાંય કેટલું પાણી છે !''

બાઈ ફાટી આંખે તાકી રહી, મહીજી ગયો.

* * *

સુદી પાંચમનો ચંદ્ર દૂર રહ્યોરહ્યો, ઊગતાંની સાથે આથમવાની તૈયારી કરતો, ઝાંખું-ઝાંખું પ્રકાશી રહ્યો હતો. નાળમાં ગાડાં ધીમે-ધીમે ચાલ્યે જતાં હતાં. વળાવિયા તરીકે આવેલો બુધો ગાડાથી દૂર ખેતરમાં સમાંતર ચાલતો હતો. કબુ મુસાફરીથી અને ભારે પેટે હોવાથી થાકીને આડે પડખે થઈ હતી. એના પગ આગળ કીકી ઝોકાં ખાતી અને આંચકો આવતાં સતેજ થતી પગ લાંબા કરી પાંજરાને અઢેલીને બેઠી હતી. માણેક મુનીમ દલભાઈની જોડે આગળના ભાગમાં બેઠા હતા. વાતો કરીકરીને બધાં થાકી ગયાં હોય તેમ સૌ શાંત હતાં.

ત્યાં તો કોઈની રાડ આવી : ''એ...એ...જે... હોય તે ગાડાં ઊભાં રાખજે...''

જાણે બંદૂકની ગોળી સન્‌ન્‌ન્‌ કરતી રુદિયાને ભેદે તેમ તે રાડે સૌના કાન ભેદ્યા.

એ એક જ ક્ષણ-ને કબુ બેઠી થઈ. કીકી સાવધ થઈ ગઈ. માણેક મુનીમ ધીમેથી બોલ્યા : ''દલભાઈ ! રાડ પડી.''

પેટનું પાણીય ન હાલ્યું હોય તેમ દલભાઈએ કહ્યું : ''છો ને પડી ! વળાવિયો છે ને !''

અને એ સાથે જ વળાવિયા બુધાએ હોંકારો દીધો : ''જે હોય તે હેંડવા માંડજે. મહીજીના દીકરા બુધાનું વળાવિયું છે.''

પણ જાણે એ હોંકારાની કંઈ અસર જ ન થઈ હોય તેમ ફરીથી રાડ પાડી : ''ગમે તેનું વળાવિયું હોય, ગાડાં ઊભાં રાખજે!''

કબુને પેટમાં શૂળ થઈ હોય તેમ મૂંઝવણ શરૂ થઈ, કીકી ફીકી પડી ગઈ; માણેક મુનીમ ઊંચા થઈ જતાં બોલ્યા : ''વજેસંગ!....''

પણ તે આગળ બોલે તે પહેલાં વજેસંગનો નિર્ભય અવાજ આવ્યો : ''માણેક મુનીમ ! તમતમારે નચિંત રહો. આપણી હારે વળાવિયો ક્યાં નથી ?''

ત્યાં તો બુધો પણ ગાડાં પાસે આવી ગયો. સામી બાજુના ખેતરમાં રાડ નાખનાર પણ ખડો થઈ ગયો. ગાડાં ચાલ્યે જતાં હતાં. ફક્ત અંદર બેઠેલ ત્રણ શાઉકાર મનખની સૂધબૂધની જ્યોત ઝાંખી પડી જતી હતી.

બુધો બોલ્યો : ''આબરૂભેર જે હોય તે હેંડ્યો જા. હું તને ઓળખી ગયો છું માટે...''

છલંગ મારતોક રાડ દેનાર નાળમાં ખડો થયો.

બળદ અટક્યા. કબુએ ચીસ નાખી; કીકીએ કપાળ કૂટ્યું; માણેક મુનીમ શિયાવિયા થઈ ગયા; બોલવા માટે બત્તી ન ફાટી. કંઈ બોલ્યાચાલ્યા વગર દલભાઈ અને વજેસંગ સાવધ થઈને બેસી ગયા.

બુધો પડકાર કરતાં બોલ્યો : ''જો, અલ્યા બાપ ! હું ખરું કહું છું, તું ચાલ્યો જા; બાકી તારી આબરૂ આજ નંઈ રે !''

બાપ અને દીકરો - એક લૂંટારો અને બીજો રક્ષક !

ખડકની પેઠે અડગ રહીને મહીજી બોલ્યો : ''આઘો ખસ હવે, તું મોટો મારી આબરૂ લેનારો ન જોયો હોય !'' અને બુધાને એક હડસેલો મારતાં મહીજીએ જમણી બાજુના બળદનું જોતર ઝાલ્યું.

''અલ્યા બાપા ! મારું માની જા. અત્યારે હું તારો દીકરો નથી, તું મારો બાપ નથી. હજુ શરમ રાખું છું ત્યાં સુધી, નંઈ તો જોયા જેવી થઈ જશે-'' બુધાએ સાચમસાચ કેડેના મ્યાનમાંથી તરવાર ખેંચતા કહ્યું.

''અલ્યા, નંઈ તો તું શું કરીશ ?'' બળદનું જોતર છોડી નાખતાં મહીજી બોલ્યો. દલભાઈ તો તમાશો જોતા હોય તેમ અછોડો ઝાલી નિરાંતે જોતા હતા.

''જોવું જ છે ?'' બુધાએ છેલ્લો પડકાર કર્યો.

''હા ! આજ જોવા જ નીકળ્યો છું.''

''શું કહો છ ?'' કહેતાંક દીકરાએ તરવાર ઊંચકી.

ચંદ્રના અજવાળામાં તરવાર ઝાંખું હરખી રહી.

''લે ત્યારે !'' કહી બુધાએ જે હાથે મહીજીએ જોતર છોડ્યું હતું તે ઉપર ઘા કર્યો. જાણે કોઈ જાતની બંને વચ્ચે સગાઈ ન હોય તેવા જ દુશ્મનભાવે !

સર્‌ર્‌ર્‌ કરતી લોહીની ધારા વછૂટી. મહીજીને જાણે તૃપ્તિનો ઓડકાર આવ્યો હોય, તેમ એણે ધરપતનો ઓડકાર ખાધો.

બુધાએ તો કલ્પ્યું હતું કે બાપ સામનો કરવાનો જ એટલે હજુ આગળ કપરું કર્તવ્ય આવવાનું બાકી હતું. પરંતુ મહીજી તો દીકરાની નેકીની પરીક્ષા કરતો હતો. એ જ ઘવાયેલા હાથે શાબાશી આપતાં દીકરાના બરડાને એણે થાબડ્યો ! ''શાબાશ દીકરા મને હવે ખાતરી થઈ કે તું મારું નામ નંઈ બોળે ! જા ફત્તે કર !''

અત્યાર સુધી તમાશો જોઈ રહેલા દલભાઈ છેવટે બોલ્યા : ''અને મોરનાં ઈંડામાં તે કંઈ ચિતરામણ કરવાનું હોતું હશે, મહીજી ?''

''હેં ! હેં ! કોણ દલભાઈ ?'' મહીજી બોલ્યા.

ગાડા ઉપરથી ઠેકીને નીચે પડતાં દલભાઈએ કહ્યું : ''એ બધી વાત કર્યા વગર ઘા ઉપર ચેવીને પાટો બાંધો.''

પણ જાણે કંઈ થયું જ ન હોય તેમ મહીજીએ પૂછ્યું : ''અરે ! ત્યારે પાછળના ગાડામાં વજેસંગ જ હશે !''

''ત્યારે બીજું કોણ હોય ?'' વજેસંગે પાછળથી જવાબ આપ્યો અને તે પણ ત્યાં આવ્યો.

''અરે ગાંડા !'' દીકરા તરફ જોતાં મહીજી બોલ્યો, ''વાઘનું રખોપું કરવા દીપડો નીકળે એના જેવી તેં તો વાત કરી !'' અને દીકરો તો જાણે અજાણ્યો હતો, પણ સાથેનો શેઠ કેવો કે એણે આમને ઓળખ્યા નહિ એમ માની મહીજીએ કહ્યું : ''શેઠ મંમઈ રે' છે કે શું ?''

''ના, હું તો ખંભાત રહું છું.'' માણેક મુનીમે કહ્યું.

''ખંભાત રે'તા લાગતા નથી. ''

''કેમ ?''

''ખંભાત રે'તા હોત તો દલભાઈ-વજેસંગનાં ગાડાં જોડે તમે વળાવિયો ન કરત !''

માણેક મુનીમના મોંમાંથી કંઈ જવાબ ન નીકળ્યો.

પાટો બંધાઈ રહ્યો. સામસામી બીડીઓ પીવાઈ, એટલે દીકરાને આગળ કરતાં મહીજીએ કહ્યું : ''હેંડ ! હું આવ્યો તે એટલું સારું થયું કે તારો ફેરો બચી ગયો. બાકી વાઘને વળી વળાવિયો હોય ?''

માણેક મુનીમને યાદ આવ્યું હોય તેમ એ બોલ્યા : ''અરે, તમારા પૈસા તો લેતા જાઓ !''

મહીજી ખડખડ હસ્યો. આથમતો ચંદ્ર એને જોઈને શરમાઈ ગયો હોય તેમ ક્ષિતિજમાં ડૂબી ગયો.

પૈસા લેવાય બાપદીકરો ન ઊભા રહ્યા ત્યારે માણેક મુનીમને બંને ગાડીતની તાકાતની ખ્યાતિની ખબર પડી. એણે વાણિયાગત કરતાં કહ્યું : ''મેંકું, મને આવી ખબર નંઈ કે તમે આટલાં નામ કાઢ્યાં છે !''

પણ બંનેમાંથી કોઈને જવાબ આપવાની જરૂર ન લાગી.

(''માનતા''માંથી)

## શબ્દસમજૂતી

**સારા દહાડા લઈને** - સગર્ભાવસ્થામાં; **સબધો** - સહી સલામતીવાળો; **જોખમથી લદાયેલું શરીર** - કીમતી ઘરેણાં પહેરેલું શરીર; **ગાડીત** - ગાડું હાંકનાર; **હાજિયો પુરાવવો** - હા કહેવી; **ખીચડીખાઉ** - હલકી કોટિનું; **વૈતરું** - મજૂરી; **ટપ્પો** - અમુક અંતર (અહીં) માણસોને લાવવા લઈ જવાનું કામ; **ગાડીતું** - ગાડીત તરીકેનું કામકાજ; **ઘા વેઠવા** - સહન કરવું; **જણસ** - વસ્તુ; **ઘરેણાં, જણસો... બહુ છે ?** - જોખમ વહોરીને પણ ઘરેણાં પહેરી રાખવાનું જરૂરી છે ? - એવો ભાવ; **દીઠાનું ઝેર** - અણગમતી બાબતની જાણકારી હોય તો જ એનું દુઃખ થાય (અહીં) લૂંટારા ઘરેણાં જોશે તો લૂંટ્યા વગર નહીં રહે; **અડવી** - શણગાર વગરની; **વળાવિયો** - રસ્તામાં સંભાળ રાખનાર; **શાખ** - આબરૂ, વિશ્વાસ; **સાબધાં** - સજ્જ, તૈયાર; **પલોટવું** - કામકાજમાં જોડીને પાવરધું કરવું; **ગોરસી** - દહીં દૂધ રાખવાનું માટીનું વાસણ; **ચેવીને** - કસીને.

## રૂઢિપ્રયોગ

**નાક કપાવું** આબરૂ જવી; **આંખ લાલ થવી** ગુસ્સો ચડવો; **પેંગડામાં પગ ઘાલવો** બરાબરી કરવી; **બત્તી ન ફાટવી** - જીભ ન ઉપડવી; **નામ કાઢવું** - આબરૂ મેળવવી; **પેટનું પાણી ન હાલવું** - નચિંત રહેવું;

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) ગામમાં વળાવિયાનું કામ કરનાર જાણીતી વ્યક્તિ કોણ હતી ?

(2) કબુને લેવા માટે શેઠે શી વ્યવસ્થા કરી હતી ?

(3) મહીજીએ દીકરાને ખુશ થઈને કેવા શબ્દો કહ્યા ?

(4) માણેક મુનીમ શા માટે મહીજીને ઘેર ગયા ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) જણસો ઉતારીને દાબડામાં મૂકી દેવા પાછળનો મુનીમનો શો આશય હતો ?

(2) બુધો વળાવિયે જવા તૈયાર થયો એ વાતની એની માતા પર શી અસર થઈ ?

(3) જણસો ઉતારીને દાબડામાં મૂકી દેવાની મુનીમની વાત વજેસંગ અને દલભાઈને શા માટે પોતાનું અપમાન કરનારી લાગી ?

**3. સવિસ્તર જવાબ લખો.**

(1) 'મોરનાં ઈંડાં' શીર્ષક સમજાવો.

(2) મહીજીએ દીકરાની નેકી અને મર્દાનગીની પરીક્ષા કઈ રીતે કરી ?

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. તમારા પિતાજી તમારી કેવી કાળજી કરે તેના વિશે વિગતે લખો.
2. તમે દાખવેલી પ્રામાણિકતાનો એક પ્રસંગ વર્ણવો.

## ભાષાભિવ્યક્તિ

* ''તું કેડે તરવાર બાંધે તે કરતાં મારે બીજો કયો રૂડો દા'ડો હોય ?''
* હું વળાવિયે આવું તો ચાલશે, શેઠ ?''
* ''અરે શેઠ ! મહીજી બારૈયાના ઘરનું નાનું છોકરું હોય તોય કોની માએ સવાશેર સૂંઠ ખાધી છે કે પછી ગાડાંનું નામ દે ?''
* ''વ્યમ કંઈ બુધલો તમારાથી જાય એવો છે ?''
* ''અલ્યા, નંઈ તો તું શું કરીશ ?''

આખી વાર્તામાં પ્રયોજાયેલા આ પ્રકારનાં વાક્યો તપાસો - સમજો તો ખ્યાલ આવશે કે તે શા માટે અને કેવા સંજોગોમાં બોલાયાં છે?

તું કેડે તરવાર બાંધે તે મારે માટે બહુ મોટો દિવસ ગણાય.

મહીજી બારૈયાના ઘરના નાના છોકરાનું નામ લેવું એ સહેલી વાત નથી.

ઉપરનાં વાક્યોને આ શૈલીએ લખવાથી ઉચ્ચારણના લય-લહેકામાં તો ફેર પડે જ છે, કિન્તુ આ વાક્યો ઉચ્ચારનારની માનસિક સ્થિતિનો ઉત્સાહ - ખુમારી - બહાદુરી - જુસ્સો વગેરેનું સીધું પ્રગટીકરણ થાય છે. બાકીનાં આ પ્રકારનાં વાક્યોને આ દૃષ્ટિએ જોશો તો તમને વાર્તાકારની ભાષાશૈલી આવી શા માટે છે તેનો ખ્યાલ આવશે.

## શિક્ષકની પ્રવૃત્તિ

1. 'આદર્શ વિદ્યાર્થીનાં લક્ષણો' વિષય પર વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કરો.
2. 'મૂલ્યલક્ષી પ્રસંગો' વિશે વિદ્યાર્થીઓની પાસે અંક તૈયાર કરો.

●

# 15 આ રસ્તાઓ

**ઉશનસ્**

(જન્મ : તા. 28-9-1920; અવસાન : 6-11-2011)

કવિ, વિવેચક, આત્મકથાલેખક નટવરલાલ કુબેરદાસ પંડ્યા - 'ઉશનસ્'નો જન્મ વડોદરા જિલ્લાના સાવલી ગામમાં થયો હતો. તેમણે માધ્યમિક શિક્ષણ ડભોઈમાં તેમજ ઉચ્ચ શિક્ષણ વડોદરામાં લીધું હતું.

વલસાડની કૉલેજમાં આચાર્ય પદે રહી, સેવાનિવૃત્ત થયા હતા. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા ક્ષેત્રે પ્રદાન કરનાર વિશિષ્ટ કવિઓમાં તેમનું સ્થાન મહત્ત્વનું છે. પ્રકૃતિ, સંસ્કૃતિ તેમજ પ્રેમના કવિ છે. ભાવના તેમજ ચિંતન તેમનાં સોનેટ તેમજ કાવ્યોનાં લક્ષણો છે.

'પ્રસૂન', 'નેપથ્યે', 'આર્દ્રા', 'મનોમુદ્રા', 'તૃણનો ગ્રહ', 'સ્પંદ અને છંદ', 'અશ્વત્થ', 'વ્યાકુળ વૈષ્ણવ' જેવા વીસેક કાવ્યસંગ્રહો તેમણે આપ્યા છે. 'સમસ્ત કવિતા' એ 1955થી 1995 સુધીની તેમની કવિતાનો સંચય છે. નાનાં ભૂલકાંને ધ્યાનમાં રાખીને 'શિશુલોક' સંગ્રહ આપ્યો છે. 'ઉપસર્ગ', 'મૂલ્યાંકનો', 'રૂપ અને રસ' જેવા વિવેચનગ્રંથો તેમણે આપ્યા છે. તેમજ 'સદ્માતાનો ખાંચો' જેવી સ્મરણકથા તેમની પાસેથી મળી છે. તેમણે કેટલાંક નોંધપાત્ર સંપાદનો પણ આપ્યાં છે.

નર્મદ ચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક,ભારતીય સાહિત્ય અકાદમી એવોર્ડ, નરસિંહ મહેતા એવોર્ડ દ્વારા એમની સર્જકપ્રતિભા બિરદાવાઈ છે.

અહીં કવિની રસ્તાપ્રીતિ લાક્ષણિક રીતે અભિવ્યક્ત થઈ છે. કવિ રસ્તાઓ વિશે પહેલા તો ફરિયાદ કરે છે કે રસ્તાઓ મને ક્યાંય જંપવા દેતા નથી. ચાલવા માટે મને લોભાવે છે. સ્વપ્નમાં આવે છે. કવિતાની મઝા એ છે કે કવિનો આ સ્થાનિક રસ્તો આગળ વધતાં વ્યાપક બનતો જાય છે અને કવિ ધીરે ધીરે રસ્તા અને આ પૃથ્વીને એવા ચાહતા થઈ જાય છે કે મૃત્યુ પછી પણ તેને પૃથ્વી અને પૃથ્વીપટ પર રહેલા રસ્તાઓનું પ્રલોભન રહે છે અને એ અપેક્ષા સેવવા લાગે છે કે હજુ એવા કેટલાય રસ્તાઓ છે જ્યાં હું ચાલ્યો નથી.

---

મને આ રસ્તાઓ જરીય ઠરવા દે ન, ઘરમાં
ઘૂસી આવે ક્યાંથી ઘર વગરના, ચોર; પકડી
લિયે હૈયું, મારા કર પકડીને જાય ઘસડી,
ન પૂરું સૂવા દે; સ્વપન મહીં આવે નજરમાં.
વીંટાયા છે કેવા પૃથિવી ફરતા લેઈ ભરડા !
નવા અક્ષાંશોની ઉપર નવ રેખાંશ-ગૂંથણી !
અરે, આ કૈં વાંકા ગલ જલધિનીરે જઈ પડ્યા !
હલાવું આ બીજા તરુવિટપ શા, તો મધપૂડા
ઊડે વસ્તી કેરા ટીશી ટીશી રહે શી બણબણી !
મને આ પૃથ્વીની પ્રીત પણ અરે, એવી જ મળી :
રહે ના દીવાલો ભીતર ગૃહિણી શી ઘર કરી;
છતાં, હાવાં તો એ રખડુ-શું હૈયું એવું હળ્યું કે
હું સ્વર્ગેથીયે આ પૃથિવી પર પાછો ફરીશ, હા;
- હજી કૈં કૈં રસ્તા મુજ પદની મુદ્રા વણ રહ્યા.

## શબ્દસમજૂતી

**કર** - હાથ; **ભરડો** - આલિંગન; **અક્ષાંશ - રેખાંશ** - પૃથ્વી પરની કલ્પિત આડી - ઊભી રેખાઓ; **ગલ** - માછલા પકડવાનો આંકડો; **જલધિ** - સમુદ્ર; **તરુવિટપ** - વૃક્ષની ડાળી; **ટીશી** - અંકુર, કૂંપળ; **હાવાં** - હમણાં; **પદની મુદ્રા** - પગનાં નિશાન

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) કવિ પોતાના હૈયાને કેવું ગણાવે છે ?

(2) 'રસ્તાઓ' શી રીતે પૃથ્વી પર વીંટળાયેલા છે ?

(3) સ્વર્ગારોહણ પછી પણ કવિની શી ઈચ્છા પ્રબળ બની રહી ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) કવિને શેના પ્રત્યે આકર્ષણ છે ? શા માટે ?

(2) કવિને સ્વપ્નમાં શું નજરે ચઢે છે ?

(3) ગલની શી દશા થઈ ? શા માટે ?

(4) ઝાડની ડાળી પર શું રહેલું છે ? તેને હલાવતાં શી સ્થિતિ થાય છે ?

**3. વિસ્તૃત ઉત્તર લખો.**

(1) 'આ રસ્તાઓ' શીર્ષક ચર્ચો.

(2) રસ્તાની આગવી વિશિષ્ટતા કાવ્યનાં આધારે તારવો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. આ સૉનેટનું સમૂહગાન કરો.
2. સૉનેટસંગ્રહનું ભીંતપત્ર બનાવો.

## ભાષાભિવ્યક્તિ

સૌ પ્રથમ કાવ્યનું શીર્ષક તમારું ધ્યાન ખેંચશે. 'આ રસ્તાઓ' કવિ રસ્તાઓ સમક્ષ ઊભા છે. કવિને રસ્તાઓ વિશે મીઠી ફરિયાદ છે તેને લાગે છે કે આ રસ્તાઓ તેને જંપવા દેતા નથી.

'ઘરમાં ઘૂસી આવે ક્યાંથી ઘર વગરના, ચોર, પકડી લિયે હૈયું, મારા કર પકડીને જાય ઘસડી'

તમે જુઓ સજીવ તો કવિ છે - રસ્તા નિર્જીવ છે. ખરેખર તો રસ્તાઓનું આકર્ષણ કવિને પોતાને છે, તેમ છતાં કવિ રસ્તાઓનો વાંક કાઢતા હોય તેવું લાગશે.

'છતાં હાવાં તો એ રખડુ-શું હૈયું એવું હળ્યું કે...'

ઉપર્યુક્ત પંક્તિમાં 'હ'કાર બાહુલ્ય અને ઉ'કારાંત શબ્દાવલિ કવિતાને માધુર્ય બક્ષે છે.

## શિક્ષક પ્રવૃત્તિ

1. અન્ય કોઈ કવિના જાણીતા સોનેટનું વિદ્યાર્થીઓ સામે આદર્શપઠન કરો.
2. 'રસ્તો' વિશેની રતિલાલ 'અનિલ'ની ગઝલનું પઠન કરો.

●

# 16 સુખનો કાળ બાળપણનો

**પુ. લ. દેશપાંડે**

(જન્મ : તા. 08-11-1919; અવસાન : 12-06-2000)

મહારાષ્ટ્ર જેને 'આનંદયાત્રી' તરીકે ઓળખે છે, તેવા પુરુષોત્તમ લક્ષ્મણ દેશપાંડે (પુ.લ.) એ મરાઠી સાહિત્યની સર્વતોમુખી પ્રતિભા ગણાય છે. એમના જીવનકાળમાં પુ. લ. એક દંતકથારૂપ બની રહ્યા. તેઓ હાસ્યકાર, નાટ્યકાર, ફિલ્મનિર્માતા, સામાજિક કાર્યકર, વક્તા પણ હતા. વ્યક્તિચિત્રોના તેમના પુસ્તક 'વ્યક્તિ આણિ બલિને દિલ્હીનું 1965નું પારિતોષિક મળેલું. મહારાષ્ટ્ર સરકાર તરફથી 'મહારાષ્ટ્ર ગૌરવ પુરસ્કાર'ની જે રાશિ મળી, તે તેમણે એશિયાટિક સોસાયટી, મુંબઈને ભેટ આપી દીધી.

સુપ્રસિદ્ધ મરાઠી સાહિત્યકાર પુ. લ. દેશપાંડેના પોતાના બાલ્યકાળના સુંદરસ્મરણાનુભવો અહીં અનૂદિત થયા છે. નિશાળનો અણગમો એ કાંઈ તાજો ફૂટી નીકળેલો રોગ નથી. હા, એટલું ખરું કે આધુનિક ટૅક્નૉલૉજીને બાદ કરતાં આજથી સો વર્ષ પહેલાંની શાળા-શિસ્તના પ્રશ્નો-અનુભવો લગભગ એના એ જ આપણને જોવા મળે છે ઘરની આસપાસનાં વૃક્ષો-કીટકો, પશુ-પંખીઓનું સૂક્ષ્મ-સજીવ નિરીક્ષણ લેખકે જે તાજગી સાથે કર્યું છે તે બતાવે છે કે નાનું બાળક ગીત-સંગીત, નૃત્ય-નાટક કેવી સહજતા-તન્મયતાથી શીખે છે ! બાળપણની સ્મૃતિ સતેજ-ચિરંજીવ હોય છે. જેની શબ્દે-શબ્દે પ્રતીતિ થાય છે. રસિક-કલાસંપન્ન અને દૃષ્ટિપૂત આપ્તજનો હોય તો બાળકની નિશાળ કેવી સહજતાથી વિશાળ બને તેનો તાદશ નમૂનો સુપેરે રજૂ થયો છે. પરિણામે અનુભવની શાળામાં જીવનના એકેય પ્રશ્નો અનુત્તર રહ્યા નથી. એની સાહેદી મળે છે. જાણે કે લેખક ખુદ પોતાના બાળપણના દેશ-પ્રદેશમાં આપણને આંગળી પકડીને સ્વૈરવિહાર કરાવતાં હોય તેવી રોચક્તા રસિકતા સિદ્ધ થઈ છે. મૂળ લખાણ ગુજરાતીમાં જ લખાયું હોય તેવા સુંદર અનુવાદ, અનુવાદક અરુણા જાડેજાની સર્વાધિક સજ્જતા સૂચવી પાઘડીમાં પીંછું ઉમેરે છે.

---

જો નિશાળ ન હોત તો બધાંના બાળપણનો કાળ સુખમાં ગયો હોત. રજાઓ ફરજિયાત અને શિક્ષણ મરજિયાત હોવું જોઈએ, એનો અર્થ એવો જરાય નહિ કે મને ભણવાની હોંશ નહોતી. પણ કેરી પીળી કઈ રીતે થાય ? નારિયેળમાં મીઠું પાણી કોણ રેડે ? ગર ભરેલી આમલી ઝાડ પર કઈ રીતે તૈયાર થાય ? આખો દિવસ આપણે ગીતો ગાતાં રહીએ તો શું થાય ? આવું આવું શિક્ષણ આપવાનું છોડીને બીજા જ વિષયો ભણાવવામાં આવે છે ! રોજ પ્રાર્થના કરવા છતાંય ભગવાન ગણિતમાં માર્ક આપવામાં આપણા પર આટલો ક્રૂર કેમ થાય ? આ સવાલનો જવાબ મને નિશાળમાં ક્યારેય મળ્યો નથી એટલું વળી ઠીક હતું કે મારા નાનપણમાં જૂનું ગણિત જ હતું. પણ જૂનું ગણિત ભણેલા ભગવાનને મૌખિક હિસાબના જવાબ મારા કાનમાં, ધીમેકથી આવીને કહી જવામાં શો વાંધો હતો ? મારા વર્ગમાંના વિનાયક દેસાઈને, દિનુ અને મોહન વાગળેને તો ચોક્કસ એ જ જવાબ કહી જતો હશે. હકીકતે તો અમે ત્રણેય જણ જોગેશ્વરીના રામેશ્વરના મંદિરમાં ઘંટ વગાડીને, ભગવાનનું બરાબર ધ્યાન ખેંચીને, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને 'ભગવાન મને ગણિતમાં પાસ કર. પુરવણી પર શાહી ઢોળાવા દઈશ નહિ' એવી એવી માગણીઓ કરતા.

મારો જન્મ મુંબઈના ગામદેવી વિસ્તારની કિર્પાળ હેમરાજની ચાલીમાં થયેલો. મારું બાળપણ મુંબઈના પરા જોગેશ્વરીમાં વીત્યું. આશરે પંચાવન-છપ્પન વર્ષ પહેલાં ગામદેવી-ગરિગામ વિસ્તારની ચાલીઓમાં રહેનારા કારવાર પ્રાંતના કેટલાક લોકોએ જોગેશ્વરીમાં સહકારી ધોરણે મકાનો બાંધ્યાં. ત્યારે તો જોગેશ્વરીમાં રેલવે સ્ટેશન સુધ્ધાં નહોતું. ચાર કુટુંબો રહે એવું માત્ર એક માળનું મજાનું ઘર, ત્રણ ઓરડા, આગળ નાનકડું આંગણું, પાછળ વાડો. આવી આ વસાહતનું નામ હતું 'સરસ્વતીબાગ'. પણ ત્યાં રહેનારાઓ એને 'સોસાયટી' કહેતા. મારું બાળપણ આ સોસાયટીમાં વીત્યું. બાળપણને સુખી કરનારી દરેક વાત ત્યાં હતી. એ વર્તુળાકાર અને અર્ધવર્તુળાકાર બંગલાઓની વચ્ચોવચ્ચ આવેલા કલબના બેઠા ઘાટના એક નાનકડા મકાનમાં ચાલતી મ્યુનિસિપાલિટીની નિશાળ-એટલો એક મીઠાનો ગાંગડો મારા સુખમાં નાખ્યો હતો ! બાકી તો અમારી આ સરસ્વતીબાગ સોસાયટી નાનાં બાળકો માટે કેવી સરસ હતી !

આજે પણ એ 'સોસાયટી' છે, પણ હવે સિમેન્ટ-કોંક્રિટની ઈમારતોનાં જંગલોમાં એ પૂરેપૂરી ઢંકાઈ ગઈ છે. કૂંડામાંના સુંદર ફૂલનો એકાદ છોડવો અડાબીડ વધેલા ઘાસમાં ઢંકાઈ જાય તેમ. એક સમયે જોઈએ તો ત્યાં આંબાનાં, જાંબુનાં, વડનાં, તાડનાં, વાડામાં સરગવાનાં, અગથિયાનાં ઝાડ હતાં. ગુલાબના તો હજારો છોડવા. તેટલી જ અબોલી. કેવડો પણ ખરો. (કારવાર તરફથી સ્ત્રીઓને માથામાં નાખવા રોજ નવી નવી, જાતે ગૂંથેલી ફૂલની વેણી જોઈએ.) બપોર થતાં થતાંમાં જ ઘરે ઘરે પરસાળમાં સ્ત્રીઓ ટોળે મળીને વેણીઓ ગૂંથ્યે જતી.

પશ્ચિમી હદે રેલગાડીના પાટા. સોસાયટીનાં મકાન થોડાંક ઊંચે હતાં એટલે નદીના ઊંચા કિનારા પરથી પાણી વહેતું દેખાય તેમ રેલગાડીઓ વહ્યે જતી. પૂર્વ, દક્ષિણ, ઉત્તર, એમ ત્રણે બાજુ માત્ર ઝાડ જ હતાં. આજુબાજુ ડાંગરનાં ખેતરો અને પૂર્વમાં નજીક જ ટેકરીઓ ને તેની પાછળ ડુંગરોની હાર. ટેકરીઓ તો તાડનાં ઝાડથી ખીચોખીચ. ટેકરી પરની ઈસ્માઈલ કૉલેજ પણ ત્યારે જ બંધાવા લાગી હતી. આથી કૉલેજ નામનો શબ્દ તો મેં ઠેઠ નાનપણથી સાંભળેલો. હાલમાં તો અફાટ ગિરદીથી ઊભરાતા એવા એ રસ્તા પર ત્યારે તો ચકલુંય ફરકતું નહિ.

સોસાયટીમાંનો, અમો બાળકોના વડીલ, કાકા, મામા વગેરે એવો પુરુષવર્ગ સવારે નવ સુધીમાં જમવાનું પરવારી અંધેરીથી છુકછુક ગાડીમાં બેસીને મુંબઈમાં કારકુની કરવા હૉફિસમાં જતો. એ વખતે પત્ની પતિનું નામ જાહેરમાં ઉચ્ચારતી નહિ. દિનુના બાપુ કે વિનુના બાપુ કે પછી 'એ' એવી રીતે બોલાવે. પણ સોસાયટીનાં એક બહેન પતિને 'ઓફિસ' જ કહેતાં. ''ચાલ બહેન, 'હૉફિસ' આવવાનો વખત થયો !'' એવું બોલતાં. એક વાર વડીલમંડળી હૉફિસમાં જાય એટલે સોસાયટીમાં છોકરાં-છોકરીઓ અને બા-બહેનોનું રાજ. રામલાઓ નિશાળના ગોખલે માસ્તર, સલગર ડૉક્ટર, મસમોટા કૂવા પર બેસાડેલી ટાંકીનું એન્જિન ચાલુ કરનારા દત્તુમામા અને રામેશ્વર મંદિરના પૂજારી જેવા ગણ્યાગાંઠ્યા પુરુષો જ બાકી રહેતા. બહુ બહુ તો પાંચ-દશ પેન્શનર દાદાજી મરાઠી ફક્ત નિશાળમાં જ; બાકી બધો વ્યવહાર કારવારી ભાષામાં. અમારી સોસાયટીમાં દૂધ આપવા આવનાર રામગુલામભૈયો અને વેસાવેથી રોજ માછલાં વેચવા આવનાર બાઈ પણ કારવારી ભાષા જાણે. ભૂલોકમાં કારવારી, હૉફિસમાં અંગ્રેજી અને મંદિરમાં થતાં ભજન-કીર્તન પુરાણ પૂરતી જ ભાષા મરાઠી હોય એવું લાગતું. મારા પહેલા-બીજા ધોરણવાળા વાગલે, નાડકર્ણી, વાઘ, રાયાફેણે, દેસાઈ, તેલંગ વગેરેના કોંકણી ટોળામાં હું જ એકલો ઘાટી દેશપાંડે. પણ હું દુભાષિયો; મા સાથે કારવારીમાં અને બાપુ સાથે મરાઠીમાં બોલનારો, કારણ કે મારા બાપુ એકલા જ કોલ્હાપુરના, બાકી બધાં કારવાર તરફનાં.

જોગેશ્વરીની આ કૉલોનીની આસપાસ જંગલ હોવાથી સાપનો અને થોડો ઘણો ચોરનો ઉપદ્રવ રહેતો. આ ચોરોથી બચવા માટે રાત્રે પહેરો ભરનારા બે પઠાણ ચોકીદાર હતા. તેમાંના કાદરખાનને હું ક્યારેય ભૂલીશ નહિ. એ વખતે રેડિયો આવ્યો નહોતો. રાત પડી નથી ને તમરાં સિવાયના બાકી બધા અવાજ થાય બંધ. ફક્ત જતી-આવતી રેલગાડીનો અવાજ, અને તે પણ કાંઈ આજની જેમ મિનિટે મિનિટે નહિ. નોકરીને કારણે મારા બાપુને સતત પરગામ ફરવું પડતું. આથી ઘરમાં બા, મારી મોટી બહેન વચ્છીતાઈ અને અમે ત્રણ ભાઈઓ. હું, મારાથી બે વર્ષ નાનો ઉમાકાંત અને ઘોડિયામાંનો રમાકાંત. સોસાયટીના દરવાજાને અડીને આવેલા એક પતરાના શેડમાં અમે રહેતાં, પાછળથી અમને સોસાયટીના બ્લૉકમાં જગા મળી. રાત્રે બધું સૂમસામ થાય એટલે પેટમાં બીકનો ઓફરો ચઢે. ઘરમાં હોય ફાનસનું ટમટમતું અજવાળું. આવે વખતે દૂર ક્યાંકથી કાદરખાન પઠાણની વાંસળી સંભળાતી. એ સૂર રેલાતાં જ કેટલીય હામ બંધાતી. આ કાદરખાન કદાવર હતો. પણ એ વાંસળી વગાડતો તેથી એનું કદાવરપણું મને ક્યારેય ડરામણું લાગ્યું નહોતું. ટાગોરની 'કાબુલીવાલા' વાર્તા મેં એ પછી જ્યારે પહેલી વાર વાંચી ત્યારે અમને બાળકોને વાંસળી વગાડી બતાવનારો કાદરખાન જ આંખ સામે આવીને ઊભો રહેલો. અમો બાળકો તેને કારવારીમાં, 'કાદરખાં, વગાડ રે વગાડ' કહેતાંની વારમાં જ વાંસળી વગાડતો કાદરખાન રાતના વખતે મનને હામ દેનારો વાંસળીવાળો. થોડા સમય બાદ સોસાયટીમાંથી એ અલોપ થયો ત્યારે બીજા પઠાણે 'કાદરખાં મૂલૂખ ગયા' એવું જણાવેલું.

સૂર પ્રત્યેનું મારું ખેંચાણ ઠેઠ બાળપણથી જ રહ્યું છે. મારી બાનો અવાજ પણ એકદમ ખુલ્લો અને સુરીલો. ગાયન સાથે વાચન પણ સારું મારા નાનાજી જ નહિ, સદ્ભક્તિ મંદિરની ભક્તમંડળી પણ 'હરિવિજય', 'પાંડવપ્રતાપ' વગેરે તેની પાસે વંચાવતા. મારા નાનપણના સુખ સાથે આ સૂરનો ખૂબ જ નજીકનો નાતો રહ્યો છે. અમારે બારણે એકતારા વગાડતો એક ભિખારી આવતો, એ પ્રેમાબાઈનાં ભજનો ગાતો. એમાંનું 'મારા રામને કોઈ લઈ આવો રે' એ ગીત અમે તેની પાસે વારંવાર ગવડાવતા.

સંગીત, સાહિત્ય, નાટક જેવી કલા પ્રત્યે મારું ખેંચાણ વધારે અને મેદાનની રમત કરતાં એ અધિક પ્રિય કલાનો નહિ. નકલા (મિમિક્રી)નો પણ ગમો ખરો. આ બધાં બીજ મારા મનમાં જોગેશ્વરીના સરસ્વતીબાગમાં રોપાયાં. રામેશ્વર મંદિરમાં કીર્તન શરૂ થાય કે ખાવાપીવાની સૂધ રહે નહિ. કથાકાર મહારાજના ગાન જેટલું જ વાજાંપેટીવાળા તરફ પણ મારું ધ્યાન હોય. પેટીમાંથી ગાન નીકળવા માંડે એટલે ચમત્કાર થતો ! કીર્તન સાંભળીને ઘરે આવ્યા બાદ, બીજા દિવસથી મારું કીર્તન ઘરમાં શરૂ થાય. સોસાયટીના ગણેશોત્સવમાં મેં પહેલવહેલી વાર જ્યારે કામતને મિમિક્રી કરતા જોયા ત્યારથી જ મિમિક્રી માટેની મારી રુચિ પેદા થઈ.

પ્રયોગ તો ઘરમાં જ થાય. આથી કાયમ હાઉસફૂલ ! પહેલી બીજીમાં હતાં, ત્યારે મેં પહેલીવાર શાહિર ખાડિલકરનાં શૌર્યગીતો સાંભળ્યાં. પછી લાગલું જ સૂપડાનું ડફ બનાવીને, 'પ્રથમ નમન શારદાચરણે... શારદાચરણે... શારદાચરણે; યુક્તિ, બુદ્ધિ અને શક્તિ દે, ગાઉંન હું કવન' શરૂ. 'જી'... 'જી'... ના હોંકારા ભરવા માટે હોય ઉમાકાંત. સોસાયટીમાં વચ્ચે વચ્ચે ક્યારેક ભાષણો થતાં. મારું પહેલું જાહેર ભાષણ પાંચ-છ વર્ષનો હતો ત્યારે ટાકી મહારાજની હાજરીમાં સદ્ભક્તિ મંદિરમાં થયું. એમાંનું એક સંભારણું તો પાક્કું છે. મારા નાનાજીએ લખેલું વીર અભિમન્યુ પરનું ભાષણ મેં ચાર-પાંચ મિનિટમાં ફટાફટ બોલી બતાવ્યું અને

છેલ્લે ભૂલી ગયો. પણ તરત જ સમયસૂચક્તા વાપરીને 'છોડો, મારો દૂધ પીવાનો સમય થઈ ગયો છે.' એમ કહીને શ્રોતાઓના ચક્રવ્યૂહમાંથી મારો છુટકારો કરી લીધો ! મારાં આ 'દૂધ પીવાનો સમય થયો'વાળાં મજાક અને લાડ એ પછી લાંબો સમય ચાલ્યાં.

અને આ જ સોસાયટીમાં નાટક નામની ચીજ મેં પહેલવહેલી વાર જોઈ. મુંબઈમાં ગંધર્વનાં નાટકો થતાં. પણ જે ઉંમરે બાના ખોળામાં બેલીને મેં એ જોયાં તે સમયે બાલગંધર્વ મરાઠી રંગભૂમિ ગજાવી રહ્યા હતા છતાંય તે મને જગાડી શક્યા નહિ હોય. મેં પહેલું સંપૂર્ણ નાટક જોયું તે ૧૯૨૫-૨૬ના કાળમાં : સોસાયટીના રાયાફેણે, સંજીવ, કાશીનાથ વાઘ, સાખરદાંડે, લખપત વગેરેએ કરેલું 'પુણ્યપ્રભાવ', મારી દૃષ્ટિએ તો એ એક ચમત્કાર જ હતો. એમાંના વૃંદાવન થયેલા રાયાફેણેની અને કંકણ બનેલા કાશીનાથ વાઘની બીક તો મને કેટલાય દિવસો સુધી રહી હતી. વસુંધરાના પાત્રમાં હતો લજપત અને કામત તરીકે હતો પેલો કિંકિણી. પચાસ વર્ષ થઈ ગયાં તોય પાત્રયોજના યાદ છે. (નિશાળમાં ભૂગોળ પણ આવી જ યાદ રહી હોત તો ?)

એની સામે જોઈએ તો રમતગમતમાં મારી જરાય પ્રગતિ નહોતી. સોસાયટીમાં સુંદર ટેનિસકોર્ટ હતો. ત્યાં સફેદ હાફપેન્ટ પહેરીને મોટેરાં રમતાં. હદની બહાર જતો દડો લાવી આપવાની સ્વયંસેવકગીરી અમારા હાથે થતી. એમાંના 'ડ્યુ....સ' શબ્દ મને ખૂબ ગમતો. એના અર્થની આજે પણ ખબર નથી. ક્રિકેટનું મેદાન પણ હતું . પણ એ રમતમાં સેકંડ વિકેટકીપર અને લાસ્ટ પ્લેયરના હોદ્દાથી આગળ ક્યારેય હું ગયો નથી. પણ ખરી રુચિ તો નાટકની. એમાંયે મારા નારાયણમામા આગેવાન. મિમિક્રી, અભિનય એ બધાંમાં નારાયણમામા અમારો આદર્શ. એ મુંબઈ જઈને અંગ્રેજી સિનેમા જોઈ આવતા. ત્યારે બોલતાં ચિત્રપટ નહોતાં. દેમાર મારામારી. એટલે અમારાં નાટકો મારામારી-ફાઈટિંગનાં. ક્યારેક મારા નાનાજી (ઋગ્વેદી) અમને નાટકો લખી આપતા. નારાયણમામાની નાટકમંડળી આખીયે સોસાયટીમાં ફરી ફરીને નાટક નાટક રમતી. વિષય 'રામાયણ', પણ સ્ત્રીપાત્રરહિત. મુખ્ય ભાર રામ-રાવણ યુદ્ધ પર. અમે વાનરસેનામાં, પૂંઠાં-પતરાંનાં ચમકતા મુગટ, ધનુષ્યબાણ, પૂંછડાં ચોંટાડેલ ચડ્ડીઓ હોય એવા ઠાઠમાઠમાં અમારી નાટકમંડળીના પ્રયોગો આખી સોસાયટીમાં થતા. વાનરમંડળી સાચૂકલા આંબાની ડાળ પર ચઢી બેસતી મારા મોટા મામા ચિત્રકાર, તે અમને સુંદર મુગટ બનાવી આપતા. અમારી આ નાટ્યસેવાની સાથેસાથે નાનાજી પાસેથી શ્લોક-આર્યા શીખવાનો કાર્યક્રમ પણ ચાલુ રહેતો. વરસ આખરે બે અડધી પાટલૂન અને પહેરણ સિવાય અમારા પોશાકમાં બાપુ બીજું કાંઈ ઉમેરતા નહિ. પણ નાનાજી બાળકો માટે વાર્તાની ચોપડીઓ પુષ્કળ લાવી આપતા. 'રામાયણ' 'મહાભારત' સાથેનો મારો ગ્રંથપરિચય વા. ગો. આપટેનાં પુસ્તકોથી થયો. મારા સાતમા-આઠમા વર્ષે મને લાગતું કે નાનાં બાળકોના વાચનની ચિંતા કરનારા આ એક જ લેખક અને તેમનું 'આનંદ' નામનું એક જ માસિક છે. તે જમાનામાં બાળકો માટે ચંપલ બનાવનારા કારીગરો નહીં હોય. છેક મૅટ્રિકના વર્ગમાં ગયો ત્યારે મેં ચંપલ પહેર્યાં અને જિંદગીનો પહેલવહેલો પાયજામો ચઢાવ્યો. પણ નિશાળમાં માસ્તર સિવાય કોઈ જ ચંપલ પહેરનારું નહોતું. બાપુમંડળી કારવારથી 'જૂતી' લાવતી, તેને કોપરેલ તેલનું માલિશ થતું.

એટલું ખરું કે તે સમયે અમારા બાપુઓનું પણ બાળપણ જ ચાલતું હોવું જોઈએ. અમો બાળકોની કલાઉપાસનામાં તેમનો ખૂબ જ સાથ હોય. અમારા બધા જ મનોરંજન કાર્યક્રમોના એ લોકો હોંશીલા શ્રોતાઓ. 'ગાવાનું નહિ, નાટક કરવાનાં નહિ, ફક્ત ભણવાની ચોપડાઓ વાંચવાની !' એવાં વાક્યો મારા બાળપણમાં બાજુમંડળીને મોઢેથી સાંભળ્યા નથી. ઊલટું બાપુજીના મોઢે 'શાપસંભ્રમ', 'શારદા' જેવાં નાટકોનાં ગીતો જ હોય. મારા મહારુદ્રમામા તો 'પરવશતા પાશ દૈવી' ગાવાનું શરૂ કરે તો એવું લાગતું કે માસ્ટર દીનાનાથ આમની પાસેથી જ શીખ્યા હોવા જોઈએ ! ઘરમાં સૌથી પહેલો ભૂંગળીવાળો ફોનોગ્રામ પણ એ જ લાવેલા, જેમાં હાસ્યના વિવિધ પ્રકારો બતાવનારું એક 'લાફિંગ સૉંગ' હતું.

સોસાયટીના બધા જ લોકો 'જુઓ, અમારાં છોકરાં કેવા ગુણિયલ.' એવા વટથી અમને તાકી રહેતા. મારા સાહિત્યપ્રેમી નાનાજી છોકરાં-છોકરીઓ માટે ગીતો લખી આપતાં.રાયાફેણે, સાખરદાંડે જેવા નાટ્યપ્રેમી લોકો, ટાકી મહારાજ જેવા અત્યંત રસમય પ્રવચનો કરનારા ભક્તિમાર્ગીઓ, ગાંઠનું ખરચીને હોંશે હોંશે 'વાહ વા, દડો આ' વગેરે ગીતો અંગભંગિ સાથે શીખવનારાં કૃષ્ણાબાઈ (સાહિત્યકાર જ્ઞાનેશ્વર નાડકર્ણીનાં બા)-સોસાયટીમાં  આવા વડીલવર્ગનું નેતૃત્વ હોવાથી. બીજે બધે હોય છે તેવી બાળકોના કાન ખેંચીને ફક્ત ભણવા બેસાડે એવી ધાકભરી સંસ્કૃતિનો સોસાયટીનાં અમ બાળકોને ક્યારેય ત્રાસ થયો નથી.

હોંશે હોંશે આ કુટુંબો સાથે રહેવા આવ્યાં હતાં. મહિને 'સો'ની આસપાસ બધાની આવક. મોટે ભાગે બધા અંગ્રેજી કંપનીમાં નાનામોટા કારકુની હોદ્દા પર. થોડાક જણ સરકારી નોકરીમાં એ.એફ.ફર્ગ્યુસન કંપની, રેલી બ્રધર્સ, શાં વૉલેસ, ડંકન સ્ટ્રેટન ઈમ્પિરિયલ બૅંક, આવાં આવાં નામ અમારા કાન પર અથડાતાં. દિનુ, વિનાયક, ચરણ, વસંત, મોહન જેવા છોકરાઓની માયું ગમે ત્યારે જમાડે, ખાઉ આપે, આથી 'સુકરુંડે' કોની બા સારાં બનાવે. કોના ઘરના 'એરાપ્પે' સારા, 'ચવડે' સૌથી ફરસાં કોનાં, એની બધીયે ખબર અમો બાળકોને બરાબર રહેતી. મજમુદારનાં ઘરડાં માજી અનંત ચતુર્દશીને દિવસે સોસાયટીનાં બાળકોને એક એક વાડકી ખીર આપે. એમાં કિસમિસ હોય અને કેસરની સુગંધ પણ હોય.

આ બધાં સુખોની આડે જો સાચે જ કોઈ આવતું હોય તો તે સવારે અગિયારથી પાંચ એક પાટલી પર પાંચ પાંચ છોકરાંઓને બેસાડી રાખનારી. અંગૂઠા પકડાવનારી, કાન આમળનારી, ટેબલ પર હાથ ઊંચો કરી તેના પર ફૂટપટ્ટીનો માર ખવડાવનારી અથવા તો મૌખિક હિસાબ ભૂલ્યા તો હરોળમાં આપણી નીચે ઊભેલા અને હિસાબ બરાબર આવડનારાં છોકરાં પાસેથી આપણી કાનપટ્ટીમાં ફટકારાવીને આપણને 'વાંકો વળ, ગધેડા' એવું બધું સંભળાવનારી નિશાળ. ત્યાં જતી વખતે અમારા નાટકનો રામ જ નહિ. રાવણ પણ રોજ વનવાસે જવા નીકળતો હોય તેમ નીકળતો!

નાનાં બાળકો માટે છ રવિવાર અને ફક્ત એક જ સોમવાર હોય એવું અઠવાડિયું શરૂ કરવું જોઈએ. પછી જુઓ દરેકનું બાળપણ કેવું સુખમાં જાય છે !

(અનુવાદ : અરુણા જાડેજા)

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) સરસ્વતીબાગનાં સ્થાને લેખક કયાં કયાં વૃક્ષો નિહાળે છે ?

(2) સ્ત્રીઓ પતિ પ્રત્યે શી મર્યાદા રાખતી ?

(3) લેખક સ્વયંસેવક બની શી કામગીરી કરતા ?

(4) હિંમત આપવા લેખકને કોણ સહાયક બનેલું ?

(5) સુખપ્રાપ્તિનો કયો ઉપાય લેખક સૂચવે છે ?

(6) લેખક અને મિત્રો ભગવાનને શી પ્રાર્થના કરતા ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) બાલ્યકાળના સુખની શી કલ્પના લેખક કરે છે?

(2) લેખક શાથી લોકપ્રિય બન્યા ? લેખકની યુક્તિ શી રીતે પ્રબળ રહી ?

(3) નાટકમંડળીમાં રામાયણનો અભિનય શી રીતે થતો ?

**3. વિસ્તૃત ઉત્તર લખો.**

(1) લેખકનું બાળઘડતર શી રીતે થયેલું તે જણાવો.

(2) 'સાચા સુખનું સર્જન લેખકની શાળા' - લેખક આવું શા માટે કહે છે ?

(3) 'સાચા શિક્ષણનો અભિગમ' - ગદ્યના આધારે સ્પષ્ટ કરો.

(4) નોંધ લખો.

1. લેખકનો સંગીતપ્રેમ
2. લેખકની નાટ્યકલા.
3. લેખકનાં જોગેશ્વરીનાં સંસ્મરણો..

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. 'મારા બાળપણના મિત્રો' એ વિશે લેખન કરો.
2. 'મારાં શૈશવનાં સ્મરણો' વિશે લેખન કરો.

## શિક્ષક પ્રવૃત્તિ

1. તમારા બાળપણનાં સંસ્મરણો (પ્રેરણાપ્રદ હોય તેવાં) વિદ્યાર્થીઓ પાસે રજૂ કરો.
2. સાહિત્યકારો - મહાન વ્યક્તિઓના પ્રેરણાપ્રદ પ્રસંગોનું સાહિત્ય વિદ્યાર્થીઓ સામે મૂકવું.

●

# પદક્રમ અને પદસંવાદ

**પદક્રમ :** અમુક ભાષામાં, વાક્યમાં રહેલાં પદોનો ક્રમ નિશ્ચિત થયેલો હોય છે. જે તે ભાષાને તેના નિયત થયેલા પદક્રમ પ્રમાણે ન લખીએ તો વાક્યના અર્થને સમજવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે.

દા.ત. અંગ્રેજી ભાષામાં પદોનો ક્રમ આ મુજબ નિયત છે :

Ramanlal goes to the farm.

કર્તા ક્રિયાપદ કર્મ

સંસ્કૃત ભાષામાં પદોનો ક્રમ નિયત નથી. કોઈ પણ પદને આગળ કે પાછળ લઈ જવાથી પણ વાક્યરચના સાચી જ રહે છે :

अहं प्रार्थनामन्दिरं गच्छामि ।

प्रार्थनामंदिरं अहं गच्छामि ।

गच्छामि अहं प्रार्थनामन्दिरम् ।

સંસ્કૃત ભાષામાં આ ત્રણેય વાક્ય રચના સાચી ગણાય છે.

આ રીતે ગુજરાતી ભાષામાં લખી શકાતું નથી. તેમાં કર્તા, કર્મ, ક્રિયાપદ - એવો ક્રમ નિશ્ચિત થયેલો છે. એ જ રીતે વાક્યમાંનાં અન્ય પદોનો ક્રમ પણ યોગ્ય જગ્યાએ રાખીએ તો જ તેનો યોગ્ય અર્થ મળે છે. અન્યથા ધારેલો ઈરાદો અને વાક્યમાંથી નીકળતો અર્થ ભિન્ન રહે છે.

* 'તમે આજે સવારે શાળાએ આવજો.' આ વાક્યમાં નિપાત 'જ'ના સ્થાન બદલીને તેના બદલાતા અર્થને આપણે સમજીએ.

તમે **જ** આજે સવારે શાળાએ આવજો. (તમારા સિવાય બીજું કોઈ નહીં)

તમે આજે **જ** સવારે શાળાએ આવજો. (આજે જ, કાલે નહીં.)

તમે આજે સવારે **જ** શાળાએ આવજો. (સવારે જ, પછી નહીં.)

તમે આજે સવારે શાળાએ **જ** આવજો. (અન્ય કોઈ સ્થળે નહીં.)

તમે આજે સવારે શાળાએ આવજો **જ**. (ફરજિયાતપણે આવજો.)

- આ વાક્યમાં તમે જોયું કે જે પદની પાછળ 'જ' મુકાય છે તે પદ ઉપર ભાર વધી જાય છે, પરિણામે દરેક વાક્યે કહેવાનો ઈરાદો બદલાતો રહે છે.

* વાક્યમાં વિશેષણ (શબ્દની વિશેષતા દર્શાવતું પદ) અને વિશેષ્ય (જેની વિશેષતા દર્શાવાય છે તે પદ) હંમેશાં સાથે જ હોય છે. મોટાભાગે વિશેષણ પહેલાં અને વિશેષ્ય પછી મુકાય છે.

જો આવા સ્થાનને ગમે તેમ અદલ-બદલ કરવામાં આવે તો ઘણી વખત કંઈક જુદો જ અર્થ નીકળે છે.

દા.ત. અહીં **શુદ્ધ ગાયનું** દૂધ મળે છે. (ખોટું વાક્ય, ગાય શુદ્ધ...?)

આ વાક્યમાં શુદ્ધ વિશેષણ ગાયની આગળ મૂક્યું છે. વાસ્તવમાં વાક્ય આ મુજબ હોવું જોઈએ.

અહીં ગાયનું **શુદ્ધ દૂધ** મળે છે.

અન્ય ઉદાહરણો જોઈએ :

1. મને **સરસ ડીશ**માં ખમણ આપો.
   મને ડીશમાં **સરસ ખમણ** આપો.
   - વાક્યો બંને સાચાં પણ કહેવાનો ઈરાદો જુદો જુદો છે.
2. તે પાંચ વરસ **જૂના આઈસ્ક્રીમ**ના વેપારી છે.
   તે આઈસ્ક્રીમના પાંચ વરસ **જૂના વેપારી** છે.
   અહીં બીજું વાક્ય સાચું છે. આઈસ્ક્રીમ જૂનો હોય...?

3. ગામમાં એક **સફરજન** વેચતો ફેરિયો આવ્યો.

ગામમાં સફરજન વેચતો **એક ફેરિયો** આવ્યો.

અહીં પણ બીજું વાક્ય સાચું છે.

* વાક્યમાં મોટેભાગે કર્તાપદ પહેલું આવે છે.

**રામ** વનમાં જઈ રહ્યા છે. (રામ ક્રિયાના કરનાર 'કર્તા' છે.)

**કરશન** ખાડો ખોદી રહ્યો છે.

**લોકો** ઝડપથી ગામ તરફ જઈ રહ્યા છે.

**મોરલા**નું નૃત્ય જોવાની સૌને બહુ જ મજા આવી !

કર્મ મોટાભાગે કર્તા અને ક્રિયાપદની વચ્ચે જ હોય છે.

(1) રામ <u>વન</u>માં જઈ રહ્યા છે.

(2) કરશન <u>ખાડો</u> ખોદી રહ્યો છે.

(3) દરવાન <u>મકાન</u>ની ચોકી કરે છે.

* ક્રિયાપદ મોટેભાગે વાક્યના અંતે મુકાય છે.

દરવાન મકાનની **ચોકી કરે** છે.

શિક્ષક વિદ્યાર્થીને **સલાહ આપી રહ્યા છે.**

ગોવિંદ પોતાનું ખેતર ખેડી રહ્યો છે.

પક્ષીઓ સરોવરને કાંઠે બેસીને દાણા **ચણે છે.**

**પદ સંવાદ**

આપણે જાણીએ છીએ કે વાક્યમાં એક કરતાં વધારે પદો મોટેભાગે હોય છે. આ બધાં પદો અન્ય કોઈ પદો સાથે સંબંધ ધરાવતાં હોય છે. વાક્યનાં પદો પરસ્પર લિંગ, વચન, ઈરાદો (ભાવ)ની રીતે સંકળાયેલાં હોય છે. તેમની વચ્ચે રહેલા સંવાદ (મેળ)ને 'પદસંવાદ' કહેવાય છે.

થોડાં ઉદાહરણો દ્વારા આપણે પદ સંવાદ સમજીએ :

* કર્તા અને ક્રિયાપદ વચ્ચે લિંગ અને વચન સંબંધી સુમેળ હોય છે.

દા.ત. **રમેશ** ગાયની પાછળ **ચાલ્યો**. (રમેશ ચાલ્યો)

**ગીતા** ગાયની પાછળ **ચાલી**. (ગીતા ચાલી)

**કૂતરું** ગાયની પાછળ **ચાલ્યું**. (કૂતરું ચાલ્યું)

તેણે એક **કેળું ખાધું**. (એક જ કેળું ખાધું)

તેણે ત્રણ **કેળાં ખાધાં.** (ત્રણ કેળાં ખાધાં)

તેણે **સફરજન ખાધું.** (એક જ ખાધું)

તેણે **સફરજન ખાધાં**. (વધારે ખાધાં)

ઝાડ પરથી **પાંદડું પડ્યું.** (એક જ પાંદડું)

ઝાડ પરથી **પાંદડાં પડ્યાં**. (ઘણાં પાંદડાં પડ્યાં)

ગોવિંદે **ગાયને** ખીલે **બાંધી**. (ગાય બાંધી)

રમણે **બળદને** ખીલે **બાંધ્યો**. (બળદ બાંધ્યો)

કબાટમાંથી **ચોપડી પડી** અને **પુસ્તક પડ્યું**.

વર્ગમાંથી **ગીતા ઊભી થઈ** અને **પરેશ ઊભો થયો**.

***** એકથી વધારે પદો સંયોજકથી જોડાય ત્યારે ક્રિયાપદ બહુવચનમાં મુકાય છે.

મીતા જતી હતી. સીતા જતી હતી.

પણ, મીતા અને સીતા **જતાં હતાં.** (ક્રિયાપદ બહુવચનમાં)

પેન ખોવાઈ છે, ચોપડો ખોવાયો છે.

પેન અને ચોપડો ખોવાયાં છે. (ક્રિયાપદ બહુવચનમાં)

મહેશ શાળાએ ગયો, સ્મિતા શાળાએ ગઈ.

મહેશ અને સ્મિતા શાળાએ **ગયાં**. (ક્રિયાપદ બહુવચનમાં)

* સંજ્ઞાઓ વચ્ચે 'કે', 'અથવા', 'યા', અગર વગેરે જેવાં સંયોજકો હોય ત્યારે છેલ્લી સંજ્ઞા મુજબ ક્રિયાપદ મુકાય છે

અહીં બકરી **કે** ઊંટ આવ્યું નથી. (ઊંટ કેવું...?)

અહીં ઊંટ કે બકરી આવી નથી. (બકરી કેવી...?)

રમેશ **અથવા** ગીતા અહીં આવી હશે.

ગીતા **અથવા** રમેશ અહીં આવ્યો હશે.

મેં તાળું **કે** ચાવી લીધી નથી.

મેં ચાવી **કે** તાળું લીધું નથી.

***** હરેક, દરેક, પ્રત્યેક, એકેએક પદો વિશેષણની કામગીરી કરે છે અને તે એકવચનનાં પદો જ છે. પરિણામે તેના પછી મુકાતાં વિશેષ્ય એકવચનમાં જ હોય છે.

**દરેક વિદ્યાર્થીએ** પરીક્ષા આપવી પડશે. (સાચું)

દરેક વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવી પડશે.(ખોટું)

પ્રત્યેક નાગરિકની આ જવાબદારી છે.(સાચું)

પ્રત્યેક નાગરિકોની આ જવાબદારી છે.(ખોટું)

નવરાત્રિમાં એકેએક વિદ્યાર્થીઓ ભાગ લેશે.(ખોટું)

નવરાત્રિમાં એકેએક વિદ્યાર્થી ભાગ લેશે.(સાચું)

* સ્ત્રીજાતિ સાથે સંબંધ ધરાવતાં પદો અનુસ્વાર ધારણ કરે છે.

દા.ત. અમારાં બા ગામડેથી આવ્યાં છે.

મારાં મોટાંબહેન કાલે આવવાનાં છે.

દયાબહેન નગરપાલિકાનાં સભ્ય હતાં.

ઈન્દિરાબહેન ભારતનાં વડાપ્રધાન હતાં.

## સ્વાધ્યાય

**નીચેનાં વાક્યોને પદક્રમ - પદસંવાદની રીતે સુધારીને ફરીથી લખો.**

1. 'સીતા સ્વયંવર' નાટકમાં ગીતા રાવણ બન્યો.
2. હર્ષાબહેન સ્વભાવે ખૂબ જ સારા અને પ્રમાણિક હતા.
3. ગોપી અથવા રમણલાલ આવ્યાં હતાં.
4. શુદ્ધ ભેંશનું એક કિલોગ્રામ ઘી મને આપો.
5. નિશાળે ગીતાબેન ગયાં છે.
6. દરવાન ચોકી કરે છે રાજાના રાજમહેલની.
7. કલ્પેશ રાત્રે મારા ઘેર આવશે. (કલ્પેશ ચોક્કસ આવશે એવો ભાવ દર્શાવવા યોગ્ય જગ્યાએ 'જ' મૂકીને વાક્ય ફરી લખો.)
8. આંબા પરથી કેરી ખરી પડ્યાં.
9. સીતા અને રામ વનમાં એકલા બેઠા હતા.
10. રાધા અને કંદર્પ શાળાએ ગયો.
11. પ્રત્યેક ઘરોમાં વીજળીના ગોળાઓ પ્રકાશ ફેંકી રહ્યા હતા.
12. મોનિકાબહેન અમને ભણાવતા હતા.
13. રૂમમાં વર્ગમંત્રીઓ બેઠા હતા.
14. ખેતરમાં ગાય ઘાસ ચરતી હતી.
15. તેને 3 ભાઈ અને એક બહેન છે.

●

# 17 મેળો આપો તો

હરીન્દ્ર દવે

(જન્મ : 19-09-1930; અવસાન : 23-03-1995)

કવિ અને પત્રકાર એવા શ્રી હરીન્દ્ર જયંતીલાલ દવેનો જન્મ કચ્છમાં આવેલા ખંભરા ગામમાં થયો હતો. 'આસવ', 'મૌન' , 'અર્પણ', 'સમય', 'સૂર્યોપનિષદ', 'મનન', 'હયાતી', 'તમે યાદ આવ્યાં' 'મારગે મળ્યા'તા શ્યામ' એમના કાવ્યસંગ્રહો છે. 'ચાલ, વરસાદની મોસમ છે...' અને 'તમે યાદ આવ્યાં...' એમની સમગ્ર કવિતાના સંચયો છે. એમનાં કાવ્યો - ગીતોમાં પ્રભુપ્રેમ, પ્રણય, વેદના-વ્યથા તેમજ ખુમારી જેવા ભાવો, ઋજુ-મધુર વાણીમાં, આગના લય - ભાવના માધુર્ય સાથે વ્યક્ત થયા છે. 'પળનાં પ્રતિબિંબ', 'અનાગત', 'માધવ ક્યાંય નથી', 'મુખવટો', 'ગાંધીની કાવડ' એમની જાણીતી નવલકથાઓ છે. સામ્પ્રત જીવનનાં સમસ્યાઓ ને કૂટપ્રશ્નોનું કલાત્મક આલેખન એમાં જોવા મળે છે. 'યુગે યુગે' એમનું દીર્ઘનાટક છે. 'કૃષ્ણ અને માનવસંબંધો'માં એમણે કૃષ્ણ નિમિત્તે માનવજીવન અંગે ચિંતન પ્રગટ કર્યું છે. 'શબ્દ ભીતર સુધી' એમનો હળવા નિબંધોનો સંગ્રહ છે. સંપાદન તેમજ અનુવાદ ક્ષેત્રે પણ તેમણે નોંધપાત્ર કામ કર્યું છે.

સાહિત્યસેવા માટે એમને રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ થયો હતો. ગઝલ સંગ્રહ 'હયાતી' માટે દિલ્લી સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું હતું. કબીર સન્માન દ્વારા એમની સાહિત્યિક પ્રતિભાને પુરસ્કારવામાં આવી હતી.

જીવનના સામાન્ય સ્થિતિ - સંયોગો તો એવા હોય છે કે જેમાં એકલો મનુષ્ય એકલતા અનુભવે ત્યારે ટોળું - સમૂહ મેળા જેવો આનંદ માણે. હરીન્દ્ર જેવા સમર્થ કવિને લોક-જીવન વ્યવહારની આ વાત મંજૂર નથી. સંત કે કવિની જેમ કેટલાકને એકલતા ભરી ભરી લાગે છે, કેટલાકને ટોળું પીડા આપે છે. આ અનુભવ સાપેક્ષ છે. તે જીવનરસથી સભર છે. તે કોઈપણ પરિસ્થિતિમાં આનંદમગ્ન હોય છે અને એવો માનવી જ ક્યારેક ખરે ટાણે - ખરા અર્થમાં માનવી છે. જેમનો સંગ- સતસંગ સર્વ સમાવેશક બનતો હોય. વ્યવહાર જગતનાં વિવિધ હાથવગાં રૂપકો દ્વારા ઉદાત્ત દિલેર મનુષ્યની ખૂબીને માણવા - મમળાવવાનું ઊંચેરું ઈજન આપી હરીન્દ્ર એક નવો રાહ ચીંધે છે.

---

મેળો આપો તો એક માનવીની સંગ
અને એકલતા આપો તો ટોળે,
જીવતર આપો તો એવું આપો કે
શ્વાસ એના કેફના કસુંબાને ઘોળે !
તરતાં ન આવડે લગાર અને તગતગતા
તડકાનો દરિયો લલકારે.
થાકેલી આંખો અંજાતી નથી, તોય
થોડાં મૃગજળ ચળકે છે મઝધારે.
ટીપેથી પાય તો ધરાઉં, સાવ તરસ્યો હું
રહી ગયો છલકાતી છોળે.
સૂની બપોરની આ એકલતા એકલતા
એકલતા બોલી અકળાવો,
ઊગતી સવારના આ ડ્હોળાતા રંગમાં
જો થોડી આ સાંજ ઘૂંટી લાવો.
કોઈએ ના હોઠે અડકાડ્યું એ અમરતને
કોણ હવે આકાશે ઢોળે ?

## શબ્દસમજૂતી

**સંગ** સોબત, સહવાસ **કેફ** નશો **કસૂંબો** પાણીમાં ઘોળેલું અફીણ **મઝધાર** પ્રવાહની મધ્યધારા **છોળ** મોજું, તરંગ.

## રૂઢિપ્રયોગ

**કેફના કસુંબાને ઘોળવા** આનંદમાં રહેવું, તલ્લીન રહેવું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) પ્રવાહની મધ્યે કવિને શેનો ભાસ થાય છે ?

(2) કવિ કેવું જીવન ઈચ્છે છે ?

(3) સવાર - સાંજ વચ્ચે કવિ શું સામ્ય જુએ છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) 'ટોળા વચ્ચે એકલતા' - સમજ સ્પષ્ટ કરો.

(2) કવિ શી અકળામણ અનુભવે છે ?

**3. વિસ્તૃત ઉત્તર લખો.**

(1) 'મેળો આપો તો' કાવ્યમાં કવિના મનોભાવો આલેખો.

(2) કવિ કોનો સંગાથ ઈચ્છે છે ? સંગાથ વચ્ચે પણ કવિને એકલતા શી રીતે કોરી ખાય છે ?

(3) નોંધ લખો :

1. 'મેળામાં કવિની અનુભૂતિની કલ્પના'
2. કવિની ઘૂંટાતી વિહ્વળતા.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. તમને ગમતાં ગીતોનું પઠન અને ગાન કરતાં રહેવું.

## ભાષા-અભિવ્યક્તિ

પાઠ્યપુસ્તકના પ્રથમ કાવ્યમાં તમને નામ અને ગુણ વિશેના વિરોધાભાસનો ખ્યાલ આવ્યો હશે. આ કાવ્યમાં પણ એવા જ પ્રકારના વિરોધાભાસનો સહારો લઈને કવિ શબ્દથી વિરોધ રચે છે. આપણને ખ્યાલ છે તેમ મેળો અને એકલતા બન્ને વિરોધી હોવા છતાં કવિએ આ બન્ને શબ્દોનું સાયુજ્ય રચ્યું છે. આવું જ આખા કાવ્યમાં છે - નિરીક્ષણ કરો.

કાવ્યનું શીર્ષક જુઓ 'મેળો આપો તો' માં વિનંતીનો સૂર છે. સાથે સાથે શરત પણ છે. આ વિનંતી કોને કરાઈ છે તેનો ખ્યાલ મેળવો.

**સૂની બપોરની આ એકલતા એકલતા**
**એકલતા બોલી અકળાવો**

પંક્તિમાં 'એકારાંત' શબ્દોનું આવર્તન ભાવને ઘૂંટીને સઘન બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

## શિક્ષક પ્રવૃત્તિ

હરીન્દ્ર દવેનાં અન્ય ગીતો મેળવીને વિદ્યાર્થીઓ સામે મૂકવાં.

1. માધવ ક્યાંય નથી મધુવનમાં...
2. તમે યાદ આવ્યાં...
3. કાનુડાને બાંધ્યો છે હીરના દોરે... વગેરે

●

# 18 અધરો દિવસ (આસ્વાદલેખ)

**વેણીભાઈ પુરહિત**

(જન્મ : 01-02-1916; અવસાન : 03-01-1980)

વેણીભાઈ પુરોહિતનો જન્મ જામનગર જિલ્લાના જામખંભાળિયામાં થયો હતો. તેમના પિતાનું નામ જમનાદાસ અને માતાનું નામ ગુલાબીબહેન હતું. તેઓ સંત ખુરશીદાસના ઉપનામે પણ લખતા. 'ઝરમર', 'પરોઢિયાની પદમણી', 'નયના' અને 'સિંઝારવ' તેમના સંગ્રહો છે.

મધ્યકાલીન પ્રેમલક્ષણા ભક્તિની પરંપરામાં 'દયાસખી' તરીકે પ્રસિદ્ધ રસકવિ દયારામ પ્રભુરામ ભટ્ટનો જન્મ આજના વડોદરા જિલ્લાના ચાંદોદ ગામે થયો હતો. 'રસિક વલ્લભ', 'પ્રબોધ બાવની', 'અજામિલ-આખ્યાન', 'હનુમાન ગરૂડ સંવાદ' જેવી ઉત્તમ રચનાઓ એમનું ઉત્તમ પ્રદાન છે. રાધા, ગોપી તેમજ કૃષ્ણની રસગર્ભ ભાવોર્મિઓનું દયારામે અત્યંત ઉત્કટતાથી નિરૂપણ કર્યું છે. ભાવોની સુકુમારતા, લયવૈવિધ્ય, ભાષાની ચિત્રાત્મક છટાઓ તેમજ નાદમાધુરી ઈત્યાદિ દયારામનાં કૃષ્ણભક્તિનાં પદોની વિશેષતાઓ છે. 'અઘરો દિસ પદનો કવિ વેણીભાઈ પુરોહિત અહીં આસ્વાદ કરાવે છે.

અઘરો દિવસ એક આવશે. મનુષ્ય ગમે તેટલું - ગમે તેવું જીવે, કિન્તુ એક દિવસ આ દુનિયાની વિદાય નક્કી છે. આખી જિંદગી ગ્રંથ ગરબડમાં ને પાપ પ્રપંચમાં વિતાવી હોય તો છેલ્લી ઘડીએ ઈશ્વર ક્યાંથી યાદ આવે કે સહાય કરે ? ભલભલાના છક્કા છૂટી જાય તેવી આ વસમી ઘડીએ સગાં-સહોદર, કીર્તિ - સંપત્તિ કોઈનોયે સાથ મળશે નહીં, કેવળ કર્મો કેરી કાંટાળી કેડીની એકલપંડી એકાકી વાટ જીવાત્માએ જાતે જ પસાર કરવાની છે. છતાં પામર મનુષ્ય પરમ પાસે અંતિમ ઘડી શુભ - શ્રદ્ધા - સહાયમાં જશે તેવી આંતરેચ્છા અવશ્ય સેવે છે. લૌકિક ન્યાયે'પુત્ર-કુપુત્ર થાય તે, માતા કુમાતા ન થાય' વાળી વાત - મનેચ્છા, કવિ દયારામ પણ શ્રી હરિ પાસે રાખે છે. ગમે તેવો લુચ્ચો - લફંગો, કામી - ક્રોધી, લોભી - કપટી પણ ખરી શ્રદ્ધા - શરણથી ઈશકૃપા પામી શકે છે - પામે છે. જેની ચર્ચા-વિચારણા પ્રસ્તુત આસ્વાદ લેખમાં કવિ વેણીભાઈએ પોતાની શિષ્ટ-વિશિષ્ટ કાવ્યબાનીમાં આપણી સમક્ષ રજૂ કરી છે.

---

અઘરો દિવસ એક આવશે, અલબેલા શ્રીજી !
ત્યાં શુધ લેજો મારી અલબેલા શ્રીજી !
તે વેળા સગાંવહાલાં સહુ રહેશે અળગાં,
જ્યારે જમના કિંકર ઝપટાવશે, અલબેલા શ્રીજી !
અવસરે આવી કર સહાશો નહીં કૃષ્ણજી ! તો-
દુશ્મનનો દાવો ફાવશે અલબેલા શ્રીજી !
દોષ દેખી જો દીનાનાથ, ઓસરશો,
તે સમે કોણ છોડાવશે અલબેલા શ્રીજી !
કુપુત્ર કેરા અવગુણ ઢાંક્યે શોભા પિતાની,
પ્રકાશ્યે પોતાને લજાવશે અલબેલા શ્રીજી !
જેવો તેવો પણ દયો કહાવ્યો તમારો પ્રભુ !
તમ વિના કોણ નિભાવશે અલબેલા શ્રીજી !
- - દયારામ

**અણસારાનાં આંદોલન**

કવિ દયારામ દુલ્લો આદમી હતો અને દુલારો ભક્ત, હતો. ઓછવિયો ઉદ્ગાતા હતો. તેની રચનાઓમાં રસિકજનનું માધુર્ય છે. રાધા અને કૃષ્ણનો શૃંગાર તેણે ભાવલાલિત્યથી લડાવ્યો છે. તેની બાનીમાં હવેલી સંગીતનો હીંચકો છે અને છતાં તે પોતાની ગરબીઓ જેટલી જ ગરવાઈથી માયામાં ફસેલા જીવને ઢંઢોળવા આધ્યાત્મિક આલબેલ પુકારે છે.

દયારામનું જીવન નિરાધાર દશામાંથી જગદાધાર સુધી પહોંચ્યું છે. સાંસારિક નિરાધારપણું અને આધ્યાત્મિક નિજાનંદીપણું તેના જીવન અને કવનને મહોરાવી ગયું. તેણે તેથી જ ગાયું છે કે, ''એક વર્યો ગોપીજન વલ્લભ, નહીં સ્વામી બીજો.'' ગોપીભાવનાં

તેનાં ગીતોમાં આ પુષ્ટિમાર્ગીય મરજાદી માણસનાં માર્મિક મરકલડાં રોમાંચ જગાડે છે.

તેના જીવનમાં રાજસી પ્રકૃતિનો રંગ અને સાત્ત્વિક પ્રકૃતિનો સંગ છે. તેના કવનમાં પણ આ બંનેનો સંગમ છે અને તેથી જ તે કહે છે કે, ''નિશ્ચયના મહેલમાં વસે મારો વ્હાલમો'' માનવીના નકટા, લોભી, લાલચુ અને ચંચલ મનને તે પારખી ગયો છે અને તેથી કહ્યું છે કે, ''મારું ઢણકતું ઢોર ઢણકે છે બહુ નગ્રમાં, સીમ-ખેતર-ખળું કંઈ ન મૂકે.'' પછી મનને કહે છે ''હે મનવા, શ્રીહરિ શરણે રહેજે, અવર ઉપાય નથી કંઈ બીજો, કૃષ્ણ કૃષ્ણ મુખ કહેજે.''

જીવનની યાત્રા અને યાત્રાનું જીવન બંને તેણે માણ્યાં છે અને તેમાંથી તેણે પોતાનું કથન અને કવન મઠાર્યાં છે. વિદ્વાનોએ તેને મધ્યકાલીન ગુજરાતી પરંપરાના છેલ્લા પ્રતિનિધિ તરીકે પેખ્યો છે અને પોંખ્યો છે.

લાગણીઓને લાડ લડાવી જાણનાર, ઈશ્વરનો લાડઘેલો બની શકનાર, વરણાગી વાણીના ટહુકા રમાડનાર દયારામ કોઈ એક ક્ષણે પોતાની જીવન-યાત્રાનો મુકામ આવી ગયો છે એવો અણસારો પામ્યો હશે ત્યારે લખાયેલી એક કૃતિ અહીં લીધી છે. મૃત્યુના દિવસને તેણે, દયારામ જ કહી શકે એમ ''અઘરો દિવસ'' કહ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણના શરણનું રટણ તેણે આ પદમાં રમતું મૂક્યું છે. કવિ નર્મદ પણ અંતઘડીનો અણસારો પામીને ગાઈ ગયો છે કે, ''રસિકડાં, નવ કરશો કંઈ શોક...''

ઈષ્ટદેવ કૃષ્ણને કવિ કહે છે કે, હવે જો તમે શરણ નહિ આપો તો શત્રુઓને રાજી થવાનો અને ચેષ્ટા કરવાનો વારો આવશે. શત્રુઓ કહેશે કે, આખું આયખું કૃષ્ણ કૃષ્ણ કરનારની અંત ઘડીએ પ્રભુએ ઉપેક્ષા કરી... કવિ પોતે જાણે છે કે, જીવનમાં ભક્ત તરીકે ભાવપૂર્વક ભક્તિ કરી છે, કવિ તરીકે જ્ઞાન અને ભક્તિ, માયા અને મુક્તિનાં ગીત ગાયાં છે, પણ માનવી તરીકે ઘણી ક્ષતિઓ પણ થઈ ગઈ છે. હે પ્રભુ ! મારા અવગુણ સામે જોશો નહિ. હું જેવો છું તેવો મને તમે નિભાવી લેશો.

દયારામની ગરબી જાણીતી છે. તેનાં પદ પમરાટ કરે છે. તેના ધોળ ધબકે છે, તેનાં વ્રજભાષાનાં પદ પ્રેરણા આપે છે. તેના ગોપીભાવની નિષ્ઠા નગારે ઘાવ કરે છે. પણ જીવનના અંતના અણસારાની ઘડીની ઘેરાશ, સચ્ચાઈ અને ગહનતાને વીસરી જવાય નહિ. એ ઘેરાશનો ઘૂંટડો આ પદમાં છે અને તે ભીનું અને ભાવુક આંદોલન જગાડે છે.

**વેણીભાઈ પુરોહિત**

## શબ્દસમજૂતી

**શુધ** (અહીં) સંભાળ **કિંકર** ચાકર, સેવક **દાવો** હક, માલિકી **ઓસરશો** પાછા હઠશો

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) આસ્વાદકના મતે કવિ દયારામ કેવા આદમીને કેવા ભક્ત હતા ?

(2) આસ્વાદક વેણીભાઈ પુરોહિત દયારામનાં સર્જનોમાં કોના શૃંગારનું વર્ણન જુએ છે ?

(3) 'દયારામના કવનમાં રાજસી અને સાત્ત્વિક પ્રકૃતિ છે' - એવું પ્રતિપાદિત કરવા આસ્વાદક કયું ઉદાહરણ આપે છે ?

(4) આસ્વાદકની ધારણા પ્રમાણે 'અઘરો દિવસ' કૃતિ કવિ દયારામે કયા સંજોગોમાં લખી હશે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) કવિને મૃત્યુનો દિવસ મુશ્કેલ શાથી લાગે છે ?

(2) દયારામ કોની શરણાગતિ સ્વીકારે છે ? શા માટે ?

(3) આપણા સંબંધો ક્યાં સુધી છે ? શા માટે ?

**3. વિસ્તૃત ઉત્તર લખો.**

(1) દયારામનો શરણાગતિ ભાવ

(2) ટૂંકનોંધ લખો :

1. દયારામનું કૃષ્ણનું રટણ
2. દયારામના મતે અઘરો દિવસ

•

# 19 સત્યવીર સૉક્રેટીસ

**સંકલિત**

સૉક્રેટીસ એટલે વિચાર - આચારની એકવાક્યતા, સરળતા, પ્રામાણિકતા અને જ્ઞાનપ્રિયતા. તે જેવો બેડોળ એવો જ બેજોડ હતો. અન્યાય સામે ન્યાય, જૂઠ સામે સત્ય અને પાપ સામે પુણ્યના મનોમંથન - વ્યવહારનો જીવનભરનો સંઘર્ષ એ સૉક્રેટીસની આજીવન જીવનનિષ્ઠા. સમાજ ટકે - વિકસે, શોભે - નભે આવા પરદુ:ખભંજક ને પરહિતરક્ષક શાણા સૉક્રેટીસથી જ. એથેન્સના એનેટસો તો સામ્પ્રતમાં ઠેર ઠેર મોજૂદ - હાજરાહજૂર છે. ત્યારે સમાજમાં હરતાં - ફરતાં જીવતાં નાના સોક્રેટીસોને સમજવાની - જીરવવાની દીક્ષા આપવાનું સુંદર કર્તવ્ય આ ચરિત્ર પૂરું પાડે છે. સત્યવ્રત - સત્યનિષ્ઠાનો અભિશાપ એટલે જ ઝેરનો પ્યાલો ને ક્યાંક બંદૂકની ગોળી કે શૂળી નથી શું !!! કહોને જાતે મરીને અમર થવાનો સનાતન સંઘર્ષોવાળો આ મહામૂલો માર્ગ છે અને એટલે જ અકાળે ટૂંકાવેલું - ટૂંકાયેલું આવા વીર પુરુષોનું આયુષ્ય માનવજાતના અસ્તિત્વ જેટલું ચિરસ્મરણીય રહેતું હોય છે.

---

સૉક્રેટીસ દુનિયાનો એક અતિ મહાન પુરુષ ગણાય છે. તેનો જન્મ ઈ.સ. પૂ. 469ના અરસામાં, યુરોપ ખંડમાં આવેલા ગ્રીસ દેશના એથેન્સ નામે નગર-રાજ્યમાં થયો હતો. તે દિવસોમાં એથેન્સનું રાજ્ય તેની પાસે આવેલા સ્પાર્ટા નામે બીજા નગર-રાજ્ય સાથે યુદ્ધમાં ઊતર્યું હતું. તે યુદ્ધ લાંબા કાળ સુધી ચાલ્યું હતું. તેમાં એથેન્સ જીત્યું તો ખરું, પણ યુદ્ધની અસરથી લોકોના આચાર અને વિચારમાં શિથિલતા આવવા લાગી હતી. સોક્રેટીસ એવા કાળમાં થયો હતો.

સૉક્રેટીસ બહુ બુદ્ધિશાળી હતો. તેને એના સમયની એ શિથિલતા ગમતી ન હતી. સદાચાર તરફ વળવા લોકોને તે સમજાવતો. રોજ સવારના પહોરમાં એ બહાર નીકળી પડતો અને ચોરેચૌટે ભેગા થયેલા લોકો જોડે અલકમલકની વાતોએ ચડતો. લોકોને તેની આવી વાતોમાં બહુ રસ પડતો. તે સાંભળવા તેઓ એની આસપાસ મધમાખીની જેમ ટોળે વળતા. સૉક્રેટીસ તે દ્વારા સાચો ધર્મ શો છે, એ તેમને સમજાવવા મથતો.

સૉક્રેટીસ ખૂબ સાદાઈથી રહેતો હતો. તે બે જ કપડાં પહેરતો. ફાટે ત્યારે સીવીને કે થીંગડું મારીનેય તે વાપરતો. જોડા તેણે કદી પહેર્યા ન હતા. શરીરને સશક્ત અને મજબૂત રાખવા તે બહુ કાળજી રાખતો. સારું મજબૂત શરીર હોય તો પોતાની તેમ જ લોકોની સેવા બરોબર થઈ શકે, એમ તે માનતો. તે ખૂબ મિતાહારી હતો. તે કહેતો કે, ''લોકો રસોઈને સ્વાદિષ્ટ કરવા એમાં મસાલા નાખે છે, હું કકડીને લાગેલી ભૂખને મસાલા તરીકે વાપરું છું. બીજા સૌ ખાવા માટે જીવે છે, હું જીવવા માટે જ ખાઉં છું.''

આચાર અને વિચારમાં પણ તે ઘણો પવિત્ર હતો અને સદાચારી સાધુપુરુષ તરીકે તેની નામના હતી. તે સમયે એથેન્સ એની જાહોજલાલીની ટોચે હતું. એથેન્સવાસીઓ જાતમહેનતને હલકી ગણતા અને રાજકાજમાં ભાગ લેવો એને જ આબરૂદાર માણસનું કામ ગણતા. તેથી તેઓ સામાન્ય રીતે મોચી, સુથાર, લુહાર વગેરે કારીગરોને હલકી કોટીના માણસો ગણતા. એથેન્સવાસીઓને જાતમહેનત માટે આમ અનાદર બતાવતા જોઈને સોક્રેટીસ અકળાતો. એ પોતે એમ માનતો કે, જાતમહેનતનાં કામ કરનારા કારીગરોમાં રાજનીતિજ્ઞો ને કવિઓ કરતાં અણસમજનું પ્રમાણ કંઈક ઓછું છે.

એક વાર સૉક્રેટીસને કોઈકે પૂછ્યું, ''માણસને માટે ઉત્તમ શું છે ?''

સૉક્રેટીસ કહે, ''પોતાની આવડત કેળવીને પોતાની ફરજ અદા કરે, તે જ ઉત્તમ માણસ છે. ખેડૂત હોય તો સારી ખેતી કરે, વૈદ્ય હોય તો સારી રીતે વૈદું કરે; રાજનીતિજ્ઞ હોય તો રાજવહીવટ સારી રીતે ચલાવે. પણ જે માણસ કશું જ સારી રીતે કરી શકતો નથી તે નથી માણસને ઉપયોગી કે નથી ઈશ્વરનો સેવક. માણસ જો ઉપયોગી અને જરૂરી કામ કરતો હોય, તો એમાં શરમજનક કશું જ નથી. એદીપણું જ શરમજનક છે.''

એક વાર સોક્રેટીસનો એક મિત્ર કેટલાક દિવસથી દિલગીર રહેતો હતો. તે જોઈને સૉક્રેટીસે તેને પૂછ્યું, ''તારા ઉપર એવું તે કયું દુ:ખ આવી પડ્યું છે કે તું આટલો ઉદાસીન રહે છે ?''

પેલો મિત્ર બોલ્યો : ''ચૌદ નિરાધાર સ્ત્રીઓને નભાવવાનું મારે માથે આવ્યું છે. પ્લેગમાં તેઓ નિરાધાર થઈ ગઈ છે. મારી એવી સ્થિતિ નથી કે, હું એ સૌનું ભરણપોષણ લાંબા સમય સુધી કરી શકું. બોલો, મારે હવે શું કરવું ?''

સૉક્રેટીસે તરત જ જવાબ આપ્યો : ''અરે, એમાં તે એવું શું મૂંઝાવા જેવું છે ? એ બધી સ્ત્રીઓને સીવવાના, ગૂંથવાના અને ભરવાના કામે તરત વળગાડી દઈ શકાય.''

આ સલાહ સાંભળી પેલો મિત્ર આભો બની ગયો કે, 'આવા મોટા કુળની સ્ત્રીઓને આવું કામ શી રીતે અપાય ?'

સૉક્રેટીસ એની મૂંઝવણ સમજી જઈ બોલ્યો : ''ગભરાવાનું એમાં કારણ નથી. એ જ સારામાં સારો ઉપાય છે. પોતાનું ભરણપોષણ થઈ શકે એટલું તેઓ રળશે એટલું જ નહિ, પણ તેઓની શક્તિ અને સમયનો સદુપયોગ થશે. વળી બીજો લાભ એ થશે કે, નવરા બેસવાને લીધે જે કૂથલી, ઈર્ષ્યા અને નિરાશા ફેલાય છે, તેમાંથી તેઓ બચી જશે.'' પેલા મિત્રે સૉક્રેટીસના કહેવા પ્રમાણે કર્યું અને એનું સારું પરિણામ આવ્યું.

એથેન્સના રાજવહીવટમાં પડેલા લોકોમાં પણ સોક્રેટીસ ભળતો હતો અને તેમની સાથે લોકોના ધર્મ, રૂઢિ, રીતરિવાજ, દેવદેવીઓ વિષેની માન્યતાઓ, રાજકારણ વગેરે દુનિયાભરની વાતો કરતો અને ચર્ચામાં ઊતરતો. તે સ્વતંત્ર અને ઊંડો વિચારક હતો. પ્રામાણિકપણે વિચાર કરતાં જે સાચું લાગે તે જ એ માનતો અને કહેતો તથા આચરણમાં ઉતારતો. છતાં નમ્રપણે તે હંમેશ કહેતો કે, હું અજ્ઞાની છું, જ્ઞાન મેળવવા મથું છું.

આથી, ખાસ કરીને, એથેન્સનો યુવકવર્ગ તેના ઉપર ખૂબ ખુશ રહેતો. સોક્રેટીસના સ્વતંત્ર વિચારોની તેઓની ઉપર ભારે અસર પડી હતી. આ જોઈ એથેન્સના રાજ્યકર્તાઓ અકળાવા લાગ્યા. તેઓમાં એનેટસ નામનો એક આગેવાન હતો. તેનો જુવાન છોકરો સોક્રેટીસની સાથે બેસતો ઊઠતો, તે એનેટસને ગમતું ન હતું. તેણે તથા બીજા કેટલાકે મળીને છેવટે સોક્રેટીસ ઉપર એવો આરોપ મૂક્યો કે, તે જુવાનોને બહેકાવે છે તથા નગરદેવતાને માનતો નથી, એમ તે રાજ્યના કાયદા મુજબ રાજદ્રોહ કરે છે. આથી તેના ઉપર જાહેરમાં કામ ચલાવવામાં આવ્યું, તેને મોતની સજા થઈ. એ વખતે સોક્રેટીસે અદાલતમાં પોતાને વિષે જે બયાન આપ્યું હતું તે જગતના સાહિત્યમાં અમર થયું છે.

સજાની ખબર જાણી, પ્લેટો, ક્રીટો વગેરે સૉક્રેટીસના મિત્રો તથા શિષ્યો દુ:ખી થયા. તેમાંના કેટલાક તેને કેદમાંથી છાનામાના ભગાડવાની પણ પેરવી કરવા લાગ્યા. એ માટે તેઓએ ગોઠવણ પણ કરી. પરંતુ સોક્રેટીસ કબૂલ થાય તો ને ? તેને સમજાવવા માટે તેઓએ ક્રીટોને તેની પાસે મોકલવાનો વિચાર કર્યો.

ક્રીટો વહેલી સવારે જેલમાં દાખલ થયો. જોયું તો સૉક્રેટીસ ખાટલા પર નિરાંતે ઊંઘતો હતો. 48 કલાક પછી જેને મરવાનું છે તેવો માણસ નસકોરાં બોલાવતો ઘસઘસાટ ઊંઘે છે ! આ ગાઢ ઊંઘમાં ભંગ પાડવાની ક્રીટોની હિંમત ન ચાલી, ચૂપચાપ તે બાજુ પર બેસી રહ્યો. થોડી વાર પછી સોક્રેટીસ જાગ્યો, એટલે ક્રીટોએ બધી વાત એને સમજાવી.

પરંતુ સૉક્રેટીસે ડોકું ધુણાવી ના પાડી અને કહ્યું : ''એથેન્સવાસીઓએ ભલે મને અન્યાય કર્યો હોય અથવા એથેન્સનો કાયદો ભલે મને અન્યાય કરતો હોય; પરંતુ બીજા અન્યાય કરે તેથી આપણે પણ અન્યાય કરવો, એ ન્યાયયુક્ત નથી. જૂઠાણાનો જવાબ જૂઠાણાથી આપવો, પાપનો સામનો પાપથી કરવો, એ કદી વાજબી નથી, એમ મેં હંમેશ કહ્યું છે. એટલે એથેન્સવાસીઓએ મને અન્યાય કર્યો હોય તો પણ, ચોરીછૂપીથી ભાગી જવું, એ મને ન છાજે. વળી આજ સુધી મેં અહીંના ધારા પાળ્યા છે, અહીં હું ઊછર્યો છે, અહીંના નિયમ મુજબ મેં લગ્ન કર્યું છે, મેં લશ્કરમાં સેવા કરી છે. આ બધું મેં સ્વેચ્છાથી કર્યું છે. હું ગમે ત્યારે આ રાજ્ય છોડી બીજા રાજ્યમાં જઈ શકતો હતો. અહીં જ વસવાનું મને કોઈએ ફરમાન નહોતું કર્યું. અહીં રહીને મેં અહીંના નાગરિક તરીકેના હકો અને જવાબદારીઓ સ્વીકારી લીધાં છે. આજ દિવસ સુધી હકોનો લાભ લીધો છે. હવે આજે રાજ્યના લોકોને હું ગુનેગાર લાગું છું, અને માનો કે મને અન્યાયી રીતે પણ અહીંના કાયદા મુજબ તેઓ સજા ફરમાવે છે. ત્યારે હવે તારી સલાહ મુજબ હું નાસી જાઉં, તો શહેરના તમામ કાયદાઓના પાયાને જ મેં ધક્કો પહોંચાડ્યો કહેવાય; ને એ રીતે રાજ્યને તેમ જ સૌ નાગરિકોને મેં નુકસાન પહોંચાડ્યું કહેવાય. ક્રીટો, આમ તે કદી કરાય ? આમ કરવું એ તો પાપની સામે પાપથી બદલો વાળવા જેવું થાય.'' ક્રીટો કશું બોલી શક્યો નહિ.

તે કાળે એથેન્સમાં ઝેર આપીને મોતની સજા કરવામાં આવતી. સોક્રેટીસને કેદખાનામાં ઝેરનો પ્યાલો આપવામાં આવ્યો. જેલના અધિકારીઓએ રડતાં રડતાં તે તેને આપ્યો. પણ સૉક્રેટીસે તો તે હસતે મોઢે હાથમાં લીધો અને જાણે શરબત પીવાનો હોય તેમ આનંદથી તે પી ગયો. આમ તે મૃત્યુને વશ થયો. એથેન્સવાસીઓએ આ રીતે પોતાના એક મહાન પુરુષને ઝેર પાઈને આ જગતમાંથી વિદાય કર્યો. પરંતુ સત્યને ખાતર મોતને વરનાર તે સત્યવીર સોક્રેટીસ આજે દુનિયાભરમાં અમર થઈ ગયો છે.

## શબ્દસમજૂતી

**એથેન્સ** યુરોપનું એક નગર **સ્પાર્ટા** યુરોપ પાસેનું નગર **ચૌટે** બજારે **અલકમલક** દેશવિદેશ **મિતાહારી** ઓછું જમનાર **મોચી** ચામડું સીવવાનો ધંધો કરનાર **સુથાર** લાકડા ઘડનાર કારીગર **લુહાર** લોખંડ ઘડનાર, ધંધો કરનાર **રાજનીતિજ્ઞ** રાજનીતિમાં ચતુર હોય તે **એદીપણું** આળસુ, પ્રમાદી **દિલગીર** નાખુશ, અપ્રસન્ન **પ્લેગ** મહામારીનો એક રોગ **કુથલી** નિંદા **નવરું** કામ વગરનું **દ્રોહ** દગો, બેવફાઈ **અદાલત** ઈન્સાફની કચેરી, ન્યાયાલય **ક્રીટો** ઍથેન્સનો અગ્ર માણસ **ધૂણવું** શરીર કંપન અનુભવે તે **જુઠ્ઠાણું** ખોટી વાત **ફરમાન** હુકમ, સનદ **ધક્કો** હડસેલો, નુકસાન **સદાચાર** સારા આચાર **ભરણપોષણ** ગુજરાન **ઘસઘસાટ** ગાઢ નિદ્રા **સ્વેચ્છા** પોતાની ઇચ્છા

## રૂઢિપ્રયોગ

**હસતે મોઢે** સહર્ષ સ્વીકાર

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) સોક્રેટીસના મતે માણસને માટે ઉત્તમ શું છે ?

(2) સોક્રેટીસનું જીવનસૂત્ર શું હતું ?

(3) સોક્રેટીસે મોતનો સ્વીકાર શા માટે કર્યો ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) સોક્રેટીસ કઈ વાતને શરમજનક ગણે છે ? શા માટે ?

(2) એથેન્સના રાજકર્તાઓ શાથી અકળાવા લાગ્યા ?

(3) ઉદાસ થયેલા મિત્રને સૉક્રેટીસે શી સલાહ આપી ? તે મૂંઝવણનું શું પરિણામ આવ્યું ?

(4) યુદ્ધની શી અસર એથેન્સના લોકો પર થઈ ?

**3. સવિસ્તર ઉત્તર લખો.**

(1) સ્વતંત્ર વિચારક તરીકે સૉક્રેટીસનું ચરિત્ર આલેખો.

(2) નોંધ લખો :

1. ન્યાય અંગે સોક્રેટીસના વિચારો.
2. સૉક્રેટીસનું સાદું જીવન અને આચરણ.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. સોક્રેટીસ વિશે તમારા શિક્ષક પાસેથી વિશેષ માહિતી મેળવો.
2. લાઈબ્રેરીમાંથી સૉક્રેટીસ વિશેનું કોઈ પુસ્તક - પુસ્તિકા મેળવીને વાંચો.
3. વર્તમાન સમયમાં જોવા મળતા લઘુઉદ્યોગોનાં નામ જણાવો.

## શિક્ષક પ્રવૃત્તિ

1. મનુભાઈ પંચોળી લિખિત 'સૉક્રેટીસ' નવલકથા વિશે બાળકોને ઝાંખી કરાવવી.
2. સૉક્રેટીસ, ગાંધીજી, ઈશુ ખ્રિસ્ત વગેરેની સત્યનિષ્ઠા વિશે વિદ્યાર્થીઓને સમજ આપવી.

●

# લેખન સ્વરૂપો

નિબંધ, વિચાર-વિસ્તાર, વાર્તાલેખન, સંક્ષેપીકરણ, પત્રલેખન અને અનુવાદ વિશે તમે અગાઉનાં ધોરણોમાં ભણી ગયાં છો. આ બધા જ મુદ્દાઓ વિશે તમે સમજ કેળવી ચૂક્યાં છો. આ પ્રકારનાં લેખનોનો મહાવરો કરતાં રહેવાથી - વાંચવાથી અને લેખન કરવાથી - તમારામાં વિશેષ સજ્જતા કેળવાતી જશે.

ધોરણ 12ની કક્ષામાં આ તમામ મુદ્દાઓ વિશે તમે બરાબર સમજ મેળવી - કેળવી હોય તો જ તમે આ લેખનને વ્યવહારુ બનાવી શકો. પરીક્ષા માટે તો આ લેખનના સ્વરૂપોની જાણકારી જરૂરી છે જ; પણ રોજબરોજ વ્યવહારમાં પણ તેનો ઉપયોગ થતો રહે તો એ દિશામાં આપણી જાણકારી ખપમાં આવી ગણાય.

અહીં આપણે સંક્ષેપીકરણ અહેવાલ અને ગદ્યાર્થગ્રહણ વિશે સમજીશું :

**1. સંક્ષેપીકરણ (અંગ્રેજીમાંથી સીધો ગુજરાતીમાં સંક્ષેપ)**

અગાઉના ધોરણમાં તમે સંક્ષેપીકરણનો અભ્યાસ કર્યો છે. જેમાં આપેલ ગદ્યખંડનો 1/3 ભાગમાં સંક્ષેપ કરવાની વાત વિશે તમે બરાબર સમજ્યાં છો.

જે રીતે ગુજરાતી ભાષાના ગદ્યખંડનો 1/3 ભાગમાં સારસંક્ષેપ કરવાનો હોય છે, એ જ ઢબે અંગ્રેજી ભાષાના ગદ્યખંડનો સીધો જ તેના 1/3 ભાગમાં ગુજરાતીમાં સંક્ષેપ કરવાનો મહાવરો તમારે કરવો જોઈએ.

* આ સંક્ષેપ કરવા આપેલ અંગ્રેજી ગદ્યખંડને ત્રણ-ચાર વખત ધ્યાનપૂર્વક વાંચી જવો.
* ગદ્યખંડમાં રહેલા ભાવ – વિચારની યોગ્ય અને ઝડપથી સમજ કેળવવી.
* એમાં રહેલા ભાવ - વિચારને ગુજરાતી ભાષામાં ટૂંકમાં મૂકવા માટે ગુજરાતી શબ્દો વિચારી લેવા.
* અંગ્રેજી ગદ્યખંડમાં કહેવાયેલી મૂળ વાત અને તેનો ભાવ અકબંધ રહે તે રીતે મૂળ લખાણના ત્રીજા ભાગમાં ગુજરાતીમાં તેને મૂકવો.
* ગુજરાતીમાં આ રીતે સંક્ષેપ કર્યા પછી તેની વાક્યરચના બરાબર જોઈ લેવી.
* લખાણમાં શુદ્ધિ માટે ઝીણવટપૂર્વક તેમાંના શબ્દો અને વાક્યબંધની ખાતરી કરી લેવી.
* યોગ્ય શીર્ષક આપવું.

આ પ્રશ્નમાં પાઠ્યપુસ્તકની બહારનો કોઈ અંગ્રેજી ગદ્યખંડ આપવામાં આવશે.

**2. અહેવાલ**

દેશ-દુનિયામાં દિવસે-દિવસે અવનવી ઘટનાઓ બનતી રહે છે. કોઈ ઘટના સૌ માટે આશ્ચર્યજનક હોય, તો વળી કોઈ ઘટના રોજ-બરોજની પણ હોય. આપણે ત્યાં વહેલી સવારે આપણી સામે વર્તમાનપત્ર પ્રગટ થાય છે. તે ઘણી-બધી ઘટનાઓના અહેવાલ લઈને આવે છે.

ઘટના આપણી ઉપસ્થિતિમાં ભલે ન બની હોય, પણ એનું વર્ણન વાંચતાં આપણને આખી ઘટના સમજાઈ જાય છે. ઘટના વિશે વાંચી લીધા પછી આપણે આ ઘટના બીજાને સમજાવી શકીએ એવી ઢબે તે લખાયેલી હોય છે. આમ, કોઈ ઘટનાનું મુદ્દાસર અને ટૂંકું વર્ણન એટલે અહેવાલ. હા, અહેવાલ લખવા માટે આવી ઘટનાઓના લખાણનો અનુભવ જરૂરી ગણાય. થોડા અહેવાલોનો અભ્યાસ કરવાથી અને આપણી હાજરીમાં બનેલા કોઈ બનાવ, પ્રસંગ કે ઘટનાનું લેખન કરવાથી ધીરે ધીરે આ વિષયમાં આપણે સજ્જ થતા જઈએ છીએ.

શાળામાં ઉજવાતા વિવિધ ઉત્સવો, તહેવારો, વિશેષ દિવસોની ઉજવણીઓ, અકસ્માતો, કુદરતી ઘટનાઓ, કવિ સંમેલનો, જ્ઞાતિ-સમાજના મેળાવડાઓ, વ્યાખ્યાન શિબિરો વગેરે વિશેના અહેવાલો આપણે ત્યાં લખાય છે. એને વાંચીને અન્ય લોકો પણ જે તે કાર્યક્રમની માહિતી મેળવી લે છે. આપણે આવા અહેવાલ લેખનને પ્રસંગલેખન પણ કહી શકીએ.

ટૂંકમાં, બનેલા પ્રસંગ કે ઘટનાનો આંખે દેખ્યો ચિતાર શબ્દોમાં મૂકવો એનું નામ જ અહેવાલ.

અહેવાલ લેખન માટેની ધ્યાનપાત્ર બાબતો વિશે આપણે થોડું જાણીએ :

અહેવાલ લેખનની શરૂઆતમાં જમણી બાજુએ તારીખ અને સ્થળનો ઉલ્લેખ કરવો જોઈએ દા.ત. 28-11-16

ગાંધીનગર

1. અહેવાલ લેખનની શરૂઆતમાં ત્રણ-ચાર વાક્યોમાં આખી ઘટનાનો ટૂંકો ખ્યાલ આપવામાં આવે છે. ઘટના શાની હતી, ક્યાં બની હતી, કેટલા જણ હતા... વગેરેનું ટૂંકમાં જ (ત્રણ-ચાર વાક્યમાં) વર્ણન શરૂઆતમાં હોય.
2. બીજા પેરેગ્રાફમાં આખી ઘટનાનું વિસ્તૃત, મુદ્દાસર વર્ણન કરવામાં આવે છે. જેમાં ઘટનાનો સમગ્રતયા ચિતાર આપવામાં આવે છે.
3. ત્રીજા અને અંતિમ પેરેગ્રાફમાં આખી ઘટનાનો ઉપસંહાર (પૂર્ણાહુતિ) કરવામાં આવે છે. ઘટનાનો સારસંક્ષેપ બે-ત્રણ વાક્યોમાં નોંધવામાં આવે છે.
4. ઘટનાના વિષયને સમાવતું યોગ્ય શીર્ષક આ અહેવાલને આપવામાં આવે છે. શીર્ષક સચોટ અને વાચકને સ્પર્શી જાય તેવું હોવું જોઈએ - રાખવું જોઈએ.
5. જોડણી, વિરામચિહ્નો, અનુસ્વાર વગેરે કાળજીપૂર્વક ઉપયોગ થયેલો હોવો જોઈએ - કરવો જોઈએ.
6. અહેવાલ લખાયા પછી એકાદવાર તેનું વાચન કરી લેવું જોઈએ, જેથી નાની ક્ષતિઓ નિવારી શકાય.

થોડાક સમય પહેલાં બનેલી ઘટના વિશે અહેવાલ લખવાનો હોવાથી મોટેભાગે તેમાં સાદા ભૂતકાળનો જ ઉપયોગ થાય છે. અન્ય કાળનો નહીં.

દા.ત. x અમારી શાળામાં રમતોત્સવ ઉજવાઈ ગયો હતો.

✓ અમારા શાળામાં રમતોત્સવ ઉજવાઈ ગયો.

આપણે આવા અહેવાલનો એક નમૂનો જોઈએ :

તમારી શાળામાં યોજાયેલ પુસ્તક પ્રદર્શનનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં તૈયાર કરો.

શાળાના આંગણે પુસ્તક પ્રદર્શન

મેવાસા, તા. 24-10-2016

અમારી શાળા 'કર્મતીર્થ વિદ્યાલય'માં તા. 23-10-16ના રોજ પુસ્તક પ્રદર્શન રાખવામાં આવ્યું હતા. શાળાના પટાંગણમાં રંગબેરંગી મંડપમાં બધા જ વિષયનાં હજારો પુસ્તકોને નિહાળવાનો અવસર સહુએ માણ્યો.

આગલા દિવસે શાળામાં રંગબેરંગી મંડપની અંદર દસ જેટલા જુદા જુદા વિભાગો બનાવવામાં આવ્યા હતા. 23 તારીખે વહેલી સવારે વિદ્યાર્થીઓએ પોતાની જવાબદારી મુજબ કામગીરી સંભાળી લીધી હતી. નવલકથા, કવિતા, નાટક, આત્મકથા-જીવનકથા, નિબંધ, બાલકથાઓ, હિન્દી સાહિત્ય અને અંગ્રેજી સાહિત્યને અલગ અલગ વિભાગોમાં દર્શકો બધાં જ પુસ્તકો નિહાળી શકે તે રીતે ગોઠવવામાં આવ્યાં હતાં. સવારે નવ કલાકે આચાર્યશ્રી, શિક્ષકો અને ગામના સરપંચશ્રીએ આ કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. શાળાના વિદ્યાર્થીઓ, ગામનાં વડીલ ભાઈ-બહેનો અને કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ સાંજના ચાર વાગ્યા સુધી આ પ્રદર્શનનાં પુસ્તકો સંગાથે મૈત્રી કેળવી હતી.

પૂર્ણાહુતિ સુધી આખેઆખો મંડપ દર્શકોથી ઊભરાતો હતો. વિદ્યાર્થીઓએ પોતાને મનપસંદ પુસ્તકોની વિગતો નોંધી હતી. એક સાથે વિશાળ જથ્થામાં - આટલાં બધાં પુસ્તકો નિહાળવાનું સૌને મળ્યું એનો સૌએ ખૂબ જ આનંદ વ્યક્ત કર્યો.

સાંજના સાડા ચાર કલાકે આ પ્રદર્શનનું સમાપન કરવામાં આવ્યું. કુલ ચારસો આડત્રીસ વ્યક્તિઓએ પ્રદર્શન નિહાળ્યું હતું. આ કાર્યક્રમ દબદબાભેર અને કોલાહલપૂર્ણ બની રહ્યો. આ કાર્યક્રમનો આનંદ સૌ કોઈના ચહેરા પર ડોકિયું કરી જતો હતો.

પ્રતિ,

તંત્રીશ્રી,

ગુજરાત સમાચાર - ભાવનગર

નમસ્કાર !

અમારી શાળામાં ઉજવાયેલ આ પુસ્તક પ્રદર્શનનો અહેવાલ આપણા દૈનિકપત્રમાં જનહિતાર્થે પ્રગટ કરશો એવી અમારી લાગણી છે.

આચાર્ય,

કર્મતીર્થ વિદ્યાલય, મેવાસા.

## સ્વાધ્યાય

1. તમારી શાળામાં ધો. 12ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો તેનો અહેવાલ તૈયાર કરો.
2. રસ્તા પર એક બાળકના થયેલા અકસ્માતનો અહેવાલ લખો.
3. શાળાના શિક્ષકના વિદાય-સમારંભનો અહેવાલ તૈયાર કરો.
4. ગુરુપૂર્ણિમાની શાળામાં કરેલી ઉજવણીનો અહેવાલ લખો.
5. તમારી શાળામાં ઉજવાયેલ 'સ્વચ્છતા દિવસ'નો અહેવાલ તૈયાર કરો.

### 3. ગદ્યાર્થગ્રહણ

નિબંધ, વિચાર-વિસ્તાર, અહેવાલ - આ બધાં જ લેખનો દ્વારા ભાષા-સજ્જતા પ્રાપ્ત થાય છે. એ જ રીતે કાવ્યના પરિશીલન અને ગદ્યાર્થગ્રહણ દ્વારા પણ ભાષા-વ્યાપારને સમજવાની કુશળતા કેળવાય છે. કાવ્યો અને ગદ્યના વાચનથી ઉત્તરોત્તર ભાષાપ્રીતિ વૃદ્ધિ પામતી રહે છે.

ગદ્યાર્થગ્રહણ એટલે ગદ્યના અર્થનું ગ્રહણ. અર્થ બરાબર સમજાય એટલે લેખકનો આશય સારી રીતે પકડી શકાય. જો લખાણનો અર્થ આપણે તારવી-સારવી ન શકીએ તો તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપવામાં મુશ્કેલી પડે છે.

કાવ્યકૃતિ હોય કે ગદ્યખંડ હોય એના અર્થગ્રહણ-પરિશીલન માટે આ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :

1. સારી રીતે અર્થગ્રહણ કરવા માટે ગદ્યખંડ/કાવ્યને એકચિત્તે બે-ત્રણ વાર વાંચો.
2. ત્યારબાદ તેની નીચે આપેલા પ્રશ્નો બે વખત વાંચી જુઓ.
3. હવે પ્રશ્નોને ચિત્તમાં સ્થાન મળ્યું હોય એટલે ફરીથી એકવાર ગદ્યખંડ/કાવ્ય વાંચી જાઓ.
4. ક્યા પ્રશ્નનો ઉત્તર કઈ પંક્તિમાં છે તે આપોઆપ પકડાતું જશે, તેને અધોરેખિત કરતાં જાઓ.
5. તમારા પોતાના શબ્દો વાપરીને ટૂંકા, સચોટ જવાબો લખો.
6. જો શીર્ષક માગ્યું હોય તો તેના મધ્યવર્તી (મૂળ) વિચારને અનુરૂપ ટૂંકું યોગ્ય શીર્ષક આપો.
7. સમગ્ર લખાણમાં ભાષાશુદ્ધિ જાળવી રાખો.
8. લખાણ પૂરું થયા પછી સમગ્રતયા ઝડપથી એક નજર તેના પર ફેરવી લો, કે જેથી નાની-મોટી ક્ષતિઓ હોય તો દૂર કરી શકાય.

**નમૂનો :**

ગાંધીવાદ જેવી કોઈ વસ્તુ છે જ નહીં. મારે મારી પાછળ કોઈ સંપ્રદાય મૂકી જવો નથી. મેં કંઈ નવું તત્ત્વ કે નવો સિદ્ધાંત શોધી કાઢ્યો છે એવો મારો દાવો નથી. મેં માત્ર શાશ્વત સત્યો છે તેને આપણા રોજેરોજના જીવન અને પ્રશ્નોને લાગુ પાડવાનો મારી ઢબે પ્રયાસ કર્યો છે. એટલે મનુસ્મૃતિના જેવી સ્મૃતિ મૂકી જવાનો પ્રશ્ન મારી બાબતમાં ઊઠતો નથી. એ મહાન સ્મૃતિકાર અને મારી વચ્ચે સરખામણી જ ન હોય. મેં જે અભિપ્રાયો બાંધ્યા છે અને જે નિર્ણયો પર આવ્યો છું તે છેવટના નથી. હું એ કાલે બદલું. મારે દુનિયાને કશું નવું શીખવવાનું નથી, સત્ય અને અહિંસા અનાદિકાળથી ચાલ્યાં આવે છે. મેં માત્ર મારાથી બન્યા એટલા વિશાળ પ્રમાણમાં એ બંનેના પ્રયોગો કર્યા છે. એમ કરવામાં મેં કેટલીક વાર ભૂલો કરી છે ને એ ભૂલોમાંથી હું શીખ્યો છું. એટલે જીવન અને એના પ્રશ્નોમાંથી મને સત્ય અને અહિંસાના આચરણમાં પ્રયોગો કરવાનો અવકાશ મળી ગયો છે. સ્વભાવથી હું સત્યવાદી હતો પણ અહિંસક નહોતો.

**(સત્યના પ્રયોગો)** **- ગાંધીજી**

**પ્રશ્નો :**

1. ગાંધીજી પોતાના અભિપ્રાયો અને નિર્ણયો વિશે શું કહે છે ?
2. ગાંધીજી કેવો દાવો નકારે છે ?
3. ગાંધીજી શો પ્રયાસ કરી રહ્યા છે ?
4. કયા વિષય પર ગાંધીજીએ ઘણા પ્રયોગો કર્યા છે ?
5. આ ગદ્યખંડમાંથી તારવીને ગાંધીજીની નમ્રતા સૂચવતાં બે વાક્યો લખો.
6. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**જવાબો :**

1. ગાંધીજી કહે છે, 'મેં જે અભિપ્રાયો બાંધ્યા છે અને જે નિર્ણયો પર આવ્યો છું તે છેવટના નથી. હું એ કાલે બદલું.'

**અથવા**

ગાંધીજી કહે છે કે તેમણે જે અભિપ્રાયો કે નિર્ણયો બાંધ્યા છે તે આખરી નથી. સમય અને સંજોગો અનુસાર તેને બદલવા પણ પડે.

2. પોતે કોઈ નવો સિદ્ધાંત કે નવું તત્ત્વ શોધી કાઢ્યો છે એવો મારો દાવો નથી.
3. જીવનનાં જે શાશ્વત - કાયમી સત્યો છે, તેને રોજેરોજના જીવન સાથે જોડીને, જીવનના પ્રશ્નો ઉકેલવાનો પ્રયાસ ગાંધીજી કરી રહ્યા છે.
4. જીવન અને જીવનના પ્રશ્નોમાંથી, સત્ય અને અહિંસાના આચરણમાં વિવિધ પ્રયોગો કરવાની અનુકૂળતા પોતાને પ્રાપ્ત થઈ છે – એમ ગાંધીજી કહે છે.
5. 1. ગાંધીજી પોતાની પાછળ કોઈ સંપ્રદાય મૂકી જવા ઈચ્છતા નથી.
   2. સત્ય અને અહિંસાના આચરણમાં તેમને ઘણીવાર નિષ્ફળતા મળી છે એમ તેઓ પ્રામાણિકતાથી સ્વીકારે છે.
   3. મનુસ્મૃતિ લખનાર ભગવાન મનુ કરતાં તેઓ પોતાને અતિ સામાન્ય ગણાવે છે.

**અથવા**

આ પ્રશ્નને ગાંધીજીના સીધાં જ અવતરણો મૂકીને પણ લખી શકાય :

દા. ત.1. 'એ મહાન સ્મૃતિકાર અને મારી વચ્ચે સરખામણી જ ન હોય.'

2. 'મેં કંઈ નવું તત્ત્વ કે નવો સિદ્ધાંત શોધી કાઢ્યો છે એવો મારો દાવો નથી.'
3. 'મારે મારી પાછળ કોઈ સંપ્રદાય મૂકી જવો નથી.'

6. આ ગદ્યખંડને આ મુજબનાં શીર્ષકો આપી શકાય :

   ગાંધીજીની નમ્રતા

   સત્ય અને અહિંસા

**સ્વાધ્યાય**

**નીચેના ગદ્યખંડને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

પોતે પોતાને માટે કોઈ પણ પ્રકારનો શ્રમ કરવો, ને પારકા ઉપર આધાર ન રાખવો, એનું નામ સ્વાશ્રય. જે ખરા સ્વાશ્રયી મનુષ્ય છે તે તો પોતાને યોગ્ય ન હોય, એટલે પોતે જેનો બદલો કોઈ પણ પ્રકારના ઉપયોગી શ્રમથી વાળ્યો ન હોય, તેવા ફળને કદાપિ સ્વીકારતા નથી. તેમને પોતાનાં બળ અને પરાક્રમ ઉપર જ વિશ્વાસ હોય છે. તેનાથી તે પ્રાપ્ત થાય તેને મોટી સમૃદ્ધિ માને છે. તેમને ધનવાન થવાની, અધિકાર ભોગવવાની, કીર્તિ મેળવવાની ઈચ્છા નથી હોતી એમ નથી. પણ તે બધું પોતાના બાહુબળથી જ મળે તો ભોગવે છે, નહીં તો પારકી ખુશામતથી તે લેવાને કદી ઈચ્છતા નથી, તે ન મળે તેનાથી શોક પામતા નથી.

**પ્રશ્નો :**

1. સ્વાશ્રય એટલે શું ?
2. સ્વાશ્રયી મનુષ્ય કેવાં ફળને સ્વીકારતા નથી ?
3. સ્વાશ્રયી મનુષ્યના મતે મોટી સમૃદ્ધિ કઈ છે ?
4. સ્વાશ્રયી મનુષ્ય કેવા સંજોગોમાં પણ શોક કરતા નથી ?
5. ગદ્યખંડોમાંથી વિશેષણ-વિશેષ્યની ત્રણ જોડી શોધીને લખો.
6. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

•

# 20 બે લઘુકથાઓ

**નરેન બારડ**

(જન્મ : 1954; અવસાન : 2000)

લઘુકથા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર નરેન્દ્ર બાબુલાલ બારડ, કેટલાંક નોંધપાત્ર પુસ્તકો આપીને, નાની ઉંમરે અવસાન પામ્યા છે. 'મને જ ગમશે', 'સૂના સંબંધ', 'મન વડવાનલ' તેમજ 'ગૃહબંધન' એમના યશસ્વી સર્જન-ગ્રંથો છે. ગુજરાતી ભાષામાં લઘુકથાના ખેડાણમાં જે કેટલાંક નામો મૂકી શકાય એમાં નરેન બારડની પ્રયોગશીલ લઘુકથાઓ મોખરે છે.

ડાઘની શરૂઆતમાં જ 'ગમે તેમ તોય આ તો દીકરીની જાત.' આ વાક્ય દ્વારા સાવ નિર્દોષ છતાં ગંભીર વાત સમાજના કહેવાતા ડાહ્યા ને સમજુ માણસો તરફ અંગુલિનિર્દેશ કરે છે. લગ્ન જેવા પવિત્ર સંબંધને કેવી નજરથી જુએ છે તેની ગંભીર વાત ડૉક્ટરના જીવનમાં બની ગયેલી ઘટના દર્શાવે છે.

---

**ઈશ્વર પરમાર**

(જન્મ : 06-10-1941)

બાળ સાહિત્યકાર અને શિક્ષણક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનાર ઈશ્વર પરમારનું કર્મક્ષેત્ર દ્વારકા રહ્યું છે. દ્વારકાની બી.એડ્. કૉલેજમાં તેઓ અધ્યાપક હતા. એમણે કેટલીક લઘુકથાઓ પણ લખી છે. 'શિક્ષણના સિતારા' એમનું શિક્ષણશાસ્ત્રીઓ અને શિક્ષકો વિશેનાચરિત્ર લેખોનું પુસ્તક છે. 'તુલસીની માળા' તેમજ બીજાં કેટલાંક પુસ્તકો શિક્ષણ તેમજ બાળસાહિત્યને લગતાં છે. એમને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળેલો છે.

થોડામાં ઘણું એ લઘુકથાનો પ્રાણ. એ ન્યાયે જીવતા - કહેવાતા આધુનિક જીવનનો વતન-ભાવ વિચ્છેદ કેવો આકરો-અકારો છે તે પ્રસ્તુત લઘુકથા બળકટ રીતે સૂચવે છે. સુખી દીકરાઓ ગામડું છોડીને રાજીમાને પોતાને શહેર બોલાવે છે, પણ માની મમતા ઢોરાંથી છૂટતી નથી. ઢોરાં વિના રાજીમા અને રાજીમા વિના ઢોરાંનું અસ્તિત્વ જ જાણે અલોપ થઈ જાય તેવો પારસ્પરિક પ્રગાઢ પ્રેમ-લાગણીનો, અજબ-અવિચ્છિન્ન સેતુ અહીં રચાયો છે. કહેવાતા લોહીના સંબંધોની તુલનામાં, એકલપંડની એકલતા અબોલ ઢોરાં દ્વારા કેવી સજીવ સભરતાથી છલકાય છે, લીલીછમ - રળિયામણી બની જાય છે તેની અપ્રતીમ ગૂંથણી આ લઘુકથાઓનો ખરો કસબ છે. અંતે વિધિની વક્રતારૂપે ગુજરાતી સાહિત્યની અમર પંક્તિ સ્વરૂપે સૂચવાયા છે : ''ભઈ, હવે તો મારે છોરાં ઈ ઢોરાં ને ઢોરાં ઈ છોરાં.''

---

## 1. ડાઘ

**નરેન બારડ**

'ગમે તેમ તોય, આ તો દીકરીની જાત ! સાવ સાચું કહેજો બેન ! આમાં ચિન્તાનું તો કોઈ કારણ નથી ને ?'

'ના, બિલકુલ નહીં. તમારી બેબીને, વિટામિન-'એ' ની ડેફિસિઅન્સી આવી ગઈ છે એટલે જ એના આખા શરીરે સફેદ છાંટણાં ઊપસી આવ્યાં છે. જુઓ, તમને આ ગોળી લખી આપું છું. ગોળી પૂરી થયે તમે બેબીને ફરીવાર બતાવી જજો, હોં.'

ડૉક્ટર સુનીતા શાહના શબ્દોની, તેની સામે ફૂલ જેવી બાળકીને તેડીને બેઠેલી સ્ત્રી ઉપર જાદુઈ અસર થઈ અને આભારસૂચક નજરે તે સ્ત્રી દવાખાનું છોડી ગઈ.

તૂટી પડતી ડાળીની જેમ એકાએક, ડૉક્ટર સુનીતા શાહે, પોતાનું માથું ટેબલ પર ઢાળી દીધું અને આંખો મીંચી દીધી...

તેની બિડાઈ ગયેલી પાંપણો તળે, પોતાના કપાળ ઉપર ચાંદલો કરવાની જગ્યાએ જનમથી ઊગેલા કોઢના સફેદ ડાઘને લીધે, લગ્નની પહેલી જ રાત્રે 'ત્યક્તા'.....

## 2. ઢોરાં

**ઈશ્વર પરમાર**

રાજીમા એકલપંડ ને ડેલીબંધ ઘરમાં નાનાંમોટાં ઢોર નવ ! માજી ઢોર સાથે બોલે ને બાઝે; પાછાં પંપાળે ! એમના બેઉ દીકરા ભણતાં ભણતાં પરણીને દૂરના શહેરમાં સ્થિર થયા. તેઓ તેડાવે ખરા પણ માજી જવાબ લખાવે : 'ભોમકાની માયા મેલી નથી મેલાતી. તમે સઘરિયાં આંટો દઈ જાવ વે'લેરાં.'

ફરી દીકરાનો કાગળ : 'અમારે નોકરીમાં રજા જમે નથી. આવીએ તો છોકરાંનું ભણતર ભાંગે; તમારી વહુની તબિયત ઠીક-અઠીક રહ્યા કરે છે. હાલ તો નહીં અવાય. પૈસા મેલ્યા છે. હવે ઢોરાં વેચીને નિરાંતે રહો. ઘણું વેઠ્યું. ભજનભાવ કરો. તબિયત સાચવજો...'

એકવાર આવા કાગળનો જવાબ લખાવવા મારી દુકાને પત્તું લઈને રાજીમા આવ્યાં ત્યારે મેં ય કહ્યું, 'માડી, વેચી દો ને ઢોર. રહો નિરાંતે. નાણાંની ક્યાં આપદા છે તમારે ?'

ચહેરા પરની કરચલીઓ પર અટકી અટકીને સરતાં આંસુથી ભીના થતા શબ્દોમાં રાજીમા કહે : 'ગગા, ઢોરાંને વેચું છું તો પીટ્યાં પારકા ખીલા તોડાવી-છોડાવીને અધરાતે ડેલીબા'ર ભાંભરડાં નાખે છે, ને પંડનાં છોરાં... વણવેચે વેચાઈ ગયાં ! નથી લખવો કાગળ મારે...' પેલું કોરું પત્તું ફાડીને ફેંકતાં વળી કહે : 'ભઈ, હવે તો મારે છોરાં ઈ ઢોરાં ને ઢોરાં ઈ છોરાં...'

## શબ્દસમજૂતી

**ઢોર** પશુ પંડ શરીર, કાયા, દેહ **માજી** મા **મરહૂમ** મૃત્યુ પામેલું **માયા** છળ, પ્રપંચ, જેનાથી બ્રહ્માંડ રચાયું છે તે ભાસમાન થાય છે તે આદિ શક્તિ **સઘરિયા** સહકુટુંબ, પરિવાર **આંટો** ફેરો **વે'લેરા** વહેલા **જમે** જમા **ભાંગે** તૂટે **વેઠ્યું** સહન કર્યું **ભજન** નામસ્મરણ **પત્તું** કાગળ,પત્ર **માડી** માતા, દેવી, એક પ્રકારનું પીણું **આપદા** ભય **કરચલી** ચહેરા પરની રેખા, કરચલાની માદા **ગગો** પુત્ર **પીટયું** મૂઉં **ભાંભરડાં** પશુનો અવાજ **છોરાં** બાળકો **સફેદ છાંટણાં** કોઢના સફેદ ડાઘ **બિડાવું** બંધ થવું **ત્યકતા** ત્યજી દીધેલું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) રાજીમાને કોનું અનહદ વળગણ હતું ?

(2) લેખકે રાજીમાને શી સલાહ આપી ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

(1) રાજીમા દીકરાને પત્રમાં શો સંદેશો મોકલે છે ? દીકરા તેનો શો પ્રત્યુત્તર આપે છે ?

(2) શા કારણથી રાજીમાએ કાગળ લખવાનો નિર્ણય માંડી વાળ્યો ?

**3. સવિસ્તર ઉત્તર લખો.**

(1) 'ઢોરાં' લઘુકથા શી માર્મિકતા પ્રગટાવે છે ?

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) 'વિટામિન-એ'ની ઉણપથી શરીર પર શી અસર થાય છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) ડૉ. સુનીતા શાહનું લગ્ન શા કારણે ભાંગેલું ?

(2) શાના લીધે ડૉ. સુનીતા શાહ હૃદયથી ભાંગેલી હતી ?

**3. વિસ્તૃત ઉત્તર લખો.**

(1) 'ડાઘ' લઘુકથામાં પ્રગટતી સંવેદના આલેખો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. શિક્ષક પાસેથી લઘુકથા વિશે માહિતી મેળવી એકાદ લઘુકથા લખવા પ્રયાસ કરો.
2. લાઈબ્રેરીમાંથી લઘુકથાઓ વિશેનું પુસ્તક મેળવીને વાંચો.

## શિક્ષક પ્રવૃત્તિ

1. વિદ્યાર્થીઓને લઘુકથા વિશેનાં પુસ્તકો ઉપલબ્ધ થાય તેવી ગોઠવણ કરાવવી.
2. કોઈ સારી લઘુકથાનું વિદ્યાર્થીઓ સમક્ષ પઠન કરી તેના સ્વરૂપ વિશે સમજાવો.

●

# 21 બેટા, મને પાછી જવા દે

ઉમા મહેશ્વરન

અનુ. નીતા રામૈયા

ઉમા મહેશ્વરનનો જન્મ મદ્રાસ (ઈ.સ. 1938)માં થયો હતો. અભ્યાસ અને ઉછેર જબલપુરમાં થયા. બી.એ. જબલપુર યુનિ. દ્વારા અને એમ.એ. નાગપુર યુનિ. દ્વારા થયાં. ઉચ્ચ અભ્યાસ મિશિગન યુનિ.માં કર્યો. ત્યાં પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી. કવયિત્રી, લેખક-સંશોધક તરીકે જાણીતાં થયાં. સી.વી. રામન જેવા સમર્થ વિજ્ઞાનીનું જીવનચરિત્ર લખ્યું. 'ત્રિશંકુ એન્ડ પોએટ્રી' એમનો કાવ્યસંગ્રહ છે. 'અ સાયકલ ઓફ ધ મુન' તેમજ 'મેન્ગોઝ ઓન ધ મેમ્પલ ટ્રી' એમનાં નોંધપાત્ર પુસ્તકો છે. વીસેક પુસ્તકો એમને નામે છે.

એમના એક જાણીતા કાવ્યનો અનુવાદ 'બેટા, મને પાછી જવા દે' અહીં લીધો છે. જેનો અનુવાદ નીતા રામૈયાએ કર્યો છે. પલટાતી સંસ્કૃતિ સાથે, બદલાતી જીવનશૈલીનું પ્રતિબિંબ આ કાવ્યમાં છે. દીકરાને ભણાવ્યો, તે સારી રીતે ઠેકાણે પડ્યો. સુખી છે. માને એનો આનંદ છે... પણ જીવનની બદલાયેલી શૈલી સાથે માને ગોઠતું નથી. એ રીતે માના હૃદયની સૂક્ષ્મ સંવેદનાને કવયિત્રીએ કાવ્યમાં ગૂંથી છે.

---

કોને ખબર કેવી જગ્યાએ તું મને લઈ આવ્યો છે, બેટા ?
અહીં બધી જ બારીઓ હંમેશાં બંધ રખાય
ને આગલે બારણે હંમેશાં તાળું વાસ્યું હોય ?
ભલે પધાર્યા કહેવા માટે
ઉંબરામાં કોઈ રંગોળી જ નહીં ?
લક્ષ્મીજી ક્યાંથી પધારે, બેટા ?
જ્યાં એની એ જ હવા ગોળગોળ ફરતી હોય ત્યાં
લક્ષ્મીજી પધારવાની પરવા કરે ખરાં, કહે તો બેટા ?
કમળ ઉપર જે બિરાજમાન છે અને
આદિકાળના દૂધના સમુદ્રમાં જેનો વાસ છે તે દેવની પત્ની
તું શું એમ ધારે છે કે
ડબ્બામાં ને બરફમાં સંઘરેલું
ત્રણ દિવસનું વાસી ખાવાનું આરોગશે ?
બેટા, હું ખૂબ રાજી છું, બેટા,
તને સારી રીતે ઠેકાણે પડેલો જોઈને,
બાળકો ને પત્ની ને બધું જ
જોકે તારી પત્ની અન્ય પુરુષોના હાથ પકડે
તું અન્ય પુરુષોની પત્નીના હાથ પકડે ત્યારે
ઊભાં થઈ જાય છે મારાં રૂંવાડાં.
પણ હું રાજી છું બેટા, ખરેખર રાજી છું
એ વાતે કે તું ઠેકાણે પડી ગયો સારું થયું સારું
અને મને લઈ આવ્યો છેક આટલે દૂર

આ તારું રૂપકડું ઘર, તારી કાર અને બધું જોવા.
પણ આ વાસી હવા મારાથી શ્વાસમાં લેવાતી નથી.
ગઈ કાલની રસોઈની વાસ હવામાં
ગોળગોળ ફર્યા કરતી
બેટા, રસોઈ તો રોજ રોજ કરવાની બાબત છે.
માત્ર રવિવારે કરવાનું કામ નથી
અને બેટા, રસોઈનો ધમધમાટ મજાનો હોય
સોડમ ઊછળતી હોય
હળદર ને લીલી કોથમીરની
અને ગરમ તેલમાં રાઈનો તડતડાટ
જમણમાં સોડમ લાવે, હવાને ગંધવી મારે નહીં,
બધી બારી ખોલી નાખ, બેટા.
મને ટેવ છે જીવંત વસ્તુના
ધ્વનિ સાંભળવાની
સવારે પંખીનો
રાત્રે વરસાદ ને પવનનો
ફર્નેસ ફેનનો ઘરઘરાટ નહીં
અને ગરમ ગરમ હવાના સુસવાટા નહીં
અને વૉશિંગમશીનનું વ્હૂશ વ્હૂશ નહીં.
બધી બારીઓ ખોલી નાખ, બેટા,
અને મને પાછી જવા દે
સૂર્ય અને હવા તરફ
અને પરસેવો અને માખી ને એવું બધું
પણ આ તો નહીં, ના નહીં જ.

## શબ્દસમજૂતી

**વાસી** - આગલા દિવસોનું પડતર; **સોડમ** - સુગંધ; **ઉંબરો** - આવ-જા કરવાની જગ્યા, ઘરનો ઉંબરો; **આદિકાળ -** આરંભકાળ, સૃષ્ટિની શરૂઆતનો સમય

## રૂઢિપ્રયોગ

**ઠેકાણે પડવું** ધંધે વળગવું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) બાને શી ટેવ છે ?
(2) બાને શું મંજૂર છે ?
(3) બાનો શ્વાસ શાથી રૂંધાય છે ?
(4) બા બારી ખોલવાનું શાથી કહે છે ?
(5) લક્ષ્મીજીનો વસવાટ ક્યાં છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) નગરજીવનનું બંધિયારપણું બાને શી રીતે સતાવે છે ?

(2) બા ક્યારે રોમાંચ અનુભવે છે ? શા માટે ?

(3) ગ્રામજીવનનો મુક્ત વિહાર કવિએ શી રીતે પ્રગટાવ્યો છે ?

(4) રસોડાનો વૈભવ કવિ શી રીતે આલેખે છે ?

**3. વિસ્તૃત ઉત્તર લખો.**

(1) બાની રાજી-નારાજી લખો.

(2) નગરજીવનની વેધકતા કવિ શી રીતે પ્રગટાવે છે ?

(3) ગ્રામ અને નગર સંસ્કૃતિનો ભેદ કાવ્યના સંદર્ભમાં સમજાવો.

(4) નોંધ લખો :

1. બાની મૂંઝવણ
2. બદલાયેલી સંસ્કૃતિ અને જીવનશૈલી

### વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. તમને શહેર ગમે કે ગામડું ? આ વિશે લેખન કરો.
2. તમને કેવી જીવનશૈલી ગમે ? - એ વિશે ટૂંકમાં લખો.

### શિક્ષક પ્રવૃત્તિ

1. 'ગામડાનો પરિવેશ' વિદ્યાર્થીઓ આગળ રજૂ કરો.
2. ગામડાં અને ગ્રામીણ પરિવેશ સાથે સંબંધિત નિબંધો વિશે વિદ્યાર્થીઓને કહો.

   દા.ત. ભૂંસાતાં ગ્રામચિત્રો - મણિલાલ હ. પટેલ

   આથમતાં અજવાળાં - ભગીરથ બ્રહ્મભટ્ટ

### ભાષાભિવ્યક્તિ

સુસવાટા, ધમધમાટ, તડતડાટ, ઘરઘરાટ, શબ્દો દ્વારા અને વિવિધ અવાજો દ્વારા કવિ અહીં કર્ણેન્દ્રિયને સતેજ કરવાની વાત કરે છે.

●

# પૂરક વાચન

## 1 સ્વદેશપ્રીતિ

**દલપતરામ**

(ઈ.સ. 1820; ઈ.સ. 1898)

સુધારકયુગના કવીશ્વર દલપતરામનો જન્મ ઈ.સ. 1820માં વઢવાણ ગામમાં થયો હતો. અગ્નિહોત્રી પિતા પાસે વેદ, સંહિતા, વૈદિક ક્રિયમાણ વગેરે શીખીને સજ્જ થયેલા દલપતરામે અંગ્રેજી સંસ્કૃતિને પણ આવકારી. ચૌદ વર્ષની ઊગતી વયથી તેઓ નીતિપરાયણ નિર્મળ અને ધર્મવંતા હતા. સ્વામી નારાયણ સંપ્રદાયના સદ્‌ગુરુ ભૂમાનન્દ સ્વામી તથા કાવ્યગુરુ દેવાનન્દ સ્વામીના હાથે તેમનું ઘડતર થયું. તેઓ પ્રજાપુરોહિત હતા. નવયુગની મંગળઘંટા ગુજરાતભરમાં વગાડનાર કવિ સો ટચના સોના જેવા હતા.

ફાર્બસે તેમને વઢવાણથી નોતર્યા અને અમદાવાદમાં સંસ્કૃતિઓના સંગમઘાટને ઓવારે પ્રજાકેળવણીના સારસ્વત યજ્ઞના આચાર્યપદે સ્થાપ્યા. તેઓ નવયુગના પ્રથમ કવિ, ઈતિહાસ સંશોધક, ગદ્યલેખક, પ્રજાસેવક, નાટકકાર, પિંગળકાર, નવલિકાકાર અને સ્વદેશી પોકારનાર દેશભક્ત હતા. દલપતકાવ્ય બે ભાગમાં પ્રસિદ્ધ છે. તેમના પદ્યમાં અર્થ અને શબ્દ ચમત્કૃતિ, ઉપમા, ઉત્પ્રેક્ષા, પ્રાસો - અનુપ્રાસો, યમકઝમક વગેરે સમાયેલ છે જે તેમના કવિ કૌશલ્યને પ્રગટ કરે છે.

પ્રસ્તુત કાવ્ય દેશપ્રેમનું છે. ભારતભૂમિ પ્યારી અને ન્યારી છે. જેના હૈયે દેશદાઝ વસી નથી તેવા શુષ્ક હૃદયને શું કહેવું ? ધન, રૂપ કે સત્તા હોવા છતાં જેનું હૃદય માતૃભૂમિ માટે સંવેદનશીલ નથી તેને કોઈ વખાણે નહિ. લોકકલ્યાણનાં કામ કરનાર હંમેશાં પૂજાય છે. પોતાની વિદ્વતા દેશ માટે ન વાપરનાર વ્યક્તિનો જન્મ વ્યર્થ ગયો જાણવો ! વિદેશમાં વસનાર કાળક્રમે પોતાને વતન પરત ફરે છે ત્યારે તેને જોઈને સહુની આંખમાં હર્ષના આંસુ આવે છે અંતે તો વતનની ધૂળ સાથે જ માનવીનો સાચો સંબંધ છે.

---

ભલી ભાર્તભૂમિ વિષે રોજ રહેતો,
હશે કો બિચારો, નથી જેહ કહેતોઃ
''ભલો દેશ મારો, ભલી ભોમ મારી,
મને પ્રાણથી નિત્ય છે એ જ પ્યારી,'' ?
હશે મૂજી કો મારતો ભૂમિ ભારે,
નથી દેશની દાઝ જેને લગારે ?
સદા શુષ્ક હૈયું રહે વજ્ર જેવું, બઈ
કશું કેમ જાણે નથી લેવું દેવું ?
હશે તે કદાપિ બહુ લક્ષ્મીવાળો,
વડો વૈભવી રાજવી ને રૂપાળો,
તથાપિ ન તેને વિવેકી વખાણે,
ભરે પેટ તે કાગકીડા પ્રમાણે.
સ્વદેશી વડો દેશીનાં દુઃખ ટાળે,
હજારો જનોને સદા જેહ પાળે,
વળી લોકકલ્યાણમાં લાભ લેખે,
પૂરા પ્રેમથી કોણ તેને ન પેખે ?
નથી વિદ્વતા વાપરી દેશદાઝે,
નથી વાપરી પાઈ જો લોક કાજે,
નથી કામ કીધાં સ્વદેશાભિમાની,

વૃથા જન્મ ખોયો, કરી શી કમાણી ?
વિદેશે વસીને ઘણો કાળ ગાળી,
સ્વદેશે ગયો જે ભલો ભાગ્યશાળી,
વિયોગી સગાં ભૂમિને ભેટી ભાવે,
કહો કોણને હર્ષનાં આંસુ ના'વે ?

## શબ્દસમજૂતી

**દાઝ** - લાગણી; **ભોમ** - ભૂમિ; **મૂજી** - સંકુચિત મનવાળો; **વડો** - મોટો; **પેખે** - પારખે; **વૃથા** - ફોગટ/નકામું; **વિયોગી** - વિયોગવાળું; **ના'વે** - ન આવે

●

# 2 રૂપાંતર

**મોહન પરમાર**

(જન્મ : 15-3-1948)

મોહનલાલ અંબારામ પરમારનો જન્મ મહેસાણા જિલ્લાના ભાસરિયા ગામે થયો હતો. સાહિત્યમાં પીએચ.ડી. થયેલા આ લેખકનાં ચાળીસથી પણ વધુ પુસ્તકો પ્રગટ થયાં છે. મુખ્યત્વે વાર્તાકાર અને નવલકથાકાર તરીકે જાણીતા આ લેખકે - 'નકલંક', 'કુંભી', 'પોઠ' અને 'અંચળો' જેવા વાર્તાસંગ્રહો આપ્યા છે. 'પ્રિયતમા', 'આસ્થાફળ', 'ડાયા પશાની વાડી', 'વિક્રિયા', 'નેળિયું', 'સંકટ', 'નજરકેદ' અને 'ભ્રમણકથા' તેમની જાણીતી નવલકથાઓ છે. તેમનો 'અંચળો' વાર્તાસંગ્રહ કેન્દ્રીય સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થયો છે. આ ઉપરાંત આ લેખકને કથા ઍવોર્ડ (દિલ્હી), ધૂમકેતુ પુરસ્કાર, ઉમા સ્નેહરશ્મિ પુરસ્કાર, ગોવર્ધનરામ ઍવોર્ડ અને ગુજરાત સાહિત્ય અકાદમીના પુરસ્કારો મળ્યા છે. તેમની વાર્તાઓ વિવિધ ભારતીય ભાષાઓ ઉપરાંત અંગ્રેજી ભાષામાં પણ અનૂદિત થઈ છે.

આ વાર્તા તેની વિશિષ્ટ રચનારીતિને કારણે જાણીતી બની છે. આ વાર્તામાં કથાનાયિકા કોકિલાની મનઃસ્થિતિ વાર્તાને અંતે પલટાય છે, સાસુનું વહાલપ એને ગમવા લાગે છે. કોકિલાનું સાસુમાં થયેલું રૂપાન્તર બન્ને વચ્ચેના ખટરાગનું શમન કરે છે. વહુનું રૂપાન્તર સાસુમાં થાય તે પ્રકારની રચનાપ્રયુક્તિમાં બે સ્તરે વાર્તા વહે છે. સાસુમાં વહાલપનો ઊભાર એમની નિજી અનિવાર્યતામાંથી જન્મ્યો છે. સાસુનું મમ્મીમાં થયેલું રૂપાન્તર કથાનાયિકાના માનસપલટાનું કારણ છે. આ બન્ને કારણો કથાનાયિકાને સાસુની નજીક લાવી દે છે. અહીં નાયિકાના દોલાયમાન મનનું નાની-નાની ક્રિયા-વિક્રિયા અને ઘટનાઓથી આલેખન થયું છે. જેમાં ટૂંકા-ટૂંકા સંવાદો બળ પૂરું પાડે છે.

---

ઘરમાં જતાં જતાં મને થાક લાગ્યો. બેબી ટીનુએ ભેંકડો તાણ્યો, ને હું હલબલી ગઈ. ક્યાં સુધી આ બધું ! કોઈ વાતનો અંત જ નહોતો. દિનેશ તો મને આદેશ કરીને ઑફિસે ચાલ્યા જાય પણ પછી ... પછી તો એ જ યંત્રણામાં ફસાતા જવાનું, કોઈ ફરક નહિ. હુકમ પર હુકમ. દવા આપીને માંડ પરવારું ત્યાં 'પાણી લાવજે'લી !'ની બૂમ પડે. દોડતી પાણી આપતી આવું. તોય કોઈ ગણ-જશ નહિ. કડક આંખો મારા પર ફરતી રહે. મન હીબકે ચડે. હોઠ ભીડીને ત્યાંથી ખસી જાઉં. ઓહ, હું આ બધું કયાં કારણોસર કરી રહી છું. પાછું એમાંય મહેમાનોની લંગાર ચાલુ.. એકલા હાથે બધું કરવાનું. એક દિવસે ન રહેવાતાં હળવાશની પળોમાં કહેલું, 'હવે તો એક કામવાળી રાખી લ્યો. મારાથી પહોંચી વળાતું નથી.' હુંય કાંઈ ગાંડી નથી કે સમજી ના શકું. એકના પગારમાં ઘર ચલાવવું પડે છે. માંડ માંડ મહિનો પૂરો થાય છે ને દવાનો મારો તો ચાલુ... આ પળોજણમાં તો ક્યાંય જવાનું થતું નથી. દિનેશ તો થાક્યા-પાક્યા આવે. છોકરાંને થોડું ભણાવીને પછી ઊંઘી જાય. રજાના દિવસે આડાતેડા કામમાં સમય વીતી જાય. મારે તો ક્યાંય હરવાફરવાનુંય નહિ. પરણીને આવી છું ત્યારની બસ આ જ આળપંપાળ... કોને કહું ? મમ્મીને વાત કરી તો એ કહે,'સાસુની સેવા કરીશ તો ભગવાન તને સુખ આપશે'... સુખના દા'ડા તો આવશે આવતા ભવે, પગ હવે તો થાકીને લોથપોથ થઈ ગયા છે. આજ સવારની જ વાત છે બોલો ! છાપાવાળો છાપું નાખી ગયો મને એમ કે કામમાંથી પરવારીને છાપું લઉં. એમાં ને એમાં ભૂલાઈ ગયું ને ગાય છાપું ચાવી ગઈ. સવારમાં જ એ તો એવા બગડ્યા ! કહે,

'તારાથી છાપુંય લેવાતું નથી.'

'તમે જુઓ છો ને, મને એક પળનીય નવરાશ મળે છે ?'

'હુંય જાણું છું. પણ બાનો બખાળો તેં સાંભળ્યો ?'

'એમને તો ભડભડ કરવાની આદત પડી ગઈ છે.'

મારાથી સહસા બોલાઈ ગયેલું. બાજુના રૂમમાં એ સરવા કાન કરીને બેઠેલાં. તરત જ તાડૂક્યાં;

'ના ,ના હું તો તમને બધાંને બોલી નાખું છું નહિ, હે ભગવાન ! આમાંથી મને છુટકારો આપ હવે ''

એમણે તો રુદન આરંભ્યું. એ મારા પર બરાબરનાં બગડી બેઠાં. મને રડવું આવી ગયું. હવે એમને શું કહેવું ? હું તેમના રૂમમાં પોતું કરવા ગઈ કે એ બોલી ઊઠ્યાં;

'શું કે'તી'લી !'

હું મૂંગી રહેલી. મારા મૌનનો જુદો અર્થ કરીને એ બોલેલાં:

'મને ખબર છે કે તું મારા મરવાની રાહ જોઈને બેઠી છો.'

'હવે તમે ચૂપ રહો તો સારું !'

'આ ખાટલો પકડ્યો ત્યારની ચૂપ જ છું. તારાં પગલાં થયાં ને હું ખાટલે પડી.'

હું તો બધું સાંભળતી હતી, તોય નિષાદ આવીને કહી ગયો.

'દાદી બોલાવે છે.'

હું ટીનુને તેડીને એમની પાસે ગઈ. એમનું વંકાઈ ગયેલું મોં જરા વધારે વાંકું થયું. સંધિવાને કારણે રાંટા થઈ ગયેલા પગ આઘા-પાછા થયા. પલંગમાં ફસડાઈને પડેલો લક્વાગ્રસ્ત હાથ જરા ઊંચો કરવા એ મથ્યાં. બીજો હાથ માથામાં ફેરવીને એ બોલ્યાઃ 'જોને મારું આ માથું. સાંજ પડવા આવી તોય માથું તે ઓળાવ્યું ?'

શું કરવું ? હમણાં ઓળાવું - હમણાં ઓળાવું એમ કરવામાં એમનું માથું ઓળાવવાનું રહી ગયું. હું ટીનુને ઘોડિયામાં નાખીને એમનું માથું ઓળાવવા બેઠી. મનમાં ચીડ હતી. કાંસકો રોજ કરતાં જરા વધારે જોશથી ફરવા લાગ્યો.

'તું મારી કયા ભવની વેરી છો ? આ થોડા વાળ બચ્યા છે તેય તોડી નાખ, એટલે પાર આવે.'

મેં હળવે રહીને એમના મોં સામે જોયું તો ત્યાં પારવાર ગુસ્સો તરવરતો હતો. મને એમ કે હમણાં મને ધક્કો મારીને પાડી નાખશે. હું થોડી વિચલિત થઈ ગઈ. મેં હળવે હળવે માથું ઓળાવીને અંબોડો વાળ્યો. ત્યાં ટીનુનો અવાજ સાંભળીને હું મનમાં વલવલી ઊઠી. હું કાંસકો મૂકવા ગઈ, ત્યાં એ ગાલ પર હાથ ફેરવતાં બોલ્યાં :

'ભૂખી થઈ લાગે છે. ધવડાવી ઘોડિયું અહીં મૂક. હું હિંચોળું...' પળવાર તો હું એમની સામે જોતી જ રહી ગઈ.

સાંજે દિનેશ મોડા આવ્યા. બાની દવા લેતા આવ્યા હતા. મારી સામે જોઈને કહે,

'લે, ફ્રીજમાં મૂક !'

એ વખતે એમનું મોં જરા વિલાયેલું હતું . મેં આંખના ઈશારાથી કારણ પૂછ્યું, એમણે આંખો ઢાળી દેતાં કહ્યું,

'આ દવાનો ખર્ચો મારાથી વેઠાતો નથી. ક્યાં સુધી ચાલશે આ બધું ?'

'એટલે ?'

જાણે એમને પોતાની ભૂલ સમજાઈ ગઈ હોય તેમ એ ઓશિયાળા થઈ ગયા. મારે એમને વધારે ઉદાસ થવા દેવા નહોતા. હું કાંઈ બોલું અને એમને લાગી આવે તો ? આ તો રોજનું થયું. એ 'ડોસી'ને જીવતી રાખવા મથતા હતા. હું સેવા કરનારી બેઠી છું ને એટલે...તે દિવસે હું ના પાડતી હતી, તોય એ ઊભાં થયાં. મેં કહ્યું, 'આ ટીનુને જરા ઊંઘવા દો, પછી તમને બાથરૂમમાં મૂકી જાઉં છું.' એ ના માન્યાં કાખઘોડી લઈને ઊપડ્યાં. શરીર સાબૂત હોય તેમ દોડવા મંડ્યાં. પણ બારણા આગળ જતાં જતાં કોણ જાણે શાની ઠેસ વાગી તે ગુલાંટ ખાઈને પડ્યાં ભોંય પર. એ તો સારું થયું કે કશું વાગ્યું નહિ. નહિતર... પણ તોય પગ તો મચકોડાઈ જ ગયો. ઘોડિયામાં ટીનુ જાગતી પડી રહેલી. આ બધાં કમઠાણમાં એની ખબર ન રહી. ઘોડિયામાંથી નીચે પડી ગઈ. એક બાજુ ડોસીને ઊભાં કરવાની રામાયણ અને બીજી બાજુ ટીનુની રાડારાડ. હું તો બાવરી બની ગયેલી. એ તો ઑફિસે ગયેલા. બપોરનો સમય એટલે આડોશીપાડોશી જંપી ગયેલાં. હું તો એવી મૂંઝવણમાં મુકાઈ ગયેલી કે હૈયુંય કાબૂમાં રહેલું નહિ. જેમતેમ કરીને એમને ભોંય પરથી ઉઠાવી પલંગ સુધી લઈ ગયેલી. પછી ટીનુને લેવા દોડેલી. એને કપાળમાં ઢીમડું પડી ગયેલું. હજી તો માંડ સ્વસ્થ થાઉં ત્યાં તો એમણે બુમરાણ મચાવી મૂકેલી.

'અલી, અહીં આવને !'

'શું છે પાછું !'

'મારા પગમાં જોને, દુઃખે છે.'

ટીનુને તેડીને એમની પાસે પહોંચેલી. પગ જોયો. ખાસ્સો સોજો આવ્યો હતો. મચકોડ જ હશે. ટીનુ જંપી ગઈ પછી હળદર પલાળીને લેપ કરેલો. પણ એમને જંપ વળેલો નહિ. હાડવૈદ્ય પાસે જઈને પાટો બંધાવેલો ત્યારે નિરાંત થયેલી. પંદર

દિવસ તો સગાંવહાલાં ખબર જોવા ઊમટી પડેલાં. કેવા દુ:ખના દિવસો હતા. આ કયા જનમનાં પાપ નડી રહ્યાં છે મને ! સોસાયટીની વહુવારુઓ નવરી પડીને ગામગપાટા મારે ત્યારે એમને જોઈને હું લાંબા નિસાસા નાખ્યા કરું. કોઈની સાથે સુખદુ:ખની વાત કરવાનોય વખત જ ક્યાં હતો ? નથી જીરવાતું આ બધું ! ક્યારેક તો એમની આગળ થઈને નીકળું ત્યારે અકારણ ચીડાઈ જાઉં. 'હવે ક્યાં સુધી જીવવું છે ?' એવું ઘણુંબધું બોલી નાખવાનું મન થાય. પણ એમ કરીનેય રહું ક્યાં ? આ તો લાગે છે એવાં... પણ ઘુઘવાટો તો હજી એવો ને એવો જ છે. આમેય આટઆટલું કરવા છતાં સગાંવહાલાં આગળ તો નિંદા જ નિંદા. કોઈની આગળ મારી સેવાની કદર કરી હોય તોય મન વળે. એવું તો એમના મોઢે શેનું આવે ? એક દિવસે શાકભાજી લઈને આવતાં મોડું થયું. આવતાવેંત કહે, 'ક્યાં ગઈ'તી ? કે પછી....' એ શું કહેવા માગે છે તે સમજી ગયેલી. મેં માત્ર એટલું જ કીધેલું, 'કહેતાં હોવ તો ઊડીને આવું !' તો ઊડી પડેલાં, 'હમણાંથી તારો લવારો વધી પડ્યો છે. પેલાને આવવા દે પછી તારી વાત છે.' શું કરવું ? કશાય વાંક વગરની સજા. સાંજે દિનેશ ઘેર આવેલા ત્યારે હું રોઈ પડેલી. એમણે મને આશ્વાસન આપીને બાને ઝાટકી નાખેલાં. બે દિવસ અમારાં બધાં સામે થોબડું ચઢાવી રાખેલું એમણે. ત્રીજા દિવસે મારે જ એમને મનાવવાં પડેલાં. આ તો રોજનું થયું. હું રીસ રાખું તો બધું રફેદફે થઈ જાય. મારે દેરાણી હોત તો કામમાં બટવારો તો થાત. હું પરણીને આવી તે પહેલાં તો નણંદો પરણીને સાસરે જતી રહી. બધું માથે આવી પડ્યું. શું કરીએ ? મારે જ કરવું પડે ને ! ખૂબ થાકી જવાય છે. સવાર પડી નથી ને મારી હાલમેલ ચાલું. એમને નવડાવવા બાથરૂમ સુધી લઈ જાઉં. એ નહાય તે દરમ્યાન દિનેશનું ટિફિન તૈયાર કરવાનું. રસોઈ બનાવતાં બનાવતાં એ સત્તર વખત બૂમો પાડે. આમથી તેમ, ને તેમથી આમ - ગાંડી થઈ ગઈ હોય તેમ દોડ્યા કરું. ને એમાંય ટીનુ જાગી જાય તો આવી જ બને. આટઆટલું કરવા છતાંય મારા કામમાં તો એમને ક્યાં ભલીવાર દેખાયો છે ? કોઈ સોસાયટીનું કે સગુંવહાલું આવ્યું નથી ને એ બોલવા મંડી પડે : 'અમારી આ કોકિલા કામની બહુ આળસુ. પાર જ આવે નહિ. હું એના જેવડી હતી ત્યારે... ' હું સમસમી જાઉં. એ પોતાનાં વખાણ કરતાં થાકે નહિ. ને એમાંય કોઈ વાતોડિયણ બાઈ આવી ચડે તો પતી ગયું. અમારા વખતમાં તો આમ ને અમારા વખતમાં તેમ. અમે તો કામ કરતાં ક્યારેય થાક્યાં નથી. હું ચાલું એટલે ધરતી ધમ ધમ થાય. આ મારો ફોટો જ જુઓને, જુવાનીમાં કેવી લાગું છું. આ દિનેશના પપ્પા જીવતા હોત તો મારી આ હાલત ન હોત. હવે તો બધી વાતો - ઘણુંબધું બોલી નાખે. પછી ઉદાસ થઈ જાય. એમના રૂમમાં દીવાલ પર ટીંગાડેલા ફોટો સામે એકીટશે જોઈ રહે. પછી આંખમાં ઝળઝળિયાં લાવી દે. એમની એક વાત તો સાચી જ હતી. એમનો ભરજુવાનીમાં પડાવેલો ફોટો જોતાં એમની જુવાની જોવા જેવી હશે જ - શંકા નહોતી. પણ અત્યારે એનું શું છે ? ગઈ ગુજરી ભૂલી જવાની. આ માંદગીના બિછાને પડ્યાં એમાં મારો કાંઈ વાંક ? એમને તો હુકમ કરવાના . પગ તો મારા જ દુખવાના ને ...

હમણાં - હમણાંથી માથું ભારેખમ રહેતું હતું. કશેય ગમતું નહોતું. ત્યાં રક્ષાબંધન પર નણંદો આવી. એમની સરભરા તો ઊલટથી કરવી જ જોઈએ ! મારી જેમ પિયર એમનેય વહાલું હોય જ ને ! હું રસોડામાં રસોઈ બનાવતી હતી ને નણંદો બાના રૂમમાં વાતે વળી હતી. દિનેશ અને નિષાદ ટી.વી. જોતા હતા. મન ઉપર ભાર હતો. એટલે જ કદાચ મને એવું લાગ્યું કે અંદર મા-દીકરીઓ મારે વિશે જ વાતો કરે છે ! મારાથી દિનેશને ફરિયાદ થઈ જ ગઈ,

'આટઆટલું કરીએ તોય !' ને નિસાસો નાખ્યો - 'કેમ ? શું થયું?'

'બાના રૂમમાં જાઓ તો ખબર પડે.'

દિનેશ ટી.વી. જોવાનું પડતું મેલીને બાના રૂમમાં ગયા. હું રસોડામાં રસોઈ કરતાં કરતાં સરવા કાન કરીને ઊભી રહી. કશું સંભળાતું નહોતું. પણ ગુસપુસ વધી પડી હતી. નક્કી કાંઈ રંધાઈ રહ્યું છે. મારાથી રહેવાયું નહિ. હું નણંદોને પાણી આપવાને બહાને ત્યાં ગઈ, તો દિનેશ બાની જોડાજોડ બેઠેલા. ને બાનો વાત્સલ્યભર્યો હાથ એમની પીઠ પર ફરતો હતો. એ ઓશિયાળા થઈને બેઠેલા. જાણે હમણાં રડી પડશે તેવું એમનું મોં હતું. બાની રડી રડીને આંખો સૂઝી ગઈ હતી. મને ધ્રાસકો પડ્યો. મેં જે કલ્પના કરેલી તેવું અહીં કશું નહોતું. હું ઊભી રહી. મેં બધાની સામે વારાફરતી પ્રશ્નાર્થભરી આંખો માંડી. નાની નણંદ મારી સામે જોઈને બોલી પડી.

'મામા બીમાર છે. દાખલ કર્યા છે હૉસ્પિટલમાં ગામડે.'

'હેં ! કયા મામા ?'

'કરસનમામા.'

મારા પગ થંભી ગયા. મેં બાની સામે જોયું. એમનું મોં સાવ પડી ગયું હતું. એમણે ઊભા થવા કોશિશ કરી. ઊભા થઈ શકાયું નહિ. ઢીંચણમાં ટચાકો બોલ્યો. પગ જરા ફાંગા પડ્યા. મોટી નણંદે દોડીને એમને સહારો આપ્યો. ઘોડી આગળ લાવીને મૂકી. લકવાથી નબળા પડી ગયેલા હાથની હથેળીઓ જરા વાંકી વળી ગઈ હતી તોય એમણે ઘોડી પકડી. એ ઠચક ઠચક કરતાં ઘોડીના સહારે ચાલવા લાગ્યાં.

'ક્યાં જવું છે મા ?'

'બાથરૂમ'

'ચાલ હું મૂકી જાઉં...'

મોટી નણંદે એમનો એક હાથ પકડી લીધો. નાની નણંદે બીજો. એમને બાથરૂમ તરફ દોરવા લાગ્યાં બન્ને. દિનેશ બાના પલંગ પર બેઠેલા. એમણે મારી સામે મોં કટાણું કરતાં કહ્યું :

'તું કેમ ઊભી છે ? બે બહેનો બિચારી...'

'કહેતા હોવ તો હવે મરું.'

'તું કઠણ કાળજાની છે. સમયને ઓળખતાં શીખ.'

'હવે શું શીખવાનું બાકી રાખ્યું છે. તમે લોકોએ...'

'તું આજે અવળચંડાઈ કરી રહી છે.'

'તમેય કાંઈ ઓછા નથી. માએ થોડીવાર પીઠ પર હાથ ફેરવ્યો એમાં તો જાણે'....

એ ધૂંઆપૂંઆ થઈ ગયા. બા અને નણંદો પાછી આવે તે પહેલાં આ વાતને મારે આગળ વધતી અટકાવવી હતી. હું રસોડામાં ઘૂસી ગઈ. નણંદો તો સાંજે ગઈ. બે દા'ડા પછી બાએ મને બોલાવીને કહ્યું :

'તું અને દિનેશ મારા ભાઈની ખબર કાઢી આવો.'

'તમે નહિ આવો ?'

'તું જોતી નથી મારી હાલત. ભગવાને મારા પગ જ ભાંગી નાખ્યા છે. મારો સગો ભાઈ મરણપથારીએ પડ્યો છે ને હું અહીં બેસી રહી છું. બસમાં તો મારાથી કઈ રીતે અવાય ?'

'ભાડેથી ગાડી કરાવીએ.' હું એમની આગળ આમ તો સહજભાવે બોલી, પણ અંતરમાં તો કટાક્ષ ઊછળતો હતો. મેં દિનેશને વાત કરી. એમણે તાબડતોબ જીપ કરાવી. અમે બધાં મામાની ખબર કાઢી આવ્યાં. બાને લઈ જવા-લાવવામાં જે તકલીફ પડી તેનાથી હું કંટાળી ગઈ. આના કરતાં તો એમને ઘેર મૂકીને ગયા હોત તો સારું થાત. લોકો તો વાત કરીને રહી જાત ને એમની પરિસ્થિતિ તો બધા સમજે જ છે. પછી કોઈને વાત કરવાનો પ્રશ્ન જ ક્યાં હતો ? તોય બધું સમુંસૂથરું પાર પડ્યું. પણ ત્યાંથી આવ્યા પછી બાના ઘાંટા વધી પડ્યા હતા. દિનેશેય જાણે બદલાઈ ગયા હતા. એક રાતે કામથી પરવારીને નિરાંતવી થઈને એમની પાસે જઈને બેઠી. એ મોં ચઢાવીને બેઠા હતા. મેં નાકનું ટેરવું મસળીને એમની સામે મોં મચકોડ્યું. જાણે મારી સામે નફરત વેરતા હોય તેમ એ અવળા ફરીને ઑફિસની ફાઈલો કાઢીને બેઠા. મેં એમના પરથી નજર ખસેડીને છોકરામાં ધ્યાન પરોવ્યું. ગરમી ખૂબ પડતી હતી. સાડી વડે મોં લૂછતાં લૂછતાં મેં ટીનુને ખોળામાં લીધી. ટીનુ નિષાદ સામે જોઈને હસતી હતી. હું વહાલપૂર્વક બન્ને બાળકો સાથે રમતે ચડીને હસવા લાગી. મને હસતી જોઈને એ ગુસ્સે થઈ ગયા.

'શેનું ફી ફી થાય છે ?'

'તમને શેની ચૂંક આવી ?'

'જોતી નથી, હું શું કરું છું તે !'

'બસ, એ જ કર્યા કરો. મારા જેવી નોકરાણી મળી છે પછી...'

'એ તારા મનનો ભાવ છે, પોતાનું સમજીને રહે.'

'તો બીજું છે પણ શું ? મારીયે કોઈ અપેક્ષાઓ હોય. મારે જીવન જેવું તો હશે કે નહિ !'

'આ ઘર તારું છે. ખાઓ પીઓ અને લહેર કરો.'

'ઘરને બટકાં ભરું ? લહેરના પણ ઘણા પ્રકારો છે.'

'તો નાચવા માંડ. લાગ આવે તો કૂદકા માર.'

'એવું નથી. કર્યું એટલે જ તમે બધાં ફાવી ગયાં છો. મારી મમ્મી બીમાર છે તોય હું પિયર જઈ શકતી નથી. હું તો જાણે તમારાં બધાંની સેવા કરવા જ જન્મી છું.'

'બસ, બસ હવે ! તને તારા પિયરમાં જતાં કોણે રોકી ?'

'તો હાયે ક્યાં પાડી છે ?'

'ક્યારે જવું છે બોલ !'

કદીયે નહિ. ને આજે એ હા પાડી બેઠા. કે પછી હું એમના મનથી ઊતરી ગઈ છું ? બેત્રણ દિવસથી નાના ભાઈનો ફોન આવતો હતો કે મમ્મી બીમાર છે. બેચાર દિવસ માટે આવી જા. પણ અહીંથી જવાય કઈ રીતે ? હું વળતી પળે જ બોલીઃ

'હમણાંથી ગઈ નથી, તે મમ્મીની ખબરેય કાઢતી આવું. પણ તમે બધાં કરશો શું ?'

'અમે ગમે તે કરીશું. બાની રજા લઈને જા !'

ઘડીભર તો હું હરખપદૂડી થઈ ગઈ. બા પાસે ગઈ. એ બેઠાં બેઠાં માથામાં ખણતાં હતાં. હું એમની સામે ખુરશીમાં જઈને બેઠી. હસતું મોં રાખીને બોલી : 'બા, મારી મમ્મી બીમાર છે, બે દિવસ પિયર જતી આવું ?' એ મારી સામે જોઈ રહ્યાં. એ નોંધારાં બેઠાં હતાં. આંખો જાણે સાવ નિચોવાઈ ગઈ હતી. પગ એમણે આઘાપાછા કર્યા. કાખઘોડી ત્રાંસી પડેલી હતી. એમનું મોં જરા ઓશિયાળું થઈ ગયું. ત્યાં નિષાદ દોડતો આવીને 'દાદી, દાદી' કહીને એમની બાજુમાં બેસી ગયો. બા એના માથા પર હાથ ફેરવવા લાગ્યાં. નિષાદે હળવેથી એમના ઢીંચણ પર માથું ઢાળી દીધું.

નિષાદની પીઠ પર હાથ પસવારતાં બાએ મોં ખોલ્યું.

'બળ્યું, હાચું કઉં, કોકી ! મને આ છોકરાં વિના જરાય ફાવતું નથી,'

'પણ હું તો પરમ દિવસ બપોરે પાછી આવીશ.'

'તારી મમ્મી બીમાર હોય અને તને ના જવા દઉં એવી હું ગાંડી નથી. સાચું કહુ ં તો તું નથી હોતી ત્યારે હું સાવ એકલી પડી જાઉં છું...'

બા આ શું બોલી બેઠાં ? મેં બાની સામે ઝીણી આંખે જોયું. એમની આંખો બિલકુલ સાફ... કોઈ રીસ નહિ.. આંખોમાં ભીનાશ ધસી આવી. એમની પલળેલી આંખોએ મારું અંતર ભીંજવી નાખ્યું. મમ્મી-બા-મમ્મી એક વર્તુળ ગોળ ગોળ ફરવા લાગ્યું. વર્તુળની વચ્ચોવચ મારી લાગણીઓ ભીંસાવા લાગી. ને મારી અંદર બધું ઊથલપાથલ થઈ ગયું. અંતર ફેરફુદડી ફરવા લાગ્યું. મેં નિષાદને ઊંચકીને બાજુના પલંગમાં સુવરાવી દીધો. પછી ભારે હૈયે બા સામે જોયું. એ પલંગમાં આડા પડી ગયાં. એકાએક શું થયું કે એ મારી સામે એકીટસે તાકી રહ્યાં. હું આંખો પહોળી કરી કરીને એમનો ચહેરો જોવા મથી. એમના ચહેરામાં ન કળી શકાય તેવું કશુંક દેખાયું. હું એમની આંખોમાં ભૂલી પડી ગઈ. મારું રૂપાન્તર થતું ચાલ્યું. ભાવિ કલ્પનાએ મને સજાગ કરી મૂકી. બાના ચહેરા પર મારો ચહેરો ગોઠવાયો. એકાએક મારા ચહેરા પર કરચલીઓ ધસી આવી. બાની જેમ જ હું પલંગમાં બેઠી બેઠી નિસાસા નાખવા માંડી. અપંગ માણસની જેમ ત્રાંસી પડેલી કાખઘોડી સળવળી. હું એમાં ગોઠવાઈ. ઢચૂક ઢચૂક કરતી કાખઘોડી ચાલી. મારા પગ લંઘાતા હતા. હાથ વાટકા જેવા થઈને કાખઘોડીના હાથા પર ભીંસાતા હતા. હું સાવ નિઃસહાય, ઘર બધું સૂમસામ, અણગમો, મેણાંટોણાં અને નફરતનાં જાળાં ખૂણેખાંચરે બંધાયાં હતાં. ફળિયું આખું દયા ખાતું ખાતું કાખઘોડીની આસપાસ ચકરાવે ચડ્યું હતું. હું મોં વકાસી બધાંની સામે જોતી જોતી દીવાલોનાં

પોપડા ઉખેડવા લાગી. મારા ચહેરા પર પોપડાની રજ ઊડી, ચહેરો સાવ ભૂખરો ભૂખરો. તે સમયે બાની નજર હલવા લાગી. હું સ્થિર થઈ ગઈ. બાની નજરમાં ખૂલતી જતી અવદશા મેં પંજો ફેલાવીને રોળી નાખી. મારી છાતી પર હાથ મુકાઈ ગયો. રૂપાન્તર થયેલું મારું અસ્તિત્વ બામાં ભળ્યું. હું કોકિલા મટીને બા બની બેઠી. બા એકાએક બેઠાં થઈ ગયાં. એના ચહેરાની ઉઘડતી રેખાઓમાં મમ્મીનું મમતાળું સ્મિત ફરક્યું. બા જાણે મારી મમ્મી. એમની આંખોનું વહાલપ મારા અંગેઅંગમાં પ્રસર્યું. અંતરમાં ગૂંથાયેલાં નફરતનાં જાળાં ઉકેલાતાં ગયાં, ને હું પળનોય વિલંબ કર્યા વિના દોડીને બાની સાવ અડોઅડ બેસી પડી.

## શબ્દસમજૂતી

**પળોજણ** ઊઠવેઠ, ઉપાધિ **સહસા** ઓચિંતું, એકાએક **બખાળો** હોહા, બુમાટો **ચીડ** ગુસ્સો, રીસ **પારાવાર** પુષ્કળ, ખૂબ વધારે (અહીં) માથાકૂટ **રાડારાડ** બૂમ-બરાડા **જીરવવું** સહન કરવું **કાયર** ડરપોક, (અહીં – આળસુ) **ભારેખમ** ભારે (અહીં) થાકેલું, ત્રસ્ત **કટાણું** કસમય (અહીં - ખરાબ સમય) **ગણજશ** ગુણ-યશ (કીર્તિ) **ભવ** જન્મ **ગામગપાટાં** આખા ગામની વાતો **'લી** અલી (સ્ત્રી સંબોધન માટે શબ્દ) **તોબરો** રીસથી ચડેલું મોં **બટવારો** વહેંચણી

●

# 3 હજુ

**સંજુ વાળા**

(જન્મ તા. : 11-06-1960)

સંજુભાઈ નારણભાઈ વાળાનો જન્મ સાવરકુંડલા (સૌરાષ્ટ્ર) તાલુકાના બાઢડા ગામમાં થયો હતો. અન્ડર ગ્રેજ્યુએટ છે, ગુજરાત સરકારના રેવન્યુ ખાતામાં સેવા આપે છે. 'કંઈક કશુંક અથવા તો.' એમનો ગીત-ગઝલ સંગ્રહ છે. 'કિલ્લેબંધી' છાંદસ-અછાંદસ તેમનો દીર્ઘ કવિતાનો સંગ્રહ છે. તે સિવાય 'રાગાધીનમ્', 'કવિતા નામે સંજીવની' અનુક્રમે ગીત-ગઝલ સંગ્રહો પ્રગટ થયા છે. શ્યામ સાધુની સંપૂર્ણ કવિતા 'ઘર સામે સરોવર', શૂન્ય પાલનપુરીની કવિતા 'યાદને રાજ્યાભિષેક', રમેશ પારેખની સંપૂર્ણ કવિતા 'મનપાંચમના મેળામાં' એમનાં સંપાદનો છે. તેઓ 'ડૉ. જયંત પાઠક એવોર્ડ', 'શયદા એવોર્ડ', 'રા. વિ. પાઠક એવોર્ડ', 'શ્રી હરીન્દ્ર દવે એવોર્ડ'થી પુરસ્કૃત થયા છે, તેમજ 'શ્રી મનુભાઈ પંચોળી', 'દર્શક સાહિત્ય સન્માન' અને 'કવિશ્રી રમેશ પારેખ સન્માન' દ્વારા એમના વિશેષ ગુણવત્તાસભર સર્જન માટે સન્માનિત થયા છે.

પ્રસ્તુત 'ગીત'ની પ્રત્યેક પંક્તિની શરૂમાં જ શબ્દ આવતો 'હજુ'ને કારણે ગીતની સંરચના અભિવ્યક્તિની દૃષ્ટિએ અલગ તરી આવે છે. આ રીતિને કારણે આજ સુધી જે બનતું રહ્યું છે અને બનતું રહેશે એનું નિરૂપણ કલાત્મક રીતે થયું છે. તુલસીક્યારો ને એને પાણી સીંચવું વાતનું અનુસંધાન ભારતીય સંસ્કૃતિ સાથે છે. પવનમાં ભેજ, ટેકરીઓના ઢાળમાં લીલમ, ઋતુનો બદલાવ, એની વધામણીમાં પંખીઓનું ગાન, જીવન સાથે જોડાયેલ પ્રજનન, ઉછેર, વિકાસ, મૃત્યુ જેવી શાશ્વતી કે સામે જ તરવરતી જીવન ઘટનાઓમાં ધબકતું જીવન-સ્વાભાવિક રીતે જ ગીતના પ્રાગટ્યનું નિમિત્ત બને છે. કાવ્યની છેલ્લી પંક્તિમાં 'તું પકડે છે પીંછી' એવો ભાવ આશાવાદને વ્યક્ત કરે છે. જીવતરમાં તેમ કવિતામાં પણ હજુ નવતર રંગો ઉમેરાતા રહેશે ત્યાં સુધી કવિતા ગવાતી જ રહેશે. અરૂઢ શૈલી અને નાવીન્યસભર ભાષાભિવ્યક્તિ આ ગીતનું સૌંદર્ય છે.

---

હજુ પ્રભાતી સ્વર ઊઘડતા તુલસીક્યારો સીંચી,
હજુ મને એ લય ગણગણવો ગમતો આંખો મીચી.

હજુ પવનમાં ભેજ વહે છે, હજુ ઢાળ છે લીલા,
હજુ ઋતુઓ વળાંક લઈને છેડે કંઠ સુરીલા.
હજુ કોઈ માળામાં પ્રગટે પહેલવહેલું ચીં...ચીં,
હજુ મને એ લય ગણગણવો ગમતો આંખો મીચી.

હજુ ક્યાંક આથમતી વેળે બેસી બે-ત્રણ વૃદ્ધા,
હજુ વિગતના સ્વાદ ચગળતી ખખડધજ સમૃદ્ધા.
હજુ વયસ્કા પુત્રી ઉત્તર વાળે નજરે નીચી,
હજુ મને એ લય ગણગણવો ગમતો આંખો મીચી.

હજુ નદીના કાંઠે કૂબામાં ગાતી મુનિયા,
હજુય ચાંદામામા કહીને મા દેખાડે દુનિયા.
હજુય નવતર રંગ પકડવા તું પકડે છે પીંછી,
હજુ મને એ લય ગમગણવો ગમતો આંખો મીંચી.

•

# 4 તો કેવી મજા પડે !

**ભારતી ર. દવે**

(જન્મ તા. : 06-10-1933 )

ભારતી ગિ. શાહ (ભારતી ર. દવે)નો જન્મ ભાવનગરમાં થયો હતો. પ્રાથમિકથી લઈ ઉચ્ચતર માધ્યમિકમાં શિક્ષિકા તરીકે સેવા આપી; હાલ અમદાવાદમાં નિવૃત્ત જીવન ગાળે છે. તેઓ 1998થી વાર્તાલેખન, ગ્રંથસમીક્ષા, કૃતિ આસ્વાદ, નિબંધલેખન તેમજ સંપાદન અને અનુવાદ ક્ષેત્રે કાર્યરત છે. તેમના 'આ એક ખંડ' વાર્તાસંગ્રહને ભગિની નિવેદિતા પારિતોષિક પ્રાપ્ત થયું છે.

આ નવલિકામાં કાન્તાબાને પોતાની પૌત્રી સુષ્માની બાળસહજ વેદના જોઈને ખૂબ દુઃખ થાય છે. પોતાની પુત્રવધૂ ઈન્દિરાને ડર છે કે કાન્તાબા પાસે પોતાની દીકરી રહેશે તો તે ભણવામાં પાછળ રહી જશે તેથી કાન્તાબા સાથે આનંદથી રહેતી સુષ્મા ને,તેની માતા તેમની  પાસે જવાની મનાઈ ફરમાવી દે છે. પરિણામે શિક્ષિકા કાન્તાબાનો તેની પૌત્રી પ્રત્યેનો સ્નેહ તેની નોકરાણીની પુત્રી ફાલ્ગુની પ્રત્યે વહે છે. તે કાન્તાબાનું સ્નેહસભર શિક્ષણ પામીને ભણવામાં આગળ વધે છે. જ્યારે સતત દબાણમાં અને રોકટોકમાં જીવતી સુષ્મા ભણવામાં પાછળ પડતી જાય છે. બે પેઢી વચ્ચેના સંઘર્ષમાં બાળકો કેવાં રહેસાતાં હોય છે તેનો ખ્યાલ આ વાર્તામાંથી સુપેરે આવશે.

---

'બા ! બા ! જુઓ મને પે'લું ઇનામ મળ્યું.'

શાળાના સફેદ યુનિફોર્મમાં, કાળી રિબન બાંધેલા લાંબા પણ અરધેથી વાળીને ઉપર ફૂલ વાળેલા બે ચોટલા, સફેદ કેન્વાસના જરા ધૂળધૂળ બૂટ અને પીઠ પર ભારેખમ દફતર સાથે ફાલ્ગુની કાન્તાબાને બૂમો પાડતી, શ્વાસભેર પગથિયાં ચડતી ઘરમાં આવી. આમેય કાન્તાબા ફાલ્ગુનીના શાળાએથી આવવાના સમયે બેય બારણાં ખુલ્લાં જ રાખતાં. અંદર આવી ફાલ્ગુનીએ ફરીથી મોટેથી બૂમ પાડી :

'બા ! ઓ... બા ! ક્યાં છો ? જુઓ તો ખરાં ?' આનંદથી એનું મોઢું હસી રહ્યું હતું.

કાન્તાબા રસોડામાંથી હાથ લૂછતાં લૂછતાં આવ્યાં અને બોલ્યાં : 'અરે મારી દીકરી ! આજ આટલી બધી ખુશ કેમ છો ?'

'બા, મને શ્લોકગાનની હરીફાઈમાં પે'લું ઇનામ મળ્યું !'

કાન્તાબાએ ફાલ્ગુનીને બાથમાં લઈ એના ગુલાબી ગાલને વહાલથી ચૂમી લીધા અને બોલ્યાં :

'વાહ ભાઈ, વાહ ! તું તો ભારે હોશિયાર ! ઇનામમાં શું મળ્યું ?' - કહી એની પીઠ પર 'શાબાશ' કહી ધબ્બો માર્યો.

'બા, આ જુઓ ! સંસ્કૃતનાં સુભાષિતોનું પુસ્તક ઇનામમાં મળ્યું.'

પુસ્તક કાન્તાબાના હાથમાં આપતાં એ કૂદવા લાગી.

'તને તો બહુ સરસ ઇનામ મળ્યું ! હવે આમાંથી નવાં સુભાષિતો મોઢે કરીને ગાવાની તને મજા પડશે. આ વખતે તો તેં ભારે તૈયારી કરી'તી એટલે તને મજા પડી ગઈ !'

'બા, ઈ તો તમે જ મને શ્લોક ગાતાં શીખવ્યું. વળી, રોજ તમે શ્લોક મોઢે પણ લેતાં ને ! એટલે જ મારો પે'લો નંબર આવ્યો.'

'અરે મારી મીઠડી !' કહી ફાલ્ગુનીની પીઠ પરથી દફતર લેતાં બોલ્યાં : 'આનું વજન નથી લાગતું ?'

'ના... રે...!'

'લે, ચાલ હવે, જલદી હાથ-મોં ધોઈને જમવા આવી જા.' પછી કાન્તાબા પાટલા પર બેઠાં અને ખૂણામાં પડેલા ટેબલ પરથી આસન લઈ ફાલ્ગુની સામે બેઠી. કાન્તાબાએ બંનેની થાળી પીરસતાં કહ્યું : 'આજે તો બહુ ભૂખ લાગી છે.'

'તે બા, તમે વે'લાં જમી લેતાં હો તો ! મારી વાટ નૈં જોવાની.'

'ના રે દીકરી ! મને એકલાં જમવાનું નથી ગમતું.'

'હં... મારી મમ્મી નઈ આવી ?'

'એ હમણાં આવશે. તું તારે જમીને તારું લેસન કરી લે. ત્યાં એ આવી જશે. આપણાં વાસણ કરી લેશે ત્યાં સુધીમાં તારું લેસન

પતાવી દેજે. પછી તું સજન સાથે એને કામ કરાવવા જજે... બેટા, તું તારી મમ્મીને કામમાં મદદ કરે છે એ મને બહુ ગમે છે, હોં ! સાંજે પાછી પાંચ વાગે ભણવા આવી જજે !'

'ભલે... બા, કામ તો કરવું જ જોઈએ ને ? તમે જ મને નો'તાં કે'તાં ?'

* * *

જમી-પરવારીને કાન્તાબા આડે પડખે થયાં પણ આજે તેમને ઊંઘ ન આવી. રહી રહીને એમને સુષ્મા સાંભરી આવી : 'સુષ્માનું ગળું તો મીઠું મધુરું છે. ગાવામાં તો અદલ મારી જ દીકરી છે ! પણ એની મમ્મીને કોણ જાણે શું ય ભૂત ભરાણું છે તે મારી પાસે ભણવાય આવવા દેતી નથી ! એ જો મારી પાસે આવતી હોત તો આજ ફાલ્ગુનીને મળ્યું છે એવું ઈનામ એનેય ન મળત ? પણ ઇંદિરા ડગલે ને પગલે એને ટોક્યા કરે અને મે'ણાં-ટોણાં માર્યા કરે. એ બાપડી ખીલતી કળીને એની મમ્મીએ જ કરમાવી નાખી એને સારુ મારો જીવ બહુ બળે પણ... શું કરું ? એની ને સુષ્માની વાતમાં હું કંઈ કહેવા જઉં તો તરત મોઢું તોડી લે... હું કંઈ ખોટો પક્ષ લેતી હોઉં ? પણ હું કંઈ કહું એ એને ન ગમે. તે દિવસે કેવું મહાભારત માંડ્યું હતું ! મેં તો એને માત્ર એટલું જ કહેલું :

'ઇંદિરા, હવે બસ કર. એને વાતે વાતે વઢ્યા કર મા. નાનાં છોકરાં હારે જરા ધીરજથી સમજાવીને કામ ન કરાય ?'

'બા, તમે વચ્ચે ન બોલો. તમે જ એને ફટાવી મારી છે. એક તો ભણતી નથી ને વળી, સામું બોલ્યા કરે છે - જોતાં નથી તમે ? ચલ, સુષ્મા ! બધા આંક ત્રણ ત્રણ વાર લખી નાખ જોઈએ... નહીં તો...'

'પણ, મમ્મી બેમાં જ ભૂલ પડી તો...'

'વળી, પાછી સામું બોલે છે ?' - કહેતાં સુષ્માને વાંસામાં બે ધબ્બા ઝીંકી દીધા.

'હં...હં... ઇંદિરા ! છોકરીને આમ મરાતું હશે ? અહીં આવ બેટા !'

'તમે વળી પાછાં વચ્ચે આવ્યાં !' - કહેતાં દોડીને કાન્તાબાને વળગી પડેલી સુષ્માનું બાવડું પકડી ખેંચી, ગાલે ચોંટિયો ભરી લખવા બેસાડી દીધી. સુષ્મા બાપડી શું કરે ? એ હીબકાં ભરતી રડી રહી.

'લે, હવે મૂંગી મર ! પાછી ઢોંગ કરે છે ! અને બા, તમારે અમારી મા-દીકરીની વાતમાં વચ્ચે ન પડવું, સમજ્યાં ! એ તો સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે રમઝમ !... આટલું લેસન પૂરું કરીને પછી જ ઊભા થવાનું છે, સમજી ! ત્યાં સુધી રમવા જવાનું નામ ન લેતી !'

'ઇંદિરા, તું છોકરી પર જુલમ કરે છે. આખો દિવસ ભણ ભણ કરે તો મગજ બહેર મારી જાય. બે ઘડી છોકરીને રમવા જવા દેતી હો તો !'

'આ... તમે જ એનું ઉપરાણું લઈ લઈને એને બગાડી દીધી છે. ભલાં થઈને તમે તમારા રૂમમાં જશો ?' - કહેતાં પગ પછાડતી ઇંદિરા રસોડામાં ઘૂસી ગઈ.

બસ, તે દિવસથી ઇંદિરાએ કાન્તાબા સાથે બોલવાનું બંધ કરી દીધું. કાન્તાબા સુષ્માને પોતાની પાસે ભણાવવા બેસાડે તો એ તરત પોતાની પાસે બોલાવી લે. આખો દિવસ છણકા કરતી વહુથી કાન્તાબા ગળે આવી ગયાં હતાં. અજય જરા વહુઘેલો હતો એટલે એને કંઈ રાવ-ફરિયાદ કરવાનો અર્થ ન હતો. એક દિવસ રાતે સૌ સાથે બેઠાં ટી.વી. જોતાં હતાં ત્યારે કાન્તાબાએ કહ્યું :

'અજય, બેટા ! મારી એક વાત સાંભળીશ ?'

'બા, કહો ને. તમારી વાત હું સાંભળું જ છું ને ! તમારા મનમાં જે હોય તે કહી નાખો ને !'

કાન્તાબા પળ વાર મૂંગાં રહ્યાં. પછી ગળે કડવો ઘૂંટડો ઉતારતાં હોય એમ ધીરેથી બોલ્યાં :

'જો, તારા બાપુજીએ બાજુની પ્રેરણા સોસાયટીમાં, પૈસાનું રોકાણ કરવા માટે, ફ્લૅટ લીધો હતો. એ ફ્લૅટ આપણે વિદ્યાર્થીઓને ભાડે આપીએ છીએ. એકાદ મહિનામાં વૅકેશન પડતાં એ વિદ્યાર્થીઓ ઘરે ચાલ્યા જશે.' ...થોડી વાર અટકીને નિસાસા સાથે કાંતાબાએ ઉમેર્યું : 'એ ફ્લૅટ...'

'હં, એ ફ્લૅટ શું ? વાક્ય પૂરું કરો ને ! કેમ અટકી ગયાં ?'

'હં,... એ ફ્લૅટમાં તો તમે રહેવા જાવ અથવા હું જાઉં ! જે સારું એ તમારું.'

'પણ બા, તમે... એકલાં રહેશો ?... શા માટે ?'

'જો ભઈલા, એનું કંઈ ખાસ કારણ નથી અને એની કંઈ લાંબી ટૂંકી ચર્ચાય કરવી નથી. આપણે બધાં આપણી રીતે આપણા ઘરમાં નિરાંતે રહીએ, બીજું શું ?... વળી, એ ફ્લૅટ દૂર ક્યાં છે ? તમે બાજુમાં જ હો પછી ચિંતા શાની ?'

અજય ઇંદિરાનો ટંટાખોર સ્વભાવ જાણતો હતો. વળી, થોડા સમયથી બા સાથેનો એનો વ્યવહાર એને ગમતો ન હતો. એણે કહેવા જેવા બે શબ્દો કહ્યા પણ ઇંદિરા કંઈ એમ સુધરે એમ ન હતી. એનો કોઈ ઉપાય ન'તો એમ સમજીને એણે કાન્તાબાની વાત, થોડી આનાકાની પછી, સ્વીકારી :

'ભલે, બા, તમે કહો તેમ. બીજું શું ?... અને મને ખબર છે. આ ઘર તમને - ભલે જૂનું છે - પણ તમને એ છોડવું નહીં ગમે. તમે કહો તો અમે જ પેલા ફ્લૅટમાં જઈશું.'

* * *

આ બાજુ ઉનાળુ રજાઓ પડી અને અજયે તરત સામાન પેક કર્યો. હવે કાન્તાબા આવડા મોટા ઘરમાં એકલાં પડ્યાં. થોડો વખત તો ઘર પોતાની રીતે ગોઠવવામાં એમનો સમય ગયો. શાળામાંથી નિવૃત્ત થયા પછીનો સમય સુષ્માને ભણાવવા કે ઘરનાં નાનાં-મોટાં કામકાજમાં અને દેવદર્શનમાં કે લાઇબ્રેરીમાંથી ચોપડીઓ લાવી વાંચવામાં વીતી જતો. પણ અજય ફ્લૅટમાં રહેવા ગયો પછી એ સુષ્માને આંગળીએ વળગાડીને વચ્ચે વચ્ચે કાન્તાબાની ખબર કાઢવા આવતો. પછી તો ધીમે-ધીમે એય ઓછું થતું ગયું. કાન્તાબાનો સવારનો સમય તો કામકાજમાં વીતી જતો પરંતુ ઉનાળાનો લાંબો દિવસ કેમેય પૂરો ન થાય. સાવ એકલું એકલું લાગે. સૂમસામ ઘરમાં એનું મન મૂંઝાય. ઘર ખાવા ધાય પણ બીજો કોઈ ઇલાજ નહોતો. એક વાર સુષ્માને પસાર થતી જોઈ બોલાવેલી ત્યારે એ દોડતી આવી અને 'બા-બા' કહી એમને વળગી પડેલી પણ પછી ગભરાયેલી હરિણી શી બારણાં બહાર રસ્તા તરફ તાકી રહી. કાન્તાબાએ એને પૂછ્યું :

'કેમ બેટા ! તું મારી પાસે આવતી નથી ? રોજ ભણવા આવતી હો તો ?'

'બા... મારી મમ્મી... મમ્મી મને...' કહી અટકી ગઈ.

'તારી મમ્મી શું કહે છે ? ગભરાયા વિના કહે. હું એને કંઈ નહીં કહું !' - કહી કાન્તાબાએ એને મોંએ-માથે વહાલથી હાથ ફેરવ્યો.

'મમ્મી મને... મને અહીં આવવાની ના કે' છે.' - કહી એ નીચું જોઈ ગઈ. વહાલથી એની હડપચી પકડી મોં ઊંચું કરતાં કાન્તાબાએ પૂછ્યું :

'ભણવા આવવાની પણ ના પાડે છે ?'

સુષ્મા નીચું જોઈ બોલી : 'હા... અને અહીં આવી છું એની ખબર પડે તો મને વઢે... મારે...'

'ઠીક ઠીક !... તારી મમ્મી ના પાડતી હોય તો નૈં આવતી હોં !' કહેતાં કાન્તાબાનું ગળું ભરાઈ આવ્યું. આંખમાં આવેલ ઝળઝળિયાં સાડીના પાલવથી લૂછતાં લૂછતાં અંદરથી ચૉકલેટ લાવી સુષ્માને આપી. 'લે, અહીં ઊભાં ઊભાં ખાઈ લે. પછી તું તારે જા... નકામી તારી મમ્મી પાછી વઢશે.'

એ પછીથી સુષ્મા કાન્તાબા પાસે આવી નથી. એને જોવા એમનું મન તલસે, પણ...

* * *

એક દિવસ બપોરે સજન કામ કરવા આવી હતી ત્યારે સાથે એની દીકરી ફાલ્ગુની પણ આવેલી. મા-દીકરીએ સાથે મળી કામ કર્યું. પછી કાન્તાબાએ સજનને પૂછ્યું :

'ફાલ્ગુની હવે ભણવા નથી જતી ?'

'બા, હાત ધોરણ સુધી તો ભણી... હવે આગળનું તો ચ્યમ ભણાવોય ? બૌ કાઠું સે... ને હવે તો નિહાળની ફી પણ ભરવી પડે ને ! ઈ ચ્યમ પાલવે બા ? બાકી મારી દીકરી ભણવામાં તો હુંશિયાર સે. ઈને તો બૌ મન સે, પણ... ?'

'જો સજન, તારી દીકરીનો ભણવાનો જે ખર્ચ થશે તે હું આપીશ. હવે તો આઠમામાં આવી ને ? એટલે એની નિશાળ સવારની થશે. બપોર પછી તને કામમાં ટેકો કરશે ને સાંજે કલાકેક મારી પાસે ભણશે. કેમ ફાલ્ગુની બેટા ! ભણવું છે ને તારે ?'

'હોવે કાન્તાબા, તમે મને ભણાવશો તો તો મને બૌ ગમશે હોં !'

ફાલ્ગુની અને કાન્તાબાને તો ભારે મજા પડી ગઈ ! કાન્તાબા રોજ બપોર પછી ફાલ્ગુનીને ભણાવે. પરસાળમાં હીંચકા પર બેસી વીણવા - ચૂંટવા - સાંધવા - સીવવાનું ઘરનું કંઈ કામ હોય તો તે લઈને બેસે. ફાલ્ગુની કામ કરીને સાંજે આવે એટલે એને ભણાવે. એ એની નિશાળની વાતો કરે અને સોસાયટીમાં રમતાં છોકરાં સાથે બે ઘડી રમે. કાન્તાબા ક્યારેક વળી રામાયણ, મહાભારતની વાતો કરે. 'ભીમના ટોડા' કે 'ભીમનાં પરાક્રમો'ની વાતો સાંભળવા તો આસપાસના ફ્લૅટમાં રહેતાં છોકરાં પણ હીંચકા આસપાસ ગોઠવાઈ જાય. એ છોકરાંમાંથી બીજાં ત્રણ-ચાર છોકરાં પણ કાન્તાબા પાસે ભણવા આવે. આમ એક વખતનું

ખાવાધાતું સૂમસામ ઘર છોકરાંઓના કલરવથી કિલ્લોલતું થઈ ગયું. કાન્તાબાનો સ્વભાવ આમેય પ્રેમાળ. છોકરાંઓ આવે એટલે એમને દિલ દઈને ભણાવે, રોજ કંઈ ને કંઈ ભાગ ખિસ્સામાં ભરી આપે, વાર્તા કહે, રમત રમાડે. આમ કિલ્લોલ કરતાં છોકરાંઓની વચ્ચે કાન્તાબાનો સમય ક્યાં વીતી જતો એની ખબર ન રહેતી. આટલા આનંદની વચ્ચે પણ કાન્તાબાના હૈયાના છાને ખૂણે સંતાપ રહેતો. એમની લાડકી સુષ્માને એમણે નાનેથી મોટી કરી છે : સાંજે આરતી ટાણે એને કાખમાં બેસાડી મંદિરે લઈ જાય, મોટી થતાં એમની આંગળી પકડી બધે સાથે થાય. એને ભણાવવી, નિશાળે જવા તૈયાર કરવી. બસ, એ એમની આસપાસ નિત વીટળાઈ વળતી. પણ, પછી એની નિશાળ સવારની થઈ અને કાન્તાબાનો સ્કૂલનો સમય બપોરનો હતો. ત્યારથી એને ભણાવવાનું ઇંદિરાએ હાથમાં લીધું. છેવટે એમની નિવૃત્તિ પછી પણ કાન્તાબા પાસે ભણવાનો વારો ન આવવા દે. કાન્તાબા પાસે સુષ્મા ઇંદિરાની રાવ-ફરિયાદ કરે એ એને ન પોસાતું.

આ હોળી ટાણે કાન્તાબાએ લાડવા કરેલા. ફાલ્ગુનીને ભાઈને ત્યાં લાડવાનો ડબ્બો ભરી આપવા મોકલી. કાન્તાબા કંઈ પણ સારું બનાવે તો સુષ્મા માટે અચૂક મોકલાવે જ. એને મોકલ્યા વિના એમને ખાધું ગળે ન ઊતરે. ફાલ્ગુની ખાલી ડબ્બો લઈને આવી એટલે એમણે પૂછ્યું :

'મામી કંઈ બોલ્યાં ?'

'ના.'

'હશે... પણ સુષ્મા શું કરતી'તી ?'

'એ ભણતી 'તી. મેં એને રમવા આવવા કહ્યું તો મારી સામે એમ જ તાકી રહી ને મામી તરત બોલી પડ્યાં : 'રમવા ક્યાંથી આવે ? આ વખતે પરીક્ષામાં નાપાસ થઈ છે !' પછી મને પૂછ્યું : 'તે ફાલ્ગુની તું સુષ્માની સાથે ભણે છે તે તું પરીક્ષામાં પાસ થઈ ગઈ ?'

'હું તો પાસ થઈ જ જાઉં ને ? મને તો દરરોજ કાન્તાબા ભણાવે છે !'

'પછી ?'

'પછી વળી સુષ્માને કે' કે ફાલ્ગુની તો કામ કરતાં કરતાં ય ભણે છે ને તું તો મૂઈ નાપાસ થઈ !' - કહી એને વાંસામાં એક ધબ્બો મારી દીધો ! કાન્તાબા, મને તો રડવું આવી ગયું પણ... સુષ્માએ તરત બોલી દીધું : 'ફાલ્ગુનીને તો કાન્તાબા ભણાવે છે ને એટલે સારા માર્ક્સે પાસ થઈ ! ને મમ્મી, કાન્તાબાએ ફાલ્ગુનીને સંસ્કૃતના શ્લોક ગાતાં પણ શીખવ્યું એટલે સ્કૂલમાં શ્લોકગાનની હરીફાઈમાં એનો પહેલો નંબર આવ્યો હતો !'

'હેં ફાલ્ગુની, આ સુષ્મા કહે છે એમ તારો પહેલો નંબર આવ્યો હતો ?' 'મામીએ પૂછ્યું એટલે હું શું કરું ? મેં માથું હલાવીને હા કીધી ને સુષ્માને બાય કરી નીકળી ગઈ.'

'ઠીક, લે હવે ડબ્બો સાફ કરી રસોડામાં મૂકી આવજે. અને જતી વખતે હોળીના હારડા, ધાણી ને ખજૂર લેતી જજે.'

ફાલ્ગુની ગઈ પણ કાન્તાબા સાવ હોલવાઈ ગયાં. સુષ્માને થતી સજા ને પીડા એ અહીં બેઠાં ભોગવતાં હતાં ! સુષ્માને એની મમ્મીના ત્રાસમાંથી કેમ કરીને છોડાવવી એ જ વિચારમાં ને વિચારમાં એમની બપોરની ઊંઘ હરામ થઈ ગઈ.

* * *

ઇંદિરા દરેક મા-બાપની જેમ પોતાનું સંતાન મારી રીતે ભણી-ગણી આગળ વધે તેમ ઇચ્છતી હતી. એ સુષ્માને પોતાની સમજ પ્રમાણે ભણાવતી પરંતુ ફાલ્ગુનીએ જે વાતો કરી તે પછી એનું મન ચકરાવે ચડ્યું. એ વિચારમાં પડી :

'કાન્તાબા પાસે સુષ્મા ભણે તો... ના, ના. એમ કંઈ એમની પાસે પગે પડતાં જવાની શી જરૂર છે ? વળી, હું તો એમની કરતાં વધારે ભણી છું... એટલે સુષ્માને હું જ વધુ સારી રીતે ભણાવી શકું. પણ... તો સુષ્માનું ગ્રાસ્પિંગ ઓછું હશે ?... ના, ના. એવું તો નથી. એ નાની હતી ત્યારે તો કેટલું બધું કડકડાટ યાદ રહેતું ! તો પછી... કાન્તાબા કેવી રીતે ભણાવે છે એ ફાલ્ગુની પાસેથી જાણું તો ?... એ તો અવાર-નવાર અહીં આવતી જ હોય છે... છટ્ ! એમ કરવાની શી જરૂર ? ફાલ્ગુનીને પૂછું તો એ કાન્તાબાને કહ્યા વિના ન રહે. એમ કહીને તો મારે એમની ગરજ છે એવું બતાવવું ?... જ્યારે હોય ત્યારે સુષ્માની બાબતમાં મને ટોક્યા કરતાં... ના, ના. મારે એમની ગરજ નથી જ નથી ! બસ, હું મારી રીતે ભણાવીશ. સુષ્માને ન કેમ આવડે ?'

સુષ્મા સારી રીતે ભણી શકે એ માટે ઇંદિરા સુષ્માના શિક્ષકોને મળવા જતી. એમની પાસેથી સુષ્માને વધુ સારી રીતે કેવી રીતે ભણાવવી - જુદા જુદા વિષયોનું શિક્ષણ નવી પદ્ધતિથી કેવી રીતે આપી શકાય એ દિશામાં એ વિચારતી. તેથી એક દિવસ એણે સુષ્માને પૂછ્યું :

'સુષ્મા બેટા ! અંગ્રેજી અને સંસ્કૃત શીખવામાં તને સ્પેલિંગ કે રૂપોની ગોખણપટ્ટીથી કંટાળો આવે છે ને ?'

'હા... હા... મમ્મી !' - સુષ્માએ ગભરાતાં ગભરાતાં જવાબ આપ્યો.

'જો સુષ્મા, તું મારાથી ગભરાય છે શા માટે ? કાન્તાબા પાસે ભણતી વખતે તું કંઈ ગભરાતી હતી ?'

સુષ્માએ કંઈ જવાબ ન આપ્યો. ફક્ત એની મમ્મી સામે જોઈ રહી.

'વારુ, જો તને સંસ્કૃતનાં રૂપો અને સ્પેલિંગ સહેલાઈથી યાદ રહી જાય એવી રીતે શીખવીશ.'

'મમ્મી, તો તો મને બહુ મજા પડશે ભણવાની !'

ઇંદિરા આ પ્રયત્નમાં થોડા-ઘણા અંશે સફળ થઈ. તેથી તેણે મનોમન વિચાર્યું :

'હાશ, આ બંને ભાષા શીખવવામાં સુષ્માની હોંશ જોઈને મને નિરાંત થઈ. હવે મારે સુષ્માને ભણાવવા માટે કોઈના ઓશિયાળા તો નહીં થવું પડે ને !... પણ, ... સુષ્મા મારાથી ગભરાય છે... જ્યારે કાન્તાબા પાસે તો તે હોંશથી ભણવા બેસતી !... કદાચ એટલે જ... એટલે જ... એટલે જ એને મારી કરતાં કાન્તાબા પાસે ભણવામાં વધારે મજા પડતી, અને... - ઇંદિરાને આ સત્ય ગળે ઉતારવું અઘરું લાગ્યું.

* * *

ફાલ્ગુની રોજ કાન્તાબા સાથે જમવા બેસે ત્યારે સુષ્માને અચૂક યાદ કરે જ. આજે પણ જમતાં જમતાં એણે કહ્યું :

'કાન્તાબા, આપણે બેઉ જણાં મૂંગાં મૂંગાં ખાઈ લઈએ છીએ, પણ... સુષ્મા જમવામાં હારે હોય તો કેટલી મઝા પડે, ને !

કાન્તાબા મૂંગાં રહ્યાં એટલે ફાલ્ગુની ફરી બોલી :

'બા, તમે કેમ કૈં જવાબ નો દીધો ? આજે તો વળી, સુષ્માને ભાવતી વસ્તુ છે - કઢી, છૂટી દાળ, ભાત અને બટાટાની સૂકી ભાજી ! આજ ઈ આપણી હારે જમતી હોત તો કેવી રાજીની રેડ થઈ જાત, ખરું ને કાન્તાબા ?'

કાન્તાબાના હૈયામાં જે વાત સતત ડંખ્યા કરતી હતી એ વાત ફાલ્ગુનીએ અત્યારે ફરી પૂછી એટલે હવે એમણે હોંકારો દીધે જ છૂટકો હતો. એમને હૈયે સુષ્મા એવી તો જડાયેલી હતી કે એમની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં ! છલછલ આંખે એ બોલ્યાંઃ

'હા બેટા ! મને ય તારી જેમ સુષ્મા બહુ સાંભરી આવે છે. એ બાપડીને એની મમ્મી જ મારી પાસે આવવા દેતી નથી તો !'

'તમે કો' છો ઈ વાત હાવ હાચી. નિશાળમાં તો સુષ્મા મારી હારે કેવી હસી હસીને વાતું કરે છે, જ્યારે અહીં તો હામે મળે તો પણ હામું જોઈને ય તરત નજર ઢાળી દે છે ! જાણે ઈ નિશાળવાળી સુષ્મા જ નૈં !'

આ સાંભળી કાન્તાબાના મોંએથી ફળફળતો નિઃસાસો નીકળી ગયો.

## શબ્દસમજૂતી

**ભારેખમ** - વધારે વજનવાળું; **ટંટાખોર** - ઝઘડો કરવાવાળું; **ધાણી** - શેકવાથી ફૂટેલા અનાજના દાણા.

## રૂઢિપ્રયોગ

**ભૂત ભરાવું** ધૂંધવાઈને બેસવું / વાકું પડવું; **જીવ બળવો** - કોઈનું દુઃખ જોઈને દયા આવવી; **મોઢું તોડી લેવું** - ધમકાવીને ચૂપ કરી દેવું; **ટેકો કરવો** - મદદરૂપ થવું.

●

# ગુજરાતી સાહિત્યની વેબસાઈટ :

**મૃગેશ શાહ**

(1) readgujarati.co m ટૂંકી વાર્તા, પ્રવાસવર્ણન, નિબંધ, હાસ્ય-લેખ, ગઝલ, બાળસાહિત્ય, લઘુકથા, વિજ્ઞાન, ગુજરાતી સાહિત્યનો રસથાળ, રોજેરોજ પ્રકાશિત થતી બે કૃતિઓ સાથે 33000થી વધુ લેખોનો સંગ્રહ.

(2) Tahuko.com ગુજરાતી સુગમ સંગીત, લોકગીત, ગઝલ તેમજ કાવ્યનો સમન્વય, મનગમતાં ગીતો સરળ... અનુક્રમણિકા 300થી વધુ કવિઓ, 75થી વધુ સંગીતકારોની 1500થી વધુ કૃતિઓ.

(3) layastaro.com રોજેરોજ કવિતા, કવિતાનો આસ્વાદ અને વિવિધ પ્રકારના પદ્યસાહિત્યનું રસપાન, કવિઓ તેમજ ગઝલકારોની ઉત્તમ રચનાઓ.

(4) aksharnaad.com ચૂંટેલા સાહિત્ય - લેખો, વાર્તાઓ, ગીરનાં પ્રવાસવર્ણનો, પુસ્તકસમીક્ષા તેમજ અનુવાદ, ગરબા-ભજનનું મનનીય સંપાદન.

(5) gujaratilexicon.com આશરે 25 લાખ શબ્દો ધરાવતો ઓનલાઈન ગુજરાતી શબ્દકોશ. ગુજરાતીથી ... શબ્દાર્થ શોધવાની સુવિધા. ગુજરાતી જોડણી તપાસવા સહિત વિવિધ પ્રકારની અન્ય ઉપયોગી સુવિધાઓ.

(6) bhagwadgomandal.com 2.81 લાખ શબ્દો અને 8.22 લાખ અર્થોને સમાવિષ્ટ કરતો ગુજરાતી ભાષા જ્ઞાનનો વ્યાપક, વૈજ્ઞાનિક અને ઉત્તમ ખજાનો. ડિજિટલ રૂપમાં ઈન્ટરનેટ અને સીડી માધ્યમ દ્વારા ઉપલબ્ધ ઑનલાઈન નિઃશુલ્ક ઉપલબ્ધ.

(7) Mitixa.com કાવ્ય અને સંગીત સ્વરૂપે ગુજરાતી લોકગીતો, ભક્તિગીતો, શૌર્યગીતો, ગઝલો, ફિલ્મી રચનાઓ.

(8) sheetalsangeet.com ઈન્ટરનેટ પર 24 કલાક પ્રસારિત થતો ગુજરાતી રેડિયો.

(9) Rankaar.com પ્રાચીન-અર્વાચીન ગીતો, ગઝલો, કાવ્ય, ભજન, બાળગીતો, લગ્નગીત, સ્તુતિ, હાલ થતી સંગીતબદ્ધ રચનાઓનો સમન્વય.

(10) jhaverchandmeghani.com રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની વેબસાઈટ.

(11) Gujaratisahityaparishad.org ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટ.

• • •